આચાર્ય ગિદવાણી સ્મારક ગ્રંથમાળા–૨

ડિગ્બીકૃત

# આબાદ હિંદુસ્તાન!

સંપાદક
ગોપાલદાસ જીવાભાઈ પટેલ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક રૂપિયો
આવૃત્તિ પહેલી સન ૧૯૩૭

# નિવેદન

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓની આ૦ ગિદવાણી સ્મારક સમિતિએ આચાર્યશ્રીની સ્મારક માળાનો વહીવટ ગૂજરાત વિદ્યાપીઠને સોંપ્યો છે તે અનુસાર આ પુસ્તક તે માળાના બીજા મણકા તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે. ઇરાદો તો એવો છે કે, સામાન્ય રીતે આ માળામાં એક પુસ્તક દર વર્ષે બહાર પાડવું. કેટલાંક અનિવાર્ય કારણોને લઈને આ પુસ્તકનું પ્રકાશન જરા મોડું થયું છે; પરંતુ હવે પછી ઢીલ ન થાય એવો પ્રયત્ન છે.

તા. ૧૯-૧૧-'૩૭
ગૂજરાત વિદ્યાપીઠ

**મગનભાઈ દેસાઈ**
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ

મુદ્રક અને પ્રકાશક :
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


ઉપોદ્‌ઘાત . . . . . ૩

૧. કડવી ફરજ . . . . ૩

૨. અંગ્રેજી રાજ્યના મૂળમાં . . . . ૧૨

૩. વીસમી સદીની શરૂઆતમાં . . . ૪૮

૪. હિંદુસ્તાનની સંપત્તિના ખરા માલિક કોણ? . ૬૭

૫. દુકાળો: તેમની વધતી જતી સંખ્યા અને તેનાં કારણો ૮૧

૬. ઘરેણાં અને ઝવેરાતથી ઊભરાતું હિંદુસ્તાન! . ૯૯

૭. હિંદુસ્તાનની લૂંટ: તેનું પ્રમાણ અને પરિણામ . ૧૦૬

૮. હિંદુસ્તાનમાં ગરીબાઈ છે જ નહિ: હોય તો
દેખાતી કેમ નથી? . . ૧૧૮

૯. વાઈસરૉય સાહેબ વદ્યા . . . ૧૫૯

૧૦. દેશની અત્યારની આર્થિક સ્થિતિ: લોકોની ખરી આવક ૨૧૯


# ઉપોદ્‌ઘાત

“આખી દુનિયામાં એવો એક પણ દેશ નથી જ્યાં આવી ઉત્તમ અને સુધરેલી રીતે રાજ્ય ચલાવવામાં આવતું હોય.”

“આખી દુનિયામાં હિંદુસ્તાન જેવો ઓછામાં ઓછો કર ભરનારો એક પણ દેશ નથી.”

“અંગ્રેજો હિંદુસ્તાનની પ્રજાના હિતને માટે ચિંતાતુર હૃદયે સદૈવ તત્પર રહેલા છે.”

આ શબ્દોનો ગુંજારવ ઓગણીસમી સદીમાં હિંદમાં તેમજ ઇંગ્લંડમાં સંભળાતો. ‘દેખ બિચારી બકરીનો પણ કોઈ ન જાતાં પકડે કાન’ એ જાતના ખ્યાલો પ્રજામાં ઉતારવા ચારે તરફથી પ્રયત્નો થતા હતા; અને સર્વત્ર અંગ્રેજી ‘રામરાજ્ય’નાં ગુણકીર્તન થતાં હતાં. શાળા, કૉલેજો, સાહિત્ય અને કાયદા મારફત પ્રજામાં વ્યવસ્થિત રીતે ઊભી કરવામાં આવતી આ જાતની ભાવનાને ઓગણીસમી સદીના અંતમાં પ્રથમ સખત ફટકો દત્ત, દાદાભાઈ અને ડિગ્બીની ત્રિમૂર્તિએ જુદી જુદી રીતે પ્રમાણભૂત

પુસ્તકો લખીને લગાવ્યો; અને પ્રજા આગળ દાખલા દલીલે અને આંકડાથી પુરવાર કરી બતાવ્યું કે :

"હિંદુસ્તાન અંગ્રેજોને માટે એક લૂંટી ખાવાની વસ્તુ જ છે અને તેઓ તેને નિરાંતે લૂંટે છે."

"પ્લાસીના યુદ્ધ પછી તેમના હાથમાં થોડી ઘણી રાજસત્તા આવતાં વેંત જ તેમણે ઉઘાડે છોગે લૂંટારુનો ધંધો શરૂ કરી દીધો."

"હિંદુસ્તાનમાં વધી ગયેલા દુકાળ, ભૂખમરાથી થતાં મરણો અને બેહદ ગરીબાઈ એ અંગ્રેજી રાજ્યનું સીધું પરિણામ છે."

આ લેખકો પાશ્ચાત્ય કેળવણીથી બરાબર રંગાયેલા હતા અને સરકારી રાજતંત્રની આંટીઘૂંટીથી માહિતગાર હતા. તેમણે સરકારી દફતરોના પુરાવા ઉપરથી જ પોતાના નિર્ણયો રજૂ કર્યા હતા. ત્રણેમાં કોનું સ્થાન ઊંચું છે, તે નક્કી કરવું મુશ્કેલ છે. પણ દરેકે, લેખક તરીકે લગભગ સરખી જ સેવા બજાવી છે, એમ કહી શકાય. અલબત્ત, પોતે અંગ્રેજ હોવા છતાં ડિગ્બીએ હિંદી પ્રજા પ્રત્યે જે સહાનુભૂતિ દર્શાવી છે, તથા હિંદુસ્તાનનો કેસ પોતાના દેશબંધુઓ તેમજ દુનિયા સમક્ષ રજૂ કરવાને જે જહેમત ઉઠાવી છે, તે જોતાં તેમના પ્રત્યે આપણું હૈયું આભારની લાગણીથી વધારે નમે છે. ડિગ્બી પોતે મિશનરી તરીકે મદ્રાસ ઇલાકા તરફ કામ કરતા હતા. તે અરસામાં દક્ષિણમાં પડેલા દુકાળ વખતે તેમણે ભૂખે મરતા લોકોને રાહત આપવાનાં કામોમાં ઝંપલાવ્યું. પરંતુ, તે ભાગોમાં દુકાળની ભીષણતા અને નિયમિતતા તથા લોકોમાં તેની



સામે ઝૂઝવાની શક્તિનો તદ્દન અભાવ જોઈને તેમનું ધ્ય
એક નવા જ મુદ્દા તરફ ખેંચાયું. તેમને વિચાર આ
કે, આ બધી કઠણ વસ્તુસ્થિતિ અને અંગ્રેજી રાજ્ય વ
કાંઈ કાર્યકારણસંબંધ તો નથી? અને પૂરતા અભ્ય
બાદ તેમણે તે બાબતમાં પોતાના નિર્ણયો વ્યવસ્થિત રૂપ
જાહેર કરવા માંડ્યા. તે નિર્ણયો સરકારને રુચિકર
ન જ થઈ પડ્યા. સરકારે જ્યારે દુકાળકમિશન નીમ
ત્યારે તેમાંથી ડિગ્બીને બાતલ રાખવામાં આવ્યા. ડિગ
જેવા લોકસેવક, કે જેમણે દુકાળના વખતમાં લોકોમાં ક
કર્યું હોય, ઉપરાંત આખી પરિસ્થિતિનો વ્યવસ્થિ
અભ્યાસ પણ કર્યો હોય, તેમને એ કમિશનમાંથી બાત
રાખવામાં સરકારનો મુદ્દો શો હોઈ શકે, તે હવે ડિગ્બી
પોતાને જ વધુ સ્પષ્ટ થઈ ગયું. તે અરસામાં હિંદી વજ
પાર્લમેંટમાં ભાષણ દરમ્યાન પડકાર કર્યો કે, જો કોઈ એ
સાબિત કરી આપે કે, આપણા રાજ્ય દરમ્યાન હિંદી પ્રજ
વધુ ગરીબ બનતી જાય છે, તો આપણે હિંદુસ્તાન ઉપ
રાજ્ય કરવાનું છોડી દેવા તૈયાર છીએ. તેના જવાબમ
ડિગ્બીએ પોતાનું 'Prosperous British India' નામન
પુસ્તક લખ્યું; અને શરૂઆતમાં એક લાંબો કાગળ લખ
તે પુસ્તક હિંદી વજીરને મોકલાવ્યું. આ પુસ્તકમાં એ
ગ્રંથનો જ સારાંશ આપવામાં આવ્યો છે. એ પુસ્તક
લખાયાને ઘણો વખત થઈ ગયો છે, તથા ત્યાર પછી
હિંદુસ્તાનની નદીઓમાં ઘણાં પાણી વહી ગયાં છે, છતાં
અત્યારે પણ ડિગ્બીએ પોતાના પુસ્તકમાં જાહેર કરેલા
નિર્ણયો અમુક ગૌણ વિગતો કે મુદ્દાઓ બાદ કરતાં એટલા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ સાચા છે અને વસ્તુસ્થિતિનો તાદૃશ ચિતાર રજૂ કરે છે.

એટલે અત્યારની સ્થિતિ વિષે નવેસર કાંઈ લખવા કરતાં, એક સહૃદયી અંગ્રેજે ૩૭ વરસ ઉપર સરકારી દફતરોને આધારે હિંદની ખરી સ્થિતિ વિષે કરેલું નિરૂપણ વધારે ઉપયોગી થશે, તથા વિશેષ ખાતરી લાયક થશે એમ સમજીને ડિગ્બીના લગભગ ૬૫૦ પાનના એ અંગ્રેજી પુસ્તકનો આ સાર ટૂંકામાં તૈયાર કર્યો છે. આથી બે અર્થ સરશે : જૂના પ્રમાણભૂત પુસ્તકનું લખાણ ગુજરાતી પ્રજાને જાણવા મળશે અને અત્યારની આર્થિક સ્થિતિનો ખ્યાલ પણ તેમાંથી આવશે.

પુસ્તકમાં રજૂ કરેલી હકીકતો અને નિર્ણયો આજે પણ એટલા જ સાચા છે એના પુરાવા તરીકે સારની નીચે ફૂટનોટ તરીકે ઈ. સ. ૧૯૦૦થી ૧૯૩૪ સુધીના સ્થિતિ-દર્શક આંકડાઓ પુસ્તકમાં ઠેકઠેકાણે આપ્યા છે. ત્યાર પછીનાં વરસના આંકડા આપી શક્યા નથી; પરંતુ તેથી મુખ્ય વસ્તુના નિરૂપણમાં ફેર પડતો નથી. ડિગ્બીએ આપેલી હકીકત, એક જમાના પછીના આંકડાઓ પણ પુરવાર કરે છે અને બતાવે છે કે ૧૯મી સદીની ઘટના ૨૦મી સદીમાં પણ ચાલુ જ છે.

પરંતુ ૧૯મી સદીના અંતમાં રજૂ કરેલી વસ્તુ આપણે અત્યારે સહેજ જુદા રૂપમાં જોઈએ છીએ. તેથી અહીં શરૂઆતમાં પુસ્તકના કેટલાક મુદ્દાઓ લઈને અત્યારની દૃષ્ટિએ રજૂ કરવાનો ટૂંકામાં પ્રયત્ન કર્યો છે.



## જમીનમહેસૂલ

જમીનમહેસૂલનો વિચાર કરતાં મૂળ પુસ્તકમ બંગાળમાં દાખલ કરવામાં આવેલી કાયમી જમીન-મહેસૂલની પદ્ધતિની યોગ્યતા તરફ ખાસ ધ્યાન ખેંચવામાં આવ્યું છે; અને તેવું ધોરણ બધે દાખલ કરવા ભારપૂર્વક કહ્યું છે. આ પ્રશ્ન વિષે અત્યારના વિચારકોનું વલણ જુદી જાતનું છે. તેમનું સામાન્ય મન્તવ્ય એવું છે કે, કાયમી જમીનમહેસૂલની પદ્ધતિથી જમીનદારોનો એક નવો વર્ગ ઊભો થાય છે અને ખેડૂતની મુશ્કેલી ઊભી રહે છે. તેથી સામાન્ય હિતની દૃષ્ટિથી એવું ધોરણ અખત્યાર કરવું જોઈએ કે, જેથી —

૧. ખેતી કરનાર ખેડૂતના હાથમાં જ જમીન રહે અને તેમાં સુધારા કરવા તેને ઉત્તેજન મળે.

૨. અમુક હદથી ઓછી આવકવાળી જમીન ઉપર કોઈ જાતનો વેરો ન હોય.

નોંધ : અત્યારે એવી સ્થિતિ છે કે વેપારી દર વરસે બે હજાર રૂપિયા સુધી કમાય ત્યાં સુધી તેને સરકારને સીધો કર ભરવો ન પડે, ત્યારે ખેડૂત બે વીઘાં વાવતો હોય અને તેમાંથી ખરચ પણ પૂરું ન નીકળતું હોય, ખાવાના પણ સાંસા હોય, તોયે સરકારને વિઘોટી ભરવી પડે. આ અન્યાય દૂર થવો જોઈએ. સરકારને આથી જમીન મહેસૂલની આવકમાં ખાડો પડે; પરંતુ એ અન્યાય દૂર કર્યા સિવાય ખેડૂતોની સ્થિતિ સુધારવાનો રસ્તો મોકળો થવાનો નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. વેરાને લાયક જમીનની આવકમાં સામાજિક કારણોથી વધારો થાય, તો રાજ્યને તેમાંથી હિસ્સો મળે.

૪. ખરાબ વર્ષોમાં ખેડૂતોને મહેસૂલના ભરણામાં રાહત મળે.

ટૂંકામાં, મહેસૂલ વધારવાની દૃષ્ટિ રાખવાને બદલે ખેડૂતનું હિત સચવાય અને રાજ્યનો કારભાર પણ ચાલે એવી રીતે મહેસૂલનું ધોરણ રાખવું જોઈએ. આ દૃષ્ટિએ બંગાળની કાયમી પદ્ધતિને બદલે સુધારેલી રૈયતવારી પદ્ધતિનો સહૃદયી અમલ હાલમાં પસંદ કરવામાં આવે છે. ગામ દીઠ મહેસૂલનું ધોરણ રાખવાનું પણ કેટલાક પસંદ કરે છે.

## આર્થિક સ્રાવ

આર્થિક સ્રાવ આજે અનેક રીતે વધ્યો છે. સરકાર દર વરસે કરોડો રૂપિયા 'હોમ ચાર્જિસ' તરીકે ઇંગ્લંડ મોકલે છે. તે ઉપરાંત પરદેશી વેપારીઓનાં કમિશનો અને નફો, બેંકો, સ્ટીમર કંપનીઓ, વીમા કંપનીઓ અને એવી બીજી અનેક જાતની કંપનીઓનાં કમિશનો તેમજ નફો, પરદેશીઓની મૂડીનું વ્યાજ, પરદેશી નોકરોના પગારો વગેરે દ્વારા દેશનું ધન પરદેશ વહી જાય છે. અંગ્રેજી રાજ્યની શરૂઆતમાં દર વરસે વાર્ષિક બજેટ કરવાને બદલે મહેસૂલની આવકમાંથી માલ ખરીદીને પરદેશ ચઢાવવામાં આવતો અને તે કંપનીનો નફો ગણાતો. એ લૂંટ સીધી અને સ્પષ્ટ હતી. હવે લોકોના કહેવાતા પ્રતિનિધિઓની સભાઓ દર વરસે લાખોના ખરચે મળીને સરકારી બજેટોને સંમતિ આપે છે



અને આવકખર્ચના આંકડા મેળવી જુએ છે. સરકાર હિસાબ રજૂ કરે છે, અને મહેસૂલ દ્વારા થયેલી આવક અહીં દેશમાં જ ખરચી નાખવામાં આવે છે એમ બતાવે છે. પરંતુ એ ખરચમાંથી અણઘટતી રીતે કેટલા પૈસા પરદેશ ચાલ્યા જાય છે, તે હિસાબમાં આવતું નથી. ખરી રીતે ઉપર ગણાવ્યા પ્રમાણે અનેક રીતે — પહેલાંના કરતાં પણ વિશેષ પ્રમાણમાં — કરોડોનું ધન દર વરસે પરદેશ ઘસડાઈ જાય છે. આ નવા જમાનાની નવી પદ્ધતિની લૂંટ છે. તે આડકતરી રીતે અને સુધરેલી ઢબે થતી હોવાથી સામાન્ય માણસના ખ્યાલમાં જલદી આવતી નથી; પરંતુ તેથી તેની તીવ્રતા ઓછી નથી થતી. ઊલટી તે વધારે ભયંકર બને છે. સીધી લૂંટ પ્રજાની આંખમાં જલદી ખૂંચે; ત્યારે આવી લૂંટ ઊંડા ઊતરીને નિરીક્ષણ કરનારને જ સમજાય. આથી જ જમાનાઓથી ચાલતી આવેલી લૂંટ પ્રજાને સાલતી નથી અને લોકો શાંતિથી સહન કર્યે જાય છે.

## રેલવે અને દુકાળો

રેલવે થવાથી માલની છત અછત ઘણા ભાગમા વહેંચાઈ જાય છે. તેથી પરિણામે ઘણા પ્રદેશોને કાયમની મોંઘવારી વેઠવી પડે છે. જ્યાં અછત હોય, ત્યાં માલ જલદી પૂરો પાડી શકાય છે; એને લીધે દુકાળોની સીધી અસર હવે જણાતી નથી. રેલવેને લીધે દુકાળના સમયમાં પર પ્રાંતોમાંથી કે પરદેશોમાંથી પણ અનાજ મંગાવી શકાય છે; પરંતુ તે અનાજ લોકોએ ખરીદવું શામાંથી, એ મુખ્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રશ્ન તો કાયમ જ રહે છે. લોકો પાસે પૈસો હોતો નથી, બચત હોતી નથી, સંઘરો હોતો નથી. તેઓ કયા પૈસા વડે કઈ કમાણીમાંથી તે અનાજ ખરીદે? એટલે અનાજ મંગાવવાની સગવડ છતાં લોકોનો ભૂખમરો મટતો નથી; પહેલાંની પેઠે દુકાળના ભીષણ સ્વરૂપને બદલે છૂપો ભૂખમરો દેશને ફોલી ખાય છે અને રેલવે અનાજના ઢગલા ઢાલવવાની શક્તિ ધરાવતી હોવા છતાં, લોકો મજૂરીલાયક કામ અને બચતને અભાવે ભૂખમરાથી પીડાય છે.

### ભૂખમરાનું સ્વરૂપ

ભૂખમરાનું સ્વરૂપ પણ હવે બદલાયું છે. પહેલાંના વખતમાં દુકાળ પડતા ત્યારે લોકો અનાજ વિના ટળવળતા. આજે દુકાળ સિવાયનાં વરસોમાં પણ હરહંમેશ લાખો બલ્કે કરોડો લોકોને ફરજિયાત ભૂખમરો વેઠવો પડે છે. ખેતીના ધંધા ઉપર ઘણા લોકોનો બોજો વધવાથી, જમીનમહેસૂલનો બોજો વધારે હોવાથી, (સરકારી ગણતરી પ્રમાણે માથાદીઠ લગભગ દોઢ રૂપિયો થાય છે.) અને દેવાના વ્યાજનો બોજો વધી જવાથી ખેતી પણ નફાનો ધંધો રહ્યો નથી. એટલે કુદરતની મહેરબાની છતાં ખેડૂતને ખેતીની પેદાશમાંથી વ્યાજ અને મહેસૂલ ચૂકવવા માટે પેદાશનો મોટો ભાગ વેચી દેવો પડે છે; અને જે બચે છે તે કુટુંબના નિર્વાહ પૂરતું હોતું નથી. આથી મહેનત કરવા છતાં તેને ભૂખમરો વેઠવો પડે છે. બીજા મજૂરી કરનારના અને કારીગર લોકોના ધંધા પડી ભાગવાથી તેમની સ્થિતિ તો ખેડૂત કરતાં પણ ખરાબ છે. કુંભાર, લુહાર વગેરે ગામડાંના કારીગરો



બેકાર થયા છે. પરદેશી તૈયાર માલે તેમને ધંધા વિનાના કરી મૂક્યા છે. શહેરોમાં અને કારખાનાંમાં મજૂરી કરવા સિવાય અથવા તો જમીનના એક ટુકડાના બે કરીને ખેતી કરવા સિવાય તેમને બીજો ધંધો રહ્યો નથી. મધ્યમવર્ગને સરકારી નોકરીઓ માટે પડાપડી કરવા સિવાય અને પરદેશીઓની દલાલી કરવા સિવાય બીજો ધંધો રહ્યો નથી. આમ, પૂરતા ઉદ્યોગધંધાને અભાવે અને દર વરસે કરોડો રૂપિયા પરદેશ ઘસડાઈ જતા હોવાથી દુકાળના જેવી સ્થિતિમાં દેશના કરોડો લોકોને હરહંમેશ રહેવું પડે છે. એક લેખક કહે છે, હિંદમાં એકંદરે ૬૧ ટકા લોકોને એટલે કે ૨૧ કરોડ લોકોને પૂરતું ખાવાનું મળતું નથી.

ઉદ્યોગધંધાની પડતી ઉપરાંત લોકો ઉપર ખર્ચનો બોજો પણ વધ્યો છે. યુરોપીય લડાઈના વખતમાં થોડા પ્રમાણમાં દેશમાં પૈસાની છોળો જણાઈ. તેને લીધે લોકોના હાથમાં રોકડ વધારે આવી અને પરિણામે રોકડખર્ચ વધી ગયું. પરદેશી વસ્તુઓ ગામડાંમાં ખૂણેખૂણે પહોંચી ગઈ અને નવી નવી જરૂરિયાતો ઊભી થઈ. મોટરો દાખલ થતાં દૂરદૂરનાં ગામડાંના લોકો પગે ચાલતા બંધ થયા. કુટુંબ દીઠ મુસાફરીખર્ચ વધી ગયું. ખેડૂતોની ગાડાભાડાની આવક ઓછી થઈ અને મોટરોમાં ઘણા પૈસા પરદેશ જવા લાગ્યા. આમ, આવકનાં સાધનો ઓછાં થયાં અને ખર્ચનાં દ્વાર વધ્યાં. પહેલાંનાં સામાજિક ખર્ચોના બોજા હેઠળ લોકો કચડાતા હતા તેમાં નવા જમાનાનાં ચાપાણી, મુસાફરી અને મોહક ચીજોનાં ખરચોએ ઉમેરો કર્યો. એટલે લોકો ઉપર બમણો બોજો થયો—આવકનો ઘટાડો અને ખર્ચનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધારો. વિશેષમાં સરકારી કરના બોજાનું પ્રમાણ તે વધતું જ હતું. આને પરિણામે ગરીબાઈમાં વધારો થાય અને ભૂખમરો વધે તેમાં શી નવાઈ?

## માથાદીઠ આવક

હિંદુસ્તાનની માથાદીઠ આવક માટે ઓછોવત્તો ગમે તે આંકડો મૂકવામાં આવે; પરંતુ ચારે તરફ દેશના સારા ગણાતા ભાગોમાં પણ લોકોની સ્થિતિ જોતાં એ સ્પષ્ટ જણાય છે કે, લોકો દિવસે દિવસે ઘસાતા જાય છે અને દેવામાં ડૂબતા જાય છે. કુદરતની મહેરથી, વાદળાં થોડું પણ પાણી છાંટી જાય તો નજીવાં સાધનોથી કામ કરવા છતાં હિંદુસ્તાનની ભૂમિ કરોડોનું ધાન પકવે છે. તીડ, હીમ કે અતિવૃષ્ટિની સામે રક્ષણ કરવા લોકો પાસે સાધનો નથી. વરસાદની અછત હોય તો કૂવાના પાણીથી કે બીજી રીતે પાક પકવવાની સગવડ ઘણી ઓછી છે. સુકાળ કે દુકાળનો આધાર વરસાદની મુનસફી ઉપર છે. છતાં હિંદુસ્તાનની ભૂમિ પાક દે છે. આથી દેશ થોડો ઘણો પણ ઊભો રહ્યો છે. વળી દેશનાં હવાપાણી એવાં છે કે, થોડાં સાધનોથી માણસ જીવી શકે છે. એટલે દર વર્ષે કરોડોનું ધન પરદેશ ઘસડાઈ જતું હોવા છતાં, ઉદ્યોગધંધાની પાયમાલી થયેલી હોવા છતાં, અને ખેડૂતો અસહાય સ્થિતિમાં કામ કરતા હોવા છતાં, હિંદી પ્રજા ટગુમગુ પણ જીવે છે.

આ ભૂખમરો દુકાળના જેવો પ્રત્યક્ષ અને ભીષણ ન હોવાથી તેની તાત્કાલિક સીધી અસર જણાતી નથી. માણસો અશક્ત બને, રોગથી પીડાય અને મરે; પરંતુ કેવળ



ખોરાકને અભાવે મરે એવું બહુ જોવા મળતું નથી. આથી આ નિરંતર ચાલુ, ભૂખમરાને ગમે તેમ ઢાંકીને પ્રજાની સ્થિતિ વિષે લેખકો ગમે તેવા ખ્યાલો રજૂ કરી શકે છે. એક સરખા સમયની આવક એક લેખક રૂ. ૫૨ આંકે છે, તો બીજો ૭૪ મૂકે છે, ત્યારે ત્રીજો વળી ૧૧૬ ગણે છે. કોઈ કહે છે કે ગરીબાઈ ઘટે છે, કોઈ કહે છે કે ગરીબાઈ વધે છે. સરકારનું હિત ગરીબાઈ ઘટે છે એમ બતાવવામાં રહેલું હોવાથી, તેમની છાયા હેઠળ ઊછરેલા લેખકો એની જ ઢોલકી વગાડે છે. સરકારી રિપોર્ટ અને આંકડા પણ એજ દૃષ્ટિથી ઘડાયેલા હોઈ, પ્રજાની ખરી સ્થિતિ વિષે અનેક ભ્રમો ચાલે છે.

આ વિષે જુદાં જુદાં પુસ્તકોમાં રજૂ થયેલા નિર્ણયો જે આંકડાઓ ઉપર રચાયેલા હોય છે, તે નિષ્પક્ષપાત અને બહુ આધારભૂત હોતા નથી. પેદાશ વગેરેના આંકડા નક્કી કરવામાં ઘણી અટકળો કરવી પડે છે. પ્રત્યક્ષ ગણતરી કરતાં તર્કની રમત વધારે કરવી પડે છે. કરોડ ઓછાવત્તાનો તેમાં હિસાબ જ હોતો નથી. ગાડાં ને ગાડાં ચાલ્યાં જાય એવી ભૂલોને તેમાં અવકાશ હોય છે. બધા આંકડા ઉપલબ્ધ પણ હોતા નથી. એટલે આવાં અધૂરાં અને અવિશ્વાસપાત્ર સાધનો ઉપરથી નિર્ણય બાંધવામાં આવે, તે કેટલા અધૂરિયા હોય તે સહેજે સમજાય છે. આથી કેવળ આંકડા ઉપર આધાર રાખીને પ્રજાની સ્થિતિ સુધરી કે બગડી તે નક્કી કરવું જોખમભરેલું છે. આંકડાની સાથે અનુભવીઓના પ્રત્યક્ષ અનુભવનો મેળ ખાવો જોઈએ. આને વિષે માહિતગાર વર્ગને પૂછશો તો જણાશે કે, દેશની આર્થિક સ્થિતિ અંગ્રેજી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ્યનાં પગરણ થયા પછી સુધરવાને બદલે બગડી છે. ડિગ્બીના સમય કરતાં અત્યારે સુધરી તો નથી જ.

દેશના જુદા જુદા વિભાગોમાં નિષ્પક્ષપાત રીતે આર્થિક તપાસો કરવામાં આવે, તો આ નિર્ણયમાં દોરવણીરૂપ થઈ શકે. ખેડૂતોની હાડમારી કેટલી ઓછી થઈ, લોકોનું દેવું કેટલું ઓછું થયું, દેશમાં બેકારી કેટલી ઘટી, દેશીઓના હાથમાં ઉદ્યોગધંધા કેટલા વધ્યા — આવી માહિતી જ આ પ્રશ્ન ઉપર પ્રકાશ પાડી શકે. આવી વિશ્વાસપાત્ર માહિતી હાલ ઉપલબ્ધ નહિ હોવાથી, આ પ્રશ્નના ખુલાસા માટે અનુભવીઓની મદદથી જોવું જોઈએ કે, લોકોની આર્થિક મૂંઝવણ કેટલી ઘટી છે અને હાડમારી સામે થવાની શક્તિ કેટલી વધી છે?

## દેશી રાજ્યો

દેશી રાજ્યોમાં વ્યવસ્થા અને અમલ દેખીતી રીતે હિંદી છે; પરંતુ તેની દૃષ્ટિ અને વ્યવસ્થા કે અમલની પદ્ધતિ પ્રજાકીય નથી. પરદેશી રાજ્યની છાયા હેઠળ દેશી રાજ્યોની સ્થિતિ કલુષિત થયેલી હોવાથી, ત્યાંનું વાતાવરણ શુદ્ધ હિંદી નથી પણ નકલી અને સ્વાર્થી છે, ગુલામીના અંશોથી ભરેલું છે તથા સ્વતંત્ર નથી. એટલે ડિગ્બી માને છે તેમ દેશી રાજ્યોની પ્રજા વધારે સમૃદ્ધ નથી. તેમના ઉપર કરનો બોજો ઓછો નથી. તેઓ આપખુદ રાજાઓના મનસ્વી રાજતંત્રના ત્રાસ હેઠળ કચડાય છે. દેશી રાજાઓ ફાવે તેમ ખર્ચ કરી શકે છે. કેટલાક રાજાઓનું ખર્ચ વાઇસરૉય કરતાં પણ ચઢી જાય છે. એમના ઉપર રાજકીય અંકુશ નથી. રાજાઓ હિંદી



છે તેથી તેઓ પ્રજાનું હિત ધ્યાનમાં રાખીને કર લે છે ખર્ચ કરે છે, એવું કાંઈ નથી; એટલે દેશીરાજ્યોનું તંત્ર પણ ક્રાંતિ માગે છે. તેમાં પ્રજાકીય દૃષ્ટિએ ફેરફારો થયા વગર પ્રજાનો ત્રાસ ઓછો થાય તેમ નથી. તેનું તંત્ર, દૃષ્ટિ વ્યવસ્થા અને અમલ પણ હિંદના બીજા ભાગોની પેઠે પ્રજાકીય થવાં જોઈએ.

બ્રિટિશ તંત્રવાળા ભાગોને દેશીરાજ્યો પાસેથી ઘડે લેવા જેવું બહુ ઓછું છે. એટલે બ્રિટિશ તંત્ર જુદી દિશામાં સુધારા માગે છે. તેની સ્થિતિ દેશીરાજ્યોના જેવી થાય, તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થાય. ત્રાસ ને અગ્નિ ઓલાવાને બદલે વધે. પ્રજાકીય અમલની શીતળ શાંતિ જ બંનેને માટે અતિ આવશ્યક છે.

## બેંકો

બ્રિટિશ રાજતંત્ર હેઠળ દેશમાં પાશ્ચાત્ય પદ્ધતિની બેંકોનો વધારો થયો છે. તેને લીધે ફાયદો થવાને બદલે લોકોને નવી જાતની અગવડ વધી છે. પહેલાં શાહુકારો અને શરાફો અંદર અંદર લેવડદેવડ કરીને ખેડૂત અને વેપારીઓને ધંધાર્થે મૂડી પૂરી પાડતા. ગામના લોકો પોતાની બચત શાહુકારને ત્યાં મૂકતા અને શાહુકાર તે ખેડૂત કે વેપારીને ધીરતો. આ પ્રમાણે આંતરિક વ્યવહાર ચાલતો. આ શાહુકારોની પ્રતિષ્ઠા સરકારે અવારનવાર કમિટીઓ અને કમિશનો દ્વારા તોડી નાખી; નવા નવા કાયદાઓ કરીને અને સહકારી મંડળીઓ સ્થાપીને શાહુકારની ધીરધાર મુશ્કેલ કરી મૂકી; ખેડૂતનું દુઃખ ઘટાડ્યું નહિ પણ વધાર્યું. કેટલાકની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ એવી થઈ કે, ન તો સરકાર ધીરે, ન ધીરે સહકારી મંડળી, કે ન ધીરે શાહુકાર. શાહુકાર ધીરે તોપણ તેની ધીરધારની શરતો અતિશય કડક થઈ ગઈ.

નવા કાયદાઓ અને સહકારી મંડળીઓ થવાથી ખેડૂતની મિલકત સરકારને ત્યાં લખાઈ ચૂકી; શાહુકારનું ધીરધારનું જોખમ વધ્યું; ધીરધાર ઘટી અને તેનું સ્થાન કોઈ સારી પદ્ધતિએ લીધું નહિ.

પોસ્ટ ઑફિસનાં સર્ટિફિકેટો, તેનાં સેવિંગ્સ ખાતાંઓ અને નવા જમાનાની બૅંકોનું કામ સામાન્ય લોકોની નાણાભીડ ભાગવાનું નહિ પરંતુ સરકારી કાગળિયાંમાં પૈસા રોકવાનું, કે ટૂંકી મુદતની ધીરધાર કરવાનું રહ્યું. એટલે લોકોના પૈસા ગામડાંમાંથી ઘસડાઈને બૅંકો અને સરકારની પોસ્ટ ઑફિસોમાં જમા થયા. તેનો લાભ શહેરોના થોડાઘણા વેપારીઓને અને સરકારને જ મળ્યો. ગામડાંના વેપારી અને ખેડૂતોની મુશ્કેલી વધી. તેમને સસ્તા વ્યાજે સગવડભરી રીતે પૈસા મળતા બંધ થયા. આમ ગામડાં સુકાયાં, શાહુકારો સુકાયા અને તેમને ભાગે બૅંકો તાજી થઈ, તથા સરકાર તાજી થઈ. આ સંસ્થાઓએ પ્રજાશરીરની તંદુરસ્તીને ભોગે, લોકોના હાથપગ સૂકવીને પેટનો રોગ વધારવાનું જ કામ કર્યું છે. ખેડૂતોને વાજબી વ્યાજે, સગવડભરી રીતે નાણાં મળી રહે, તેનું દેવું કપાય અને વેપારીઓને ઉદ્યોગ-ધંધાર્થે લાંબી મુદતનાં નાણાં મળે, એવી ધીરધારની વ્યવસ્થા થયા વગર આ રોગ મટવાનો નથી. સરકારે નવી સ્થાપેલી રિઝર્વ બૅંક પણ આ દિશામાં કાંઈ કરે એમ લાગતું નથી.



તેનું કાર્ય ફક્ત પરદેશીઓનો, આ દેશ ઉપરનો નાણ વિષયક કાબૂ વધારે દૃઢ કરવાનું હોય, એવી બાજી જણાય છે.

## એક્ષ્ચેન્જ બૅંકો

બૅંકોનું જે કામકાજ ચાલે છે, તેમાંથી પરદેશો સાથેની હૂંડીઓનો વેપાર તો થોડી એક્ષ્ચેન્જ બૅંકોના હાથમાં છે. તે બૅંકો એ ધંધાનો ઇજારો કરી બેઠી છે અને કરોડોની હૂંડીઓ ઉપર લાખોનો નફો કરે છે. જ્યારે જ્યારે આ કામ કરવાની છૂટ દેશમાં સ્થાપિત કોઈ બૅંકને આપવાની વાત નીકળે છે, ત્યારે ત્યારે તે બૅંકો સરકારના એ પગલા સામે બુમરાણ કરી મૂકે છે અને પોતાનો ધાર્યો કાયદો કરાવે છે. ઇમ્પીરિયલ બૅંકની યોજના થઈ, ત્યારે તેના બંધારણમાં એ જાતનું કામકાજ ન કરવા માટે ખાસ અંકુશ મુકાયો હતો. તે જ પ્રમાણે રિઝર્વ બૅંકને પણ એ ધંધામાંથી બાતલ રાખવામાં આવી છે.

દેશમાં સ્થપાયેલી બૅંકો આમ નફાનો ધંધો કરી શકતી નથી; તેમ ખેડૂત તથા કારખાનાવાળાને ધીરી શકે એવી તેને સગવડ હોતી નથી. એટલે નવા જમાનાની આ સંસ્થાઓ ગામડાંનું ધન ઘસડી જઈને, સરકારી લોનો અને સરકારી જામીનગીરીઓમાં પૈસા રોકીને, સરકારના હાથ મજબૂત કરવા ઉપરાંત ભાગ્યે જ પ્રજાહિતનું કાંઈ ઉપયોગી કામ કરે છે.

## સહકારી મંડળીઓ

બૅંકોની પેઠે સહકારી મંડળીઓ દ્વારા પણ ખેડૂતને લાભ થયો નથી. તગાવીની લોનોની પેઠે સહકારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિતિ એવી થઈ કે, ન તો સરકાર ધીરે, ન ધીરે સહકારી મંડળી, કે ન ધીરે શાહુકાર. શાહુકાર ધીરે તોપણ તેની ધીરધારની શરતો અતિશય કડક થઈ ગઈ.

નવા કાયદાઓ અને સહકારી મંડળીઓ થવાથી ખેડૂતની મિલકત સરકારને ત્યાં લખાઈ ચૂકી; શાહુકારનું ધીરધારનું જોખમ વધ્યું; ધીરધાર ઘટી અને તેનું સ્થાન કોઈ સારી પદ્ધતિએ લીધું નહિ.

પોસ્ટ ઑફિસનાં સર્ટિફિકેટો, તેનાં સેવિંગ્સ ખાતાંઓ અને નવા જમાનાની બેંકોનું કામ સામાન્ય લોકોની નાણાભીડ ભાગવાનું નહિ પરંતુ સરકારી કાગળિયાંમાં પૈસા રોકવાનું, કે ટૂંકી મુદતની ધીરધાર કરવાનું રહ્યું. એટલે લોકોના પૈસા ગામડાંમાંથી ઘસડાઈને બેંકો અને સરકારની પોસ્ટ ઑફિસોમાં જમા થયા. તેનો લાભ શહેરોના થોડાઘણા વેપારીઓને અને સરકારને જ મળ્યો. ગામડાંના વેપારી અને ખેડૂતોની મુશ્કેલી વધી. તેમને સસ્તા વ્યાજે સગવડભરી રીતે પૈસા મળતા બંધ થયા. આમ ગામડાં સુકાયાં, શાહુકારો સુકાયા અને તેમને ભાગે બેંકો તાજી થઈ, તથા સરકાર તાજી થઈ. આ સંસ્થાઓએ પ્રજાશરીરની તંદુરસ્તીને ભોગે, લોકોના હાથપગ સૂકવીને પેટનો રોગ વધારવાનું જ કામ કર્યું છે. ખેડૂતોને વાજબી વ્યાજે, સગવડભરી રીતે નાણાં મળી રહે, તેનું દેવું કપાય અને વેપારીઓને ઉદ્યોગ-ધંધાર્થે લાંબી મુદતનાં નાણાં મળે, એવી ધીરધારની વ્યવસ્થા થયા વગર આ રોગ મટવાનો નથી. સરકારે નવી સ્થાપેલી રિઝર્વ બેંક પણ આ દિશામાં કાંઈ કરે એમ લાગતું નથી.



તેનું કાર્ય ફક્ત પરદેશીઓનો, આ દેશ ઉપરનો નાણા વિષયક કાબૂ વધારે દૃઢ કરવાનું હોય, એવી બાજી જણાય છે.

## એક્ષ્ચેન્જ બેંકો

બેંકોનું જે કામકાજ ચાલે છે, તેમાંથી પરદેશો સાથેની હૂંડીઓનો વેપાર તો થોડી એક્ષ્ચેન્જ બેંકોના હાથમાં છે. તે બેંકો એ ધંધાનો ઇજારો કરી બેઠી છે અને કરોડોની હૂંડીઓ ઉપર લાખોનો નફો કરે છે. જ્યારે જ્યારે આ કામ કરવાની છૂટ દેશમાં સ્થાપિત કોઈ બેંકને આપવાની વાત નીકળે છે, ત્યારે ત્યારે તે બેંકો સરકારના એ પગલા સામે બુમરાણ કરી મૂકે છે અને પોતાનો ધાર્યો કાયદો કરાવે છે. ઇમ્પીરિયલ બેંકની યોજના થઈ, ત્યારે તેના બંધારણમાં એ જાતનું કામકાજ ન કરવા માટે ખાસ અંકુશ મુકાયો હતો. તે જ પ્રમાણે રિઝર્વ બેંકને પણ એ ધંધામાંથી બાતલ રાખવામાં આવી છે.

દેશમાં સ્થપાયેલી બેંકો આમ નફાનો ધંધો કરી શકતી નથી; તેમ ખેડૂત તથા કારખાનાવાળાને ધીરી શકે એવી તેને સગવડ હોતી નથી. એટલે નવા જમાનાની આ સંસ્થાઓ ગામડાંનું ધન ઘસડી જઈને, સરકારી લોનો અને સરકારી જામીનગીરીઓમાં પૈસા રોકીને, સરકારના હાથ મજબૂત કરવા ઉપરાંત ભાગ્યે જ પ્રજાહિતનું કાંઈ ઉપયોગી કામ કરે છે.

## સહકારી મંડળીઓ

બેંકોની પેઠે સહકારી મંડળીઓ દ્વારા પણ ખેડૂતને લાભ થયો નથી. તગાવીની લોનોની પેઠે સહકારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંડળીઓનું તંત્ર પણ ખેડૂતને ઉપકારક નથી થયું. શાહુકાર પાસેથી છોડાવવા જતાં તેને શાહુકારના પંજામાં વધારે નાખ્યો છે. મંડળીઓના અમલદારશાહી વહીવટને લીધે અને તગાવીની અગવડભરી પદ્ધતિને લીધે ખેડૂત પોતાની મિલકત સરકારને ત્યાં ગીરો મૂકી બેઠો છે. તેને જોઈએ ત્યારે પૈસા મળતા નથી. શાહુકાર પણ પહેલાંની પેઠે તેને ધીરતો નથી.

આમ સરકારની નવી સંસ્થાઓ પ્રજાનું દુઃખ ભાગવાને બદલે તેના ગળામાં બોજારૂપ થઈ પડી છે અને લોકોની સ્થિતિ સુધરવાને બદલે બગડી છે. ઉદ્યોગધંધાની પડતી થઈ છે. પ્રજાને માથે કરનો બોજો વધ્યો છે અને તેની મુશ્કેલીઓ વધી છે. વાચક આ વિષે પોતાની ચારે બાજુ નજર કરી ખાતરી કરે, તેનાં કારણો વિચારે, અને આ દુઃખી સ્થિતિ મિટાવવાના ઉપાયો યોજે.

અત્યારે તો ડિગ્બીની પેઠે આપણે એટલી જ પ્રાર્થના કરી શકીએ કે,

"ઈશ્વર હિંદુસ્તાનને બચાવો !"

**ગૂજરાત વિદ્યાપીઠ,**
**અમદાવાદ** **વિઠ્ઠલદાસ મ. કોઠારી**

તારીખ ?

ડિગ્બીકૃત

# આબાદ હિંદુસ્તાન !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧

# કડવી ફરજ

“હિંદુસ્તાનની અંગ્રેજ સરકાર આખી મનુષ્યજાતના ઇતિહાસમાં કદી જાણવામાં ન આવેલી એવી, શુદ્ધમાં શુદ્ધ હેતુઓવાળી એટલું જ નહિ પરંતુ પ્રજાના હિતનાં ભલામાં ભલાં કાર્યો કરનારી સરકાર છે,” એવી મિ. જે. એસ. મિલે પોતાની માન્યતા પ્રગટ કરી છે. અને હિંદુસ્તાનમાં લાંબો વખત જુદા જુદા અધિકાર ભોગવીને અંતે નાણાંખાતાના પ્રધાન બનેલા સર જોન સ્ટ્રેચીએ લખેલા “હિંદુસ્તાન” (૧૮૯૪) નામના પુસ્તકમાં જણાવ્યું છે કે, “મિલે જણાવેલી વાત હજુ પણ સાચી છે એ વિષે મને જરા પણ શંકા નથી......આખી દુનિયામાં એવો એક પણ દેશ નથી જ્યાં આવી ઉત્તમ અને સુધરેલી રીતે રાજ્ય ચલાવવામાં આવતું હોય, અને છતાં લોકો પાસેથી આટલો ઓછો કર લેવામાં આવતો હોય.”

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો આ વાત સાચી હોત તો આ પુસ્તક લખવાની તકલીફમાંથી હું બચી ગયો હોત. પરંતુ, જેને હિંદુસ્તાનની સાચી સ્થિતિની થોડી ઘણી પણ માહિતી છે, તેવા કોઈ પણ નિષ્પક્ષ ન્યાયાધીશ આગળ હિંદુસ્તાનનો કેસ રજૂ કરો તો તરત જ ફેંસલો મળશે કે:

'ઇતિહાસમાં ભયંકર રાક્ષસો તરીકે કાળે અક્ષરે લખાઈ ગયેલા તૈમુરલંગ અને ચંગીઝખાને જે જુલમ અને ત્રાસ વરતાવ્યા હશે, તેના કરતાં ખ્રિસ્તી અંગ્રેજોના રાજ્યમાં હિંદુસ્તાનના લોકો જે માનસિક, નૈતિક અને શારીરિક યાતના સહન કરી રહ્યા છે, તે જરા પણ ઓછી ભયંકર નથી.'

અને છતાં, પોતાના રાજ્યથી હિંદુસ્તાનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધ્યાં જાય છે એમ દેખાડવાનો અંગ્રેજો ઢોંગ કરે, તો પછી પોતાની જાતને છેતરવાની તેમની શક્તિ ખરેખર અદ્ભુત જ હોવી જોઈએ.

દર વર્ષે હિંદુસ્તાનમાંથી પેન્શન લઈને ઇંગ્લંડ પાછા ફરતા સંખ્યાબંધ અંગ્રેજ અમલદારોનાં હિંદુસ્તાન વિષેનાં પુસ્તકોમાં એ એક જ વાત કહ્યા કરવામાં આવે છે. હિંદી સરકાર પોતે પણ પોતાનાં અને પોતાના અમલદારોનાં સુકૃત્યોનાં વખાણનું, તથા આબાદ અને સુધરેલા બનતા જતા હિંદુસ્તાનના વર્ણનનું કાવ્ય * દર વર્ષે એક વાર ઇંગ્લંડમાં સંભળાવે છે.

*** દર વર્ષે 'ઇંડિયા' નામથી હિંદી સરકાર તરફથી બહાર પાડવામાં આવતું પુસ્તક.**



હવે, સ્ટ્રેચી જેવા માણસોની તીક્ષ્ણ બુદ્ધિ વિષે તો કોઈને સંદેહ હોઈ શકે જ નહિ. તો પછી અંગ્રેજોના રાજ્યમાં હિંદુસ્તાનની કેવી સ્થિતિ થઈ રહી છે, તે શું તેઓ જાણતા જ નથી હોતા કે જેથી તેઓ આવી હડહડતી જૂઠી વાતો લખે છે? કે પછી — એવાં જૂઠાણાં લખી તેઓ જાણી જોઈને પોતાને, ઇંગ્લંડના પોતાના દેશભાઈઓને અને બહારની સુધરેલી દુનિયાને છેતરવા માગે છે?

સ્ટ્રેચી કહે છે કે હિંદુસ્તાનમાં લોકો ઉત્તમમાં ઉત્તમ રાજ્યવ્યવસ્થાનું સુખ ભોગવતા હોવા છતાં તેમને માથે કરનો બોજો આખી દુનિયામાં થોડામાં થોડો છે. પરંતુ કરનો 'બોજો' થોડો છે કે વધારે છે તે શી રીતે નક્કી કરાય? કોઈ માણસ કેટલા રૂપિયા કર આપે છે તે ઉપરથી તે કદી નક્કી ન કરી શકાય. તે માણસની આવક કેટલી છે તે પહેલાં નક્કી કરવું જોઈએ.

હિંદુસ્તાનમાં માથા દીઠ વાર્ષિક કર ૩ શિ. ૩ પેન્સ છે.[૧] જ્યારે, અંગ્રેજો પોતાના દેશમાં — દાખલા તરીકે સ્કોટલેંડમાં — માથા દીઠ ૫૩ શિ. ૮ પેન્સ કર ભરે છે. તે ઉપરથી કોઈ માણસ એમ સિદ્ધ કરવા જાય કે હિંદુસ્તાનની સરકાર રૈયત પાસેથી માથા દીઠ ઘણો ઓછો કર લે છે, તો તે મૂર્ખતા કે જૂઠાણાનો અત્યુત્તમ નમૂનો ગણાય. કારણ કે બ્રિટિશ હિંદુસ્તાનની માથા દીઠ આવક

**૧. એક્સ્પ્લેનેટરી મેમોરેન્ડમ : ઑફ ધી એકાઉંટ્સ ઑફ ઇંડિયા ૧૯૦૧ — પા. ૨૯.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દર વર્ષે ૨૨ શિ. ૪ પેન્સ છે. પરંતુ ૨૩૧,૦૮૫,૧૩૨ માણસોની કુલ વસ્તીમાંથી મોટી મોટી આવકવાળા રાજાઓ, જમીનદારો, વેપારીઓ અને ધંધાદારીઓની સંખ્યા બાદ કરીએ તો બાકીનાં આશરે ૨૩૦,૦૦૦,૦૦૦ માણસોની કુલ વાર્ષિક આવક માથા દીઠ ૧૨ શિલિંગ જ છે. આ ૧૨ શિલિંગમાંથી સરકાર દર વર્ષે કર પેટે ૨ શિ. ૬ પેન્સ[૧]—એટલે કે કુલ આવકના ૨૦ ટકા લઈ લે છે.[૨], જ્યારે, સ્કૉટલૅંડમાં માથા દીઠ વાર્ષિક આવક ૯૦૦ શિલિંગ છે. તેમાંથી કર પેટે સરકાર દર વર્ષે માથા દીઠ ૫૩ શિ. ૮ પેન્સ લે છે, એટલે કે માથા દીઠ આવકના લગભગ ૬ ટકા જ કર લે છે. તેમાં પણ યાદ રાખવાનું કે ૧૨ શિલિંગમાંથી ૨½ શિલિંગ લેવા અને ૯૦૦માંથી ૫૩ શિલિંગ લેવા એ બે વચ્ચે કેટલો મોટો ફેર છે.

ઉપરાંત ઇંગ્લંડની સરકાર વિવિધ ઉપાયો વડે દર વર્ષે અનાજના ભાવો કેમ સસ્તા થતા જાય તેને માટે તનતોડ પ્રયત્ન કરી રહી છે; જ્યારે હિંદુસ્તાનમાં અનાજના ભાવો નીચે પ્રમાણે દર વર્ષે વધતા જાય છે:

૧. કારણકે કુલ આવકમાંથી જેમ પૈસાદાર લોકો પેટે ૧૦ શિ. ૪ પેન્સ માથા દીઠ કમી કર્યા, તેમ માથા દીઠ કરમાંથી પણ તે હિસાબે ૯ પેન્સ તેમના ભાગના કમી થઈ જાય છે.

૨. ઈ. સ. ૧૯૩૫માં સર વિશ્વેશ્વરૈયાએ કરેલી ગણતરી પ્રમાણે પણ કરનો માથા દીઠ બોજો આવકના ૨૦ ટકા એટલે કે રૂપિયે ત્રણ આના થાય છે.



અનાજનો ભાવ: એક રૂપિયે રતલ

| વર્ષ | ચોખા | ઘઉં | જવ |
|---|---|---|---|
| ૧૭૯૦ | ૧૫૦ રતલ | ૧૭૦ રતલ | ૨૩૪ રતલ |
| ૧૮૭૧ | ૩૮ ,, | ૪૦ ,, | ૫૪ ,, |
| ૧૮૯૨ | ૨૫ ,, | ૨૫ ,, | ૩૮ ,, |

અને છતાં દુનિયાના મોટામાં મોટા સામ્રાજ્યનો નાણાંખાતાનો પ્રધાન સ્ટ્રેચી, કે જેને બધી જાતના આંકડા સહેલાઈથી મળી શકે તેમ છે, તે પોતાના દેશબંધુઓ આગળ એમ કહેવાની હિંમત કરે છે કે, "આખી દુનિયામાં હિંદુસ્તાન જેવો, ઓછામાં ઓછો કર ભરનારો એક પણ દેશ નથી."

સ્ટ્રેચીએ હિંદુસ્તાનનું લૂણ ઈ. સ. ૧૮૪૨થી ખાવા માંડયું છે અને વાઇસરૉય સિવાયની બીજી બધી મોટામાં મોટી પાયરીઓએ તે ચડી ચૂક્યો છે. તેને અત્યારે જે પેન્શન મળે છે તે મદ્રાસ ઇલાકાના ૧૨૦૦ ખેડૂતોની વાર્ષિક આવક જેટલું છે. અને છતાં તેના બદલામાં હિંદુસ્તાનની સ્થિતિ વિષે ઇંગ્લંડમાં તદ્દન જૂઠો ખ્યાલ ઊભો કરીને હિંદુસ્તાનની દુર્દશા વધારે ને વધારે લંબાય એવું કરવા સિવાય બીજું કાંઈ સારું કરવાનું તેને ન જ સૂઝયું.

મિ. સેમ્યુએલ સ્મિથે પાર્લમેંટમાં ભાષણ આપતાં (૧૮૯૪—ઑગસ્ટ) જણાવ્યું હતું કે:

"હિંદુસ્તાનમાં દર વર્ષે પાંચસો રૂપિયાની આવકવાળો માણસ ૭૦૦માં એક હોય છે. આ વસ્તુ બીજી રીતે પણ કહી શકાય. હિંદુસ્તાનમાં અંગ્રેજોની સીધી હકૂમત હેઠળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૨ કરોડ માણસો છે પણ તેઓ ઇગ્લંડના ૪ કરોડ માણસો જે ઇન્કમટૅક્સ ભરી શકે છે તેનો દશમો ભાગ પણ ભરી શકતાં નથી. આટલા ઉપરથી જ હિંદુસ્તાનની ગરીબાઈનો પૂરેપૂરો ખ્યાલ આવી શકશે." *

પરંતુ ઇન્કમટૅક્સ તરીકે જે થોડી રકમ મળે છે તે કારણે કોઈને ગુસ્સો ચડવાની જરૂર નથી. પરંતુ તેટલો થોડો કર ઉઘરાવવામાંય "આખી મનુષ્યજાતિના ઇતિહાસમાં કદી નહિ જાણવામાં આવેલી એવી — પ્રજાના હિતનાં ભલામાં ભલાં કર્યા કરનારી" સરકારને શું શું કરવું પડે છે, તે ધ્યાનમાં રાખવાની જરૂર છે :

"દામોદર કોહાલી નામના એક માણસને ગયે વર્ષે જણાવવામાં આવ્યું કે તેને ૧૮ રૂપિયાનો ઇન્કમટૅક્સ ભરવો પડશે. તેને તો એ ખબર જાણી માથે વીજળી તૂટી પડ્યા જેવું થયું. તેટલી રકમ ભેગી કરવી એ તેના ગજા ઉપરાંતની વાત હતી. તેથી તેણે તે રીતની અરજી સરકારને કરી. તે અરજીનું પરિણામ એ આવ્યું કે, ઇન્કમટૅક્સ ભરતાં વાર કરવાને કારણે તેને દંડ તરીકે ૭ રૂપિયા વધારે ભરવાના થયા. પરંતુ તેનાથી તો તે દંડ કે પેલી મૂળ રકમ — કાંઈ ભરી શકાય તેમ હતું જ નહિ, એટલે તેને ઘેર જપ્તી આણવામાં આવી; પરંતુ ત્યાંથી કાંઈ લઈ જવા જેવું સરકારને મળ્યું નહિ. એટલે તેની દુકાન ઉપર ધાડ

*** ૧૯૩૩-૪માં પણ હિંદમાં ૬૫ ટકા લોકોની વાર્ષિક આવક રૂ. ૫૦ થી વધારે નથી. સરકારી આવકવેરો ભરતા લોકોની સંખ્યા માત્ર ૨૫ ટકા છે.**



લઈ જવામાં આવી અને તેમાંથી જે કાંઈ મળ્યું તે બધું લઈ જઈને હરાજી કરી વેચી નાંખવામાં આવ્યું. તો તેમાંથી લગભગ ૨ રૂપિયા જેટલી રકમ ઊપજી. પછી તે માણસનું 'ઘર' હરાજ કરવામાં આવ્યું. તેના ૬૫ રૂપિયા ઊપજ્યા. તેમાંથી ૨૮ રૂપિયા ઇન્કમટૅક્સના અને ૭ રૂપિયા દંડના એમ ૩૫ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા અને બાકીની રકમ બીજા વર્ષના ટૅક્સ પેટે જમે રાખી મૂકવામાં આવી.

"કલ્પના કરો કે એક માણસ, કે જેની દુકાનની તમામ માલમતા બે રૂપરડીની હોય અને જેનું ઘર ૬૫ રૂપિયાની કિંમતનું હોય તેને ઇન્કમટૅક્સ તરીકે ૨૮ રૂપિયા — એટલે કે તેની આવકનો નહિ પણ તેની તમામ માલ-મિલકતનો અર્ધોઅર્ધ ભાગ ઇન્કમટૅક્સ તરીકે ભરવાનો હોય!"[1] — અને ઘરબાર અને આખી દુકાન હરાજ થઈ ગયા છતાં તે જ માણસના બીજા વર્ષના ઇન્કમટૅક્સ પેટે ૨૭ રૂપિયા જમે રાખી મૂકવામાં આવતા હોય!

હિંદુસ્તાનના મારા સત્તાધારી અંગ્રેજ દેશબંધુઓ નીચેની વસ્તુસ્થિતિમાંથી પણ કશો જ બોધ લેવા માગતા નથી કે, અંગ્રેજો આવ્યા પહેલાં ૧૭૪૫ની સાલ સુધીનાં ૭૪૫ વર્ષમાં ૧૮ સ્થાનિક દુકાળ જ નોંધવામાં આવ્યા છે. જ્યારે, અંગ્રેજો આવ્યા પછી ૧૭૪૫ થી ૧૯૦૦ સુધીનાં ૧૩૨ વર્ષમાં દેશવ્યાપી ૩૬ દુકાળ નોંધાયા છે. એ જ વસ્તુ બીજી રીતે કહીએ તો, ૧૭૯૩ થી ૧૯૦૦ સુધીનાં ૧૦૭

**૧. ટ્રીબ્યૂન: લાહોર; ૨૩ જુલાઈ ૧૯૦૧**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર્ષમાં આખી દુનિયામાં લડાઈથી ૫૦,૦૦,૦૦૦ [૫૦ લાખ] માણસો મરણ પામ્યાં ગણાય છે; પરંતુ ૧૮૮૯ થી ૧૯૦૦[૧] સુધીનાં માત્ર ૧૦ વર્ષમાં એકલા હિંદુસ્તાનમાં દુકાળ અને ભૂખમરાથી ૧,૯૦,૦૦,૦૦૦ [૧૯૦ લાખ] મનુષ્યો મરણ પામ્યાં છે.

જુદા જુદા દેશોની માથા દીઠ વાર્ષિક આવક તપાસવાથી પણ એ જ વસ્તુ દીવા જેવી દેખાઈ આવે છે. ઈ. સ. ૧૯૦૦ માં[૨] [૧૫ રૂપિયાના ૧ પાઉંડને હિસાબે] જુદા જુદા દેશોની માથા દીઠ વાર્ષિક આવક આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| ઇંગ્લંડ | ૪૫ પાઉંડ | ફ્રાન્સ | ૨૭ ,, |
| ઑસ્ટ્રેલિયા | ૪૦ ,, | કૅનેડા | ૨૬ ,, |
| અમેરિકા | ૩૯ ,, | જર્મની | ૨૨ ,, |
| બેલ્જિયમ | ૨૮ ,, | હિંદુસ્તાન | ૧ ,, |

૧. ૧૯૦૦ પછીનાં ૨૦ વર્ષમાં ૪ દુકાળો નોંધાયા છે. તેમાં બેની અસર વધારે વ્યાપક હતી.

૨. હાલની નવી ગણતરી નીચે મુજબ છે :

| દેશ | વર્ષ | માથાદીઠ આવક રૂ. |
|---|---|---|
| અમેરિકા | ૧૯૨૮ | ૨૦૫૩ |
| કૅનેડા | ૧૯૩૦ | ૧૨૬૮ |
| ઇંગ્લંડ | ૧૯૩૧ | ૧૦૯૨ |
| ફ્રાન્સ | ૧૯૨૮ | ૬૩૬ |
| જર્મની | ૧૯૨૮ | ૬૩૪ |
| જપાન | ૧૯૨૮ | ૨૭૧ |
| હિંદુસ્તાન | ૧૯૩૩ | ૫૦ |



વર્ષો સુધીના સતત અને સૂક્ષ્મ અભ્યાસ પછી મારી ખાતરી થઈ છે કે, હિંદુસ્તાનમાં વધી ગયેલા આટલા બધા વ્યાપક દુકાળો, ભૂખમરાથી થતાં સંખ્યાબંધ મરણો અને લોકોની દયાજનક ગરીબાઈ, એ બધું આપણા રાજ્યનું — એટલે કે આપણે હિંદુસ્તાનમાં જે કાંઈ કર્યું છે તેમજ જે કાંઈ નથી કર્યું તેનું — સીધું પરિણામ છે.

આ બહુ કડવા શબ્દો છે. પરંતુ મારે જો મારું કર્તવ્ય પ્રમાણિકપણે અદા કરવું હોય, તો તેમ કહ્યા વિના મારાથી ન જ રહેવાય. આ પુસ્તકનાં હવે પછીનાં પાનાં મારા તે મંતવ્યના પુરાવારૂપે જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨

# અંગ્રેજી રાજ્યના મૂળમાં

આપણે હિંદુસ્તાનમાં પૈસા કમાવા આવ્યા હતા અને કઈ રીતે તે પૈસા કમાવા તેનો વિચાર કરવાની આપણને ફુરસદ ન હતી. આપણને પૈસા જોઈતા હતા, અને તે પૈસા પ્રમાણિકપણે જ મેળવવા હતા તેવો ઢોંગ આપણે રાખ્યો ન હતો.

અઢારમા સૈકાના, શરૂઆતના અંગ્રેજી રાજ્યના ઇતિહાસને હવે જૂના જમાનાની વાતોમાં ગણી નાખવામાં આવે છે. બધા એમ જ માને છે કે અત્યારની સ્થિતિ સાથે તેને કશો સંબંધ નથી. પરંતુ, વાસ્તવિક રીતે હિંદુસ્તાનમાં અંગ્રેજોના શરૂઆતના દિવસોનો ઇતિહાસ ખાસ અગત્યનો છે. કારણ કે, હિંદુસ્તાનમાં અત્યારનું અંગ્રેજી રાજ્ય કયા સિદ્ધાંતો અનુસાર ચલાવવામાં આવે છે તે જાણવા અને સમજવા માટે, તે સમયનો શરૂઆતનો ઇતિહાસ જ એક-માત્ર સાધન છે. તેમજ અત્યારના અંગ્રેજી રાજ્યકારભારમાં



જે હીનતા વ્યાપેલી છે, તથા હિંદુસ્તાનભરમાં લોકોની જે અસાધારણ કંગાલિયત નજરે પડે છે, તે અસ્તિત્વમાં આવવાનું કારણ, તે શરૂઆતના દિવસોમાં જે રાજ્યપદ્ધતિ શરૂ કરવામાં આવી હતી, અને પછીથી પણ માત્ર દેખાડવાના થોડા ઘણા ઉપરચોટિયા ફેરફારો કરીને હાલમાં પણ કાયમ રાખવામાં આવી છે — તે જ છે. તે રાજ્યપદ્ધતિના સિદ્ધાંતો જુદે જુદે સમયે નીચે પ્રમાણે ઘડાતા આવ્યા છે:

(૧) ઈ. સ. ૧૭૦૦ થી ૧૭૮૩ : હિંદુસ્તાનની ઉઘાડેછોક લૂંટ: “શરમ રાખ્યા વિના બિલકુલ નગ્ન સ્વરૂપે.”

(૨) ઈ. સ. ૧૭૮૩ થી ૧૮૩૩ : હિંદુસ્તાનની પ્રજાની સર્વ પ્રકારની ઉત્તમ શક્તિઓ, વિચારપૂર્વક કચરી નાખવી, જેથી હિંદુસ્તાન કાયમને માટે ઇંગ્લંડની તાબેદારીમાં રહે.

(૩) ઈ. સ. ૧૮૩૩ થી ૧૯૦૧ : ઉપર ઉપરથી સદ્‌વ્યવહારનો ઢોંગ રાખી, હિંદી પ્રજાને જરા પણ શિથિલતા બતાવ્યા સિવાય કડક રીતે ગુલામી અને હીનતામાં રાખવી.

અંગ્રેજોના રાજ્યમાં હિંદુસ્તાનની આવી કંગાળ સ્થિતિ કેમ થતી આવે છે, તથા અંગ્રેજોના રાજ્યના મૂળમાં જ એવી કઈ વસ્તુઓ છે કે જેથી તેવું પરિણામ અચૂક આવે છે, તે સમજવા માટે ઉપરની ત્રણે વિગતો બરાબર તપાસવી અને જાણવી જોઈએ.

૩૦૦ વર્ષ પહેલાં અંગ્રેજો હિંદુસ્તાનમાં ‘નસીબ અજમાવવા નીકળેલા સાહસિકો’ તરીકે આવ્યા હતા અને સાહસિક રખડુઓ વિષે જે કાંઈ કહી શકાય તેટલું જ તેમને માટે પણ કહેવું જોઈએ: જરાય વધારે ઓછું નહિ. તેમને મન બંગાળા તેમજ તેમના હાથમાં સપડાયેલા બીજા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇલાકાઓ, લૂંટી ખાવાની વસ્તુરૂપ જ હતા. અત્યારે સાતમા એડવર્ડના વખતમાં પણ, પશ્ચિમની સુધરેલી ભાષામાં મોટા મોટા, પણ જરાય અર્થ વિનાના શબ્દો — કે જે વડે હિંદી વજીર દર વર્ષે પોતાને તેમજ આમની સભાના સંભાવિત સભ્યોને છેતરે છે — તેવા શબ્દો વડે તેમનાં કૃત્યો સારી પેઠે શણગારવામાં આવે છે છતાં, હિંદુસ્તાન અંગ્રેજોને માટે એક લૂંટી ખાવાની વસ્તુ જ છે. અને તેઓ તેને નિરાંતે લૂટયા જાય છે. અત્યારે જો કાંઈ ફરક પડયો હોય તો એટલો જ કે, તે વખતના કરતાં અત્યારે તે લૂંટ વધારે સચોટતાથી કરવામાં આવે છે; તે વખતના 'સૂતરના તાર અત્યારે લોખંડની વજનદાર બેડીઓ' બન્યા છે, તથા હિંદુસ્તાનમાંથી ઇંગ્લંડ તરફ રોજ વધ્યા કરતા અને વેગથી વહેતા અત્યારના ધનપ્રવાહ આગળ કલાઈવ અને હેસ્ટીંગ્સે પડાવેલી રકમો ગણતરીમાં પણ ન લેવા જેવી તુચ્છ બની ગઈ છે.* આપણે ઉપર જણાવેલા ત્રણે મુદ્દાઓ જરા વિગતથી તપાસીએ.

## ૧

### ઈ. સ. ૧૭૦૦ થી ૧૭૮૩

અંગ્રેજોએ હિંદુસ્તાનમાં પગ તો વેપારીને વેષે મૂકયો હતો. પરંતુ જ્યારે તેમણે જોયું કે સીધા વેપાર કરતાં લૂંટવામાં વધારે ઝડપથી અઢળક નફો ભેગો થઈ શકે તેમ છે, ત્યારે તેમણે પોતાનો ગજ અને ત્રાજવાં દૂર ફેંકી દીધાં.

*** અત્યારે લગભગ ૪૦ કરોડ રૂપિયા દર વરસે દેશની મહેસૂલમાંથી બહાર ચાલ્યા જાય છે. (૧૯૩૩–૪)**



અને પ્લાસીના યુદ્ધ પછી તેમના હાથમાં થોડીઘણી રાજસત્તા આવતાં જ તેમણે ઉઘાડેછોક લૂંટારુનો ધંધો શરૂ કરી દીધો. તે કામ કરવામાં તેમને મિત્ર કે શત્રુ એવો ભેદ રાખવાની જરૂર જણાતી ન હતી; પૈસાની પ્રાપ્તિ થવાની હોય તો ઇસુખ્રિસ્ત કે પવિત્ર ધર્મપુસ્તકની સાક્ષીથી લીધેલા સોગંદ તોડતાં પણ તેમને વાર લાગતી ન હતી; તેમના વિશ્વાસે બેફિકર બેઠેલા તેમના મિત્રને તેના શત્રુના હાથમાં સોંપતાં કે પોતાની મિત્રતા બીજા કોઈ વધુ પૈસા આપનારને વેચતાં તેમને વધુ સમય જોઈતો ન હતો. કોઈ નવાબ મિત્ર બની તેમનો હાથ પકડતો કે તરત તે હાથ તેને તેમજ તેની પ્રજાને ફાડી ખાનાર દારુણ પંજો બની જતો. જે પ્રાંતો કે પરગણાં તેમની રાજસત્તા હેઠળ આવતાં, તેમની વલે, ઘેટાંનો દેશ વરુઓના ટોળાના હાથમાં આવે ને થાય તેવી થતી. પોતાની બનેલી પ્રજા પ્રત્યે પોતાને ખાસ ધર્મ પ્રાપ્ત થાય છે, તેવું વિધાન તેમના રાજનીતિશાસ્ત્રમાં ન હતું.

શરૂઆતનાં વર્ષોનો એ આખો ઇતિહાસ શરમ ભરેલો છે. તેમને પૈસાની એટલી બધી ભૂખ હતી કે, તે ભૂખ આગળ ન્યાય, પ્રમાણિકતા, સત્ય, વિશ્વાસ કે બીજા કશાનું બંધન આડે આવી શકતું નહિ. તે આખો ઇતિહાસ મેકોલે અને બર્કે પોતાની તેજસ્વી કલમથી જગતના ઇતિહાસમાં કાળે અક્ષરે લખ્યો છે. તે સમયની "શરમ વિના બિલકુલ નગ્ન સ્વરૂપે" ચાલતી, હિંદુસ્તાનની "ઉઘાડેછોક લૂંટ" વિષે બર્કનાં લખાણોમાંથી થોડાક ઉતારા નીચે આપ્યા છે:

"ગરીબ પ્રજા પાસેથી જે મહેસૂલ ઉઘરાવવામાં આવે છે તે મહેસૂલ, અંગ્રેજો હિંદુસ્તાનમાંથી માલ ખરીદી ઇંગ્લંડ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોકલવામાં ખરચે છે. વેપાર માટે ઇંગ્લંડ મોકલવાનો માલ ખરીદવામાં તેઓ માત્ર દેશની મહેસૂલનો ઉપયોગ કરીને જ અટકતા નથી; પરંતુ પોતાની રાજસત્તાનો પણ તેમાં છૂટથી ઉપયોગ કરીને મરજીમાં આવે તે ભાવે જોરજુલમથી દેશના વેપારીઓ પાસેથી તેમનો માલ ખરીદે છે, અને પોતાનો માલ તેમને વેચે છે. આનું પરિણામ પણ તરત જ દેખાયા વિના રહે નહિ, અને ચારે બાજુથી દેશની પ્રજામાં અને વેપારીઓમાં મોટો ખળભળાટ મચી રહ્યો છે.

"ઈ. સ. ૧૭૭૦માં પૂર્વે કોઈ દેશમાં નહિ પડેલો તેવો ભયંકર દુકાળ પડવા છતાં અંગ્રેજોએ પોતાનું મહેસૂલ તો ભીષણ અત્યાચારો અને ભયંકર જોરજુલમથી પૂરેપૂરું જ ઉઘરાવ્યું અને તેવી વિકટ સ્થિતિમાં પણ તેઓ તેની રકમ દર વર્ષે વધારતા જ ગયા.

"આ પ્રમાણે દેશની મહેસૂલના રૂપિયામાંથી, કે દેશના ગેરકાયદે અને અન્યાયી વેપારના ઇજારામાંથી મળેલા નફા વડે — ૧૭૮૦ સુધીનાં ચાર વર્ષ દરમ્યાન તેમણે માત્ર બંગાળમાંથી જ દોઢથી બે કરોડ રૂપિયાનો માલ ખરીદીને ઇંગ્લંડ ચડાવ્યો હતો. તે રૂપિયા હમેશને માટે દેશમાંથી ચાલ્યા ગયેલા જ ગણવા જોઈએ કારણકે તેના બદલામાં માલ કે રૂપિયા કશું જ દેશને પાછું મળવાનું ન હતું. તે માલના વેચાણમાંથી ઊપજેલા રૂપિયા તેમજ મળેલો નફો એ બધું ઇંગ્લંડની કંપનીના ભાગીદારોને (વગર મૂડીએ મળેલા) નફા તરીકે વહેંચાવાનું હતું.

"દુનિયાના સર્વ દેશોમાં સરકાર વેપારમાંથી મહેસૂલ મેળવે છે પણ હિંદુસ્તાનમાં અંગ્રેજો એ નિયમને અવળો



કરી રાજ્યની મહેસૂલ વડે વેપાર ચલાવતા હતા. એ રૂપિયા દેશને કોઈ પણ પ્રકારનો બદલો પાછો આપ્યા વિના જ પરદેશ ઘસડી જવામાં આવતા હતા.*

"પરંતુ વાત આટલેથી જ પૂરી થતી નથી. કંપની આ રીતે મહેસૂલનો જે ભાગ ઇંગ્લંડ ચડાવવાનો માલ ખરીદવામાં નહોતી વાપરતી તેનું શું થતું હતું તે હજુ જોવાનું બાકી જ રહે છે. કુલ મહેસૂલમાંથી લશ્કરી, મુલકી, અને મહેસૂલી ખાતાના ખર્ચ પેટે દર વર્ષે ૩ કરોડ રૂપિયા ખર્ચવામાં આવતા. એટલા રૂપિયા તો છેવટે દેશમાં જ ખરચાતા હશે એમ માનવાની કોઈ ભૂલ કદાચ કરે. પરંતુ ના. તે ૩ કરોડની રકમમાંથી મુલકી ખાતું ચલાવવાના ખર્ચ પેટે જે રકમ ખરચાય છે તેમાંથી એક પાઈ પણ દેશીઓને મળતી નથી. કારણ કે, તે ખાતામાંથી દેશીઓને બિલકુલ બાતલ રાખવામાં આવ્યા છે. મહેસૂલી ખાતામાં પણ મોટા દરજ્જાની બધી જ નોકરીઓમાંથી તેમને બાતલ રાખવામાં આવ્યા છે. બિલકુલ થોડા અપવાદો સિવાય, દેશીઓને માત્ર અંગ્રેજોના નોકરો કે ગુમાસ્તાઓ તરીકે અથવા તો તે ખાતાની છેક હલકી નોકરીઓમાં જ લેવામાં આવે છે.[1]

---

*** સરકાર હાલ પણ દેશની મહેસૂલમાંથી દર પાંચ રૂપિયે એક રૂપિયો પરદેશ ઘસડી જાય છે. (૧૯૩૩-૩૪)**

**૧. માસિક રૂ. ૧૦૦૦ થી વધારે પગારની નોકરીઓમાં હિંદીઓનું પ્રમાણ ઈ. સ. ૧૮૮૭માં ૨ ટકા, ૧૮૯૭માં ૫ ટકા, અને ૧૯૧૩માં ૭ ટકા હતું. તે જ વરસમાં માસિક રૂ. ૨૦૦ ઉપરાંતના પગારની નોકરીઓમાં ફક્ત ત્રીજા ભાગના હિંદીઓ હતા. આ પ્રમાણમાં હજી પણ લાંબો ફેર પડ્યો નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

“દીવાની સત્તા મળ્યા બાદ નવાબ સાથે કરેલી સર પ્રમાણે ૬૩,૦૦,૦૦૦ રૂપિયા નવાબને તેના ખર્ચ માટે દ વર્ષે આપવામાં આવતા હતા. એ રકમ દેશમાંથી ં મહેસૂલ ઉઘરાવવામાં આવતી હતી તેના પ્રમાણમાં તે નજીવી જ હતી; છતાં તેમાંથી થોડાક પ્રમાણમાં દેશન કેટલાક શક્તિમાન તથા ઉચ્ચ વર્ગના નવાબના અમલદારોન પગાર મળતો, એટલે એ રીતે તે વર્ગનું નામનિશાન નીકળ જતું અટકતું હતું. તે વર્ગના લોકો સામાન્ય રીતે વેપારધંધામ પડતા નહિ. તેમનો મુખ્ય આધાર દેશના મુલકી કે લશ્કરી ખાતામાંની મોટી મોટી નોકરીઓ જ હતી.

“પરંતુ થોડાં જ વર્ષ બાદ પોતે કરેલા કરારનો ભંગ કરીને તે રકમને અંગ્રેજોએ ઘટાડીને માત્ર ૪૮ લાખ રૂપિયા કરી નાખી; અને પછી થોડા જ સમયમાં નવા નવાબની નાની ઉમ્મર તથા તેના દેવાની રકમોનું બહાનું કાઢી, તેને ફરી ઘટાડીને ૨૪ લાખ રૂપિયા કરી નાખી. પરંતુ પછી જ્યારે તે મોટો થયો અને તેનું દેવું ચૂકવાઈ ગયું, ત્યારે પણ તે રકમ તો તેટલી ને તેટલી જ રહી.

“લશ્કરી ખાતામાં પણ, લશ્કરનો ૯/૧૦ ભાગ દેશી હોવા છતાં એક પણ દેશીને ‘જમાદાર’થી ઊંચી પદવીએ લેવામાં આવતો નથી. ઉપરાંત લશ્કરની સામગ્રી અને સરંજામના બધા ઇજારા પણ અંગ્રેજોને જ આપવામાં આવે છે. એટલે કે, એકાદ સિપાઈને જીવતા રહેવા પૂરતી રકમ, નાનામાં નાના હોદ્દાના દેશી અમલદારના પગારની રકમ, કે અંગ્રેજો જે કાંઈ ખાયપીએ તેના ખર્ચની રકમ



બાદ કરતાં બાકીના બધા રૂપિયા એક યા બીજે રૂપે પરદેશમાં જ ઘસડી જવામાં આવે છે.”

યુરોપની તમામ પ્રજાઓની અત્યારની સમૃદ્ધિનો મોટો ભાગ, તેમણે બીજા ખંડોની પ્રાચીન સંસ્કૃતિઓવાળી પ્રજાઓને લૂંટીને જ મેળવ્યો છે. સ્પેને દક્ષિણ અમેરિકા લૂંટયું; અને ઇંગ્લંડે, શરૂઆતમાં, ત્યાંના ખજાનાથી ભરાઈને સ્પેન આવતાં વહાણો લૂંટીને પૈસા ભેગા કર્યાં. પરંતુ પછીનાં વર્ષોમાં અંગ્રેજોને બીજો કોઈ પરદેશી લૂંટવાનો મળ્યો નહિ, અને સ્પેન પાસેથી લૂંટી આણેલા પૈસા ભોગવિલાસની વસ્તુઓ પરદેશથી મંગાવવામાં ઝટ ખરચાઈ ગયા. પરિણામે દેશમાં નાણાંની મોટી ભીડ ઊભી થઈ.

પરંતુ તે અરસામાં સુભાગ્યે હિંદુસ્તાન તેમના હાથમાં આવ્યું. ત્યાં તેમણે કેવી લૂંટ ચલાવી તથા નાણાંની તંગીમાં આવી પડેલા પોતાના દેશમાં તેમણે થોડા જ સમયમાં કેવી રીતે સોનારૂપાની રેલંછેલ કરી મૂકી, એના જેવી બીજી બીના આખી દુનિયાના ઇતિહાસમાં ક્યાંય જોવા મળે તેમ નથી. મેકોલેએ તેનો આખો ઇતિહાસ પોતાના ક્લાઇવ અને હેસ્ટીંગ્સ વિષેના નિબંધમાં છટાદાર રીતે વર્ણવી બતાવ્યો છે. તે પુસ્તક વાચકને સહેલાઇથી મળી શકે તેમ હોવાથી* તેમાંથી ઉતારા આપવાનું મોકૂફ રાખી, બીજી જે વસ્તુઓ વાચકને સહેલાઇથી જાણવા મળે તેવી નથી, તે વાતો ઉપર જ હું વાચકનું ધ્યાન ખેંચવા માગું છું.

* ક્લાઈવ તેમજ તેના પછીના સમયનો ઇતિહાસ આપતાં ગુજરાતીમાં પણ “પ્લાસીનું યુદ્ધ” અને “બેહાલ બંગાળા” નામનાં પુસ્તકો હવે પ્રસિદ્ધ થયેલાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે કારખાનાં વડે ઇંગ્લંડ અત્યારે પોતાની ઔદ્યોગિક ઉન્નતિ સાધીને દુનિયામાં અગ્રગણ્ય દેશ બની શક્યું છે, તથા જે કારખાનાંએ હિંદુસ્તાનના સર્વ ઉદ્યોગહુન્નરોને ધૂળ મેળવ્યા છે, તે કારખાનાં બંગાળા અને કર્ણાટકમાંથી લૂંટી આણેલા વિપુલ ધનભંડારને આભારી છે. પ્લાસીનું યુદ્ધ લડાયું તથા ત્યાર પછી હિંદુસ્તાનમાંથી ધનભંડાર આવવા લાગ્યો ત્યાર પહેલાં લેંકેશાયરનાં રેંટિયા અને શાળો હિંદુસ્તાનના જેવાં જ સાદાં હતાં. અને ઇંગ્લંડના બધા ઉદ્યોગો પડતી હાલતમાં હતા. હિંદુસ્તાનથી લૂંટી આણેલી ધનસંપત્તિ અને ઇંગ્લંડના ઉદ્યોગોનો વિકાસ, એ બે વચ્ચે કાર્યકારણનો સંબંધ છે.

બ્રુકસ એડમ્સ લખે છે:

"પ્લાસીના યુદ્ધ પછી તરત જ બંગાળની લૂંટ લંડનમાં આવવા લાગી, અને તેની અસર એકદમ થઈ એમ દેખી શકાય છે. કારણકે, બધા જ પ્રમાણભૂત લેખકો કબૂલ કરે છે કે, ૧૯મી સદીને આગલા જમાનાથી જુદી પાડનાર યાંત્રિકયુગ ૧૭૬૦ની સાલથી શરૂ થયો. બેઇન્સના કહેવા પ્રમાણે ઈ. સ. ૧૭૬૦ પહેલાં લેંકેશાયરમાં કાંતવા માટે વપરાતું યંત્ર લગભગ હિંદુસ્તાનના જેવું જ સાદું હતું. અને ૧૭૫૦ની સાલમાં ઇંગ્લંડનો લોખંડનો ઉદ્યોગ, બળતણ માટે જંગલો કપાઈ જવાથી પૂરેપૂરી પડતી દશામાં આવી ગયો હતો. તે વખતે ઇંગ્લંડમાં વપરાતા લોઢાનો ⅘ જેટલો ભાગ સ્વીડનથી આવતો હતો.

"પ્લાસીનું યુદ્ધ ૧૭૫૭માં લડાયું, અને ત્યારબાદ જે ફેરફારો ઝપાટાબંધ થવા લાગ્યા, તેમની ગતિની તુલના



કશાથી પણ થઈ શકે નહિ. ૧૭૬૦માં ફટકાશાળે દેખા દીધી, અને લોઢું ઓગાળવાની ભઠ્ઠીઓમાં લાકડાની જગાએ કોલસા આવ્યા. ૧૭૬૪માં હારગ્રીવ્ઝે 'સ્પીનીંગ જેની' શોધી કાઢી; ૧૭૭૬માં ક્રોમ્પ્ટને 'મ્યૂલ' બનાવ્યું; તથા ૧૭૮૫માં કાર્ટરાઇટે વરાળથી ચાલતી શાળનો પેટંટ લીધો. પણ આ બધામાં મુખ્ય એવી શોધ ૧૭૬૮માં વોટે વરાળથી ચાલતું એંજિન પૂરું કરીને કરી. પરંતુ ધ્યાનમાં રાખવાનું એ છે કે, આ બધાં યંત્રો જો કે તે વખતે શરૂ થયેલા ફેરફારોને પ્રગટ થવા માટે દ્વારરૂપ થયાં હતાં, પણ તે ફેરફારો કંઈ તેમનાથી થયા ન હતા.

"આવી બધી શોધો સ્વભાવે નિષ્ક્રિય હોય છે. કેટલીય અગત્યની શોધો સૈકાઓથી થઈ ગયેલી હોય છે; પણ તેમને ગતિ આપનાર શક્તિ એકત્રિત થવાની રાહ જોઈને તે અક્રિય પડી રહે છે. તે શક્તિ હંમેશાં નાણાંરૂપે એકઠી થવી જોઈએ અને તે નાણાં પણ એક જગાએ પડી રહેલાં નહિ, પરંતુ ફરતાં હોવાં જોઈએ.

"આ પ્રમાણે છાપવાની કળા યુરોપમાં આવી ત્યાર પહેલાં કેટલાય યુગોથી ચીનમાં શોધાયેલી હતી. સંભવિત છે કે રોમનો દારૂગોળાથી માહિતગાર હતા; તથા રિવોલ્વરો અને તોપો પણ ૧૫મા ૧૬મા સૈકામાં અસ્તિત્વમાં આવી ગઈ હતી. વોટના જન્મ પહેલાં કેટલાય સમયથી વરાળ ઉપર અખતરા શરૂ થયા હતા. વોટે કંઈ વરાળયંત્રની શોધ કરી ન હતી; તેણે તો તેને બજારમાં મૂકવા યોગ્ય બનાવવામાં જ પોતાની જિંદગી ખતમ કરી હતી. હિંદુસ્તાનનો ધન-ભંડાર ઇંગ્લંડમાં ઠલવાયો અને તેને કારણે શાખનો વ્યવહાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધ્યો, ત્યાર પહેલાં ત્યાં આ શોધોને જરૂરી એવો નાણાંરૂપી શક્તિસંચય હતો જ નહિ. જો વૉટ ૫૦ વર્ષ પહેલાં જ જન્મ્યો હોત, તો તે પોતે અને તેની શોધ બંને સાથે જ નાશ પામ્યાં હોત.

"તે જમાનાનો મહાનમાં મહાન શક્તિશાળી કારખાનાદાર બોલ્ટન નિષ્ફળ નીવડવાની અણી ઉપર આવી ગયો હતો. એ પણ નક્કી જ કે, બરમીંગહામના બોલ્ટનના કારખાના વિના વૉટનું ઍંજિન કદીય અસ્તિત્વમાં આવી શક્યું નહોત. પરંતુ ૧૭૬૦ પહેલાં બોલ્ટનના જેવાં કારખાનાં પણ ઊભાં કરવાં કે ચાલુ રહેવાં અસંભવિત હતાં. કારણકે મજૂરોના મોટા જથાને એકત્રિત કરી શકે તેટલા મોટા પ્રમાણમાં મૂડી ભેગી થઈ ન હોય, ત્યાં સુધી બધા ઉદ્યોગો, નાના પ્રમાણમાં, છૂટી છૂટી વ્યક્તિઓ — કે જે ઉદ્યોગ સાથે ખેતી કરીને નભતી હોય — તેમના વડે જ ચાલી શકે.

"સૃષ્ટિ શરૂ થઈ ત્યારથી આજ સુધી કોઈ મૂડીએ, હિંદુસ્તાનની લૂંટમાંથી જેટલો નફો આપ્યો તેટલો આપ્યો નહિ હોય. કારણકે, લગભગ ૫૦ વર્ષ સુધી તે લૂંટમાં ઇંગ્લંડનો કોઈ ભાગીદાર ન હતો. ૧૬૯૪ થી પ્લાસીના યુદ્ધ (૧૭૫૭) સુધી તે લૂંટની ગતિ પ્રમાણમાં ધીમી હતી. પરંતુ, ૧૭૬૦ અને ૧૮૧૫ ની વચમાં તો તે વધીને વેગી તથા પ્રચંડ બની ગઈ."

ઇંગ્લંડના લોકોએ તે સમય દરમ્યાન કેટલી લૂંટ ઘસડી આણી હશે તેનો થોડો ખ્યાલ તે દેશની લોનોની રકમ ઉપરથી આવી શકે. કારણકે, લોનનો અર્થ લોકો પાસે ભેગી થયેલી ફાજલ મૂડી જ છે, એ બધા સમજી શકશે. ૧૭૫૬માં



ક્લાઈવ ઇંગ્લંડ ગયો ત્યારે ઇંગ્લંડે પ્રજા પાસે ૭૪,૫૭૫,૦૦૦ પાઉંડની લોન લીધેલી હતી, અને તેના પર તે ૨,૭૫૩,૦૦૦ પાઉંડનું વ્યાજ ભરતું હતું. પણ ૧૮૧૫ માં તો લોનની રકમ વધીને ૮૬૧,૦૦૦,૦૦૦ પાઉંડ થઈ ગઈ અને તેનું વ્યાજ જ ૩૨,૬૪૫,૦૦૦ પાઉંડ થતું હતું."

આ પ્રમાણે ઇંગ્લંડની અસીમ દોલતનું મૂળ તેનો હિંદુસ્તાન સાથેનો સંબંધ છે. અને અત્યારે પણ વસ્તુસ્થિતિ તેને તે જ છે — ભલે તેને સુધરેલી રીતે કહી બતાવવામાં આવતી હોય.

"હિંદુસ્તાનની લૂંટમાંથી જે નફો મળ્યો તેટલો નફો દુનિયા શરૂ થઈ ત્યારથી કોઈ થાપણ ઉપર નહિ મળ્યો હોય," એવું આપણે ઉપર વાંચી આવ્યા. હિંદુસ્તાનમાંથી ઘસડી આણેલી એ સંપત્તિનું પ્રમાણ કેટલું છે ? અત્યાર સુધી કોઈ તેનો આંકડો યથાસ્થિત રીતે નક્કી કરી શક્યું નથી. તેમજ હવે પણ કોઈ તેનો હિસાબ કાઢી શકે તેમ નથી. અત્યાર સુધી ઘણાય લેખકોએ તેનો અંદાજ કાઢવા પ્રયત્ન કર્યો છે. તે ઉપરથી એમ કહી શકાય કે, પ્લાસી અને વૉટર્લુના યુદ્ધ વચ્ચેના સમયમાં અંગ્રેજોએ હિંદુસ્તાનમાંથી ૧૫ અબજ રૂપિયા ઘસડી આણ્યા છે.

અત્યારે તે લૂંટ સુધરેલી રીતે "કાયદાપૂર્વક" કરવામાં આવે છે અને "બ્રિટિશ મૂડી," "બ્રિટિશ માલનું વેચાણ" "બ્રિટિશ અમલદારોના પગારો" વગેરે સારા સારા શબ્દો લોકોના માથામાં મારવામાં આવે છે. પરંતુ વાત એકની એક જ છે — કે હિંદુસ્તાનને લૂંટવામાં આવે છે. કારણકે તે કહેવાતી બ્રિટિશ મૂડી, કે માલ, કે અમલદારો, હિંદુસ્તાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માગે છે તેથી તેને આપવામાં આવે છે કે કેમ, તે સવાલનો જવાબ આપવાની જરૂર કોઈ જોતું નથી.

## ૨

### ઈ. સ. ૧૭૮૩ થી ૧૮૩૩

ઇંગ્લંડની જીત પૂરી થતાં, હિંદુસ્તાન તેના પગ આગળ આળોટતો પડ્યો હતો. હવે એક પગલું આગળ ભરવાનો વખત આવ્યો. આ નવા જિતાયેલા દેશ ઉપર કેવી રીતે રાજ્ય કરવાનું હતું? તેની પ્રજાને અંગ્રેજી રાજ્યના નાગરિકો ગણવાના હતા કે ગુલામો? હિંદુસ્તાનનું રાજ્ય ચલાવવામાં, દેશની પરિસ્થિતિથી વધુ માહિતગાર એવાં હિંદુસ્તાનનાં માણસોને ઉપયોગમાં લેવાનાં હતાં કે નહિ?

આપણે તે વખતે વિચાર્યું કે, "જો તેમને આપણે આપણી સાથે રાજકારભારમાં ભાગ આપીએ અને એ રીતે તેમને આપણા જેવું જ્ઞાન અને અનુભવ મેળવવાની તક હાથે કરીને પૂરી પાડીએ, તો તેઓ તે જ્ઞાન અને અનુભવ આપણને હાંકી કાઢવામાં જ વાપરે." એટલે તરત નક્કી કરવામાં આવ્યું કે, તેમને આપણા સાથીઓ બનાવવાને બદલે નોકરો બનાવવા.

વિલિયમ બેન્ટીંકના વખતમાં, મદ્રાસ ઇલાકામાં રૈયતવારી પદ્ધતિ દાખલ કરવી કે જમીનદારી પદ્ધતિ દાખલ કરવી, તે વિષેની ચર્ચા ઉપસ્થિત થઈ હતી. તે વખતે મિ. વિલિયમ ઠેકરેએ જે લખાણ કર્યું હતું, તેમાં અંગ્રેજોના માનસનો સંપૂર્ણ પરિચય આપણને મળે છે. તે વખતના રિપોર્ટો અને ચર્ચાઓ એક સૈકા પહેલાંનાં છે; છતાં અત્યારે



આપણે તેમાંથી મોટા મોટા ફકરા ઉતારવાના છીએ; કારણ કે, તે ફકરાઓમાં તે સમયે જે સિદ્ધાંત સ્થાપિત કરવામાં આવ્યો છે, તે સિદ્ધાંત જ, પછીથી પણ, પાર્લમેંટના ડાહ્યા ડાહ્યા ઠરાવો છતાં, કાયમને માટે અમલમાં મૂકવામાં આવ્યો છે. અને હજુ પણ ઉપરના સુંદર ઢાંકપિછોડાઓ છતાં કાયમ રહ્યો છે.

બેન્ટીંકની સંપૂર્ણ સંમતિ સાથે ઘડવામાં આવેલા તે રિપોર્ટમાં ઠેકરે જણાવે છે:

"હિંદુસ્તાન જેવડા દેશ ઉપર થોડા મૂઠીભર પરદેશીઓએ રાજ્ય કરવું હોય, તો તેની પ્રજામાંથી સ્વમાન, ઉચ્ચ આદર્શો અને સર્વ પ્રકારની મહત્ત્વાકાંક્ષાઓને ગૂંગળાવી મારવાં જોઈએ. ઇંગ્લંડમાં આપણે દેશની જમીન મોટા મોટા જમીનદારોના હાથમાં રાખીએ તે સમજાય તેવું છે. કારણ કે, તેવાં સમૃદ્ધ કુટુંબોમાંથી જ આપણને આપણા દેશના સારાસારા રાજનીતિજ્ઞો, રાજસભાના સભાસદો, તત્ત્વચિંતકો અને રાજ્યની સેવા અને રક્ષણ માટે પ્રાણ અર્પનાર વીર પુરુષો મળે છે.... મોટા મોટા જમીનદારોને મોટી મહેસૂલને કારણે જે નવરાશ, જે સગવડ, જે વિપુલતા, જે સ્વતંત્રતા અને ઉચ્ચ આદર્શો મળે છે, તે બધાંને કારણે જ તેઓ ઇંગ્લંડને કીર્તિશૃંગની ટોચે ચડાવવાને શક્તિમાન થયા છે. એટલે, મોટી મોટી જાગીરોની આવક તેવાં સમૃદ્ધ કુટુંબોને પોષવામાં વપરાય તે જરૂરનું છે. અને તે ધનસંપત્તિ તેઓને ચિરકાળ પ્રાપ્ત થાઓ!

"પણ હિંદુસ્તાનના લોકોમાંથી તો તેવું સ્વાભિમાન, સ્વતંત્રતા તથા ઊંડા વિચારો અને લાગણીઓ ઉન્મૂળ કરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાખવાં જોઈએ. તે બધાં આપણા હિતના કટ્ટર દુશ્મનો છે. આપણને હિંદુસ્તાનમાંથી સરદારો, રાજનીતિજ્ઞો અને ધારાશાસ્ત્રીઓ નથી જોઈતા. આપણે તો મજૂરી કરે તેવા ખેડૂતો જ જોઈએ છે. આપણે જો ચંચળ, દુરાકાંક્ષી અમીરો જોઈતા હોય તો એકલા મલબારમાં આખા હિંદુસ્તાનને પૂરા પડે તેટલા છે. તે લોકો આપણે માટે તો ભારરૂપ છે. તેઓ દેશની સંપત્તિ નાહકના ઓહિયાં કરી જાય છે.

"એટલે હિંદુસ્તાનમાં તો આપણે જમીનને છૂટા છૂટા ખેડૂતોમાં જ વહેંચી દેવી જોઈએ, જેથી તેઓ કદી આપણી સામે થવા ભેગા થઈ જ ન શકે. આપણે મોટા જમીનદારો ઊભા કરવાની રીત સ્વીકારીશું, તો સરકારી મહેસૂલ, પ્રતિષ્ઠા અને સત્તા વડે બળવાન બનેલા આપણા જ વિરોધીઓ આપણે હાથે કરીને ઊભા કરીશું. જમીનમહેસૂલ બારોબાર ખેડૂત પાસેથી ઉઘરાવવામાં એક મોટો ફાયદો એ થશે કે, આપણે પ્રજાના મોટા ભાગ સાથે સીધા સંબંધમાં રહી શકીશું, દેશની માહિતી મેળવવાનું સીધું સાધન આપણા હાથમાં રહેશે, અને તે રીતે દેશની ધનસંપત્તિ ક્યાંથી કેવી રીતે લઈ શકાય તેમ છે, તેનું ચોક્કસ જ્ઞાન આપણને મળી શકશે.

"એક વસ્તુ હંમેશાં યાદ રાખવી કે આપણો મુખ્ય મુદ્દો હિંદુસ્તાન ઉપર રાજ્ય કરવાનો છે.—સારી રીતે રાજ્ય કરવું એ મુદ્દો ગૌણ છે."

ખરે જ! ઇંગ્લંડમાં મોટા જમીનદારો જોઈએ... જમીનનું મોટું મહેસૂલ તેવાં મોટાં કુટુંબોના પોષણ માટે જવું જોઈએ — જેથી તે કુટુંબોમાં મોટા મોટા રાજનીતિજ્ઞો,



તત્ત્વજ્ઞો અને રાજ્યની સેવા તથા રક્ષણ માટે પ્રાણ આપનાર વીર પુરુષો પેદા થાય. પણ હિંદુસ્તાનમાં તો, સ્વતંત્રતા, સ્વાભિમાન, ઊંડા વિચાર અને લાગણીઓ — કે જે બધું વિપુલ ધનસંપત્તિથી પેદા થાય છે, તે બધું કચરી નાખવું જોઈએ! આપણે હિંદુસ્તાનમાંથી સરદારો, સેનાપતિઓ, રાજનીતિજ્ઞો કે ધારાશાસ્ત્રીઓ નથી જોઈતા; આપણે તો મજૂરી કરનારા ખેડૂતો જ જોઈએ છે. સાચે જ! હિંદુસ્તાનમાં માણસો વસતાં હોય, તો પણ તે અંગ્રેજોથી ઘણી જ જુદી જાતનાં હોવાં જોઈએ!

આ જ સિદ્ધાંતો એક પછી એક એમ દરેક વાઇસરૉય, દરેક ગવર્નર, દરેક લેફ્ટેનંટ ગવર્નર અને દરેક ચીફ કમિશ્નર માનતા આવ્યા છે અને અમલમાં મૂકતા આવ્યા છે. ૧૮૦૭માં લખાયેલા આ ફકરા આગળ પાર્લમેંટના મીઠા મીઠા કે ડાહ્યા ડાહ્યા ઠરાવો પણ કચરાપેટીના કાગળ જેટલી કિંમતના થઈ ગયા છે.

પરંતુ તે જમાનામાં પણ કેટલાક ઉદાર હૃદયવાળા અંગ્રેજો મોજૂદ હતા, જેમણે ઉપરના સિદ્ધાંતની દુષ્ટતા અને અદૂરદર્શિતા સચોટ શબ્દોમાં દેખાડી આપી હતી.

સર થૉમસ મનરોએ ભારપૂર્વક જણાવ્યું હતું:

"કેટલાય બુદ્ધિશાળી માણસોને મોઢેથી હું સાંભળું છું કે હિંદીઓને બધા મુખ્ય હોદ્દાઓમાંથી બાતલ રાખી, માત્ર અંગ્રેજ અમલદારો વડે જ બધું કામ ચલાવવું જોઈએ. પરંતુ મારી ખાતરી છે કે, એ દિશામાં ભરાતું દરેક પગલું તે દેશના લોકોના ચારિત્ર્ય અને ગુણસંપત્તિ ઉપર ખરાબમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરાબ અસર કરશે. ઉપરાંત અપરિચિત અંગ્રેજો મારફતે હિંદુસ્તાનનું રાજ્ય ચલાવવા જતાં તે બિલકુલ રેઢિયાળ થઈ જશે.

"હિંદુસ્તાનના લોકો કુદરતી બુદ્ધિશક્તિમાં આપણાથી જરાય ઊતરતા નથી. ઉપરાંત, તેમની પસંદગી કરોડો માણસની આખી પ્રજામાંથી કરવાની હોવાથી ઉત્તમમાં ઉત્તમ માણસની પસંદગી કરવા માટેનું ક્ષેત્ર પણ બહુ વિસ્તૃત છે. જ્યારે, અંગ્રેજોની બાબતમાં આપણને હિંદુસ્તાન આવવા તૈયાર થયેલા ખોબા જેટલા માણસોમાંથી જ પસંદગી કરવાની હોવાથી, યોગ્યમાં યોગ્ય માણસ પસંદ કરવાનું સહેલું હોતું નથી.

"એકાદ હિંદી અમલદાર કાંઈ ભૂલ કરે તે ઉપરથી કોઈ પણ દેશીને નોકરીમાં ન રાખવો એવી દલીલ કરવી યોગ્ય નથી. કારણકે, ખરી રીતે આપણે તેમના કરતાં પણ વધારે ભૂલો કરતા હોઈએ છીએ. પરંતુ આપણી ભૂલો આપણે દબાવી રાખીએ છીએ, જ્યારે કોઈ હિંદી ભૂલ કરે ત્યારે તરત તેને જાહેર કરી તે માણસને નોકરીમાંથી બરતરફ કરીએ છીએ. કારણકે, તેની જગાએ તેના કરતાં બીજો વધુ સારો માણસ દેશમાંથી તરત જ મળી શકે તેમ હોય છે. પરંતુ જ્યારે કોઈ અંગ્રેજ ભૂલ કરે છે, ત્યારે તેને બરતરફ કરીને વધુ સારો અંગ્રેજ મેળવવાનું શક્ય જ હોતું નથી, તેથી આપણે તેની ભૂલ દબાવી રાખીએ છીએ. કારણકે, અંતે તો તે અંગ્રેજને આ નહિ તો બીજી કોઈ પણ જગાએ નોકરી આપવાની જ હોય છે.



"કેટલાક એવી દલીલ પણ કરે છે કે, દેશી અમલદારો લાંચિયા હોય છે. પરંતુ હું પૂછું છું કે દુનિયામાં એક પણ એવી કઈ પ્રજા છે કે જ્યાં નાના નાના સરકારી અમલદારોમાં કોઈ પણ પ્રકારનો સડો વ્યાપેલો ન હોય? વળી, માત્ર આ જ કારણે, આપણે તેમને બદલે મોટા મોટા પગારના યુરોપિયનો રાખવા જઈશું, તો તે અખતરો વધુ ખરચાળ નીવડશે એટલું જ નહિ પણ તે સડો તો પાછો કાયમ જ રહેશે; કારણકે સરકાર એટલે દૂર સુધી અંગ્રેજો ઉપર પણ પૂરતો કાબૂ રાખી શકવાની નથી. વળી, કોઈ દેશી અમલદારના જુલમ સામે તો પ્રજા કોઈ વાર બૂમ ઉઠાવી વિરોધ પણ કરી શકે; પણ યુરોપિયન અમલદાર સામે તે કદી તેમ કરી શકવાની જ નહિ; એટલે તેઓ ઊલટા વધુ નિરંકુશ બનશે. આમ છેવટે જો સડો રહેવાનો જ હોય, તો પછી તે દેશી અમલદારોને હાથે ચાલે તે જ વધુ સારું છે. કારણકે, એક વાર યુરોપિયન અમલદારોની પ્રમાણિકતા કે ન્યાયવૃત્તિ ઉપરથી લોકોની શ્રદ્ધા ઊઠી ગઈ, કે પછી આપણું ઉત્તમ ચારિત્ર્ય કે જે આપણી સત્તાનો એક મોટામાં મોટો આધાર છે, તે તૂટી પડશે.

"એટલે, દેશી અમલદારોમાંથી તેવો સડો દૂર કરવા માટે, બીજી પ્રજાઓ પોતાને ત્યાં જે ઉપાયો હંમેશાં લે છે, તે જ લેવા જોઈએ. અને તે એ કે, તેમના પ્રત્યે માનની લાગણીથી વર્તો, તેમના ઉપર વિશ્વાસ મૂકો, તેમના હોદ્દાઓની પ્રતિષ્ઠાને વધુમાં વધુ વધારી મૂકો, તથા તેમને તેમના વધેલા મોભાને યોગ્ય મોટા મોટા પગારો આપી, ક્ષુદ્ર લાલચોથી સુરક્ષિત બનાવો."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"એક બાજુ, આપણે ઉત્તમ શક્તિવાળા દેશીઓને રાજકારભારની એકેએક અગત્યની તેમજ પ્રતિષ્ઠા અને મોટા મોટા લાભવાળી નોકરીઓમાંથી બાતલ રાખીને, કરોડોની વસ્તીવાળા આ દેશમાં, એક સોટી મારવાની શિક્ષા કરવા જેટલી સત્તા પણ યુરોપિયન સિવાય બીજા કોઈ પાસે રહેવા દેતા નથી; અને બીજી બાજુ, જરા પણ અચકાયા વિના 'અંગ્રેજ સરકાર પ્રજાની માબાપ છે' એવી વાતો કરીએ છીએ. ખરી રીતે આપણે એક આખી પ્રજાને અધોગતિએ પહોંચાડવાની શિક્ષા કરીએ છીએ. તેનો બદલો પછી તેને બીજા ગમે તેવા લાભો આપીને પણ વાળી નહિ શકાય. ઇતિહાસમાં કોઈ પણ પ્રજાને આવી શરમભરેલી શિક્ષા કરવામાં આવી હોય એવો એક પણ દાખલો નહિ મળી શકે.

"આપણે જ્યારે ત્યારે દેશીઓને સુધારવાની મોટી મોટી વાતો કરીએ છીએ અને પગલાં તો બિલકુલ ઊંધાં જ લઈએ છીએ. તમારે દેશીઓમાં વિશ્વાસ મૂકવો નથી, તેમને જરા પણ સત્તા આપવી નથી, તેમને જેમાં ઉત્તમ શક્તિઓની જરૂર પડે અથવા તેમની ખિલવણી થાય તેવી દરેક નોકરીમાંથી બાતલ રાખવા છે; અને પછી નિશાળો અને કૉલેજો સ્થાપી, તેમને કેળવણી આપી સુધારવાની વાતો કરવી છે. આખી દુનિયામાં કોઈએ આપણા જેવું આંધળાપણું બતાવ્યું નહિ હોય. હું એ પૂછું છું કે, કોઈ પણ દેશમાં લોકો જ્ઞાન મેળવવાનો પ્રયત્ન શા ઇરાદાથી કરે છે?—સિવાય કે તેને પરિણામે તેમને કીર્તિ, પ્રતિષ્ઠા, સત્તા અને સંપત્તિ મળવાનાં હોય? કેળવણી



વડે ઉત્તમોત્તમ શક્તિઓ ખીલવીને પણ જો તેમનો ઉપયોગ દેશસેવા, સમાજસેવા કે દેશના રાજકારભારમાં જુદી જુદી જગાએ થવાનો ન હોય, તો પછી તેમને ખીલવવાની લોકોને શી જરૂર? બીજા દેશોમાં લોકોને જ્ઞાન પ્રાપ્ત કરવાનાં કે પોતાની વિવિધ શક્તિઓ ખીલવવાનાં જે પ્રોત્સાહનો હોય છે, તે બધાં જો આપણે હિંદુસ્તાનના લોકો પાસેથી ખૂંચવી લઈએ, તો પછી હિંદીઓ વિજ્ઞાનની પ્રાપ્તિ માટે ઉત્સુકતાથી પ્રયત્ન કરે, એમ કદી બને ખરું?

"તેથી ઊલટું જે વસ્તુથી કાંઈ પણ તાત્કાલિક ફાયદો થતો તેમને દેખાશે, તે વસ્તુ માટે જ તેઓ સ્વાભાવિક રીતે પ્રયત્ન કરવાના. અને હિંદુસ્તાનમાં તેમને માટે સરકારી કારકુન કે ગુમાસ્તો થવા સિવાય બીજું એક પણ દ્વાર આપણે ખુલ્લું ન રાખીએ તો સ્વાભાવિક રીતે તેઓ તે કામ કરવાને લાયક થવા માટે જ વધુ પ્રયત્ન કરવાના. આમ એક મહાન પ્રજામાંથી ઉચ્ચ જ્ઞાન કે સંસ્કારો પ્રાપ્ત કરવા માટેની બધી જ પ્રેરણાનો નાશ કરી, તેને માટે કારકુનો અને ગુમાસ્તાઓ બનવા જેટલો જ પુરુષાર્થ કે આદર્શ રહેવા દઈ, તેનું સર્વ નાશ કરવા જ આપણે તૈયાર નથી થયા?

"ઇંગ્લંડમાં જ આવતી કાલે એક પરદેશી રાજ્ય થવા દો, ત્યાંના લોકોને રાજકારભારમાં જરા પણ હિસ્સો ન આપો, તેમને બધા પ્રકારની પ્રતિષ્ઠા, ગંભીર જવાબદારી અને મોટા પગારના સર્વ હોદ્દાઓમાંથી બાતલ કરી, તેમનામાંથી તેવી ઉચ્ચ શક્તિઓ, ગુણો અને આદર્શો ખીલવવાની પ્રેરણાનો નાશ કરો અને કોઈ પણ પ્રકારના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કામ માટે તેમનામાં થોડોક પણ વિશ્વાસ મૂકવા માટે તેમને અયોગ્ય ઠરાવી દો — તો પછી ઇંગ્લંડને તેનું તમામ સાહિત્ય અને ભૌતિક કે પારમાર્થિક વિજ્ઞાન પણ — એક જ પેઢીમાં, નમાલી, નિર્વીર્ય, લુચ્ચી અને અપ્રમાણિક પ્રજાનો દેશ બની જતાં નહિ અટકાવી શકે."

તેવા જ એક દૂરદર્શી અંગ્રેજ બિશપ હાર્પરે ૧૮૨૬માં લખી જણાવ્યું છે, "જે દિવસથી માંડીને હું બંગાળમાંથી બહાર નીકળ્યો છું, ત્યારથી એક જ વસ્તુ મારા મન ઉપર વધારે ને વધારે અસર કરતી ગઈ છે. અને તે એ કે, અત્યારે જે હિસાબે આપણે ખેડૂતો પાસેથી મહેસૂલ પડાવી લઈએ છીએ, તે હિસાબે કોઈ પણ ખેડૂત કોઈ દિવસ જરા પણ સમૃદ્ધ થઈ શકે નહિ. જમીનની પેદાશનો અર્ધા કરતાં પણ વધારે ભાગ સરકાર મહેસૂલ તરીકે લઈ લે છે. એને કારણે હિંદી ખેડૂત તદ્દન અકૃત્રિમ એવી સસ્તામાં સસ્તી રીતે ખેતી કરતો હોવા છતાં, તથા તેના જીવનવ્યવહારની ટેવો પણ બહુ જ કરકસરવાળી હોવા છતાં, તેની પાસે સરકારનો વેરો ભર્યા બાદ પોતાના પેટ પૂરતું પણ બાકી રહેતું નથી. આનું પરિણામ એ આવે છે કે, ખેડૂત ખેતી કે બીજી કોઈ પણ બાબતમાં જરાય સુધારો કે પ્રગતિ કરી શકતો નથી. સારામાં સારાં વર્ષોમાં પણ તેને ભયંકર કંગાલિયત અને ભૂખમરામાં દિવસો કાઢવા પડે છે. એટલે, પાક થોડો ઘણો પણ નિષ્ફળ જાય છે કે તરત ગામની શેરીઓ અને રસ્તાઓ સડતાં મુડદાંઓથી ઊભરાઈ જાય છે.

"એ રીતે જોતાં આપણા કરતાં દેશી રાજ્યોની પ્રજા વધુ સુખી છે. કોઈ પણ દેશી રાજા પોતાની પ્રજા પાસેથી



આપણા જેટલું આકરું મહેસૂલ ઉઘરાવતો નથી. અંગ્રેજ અમલદારો પોતે જ ખાનગીમાં એ વાત કબૂલ કરે છે કે, લોકો ઉપર હદ ઉપરાંતનો કરનો બોજો છે, અને ધીમે ધીમે આખો દેશ ભૂખમરાના પંજામાં સપડાતો જાય છે.

"મારી ચોક્કસ ખાતરી થઈ ગઈ છે કે, સરકારે ખેડૂતો પાસેથી આટલું બધું મહેસૂલ ઉઘરાવવાનું બંધ કરવું જોઈએ; જે કાંઈ મહેસૂલ ઉઘરાવવામાં આવે છે, તેનો મોટો ભાગ દેશમાં જ વપરાય અને દેશમાં જ રહે તેવી વ્યવસ્થા પણ કરવી જોઈએ; તથા આપણું રાજ્ય શાશ્વત તેમજ સુખી કરવા માટે દેશી લોકોને રાજકારભારમાં વધુ હિસ્સો આપવો જોઈએ. અત્યારે જેમ ચાલે છે તેમ વધુ ચાલશે, તો મને નથી લાગતું કે આપણું સામ્રાજ્ય લાંબો વખત ટકી રહે.

"કોઈ પણ દેશને આટલું બધું મોટું મહેસૂલ પરદેશીઓને ભરવું પરવડે નહિ. દરેક દેશમાં દેશનું મહેસૂલ એક યા બીજે રસ્તે દેશના જ લોકોના હાથમાં પાછું જવું જોઈએ."

ઉપરના લેખકોમાંથી આટલા બધા ઉતારા મેં શા માટે આપ્યા છે? એક જ ઇરાદાથી કે રાજનીતિના જે સિદ્ધાંતો સામે ઉપરના લેખકોએ પોતાનો વિરોધ ઉઠાવ્યો છે, તે સિદ્ધાંતો હજુ પણ કાયમ જ છે. કોઈ પણ અંગ્રેજ અમલદારને તેમાં હજુ પણ સુધારો કરવાની જરૂર દેખાતી નથી. પાર્લમેંટે ૧૮૩૩માં જે કાયદો પસાર કર્યો, તેમાં તો નીચેના મીઠા મીઠા શબ્દો વાપર્યા છે:

"અમારા રાજ્યમાં કોઈ પણ દેશીને...તેના ધર્મને કારણે,......તેના કુળને કારણે, કે તેના રંગને કારણે,...કંપની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરકારના કોઈ પણ હોદ્દા, પદવી કે નોકરી માટે અયોગ્ય ઠરાવવામાં નહિ આવે." પરંતુ, તે મુજબ અનુસરે છે કોણ?

જો ઉપરના શબ્દો અનુસાર જ કામ લેવામાં આવ્યું હોત, તો જે મહાન દેશની જવાબદારી આપણા પર છે, (તેમજ જેને માટે આપણને કોઈક દિવસ પણ જવાબ આપવો પડશે એમ આપણે કદી માનતા નથી — કારણકે તેવો જવાબ લેનાર અત્યારે કોઈ છે નહિ,) તે દેશ હાલના જેવી હીન દશાને પામ્યો ન હોત.

મિ. રિકાર્ડૂએ પોતાની જુબાનીમાં જણાવ્યું છે:

"હુન્નર અને કારીગરીની કેટલીય શાખાઓમાં હિંદવાસીઓની કુશળતાને હજુ કોઈ જ પહોંચી શક્યું નથી. મસલીન, શાલ, જરી ભરેલું રેશમી કાપડ, રૂમાલ, સોના ચાંદી અને હાથીદાંત ઉપરની તેમની કારીગરી — એ બધાની આપણા કારીગરો કદી બરોબરી કરી શકવાના નથી. તેમનું સ્થાપત્ય પણ આપણાથી ઊંચી કોટીનું છે. કેટલાંક બાંધકામોમાં તેમણે પથ્થરનાં મોટાં મોટાં ગચિયાં અને પાટડા ઊંચે ચડાવવાની અને ખસેડવાની જે શક્તિ બતાવી છે, તેવી શક્તિ કોઈ યુરોપિયન કારીગરે કદી બતાવી હોય તેવું જાણમાં નથી. ખેતીની કળા પણ પૂર્વમાં જ શોધાઈ હતી, અને ત્યાં જ પહેલવહેલી સંપૂર્ણતાએ પહોંચી હતી. યુરોપે તે બાબતમાં પોતાનું શિક્ષણ ત્યાંથી જ મેળવ્યું છે.

"પરંતુ તે જૂના સમયની વાતો છે. તેમની અત્યારની ગરીબાઈ અને ગુલામીની દશામાં તેઓ પોતાનાં કળાકૌશલ્યમાં જરા પણ સુધારો કરી શકે તેવી આશા રાખવી ફોગટ છે... તેમની ગરીબાઈ તેમને એવા પ્રકારની સતત



અધોગતિમાં રાખે છે કે, જેમાં તેમના નૈતિક ગુણો કે તેમની ભૌતિક સ્થિતિમાં કોઈ પણ પ્રકારનો સુધારો થાય એ વસ્તુ અસંભવિત છે. ખેતીની કુલ પેદાશમાંથી જ્યાં અર્ધોઅર્ધ ભાગ મહેસૂલ તરીકે લઈ લેવામાં આવતો હોય, અને અમલદારોનું મોટું લશ્કર તે મહેસૂલ નિરંકુશપણે પૂરેપૂરી કડકાઈથી ઉઘરાવતું હોય, ત્યાં કોઈ પણ પ્રજા કેવી રીતે જીવી શકે, પ્રગતિ સાધી શકે કે બીજા દેશો સાથે વેપાર ખેડી સમૃદ્ધ બની શકે? આપણે જમીનમહેસૂલ હંમેશાં હદ ઉપરાંતનું ઉઘરાવીએ છીએ, એટલું જ નહિ પણ કેટલાક દાખલાઓમાં તો જમીનની કુલ પેદાશ કરતાં પણ મહેસૂલ વધારે લઈએ છીએ. એવે સ્થળે જમીનની વેચાણકિંમત જ બિલકુલ હોતી નથી.

"આવું ન્યાયખાતું, આવું પોલીસખાતું અને આવું મહેસૂલખાતું જ્યાં પોતાનું વિનાશક કામ કડક રીતે કર્યા જ કરતું હોય, ત્યાં દેશની પ્રજા ધનવાન, સંપત્તિમાન કે વેપારઉદ્યોગમાં પ્રગતિમાન ન જ થઈ શકે. આવાં અત્યાચારી નિયંત્રણો દૂર કરવામાં આવે, તો હજુ પણ હિંદુસ્તાનના લોકો વેપારઉદ્યોગમાં દુનિયાની બીજી કોઈ પ્રજા જેટલી જ કુશળતા તથા ઊંડો અનુભવ બતાવી શકે તેમ છે."

પરંતુ તે દરમ્યાન આખા જગતની સિકલ ફેરવી નાખનાર વરાળયંત્ર અને સંચો અસ્તિત્વમાં આવી ગયાં હતાં. ઇંગ્લંડને હવે પોતાના માલ માટે બહારના દેશોમાં બજારો ઉઘાડવાની આવશ્યકતા પ્રાપ્ત થઈ હતી. હિંદુસ્તાન જો તે માલનું ઘરાક બને, તો ઇંગ્લંડને એક મોટું, ચોક્કસ અને સ્થાયી બજાર મળી જાય. એટલે વધુ વિચાર કરવાની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જરૂર રહી જ નહિ. હિંદુસ્તાનને માલ તૈયાર કરનાર દેશ મટાડી, માલ ખરીદનાર બનાવવો જ જોઈએ! અને એ પ્રમાણે, જેને આપણે હિંદુસ્તાનના રાજકારભારના ત્રીજા સિદ્ધાંત તરીકે ઓળખાવ્યો છે, તેના અમલનો સમય આવી પહોંચ્યો.

## ૩

## ઈ. સ. ૧૮૩૩ થી ૧૯૦૧

સીદી ગુલામોને મુક્ત કરવાની લડતમાં ભાગ લેવાને કારણે દરેક અંગ્રેજના હૃદયમાં ઉદ્ભવેલી આત્મસંતોષની લાગણીનો આનંદ હજુ મરી ગયો ન હતો તે વખતે, એટલે કે ૧૮૩૩ની સાલમાં, ઈસ્ટ ઇંડિયા કંપનીની સનંદ ફરી ચાલુ કરી આપવાનો ઠરાવ પાર્લમેંટને કરવાનો આવ્યો. એટલે ઉપર જણાવેલી લાગણીઓની થોડી છાપ તે વખતનાં પાર્લમેંટનાં ભાષણોમાં પડેલી દેખાય છે. તેની સૌથી છેલ્લી હદ મૅકોલેના શબ્દોમાં આવેલી છે. તે જણાવે છે:

"હિંદુસ્તાનની સરકાર પ્રજાના હિત માટે ચિંતાતુર હૃદયે સદૈવ તત્પર રહેલી છે. તે જે કાંઈ ભૂલો કરે છે, તેમાં પણ હું તો તેના હાથમાં સોંપાયેલી તે મહાન પ્રજા પ્રત્યેના વાત્સલ્યની લાગણી જ જોઈ શકું છું."

આટલું બસ ન હતું. તે સચોટ દાખલાઓ અને ભાષાના જ્વલંત પ્રયોગો સહિત, હિંદુસ્તાનને ઇંગ્લંડ પાસેથી શું શું મળવું જોઈએ તે પણ બતાવતો જાય છે:

"આપણે વસ્તુસ્થિતિનું ગમે તેટલી સ્વાર્થી દૃષ્ટિએ નિરૂપણ કરવા માગીએ, તો પણ એટલું તો નક્કી જ છે કે,



હિંદુસ્તાનના લોકો આપણા પરાધીન ગુલામો રહે તેના કરતાં આપણાથી સ્વતંત્ર થઈ સારી રાજ્યવ્યવસ્થા હેઠળ પોતાનું જીવન ગાળે, એ વધુ સારું છે. તેઓના ઉપર ભલે તેમના દેશી રાજાઓ રાજ્ય કરે, પણ તેઓ આપણા દેશનાં બનાવેલાં કપડાં વાપરે, તથા આપણાં છરીચપ્પુથી પોતાનું કામ કરે, એ વધુ ઇચ્છવા જોગ છે,— નહિ કે તેઓ અંગ્રેજ મૅજિસ્ટ્રેટોને અને કલેક્ટરોને નમીનમીને સલામો ભર્યા કરે અને આપણો માલ ખરીદ જ ન કરી શકે તેવા ગરીબ રહે. સુધરેલા માણસો સાથે વેપાર કરવો, એ જંગલીઓ ઉપર રાજ્ય કરવા કરતાં વધુ ફાયદાકારક છે. . . . જે લોકો હિંદુસ્તાનના કરોડો લોકો આપણા ગુલામો રહે એટલા માટે તેમને આપણા માલનાં ઘરાક થતાં અટકાવે છે, તેમની અક્કલને ધન્યવાદ જ ઘટે છે!

"બર્નિયર કહે છે કે, પહેલાંના સમયમાં હિંદુસ્તાનના કેટલાક ક્રૂર રાજાઓ પોતાની પ્રજામાંના કોઈ શક્તિશાળી કે સ્વતંત્રમિજાજી માણસનો તેમને ડર લાગે પણ તેને મારી નાખવાનું શક્ય ન હોય ત્યારે, તેને અફીણની એક પુસ્તા નામની બનાવટ રોજ પાતા. તેનાથી થોડા જ મહિનામાં તે કમભાગી માણસની બધી જ માનસિક તેમજ શારીરિક શક્તિઓ નાશ પામી જતી. . . . પરંતુ ઈશ્વરે આપણા હાથમાં સોંપેલી એક આખી પ્રજાને તાબે રાખવા, આપણે એ પ્રમાણે, પુસ્તા આપવાનું કબૂલ નહિ જ કરીએ. . . . આપણી સત્તા જો પ્રજાના દુર્ગુણ, અજ્ઞાન અને દુઃખ ઉપર જ ટકાવી રાખવા માગીએ, તથા એક સુધરેલી પ્રજા કહેવાતા હોઈને, જમાનાઓથી રાજાઓ અને બ્રાહ્મણોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુલમ હેઠળ કચરાતી પ્રજા પ્રત્યેના, રાજા તરીકેના આપણા બધા ધર્મ ઉપર પાણી ફેરવીને તેને આપણી ગુલામ રાખી મૂકીએ, તો પછી તે સત્તાની કિંમત જ શી છે? તેમજ જો આપણે મનુષ્યજાતિના કોઈ પણ ભાગના લોકોને આપણા જેટલી સ્વતંત્રતા અને સુધારો આપવા ન માગીએ, તો પછી આપણી પોતાની સ્વતંત્રતા અને સુધારાની પણ શી કિંમત છે?

"હિંદુસ્તાનના લોકો આપણા તાબેદાર રહે માટે તેમને આપણે અજ્ઞાનમાં ડૂબેલા રાખવા છે? અથવા તો તેમનામાં જ્ઞાનનો પ્રચાર કરીએ પરંતુ તેમનામાં કશી જ મહત્ત્વાકાંક્ષા ઊભી ન થાય એમ આપણે ઇચ્છીએ છીએ? અથવા તેમનામાં મહત્ત્વાકાંક્ષા ઊભી થવા દેવી પરંતુ તેને સિદ્ધ થવાનો એક પણ યોગ્ય માર્ગ ઉઘાડો ન રહેવા દેવો, એવો આપણો ઇરાદો છે? આ પ્રશ્નોમાંથી એકનો પણ જવાબ હકારમાં આપવાની કોઈ હિંમત નહિ કરે. છતાં આપણે દેશીઓને બધી જ ઊંચા દરજ્જાની નોકરીઓમાંથી બાતલ રાખવા માગીએ, તો ઉપરના પ્રશ્નોમાંથી એકાદનો પણ જવાબ હકારમાં આપવો જ જોઈએ. હું પોતે જરા પણ બીતો નથી; આપણી સામે આપણી ફરજનો માર્ગ ખુલ્લો છે, અને તે જ માર્ગ ડહાપણનો, આપણી સમૃદ્ધિનો તથા સ્વમાનનો પણ છે.

"... એમ પણ બને કે આપણા રાજ્ય હેઠળ હિંદુસ્તાનના લોકોનાં મન એટલાં તો વિકાસ પામે કે પછી તે આપણા રાજ્ય હેઠળ રહેવા જ ન માગે. આપણા ઉત્તમ રાજ્ય વડે ત્યાંના લોકોમાં તેનાથી પણ વધારે સારું રાજ્ય જાતે કરવાની શક્તિ ઉત્પન્ન થાય, અથવા તો યુરોપનું જ્ઞાન મેળવીને ભવિષ્યમાં ત્યાંના જેવું રાજ્યબંધારણ અને સંસ્થાઓ પણ તેઓ માગે. એવો દિવસ કદી આવશે કે નહિ તે હું જાણતો નથી. પરંતુ તેવો દિવસ કદી આવતો હશે, તો હું તેને રોકવાનો કે ઉલટાવવાનો પ્રયત્ન જરાય નહિ કરું. તેવો દિવસ ગમે ત્યારે આવો, પણ તે દિવસ જરૂર ઇંગ્લંડના ઇતિહાસનો વધારેમાં વધારે મગરૂર થવા લાયક દિવસ હશે."



આવા આવા ડહાપણ અને હિંમત ભરેલા મોટા મોટા શબ્દોમાં આખો રસ્તો સ્પષ્ટ લીટીઓમાં આંકી લીધા બાદ, ૭૦ વર્ષ પછી પણ તે દિશામાં આપણે એક પણ ડગલું ભર્યું નથી, અને પરિણામે હિંદુસ્તાનના લોકો હતા તેથી પણ હવે વધારે ગરીબ બન્યા છે. આ ૧૯૦૦ની સાલમાં જ એક જિલ્લાના મહેસૂલનો ૮૫ ટકા ભાગ, ખેડૂતો પોતે ભરી શકે તેમ ન હોવાથી, તેમને પૈસા ધીરનાર શાહુકારોએ જ બારોબાર સરકારી તિજોરીમાં ભર્યો છે. તથા ઇંગ્લંડના અગ્રગણ્ય વૈદકીય પત્ર 'લેન્સેટે' મુંબઈના એક ખબરપત્રી મારફતે અંદાજ કાઢયો છે કે, ૧૯મા સૈકાના છેલ્લા દશકામાં બ્રિટિશ હિંદુસ્તાનની પ્રજાનાં ૨ કરોડ માણસો ભૂખથી, અને ૧૦ લાખ માણસો પ્લેગથી નાશ પામ્યાં છે. પરંતુ મૅકોલેના ઉપલા ભાષણ પછીનાં ૭૦ વર્ષો દરમ્યાન આપણે એટલા તો નીચે પડી ગયા છીએ કે, આવી કમકમાટી ઉપજાવે તેવી વિગતો પણ આપણને જરાય અસર કરી શકતી નથી. લાગલાગટ ૧૦ વર્ષ સુધી દર વર્ષે ૨૦ લાખ માણસો ભૂખે ટળવળતાં મરી જાય, તોપણ, જ્યારે તે વાત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક વૈદ્યકીય છાપામાં પ્રગટ થાય છે ત્યારે તેના તંત્રીને આશ્ચર્ય કે દિલગીરીનો એક શબ્દ પણ એ ભીષણ અને રોમાંચક વસ્તુસ્થિતિ ઉપર લખવો જરૂરી લાગતો નથી. જોકે, ઉપર જણાવેલી સંખ્યાનો ૨૦મો ભાગ પણ તેના પોતાના દેશમાં તે કારણે મરી જાય, તો મોટો બળવો જ જાગી ઊઠે. આખી દુનિયામાં ક્યાંય જોવા ન મળે તેવાં દુઃખ અને ક્લેશ દેશમાં ચારે બાજુ વ્યાપી રહ્યાં છે છતાં હેમિલ્ટન જેવા હિંદી વજીર અને લોર્ડ કર્ઝન જેવા વાઇસરૉયને તો મેકોલેના જ શબ્દો કાનમાં ગૂંજ્યા કરતા હોય છે કે, "તેઓ હિંદુસ્તાનની પ્રજાના હિતને માટે ચિંતાતુર હૃદયે સદૈવ તત્પર રહેલા છે. અને...તે પ્રજા પ્રત્યે તેમનામાં વાત્સલ્યની લાગણી ઊભરાઈ જાય છે."

આ બધું કેમ બને છે? આવી ભયંકર અને દારુણ વસ્તુસ્થિતિ જોવા અને જાણવા છતાં પણ આપણા હૃદયમાં કેમ જરાય લાગણી થતી નથી? મેકોલેએ જે ઉદાર લાગણીઓ કહી બતાવી હતી, તેવી ઉત્તમ લાગણીઓ વડે હવે પહેલાંની પેઠે અંગ્રેજોનાં હૃદયો કેમ ઊછળતાં નથી?

તેનું કારણ એક જ છે. અને તેને બર્નિયરના શબ્દોમાં કહીએ તો — એક વિલાયતી પુસ્તાએ આપણી બધી નૈતિક તેમજ માનસિક લાગણીઓ અને ભાવનાઓને બહેરી કરી નાખી છે. બીજી બધી રીતે આપણે સચેત છીએ. માત્ર આપણી સ્વમાન અને સદાચારની લાગણીઓ જડ થઈ ગઈ છે. બદલામાં આપણી બધી હીન વૃત્તિઓ વધુ વેગવંત બની છે. તે પુસ્તા કયું છે? — આપણો માલ



ખપાવવા પરદેશમાં બજારોની જરૂર, તથા હિંદીઓને એક વાર ઊંચા ઊંચા હોદ્દાઓ આપવાના શરૂ કરીશું તો થોડા જ વખતમાં તેમને વધારે ને વધારે પ્રમાણમાં સ્વરાજ્ય આપ્યા વિના નહિ ચાલે એવી આપણા હૃદયમાં ઊંડે ઊંડે સદૈવ કાયમ રહેતી બીક.

આ વસ્તુઓએ આપણને આટલા લાગણીહીન અને અધમ બનાવ્યા છે. તેની આગળ આપણી કોઈ પણ ઉચ્ચ ભાવના કે માનુષિક લાગણી ટકી શકતી નથી. હિંદુસ્તાન આપણે તાબે રહેવું જોઈએ! હિંદુસ્તાન આપણું ગ્રાહક રહેવું જોઈએ! એ બે વસ્તુની આડે આવે તેવું એક પણ પગલું આપણે ભરવા માગતા નથી — પછી ભલે તેને લીધે કરોડોની વસ્તીવાળા આખા દેશમાં ભૂખમરો, કંગાલિયત અને વિનાશનું સામ્રાજ્ય ફેલાઈ રહે. આપણે હિંદુસ્તાનને આપણા સામ્રાજ્યનો એક ભાગ ગણવાને બદલે ઇંગ્લંડની દૂઝણી ગાય ગણવાને એટલા ટેવાઈ ગયા છીએ, કે અત્યારની ચાલુ વસ્તુસ્થિતિમાં સહેજ પણ ફેરફાર કરાવનારી કે વિઘ્ન લાવનારી કોઈ પણ વસ્તુ આપણું મન હવે સ્વીકારી શકે તેમ નથી.

અને તે કારણે જ હિંદુસ્તાન વિષે કશી જ સાચી હકીકત પણ આપણે જાણવા માગતા નથી. જો કોઈ તેવી કડવી વાતો આપણી આંખ આગળ લાવવાની હિંમત કરે છે, તો આપણે તેને જૂઠો અને દેશદ્રોહી ગણી કાઢીએ છીએ. અને તેમ છતાં જો કોઈ વસ્તુઓ આપણા ધ્યાન આગળ આવી જ પડે, તો પણ એમ જ માનીએ છીએ કે કાં તો (૧) તે વાતો જ જુઠ્ઠી છે, (૨)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા તો તે વાતો આપણને ગમે તેવી ભયંકર લાગતી હોય તો પણ હિંદુસ્તાન વગેરે પૂર્વના દેશોમાં તો તે સ્વાભાવિક જેવી જ છે, એટલે તે માટે કાંઈ ખાસ ફિકર કરવાની જરૂર નથી, (૩) અથવા તો ઈશ્વરને માનીતા અંગ્રેજ લોકોને હાથે જે થાય તે કદી અયોગ્ય થાય જ નહિ. એટલે, ગમે તેવી વાતો કહેવામાં આવે તો પણ અંગ્રેજોના રાજ્યમાં દિવસે દિવસે હિંદુસ્તાન સુખી જ થતું જાય છે.

ગમે તેમ પણ, એક વાત તો નક્કી જ છે કે, હિંદુસ્તાન અત્યારે છે તેમ આપણી દૂઝણી ગાય જ રહેવું જોઈએ. તેના સિવાય આપણને કોઈ રીતે ચાલે તેમ નથી.

એ કારણે જ આપણે જરૂર પડ્યે મોટાં મોટાં વચનો આપીને બીજે જ દિવસે તેમને બેશરમ થઈને તોડી નાખીએ છીએ.[1] તેને કારણે જ જ્યારે હિંદી પ્રજા આપણી પાસે

૧. લૉર્ડ લીટને હિંદી વજીરને મોકલેલા 'ડિસ્પેચ'માં લખ્યું છે :

"૧૮૩૩માં દેશીઓને સર્વ પ્રકારની નોકરીઓમાં કાંઈ પણ ભેદ રાખ્યા વિના દાખલ કરવાનો પાર્લમેંટનો કાયદો પસાર થયો, કે તરત જ અહીંની તેમજ ત્યાંની સરકારે તેને અમલમાં મૂકવો ન પડે તે માટે ઉપાયો યોજવા માંડ્યા. . . . આપણે કાં તો દેશીઓને નોકરીમાં દાખલ થવાની જ મના કરવી જોઈએ, કે કાયદો કર્યા છતાં તેમને છેતરીને નોકરીઓ ન આપવી જોઈએ. આપણે છેલ્લો અપ્રમાણિક રસ્તો જ લીધો. મને એમ કહેતાં જરાય આંચકો નથી લાગતો કે—ઇંગ્લંડની તેમજ હિંદુસ્તાનની એમ બંને સરકારોએ, જે વચન મોંઢેથી ઉચ્ચાર્યાં હતાં, તેમને હૃદયથી ભાગવા માટે તેમણે બની શકે તેટલા ઉપાયો લીધા છે એવું આળ તેમના ઉપર મૂકવામાં આવે, તો તેઓ તેનો જરાય સંતોષકારક જવાબ આપી શકે તેમ નથી.'"



"રોટલો માગે છે, ત્યારે આપણે પથરા આપીએ છીએ." ઉપર ટાંકેલું વાક્ય, ૧૮ સૈકા પહેલાં ઇસુખ્રિસ્તે પહેલી વાર ઉચ્ચાર્યું હતું. અત્યાર સુધી બધા તેમાં જણાવેલી વાતને અસંભવિત માનતા હતા. પણ અંગ્રેજોના રાજ્યમાં તે સંભવિત બન્યું છે. લોકોને સાચે જ ખાવા માટે પથરા મળે છે. એક બ્રિટિશ કર્નલ કે જે હિંદુસ્તાનમાં દુકાળસંકટ-નિવારણના કામમાં રોકાયો હતો, તેણે જાતે જોયેલી વસ્તુ 'ટાઇમ્સ ઑફ ઇંડિયા'માં નીચે પ્રમાણે લખી જણાવી છે. તે ઉપરથી વાચકને તે વિષેની ખાતરી થશે. તે કહે છે કે: "લોકોને જે કાંઈ થોડો ઘણો લોટ કે અનાજ મળે છે, તેમાં તેઓ અમુક જાતના પથ્થરનો આટો ભેળવે છે; જેથી લોટનું પ્રમાણ વધે — અને પેટ જરા વધુ ભરાય. આ પથ્થર પેટમાં જવાથી અંદરના અવયવોને ભયંકર નુકસાન થાય છે, અને કોઈ કોઈ વાર તો તેથી મોત પણ નીપજે છે."

રોટલા માગે ત્યારે પથરા મળે છે!

# પરિશિષ્ટ

## ૧૮૩૧માં લેવાયેલી જુબાનીમાંથી કેટલાક ઉતારા

જોન સલીવાન — કોઈમ્બતુરના કલેક્ટરની જુબાની :

૪૭૭૨. જેટલો વિશ્વાસ તમે તમારા દેશભાઈ અંગ્રેજોમાં મૂકો, તેટલો જ વિશ્વાસ તમે હિંદુસ્તાનના દેશીઓમાં પણ મૂકવા તૈયાર થશો ?

—હા. જો તેમના પ્રત્યે તેટલી જ ઉત્તમ રીતે વર્તવામાં આવતું હોય તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૭૭૬. જે જે દાખલાઓમાં તમે દેશીઓ ઉપર વિશ્વાસ મૂકયો છે, તે તે દાખલામાં તમને એમ નથી માલૂમ પડયું કે દેશીઓએ પોતાની ફરજ પ્રમાણિકતાથી બજાવીને તેમના ઉપર મૂકેલા વિશ્વાસનો પૂરતો બદલો આપ્યો છે?

—હા. ઘણી વાર તેમ બન્યું છે.

૪૭૭૭. તમે એમ નથી માનતા કે જેમ જેમ દેશીઓને વધુ ને વધુ ઉત્તેજન આપવામાં આવે, તથા તેમને દેશના રાજકારભારમાં વધુ ને વધુ ભાગ આપવામાં આવે, તેમ તેમ તેઓ ઘણા જ સુધરતા જશે?

—હું ખાતરીથી તેમ માનું છું.

૫૦૮૦. તમે એમ કહ્યું કે, જો સરકારી ખાતાંમાં જુદે જુદે ઠેકાણે દેશીઓને વધુ રોકવામાં આવે તો રાજકારભારનું ખર્ચ ઘણું જ ઓછું થઈ જાય, તો તમે એમ કહેવા માગો છો કે અત્યારની હિંદુસ્તાનની સરકાર ઘણી જ ખર્ચાળ છે!

—હા. વધુમાં વધુ ખર્ચાળ છે.

૫૦૮૯. તમે દેશીઓને વધારે પ્રમાણમાં નોકરીઓ આપવાનું કહો છો, તેની સાથે યુરોપિયનોની સંખ્યામાં કંઈ ઘટાડો કરવાનો ઇરાદો રાખો છો ખરા?

—ઘણો જ મોટો ઘટાડો.

૫૦૯૦. દાખલા તરીકે કોઈમ્બતુરના પાંચ યુરોપિયનોમાંથી તમે કેટલાને કાઢી નાખી શકાય એમ માનો છો?

—ચારને.

૫૦૯૪. પરંતુ દેશીઓ સામાન્ય રીતે લાંચિયા હોય છે તે વાત ખરી નથી?



—જો તેઓ ખરે જ તેવા હોય, તો પણ તેનું કારણ આપણી તેમની પ્રત્યેની વર્તણૂક જ છે. તેમનો આપણા હિત સાથે જરાય સંબંધ આપણે રહેવા દીધો નથી, એટલે જ્યારે જ્યારે શકય હોય છે ત્યારે તેઓ આપણા હિતની વિરુદ્ધ જ વર્તે છે.

૫૦૯૫. એટલે કે તમે એમ માનો છો કે, તેમને યુરોપિયનોના જેવા જ મોટા પગારો તથા ભવિષ્યમાં સારી સારી પદવીઓની આશા આપવામાં આવે, તો તેમનામાંથી એ સડો બિલકુલ ઓછો થઈ જાય?

—તેમ કરવામાં આવે તો હું ખાતરીથી માનું છું કે, તેઓ લગભગ યુરોપિયનો જેટલા જ પ્રમાણિક બને.

* * *

મેજર જનરલ, સર એલ. સ્મિથની જુબાની:

૫૬૦૦. હિંદુસ્તાનના દેશીઓના નૈતિક ચારિત્ર્ય વિષે તમારો શો અભિપ્રાય છે?

—તેઓ ઘણા ઉત્તમ લોકો છે. મારો ચોક્કસ અભિપ્રાય છે કે, તેમને વિષે લખનાર લેખકોએ તેમને ઘણો અન્યાય કર્યો છે.

૫૬૦૧. તેઓ ક્રૂર અને ઘાતકી છે, એ વાત ખરી છે?

—જરાય નહિ. મારા જ કેન્ટોનમેંટમાં ૩૦,૦૦૦ થી વધારે માણસો સામાન્ય રીતે રહે છે. પણ ચાર વર્ષ સુધી તેઓમાં માત્ર ચાર શારીરિક હુમલા થયા હતા. હું એમ નથી માનતો કે, યુરોપમાં પણ પોતાને ત્યાં આટલા થોડા પ્રમાણમાં ગુના બતાવી અભિમાન લઈ શકે તેવા બહુ દેશો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૬૨૬. દેશી લોકોને ઊંચા હોદ્દાઓ ઉપર લેવામાં નથી આવતા તેથી તેઓમાં આપણા સામે અસંતોષની લાગણી ઊભી થાય છે ખરી?

—જરૂર ઊભી થતી હોવી જોઈએ.

૫૬૨૭. જેમ જેમ આપણે તેમનામાં કેળવણીનો પ્રચાર વધારતા જઈશું, તેમ તેમ તે લાગણી વધતી નહિ જાય?

—લોકોનો ઘણો મોટો ભાગ સુશિક્ષિત બનશે એટલે તેઓ એકદમ સમજી જશે, કે તેઓ પરતંત્ર અને હીન દશામાં છે. એટલે તમને હાંકી કાઢવાનો કોઈ પણ ઉપાય તેમના હાથમાં આવશે, કે તરત તેઓ તમને ત્યાંથી હાંકી કાઢશે એમાં સંશય નથી.

૫૬૨૮. તો તેમને તેમના સાચા બળનું ભાન થતું અટકાવવા શું કરવું જોઈએ?

—તેમને પણ રાજકારભારમાં સારો ભાગ આપો. દુનિયાના ઇતિહાસમાં એવો એક પણ દાખલો નહિ મળે, જ્યાં થોડાક મૂઠીભર પરદેશીઓ છ કરોડ લોકના ઉપર રાજ્ય ચલાવતા હોય. તેમનામાં કેળવણીનો પ્રચાર થશે એટલે આપણે ઊભા કરેલા ધર્મધર્માંતરના ઝઘડાઓ મટી જવાના; અને તે ઝઘડા દૂર થઈ તેમનામાં સંપ પેદા થયો કે તરત જ તેમને પોતામાં રહેલી મહાન શક્તિનું ભાન જરૂર થવાનું. પછી તેમના હાથમાં યોગ્ય સાધનો આવતાં જ તેઓ આપણને ત્યાંથી હાંકી કાઢશે.

૫૬૪૦. એટલે કે સુધારો ફેલાતાં જ ત્યાં આપણું રાજ્ય ટકી નહિ શકે એમ તમે માનો છો?



—મેં ચોખ્ખા શબ્દોમાં જ કહ્યું છે કે, કેળવણીનો પ્રચાર થતાં તેઓ આપણને તેમના દેશમાંથી હાંકી કાઢશે.

૫૬૪૧. જો એમ બને તો પછી હિંદુસ્તાન અત્યારે છે તેવું આપણે માટે ઉપયોગનું ન જ રહે, એમ તમે માનો છો?

—હરગીજ નહિ. અમેરિકા સ્વતંત્ર થયા બાદ ઊલટું આપણે માટે વધુ ઉપયોગનું બન્યું છે... આપણા અમીર ઉમરાવના છોકરાઓને પછી ત્યાં મોટી મોટી નોકરીઓ ન મળે, પણ આપણા માલના વધેલા વેપારથી અંતે તો આપણને મોટો ફાયદો થાય જ.

* * *

દક્ષિણના કમિશ્નર મી. ચેપ્લીનની જુબાની:

૫૨૯૬. તમે એમ કહ્યું કે, જમીનમહેસૂલમાં મોટો ઘટાડો કરવો એ જ ખેડૂતવર્ગની સ્થિતિ અને ચારિત્ર્ય સુધારવાનો ઉત્તમમાં ઉત્તમ ઉપાય છે. તો ઉપરના વર્ગોની સ્થિતિ અને ચારિત્ર્ય સુધારવાનો ઉપાય બતાવવાની મહેરબાની કરશો?

—તેમના દેશના રાજકારભારમાં તેમને મોટા મોટા પગારવાળી જગાઓમાં દાખલ કરો.

૫૩૦૧. આપણા રાજ્યથી હિંદુસ્તાનના લોકોની સ્થિતિમાં કાંઈ પણ સુધારો થયો છે, એમ તમે માનો છો?

—મને એવી બીક છે કે, આપણી રાજ્યપદ્ધતિનું સ્વરૂપ જ એવું છે કે, તે લોકોની સ્થિતિમાં સહેજ પણ સુધારો ન કરી શકે. ઊલટું તેને લીધે જ સુધારો થતો અટકે છે, એમ કહેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩

# વીસમી સદીની શરૂઆતમાં

## દેશની સંપત્તિ

અંગ્રેજો પહેલાં બીજા પણ કેટલાય તાર્તર, મોગલ, મુસલમાન વગેરે પરદેશી લોકોનાં ધાડાં હિંદુસ્તાન ઉપર ચડી આવ્યાં હતાં. પણ થોડાક અપવાદ બાદ કરતાં તે બધા પછીથી હિંદુસ્તાનમાં જ ઘર કરીને રહેલા હોવાથી પ્રજા પાસેથી લૂંટેલી બધી દોલત છેવટે તો દેશમાં જ રહેતી; તથા અમલદારોના પગાર, તથા રાજા અને અમીરોના વિલાસ વગેરે મારફતે દેશના લોકોને જ પાછી મળતી. પરંતુ અંગ્રેજોના આવ્યા બાદ તે બધી ધનસંપત્તિ દેશમાંથી સદાને માટે ઇંગ્લંડ ઘસડાઈ જવા લાગી. પરિણામે સો વર્ષની અંદર તો તે એક વારનો સમૃદ્ધ દેશ ચુસાઈને એવો તો નિર્ધન બની ગયો છે કે, તેની ગરીબાઈ દુનિયાના બીજા કોઈ સુધરેલા દેશ સાથે સરખાવાય તેવી રહી નથી. ૧૯૦૦ના દુકાળ વખતે તો કેટલાંય સૈકાં પહેલાંના જૂના સિક્કાઓ બજારમાં



સંખ્યાબંધ આવવા લાગ્યા અને તેમાંના ઘણાખરા લંડનના સંગ્રહસ્થાન માટે લઈ જવામાં આવ્યા. તે ઉપરથી લોકોના ધનસંચયનો છેવટનો છેડો આવી ગયો છે તે વસ્તુ સ્પષ્ટ સિદ્ધ થઈ શકશે.

અંગ્રેજોએ હિંદુસ્તાનમાંથી ઘસડી જવા માંડેલી ધનસંપત્તિનો ધોધ કેટલો મોટો હતો, તેનો અંદાજ કાઢનારાઓમાં મોન્ટગોમરી માર્ટિન મુખ્ય સ્થાન ભોગવે છે. તે કહે છે દર વર્ષે ૪,૫૦,૦૦,૦૦૦ રૂપિયાને હિસાબે, તથા ૧૨ ટકાના વ્યાજને દરે છેલ્લાં ત્રીસ વર્ષમાં અંગ્રેજો હિંદુસ્તાનમાંથી ૧૦,૮૫,૮૫,૦૦,૦૦૦ એટલે કે ૧૦ અબજ, ૮૫ કરોડ રૂપિયા જેટલી રકમ ઘસડી ગયા છે. અને તે દિવસથી હજુ એક મિનિટ પણ તે ધોધ વહેતો અટક્યો નથી. ઊલટો દર વર્ષે તે વધતો ને વધતો જ ચાલ્યો છે. ૧૯ મી સદીના છેલ્લા દશકામાં તો તે ધોધ કાબૂમાં પણ ન રહે તેવો મોટો થઈ ગયો છે. પરિણામે આખા હિંદુસ્તાનના અર્ધા ઉપરાંતના ખેડૂતો કદી છૂટી ન શકાય તેવા દેવામાં સપડાઈ ગયા છે.[1]

છેલ્લાં ત્રીસ વર્ષ દરમ્યાન તે ધોધ દર વર્ષે ઓછામાં ઓછો ૪૫ કરોડનો તો હતો જ. એટલે કે, તે ત્રીસ વર્ષમાં જ વ્યાજ બાદ કરતાં પણ ૧૩૫,૦૦,૦૦૦,૦૦૦ એટલે કે ૧૩½ અબજ રૂપિયા ઇંગ્લંડમાં ઘસડી જવામાં આવ્યા છે. પરિણામે વારંવાર પડ્યા કરતા ભયંકર દુકાળો

---

૧. મુંબઈ ઇલાકામાં તો, મૅકડોનેલ કમિશનના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે, ખેડૂતોનો ૪/૫ ભાગ દેવામાં સપડાયો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક જ વસ્તુ સૂચવ્યા કરે છે કે, હિંદુસ્તાન હવે ભાગ પડવાની અણી ઉપર આવી ગયું છે. ૧૯૦૦ ને ૧૯૦ જેવાં ખરાબમાં ખરાબ દુકાળનાં વર્ષમાં પણ અનાજ તે દેશના લોકોને જોઈએ તેટલું પૂરતું પાક્યું હતું; પરં લોકો પાસે તે અનાજ ખરીદી પોતાની જાતને જીવતી રાખવા માટે, કે પોતાનાં કુટુંબ, ઘર અને માલમિલકત નાશ પામતાં અટકાવવાને માટે એક પાઈ પણ હતી નહિ.

દેશના મોટા ભાગને પેટ પૂરતું ખાવાનું નથી મળતું છતાં દેશમાંથી દર વર્ષે લાખો ટન અનાજ પરદેશ ઘસડી જવામાં આવે છે. એથી કેટલાક લોકોના મનમાં એવો ભ્રમ ઉત્પન્ન થાય છે કે, હિંદુસ્તાનમાં લોકોને જોઈએ તે કરતાં વધારે અનાજ પાકે છે એટલે તે અનાજનો વેપાર કરી તે દર વર્ષે વધુ તવંગર થાય છે. પરંતુ ખરી વાત તે નથી. સામાન્ય નીરોગી માણસને, સ્ત્રીને અને બાળકને જેટલું અનાજ રોજ ખાવા જોઈએ, તે હિસાબે દેશનાં કુલ સ્ત્રીપુરુષો અને બાળકોને દર વર્ષે કેટલા ટન અનાજ જોઈએ તેની ગણતરી કરતાં માલૂમ પડે છે કે—

"હિંદુસ્તાનમાં પાકતા અનાજમાંથી હિંદુસ્તાનના દરેક માણસને પેટપૂરતું ખાવાનું આપવામાં આવે, તો દેશનો પોણો ભાગ વર્ષમાં ત્રણ મહિના અર્ધો ભૂખ્યો રહે; અને કેટલાય લાખને તો જરા પણ ખાવાનું ન મળે. અને છતાં દર વર્ષે હિંદુસ્તાનમાંથી ઢગલાબંધ અનાજ પરદેશ ચડાવવામાં આવે છે. એનો અર્થ એ થયો કે, ઉપર જણાવેલી સંખ્યા કરતાં પણ વધારે મોટી સંખ્યા વધારે પ્રમાણમાં હંમેશાં



ભૂખી રહે છે."* દેશમાંથી અનાજ પરદેશ ચડે છે તેનું કારણ, દેશમાં જોઈએ તે કરતાં વધારે અનાજ છે તે નથી. પરંતુ પરદેશીઓ તે અનાજના જે ભાવો આપે છે, તે ભાવે, દેશના ગરીબ લોકો પાસે પેટપૂરતું અનાજ ખરીદવા પૈસા જ નથી. એટલે કે હિંદુસ્તાન બમણો માર ખાય છે. પરદેશીઓ હિંદુસ્તાનને લૂંટી લૂંટીને વધુ પૈસાદાર થાય છે એટલે અનાજ મોંઘામાં મોંઘા ભાવે પણ ખરીદી શકે છે. જ્યારે, હિંદુસ્તાન એટલું ગરીબ બનતું જાય છે કે, દેશમાં પેદા થયેલું અનાજ ખરીદવા જેટલા પણ પૈસા લોકો પાસે રહ્યા નથી. અનાજનો છેલ્લો દાણો વેચીને પણ જે પૈસા ખેડૂતના હાથમાં આવે છે, તે સરકારના ભારે મહેસૂલમાં, અને પરદેશી વસ્તુઓ ખરીદવામાં ઘસડાઈ જાય છે.

## લોકોની ગરીબાઈ

ઉપરની હકીકત ખરી હોય તો એનો અર્થ એટલો જ થયો કે, અંગ્રેજી રાજ્યનાં છેલ્લાં સો વર્ષને અંતે લોકો

---

* દેશમાં સામાન્ય રીતે દર વરસે સરેરાશ ૮ કરોડ ટન અનાજ પાકે છે. તેમાંથી પરદેશ જતો માલ, બી, બગાડ વગેરેનો ભાગ બાદ કરતાં ૫ કરોડ ટન દેશમાં ખાવા માટે બાકી રહે છે. સરકારની જેલોમાં જે ધોરણે ખોરાક અપાય છે, તે ધોરણે ગણતાં પણ દેશની વસ્તીને ખાવા માટે ઓછામાં ઓછું ૮ કરોડ ટન અનાજ જોઈએ. એટલે અત્યંત આવશ્યક પ્રમાણમાં પણ ૪૦ ટકા અનાજની દેશમાં તૂટ રહે છે. સુખી લોકો અને પૈસાદારો જેલને ધોરણે આહારાદિ નથી જ કરતા, એનો ખ્યાલ રાખીએ તો આ સ્થિતિમાં અનાજ પરદેશ ચડવા દેવું એ વાજબી છે કે નહિ તે સમજી શકાશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાસે જિંદગીની જરૂરિયાતો ખરીદવા જેટલી પણ સંપત્તિ રહી નથી. આપણને તેના પુરાવા પણ પૂરતા પ્રમાણમાં મળે છે.

૧૮૮૦ની સાલમાં સર. વી. હન્ટરે લખ્યું હતું કે : 'ચાર કરોડ માણસોને દેશમાં પેટભરીને ખાવા મળતું નથી.'

૧૮૯૩માં ગયા જિલ્લાની, મિ. ગિયરસને ભેગી કરેલી હકીકતોનો સાર આપતાં "પાયોનિયર" પત્ર લખે છે : "ટૂંકામાં, મજૂરી કરનારા વર્ગના તો બધા જ લોકો, અને ખેડૂતો તથા કારીગરોની વસ્તીનો ૧૦ ટકા જેટલો ભાગ — એટલે કે કુલ વસ્તીનો ૪૫ ટકા જેટલો ભાગ પૂરતાં કપડાં કે પેટ ભરીને અન્ન વિનાનો રહે છે. આ પ્રમાણે માત્ર ગયા જિલ્લામાં જ ૧૦ લાખ માણસો જીવનનિર્વાહ કરવા જોઈતાં સાધનો વિનાના છે. હવે ગયા જિલ્લો તો હિંદુસ્તાનના બીજા જિલ્લાઓ જેટલો અથવા તો તેમનાથી પણ વધારે ફળદ્રુપ અને સમૃદ્ધ માનવાને ઘણાં કારણો છે. એટલે તેનો દાખલો અપવાદરૂપ તો ન જ ગણાવો જોઈએ. તો પછી તેના જ હિસાબે આખા દેશની કલ્પના કરીએ, તો એમ સિદ્ધ થાય કે અંગ્રેજોના તાબાના હિંદુસ્તાનમાં જ ૧૦ કરોડ જેટલાં માણસો ભયંકર ગરીબાઈમાં રહે છે."

એટલે કે, વીસમી સદીની શરૂઆત સાથે જ, હિંદુસ્તાનના અંગ્રેજી રાજ્યના કટ્ટર પક્ષકાર અંગ્રેજી પત્ર 'પાયોનિયર'ના જ શબ્દોમાં — "૧૦ કરોડ લોકો ગરીબાઈની છેવટની હદે પોતાના આયુષ્યના બાકીના દિવસો વિતાવી રહ્યા છે."



છેલ્લાં પંદર વર્ષથી ચડી ગયેલા ભાવોને કારણે દેશમાં ચાલુ દુકાળ જ રહ્યા કર્યો છે. એટલે, આજે ૧૯૦૧ની સાલમાં લોકોની ખરી ગરીબાઈ અને દુઃખોનું વર્ણન જ થઈ શકે તેમ રહ્યું નથી.

## દેશના ઉદ્યોગો

દેશના તમામ ઉદ્યોગોને નિર્દય રીતે કચરી નાખવામાં આવ્યા છે. ૧૯મી સદીની શરૂઆતનાં વર્ષોમાં તો 'ઇંગ્લંડના ઉદ્યોગોના વિકાસ માટે હિંદુસ્તાનના ઉદ્યોગોને જાણી જોઈને કચરી નાખવા જોઈએ' એ વસ્તુસ્થિતિને છુપાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવતો ન હતો. એક જ ઉદ્યોગનો ઇતિહાસ અહીં બસ થશે.

૧૦૦ વર્ષ પહેલાં હિંદુસ્તાનમાં સાગનાં એવાં સરસ વહાણો બનતાં, કે ઈસ્ટ ઇંડિયા કંપની પણ પોતાનાં વહાણો હિંદુસ્તાનમાંથી જ ખરીદતી. ૧૮૦૦માં તે વખતના ગવર્નર જનરલે જ લખ્યું હતું કે: "ઇંગ્લંડ માલ લઈ જવા માટે એકલા કલકત્તાના બંદરમાં જ પડેલાં ૧૦,૦૦૦ ટન વજનનાં વહાણો હિંદુસ્તાનમાં જ બનેલાં છે."

લેફ્ટેનંટ કર્નલ વૉકરે ૧૮૧૧માં જણાવ્યું છે કે, "હિંદુસ્તાનનાં સાગનાં બનેલાં વહાણો ૫૦ વર્ષ કરતાં વધુ પહોંચે છે, જ્યારે ઇંગ્લંડનાં ઓકનાં બનેલાં વહાણ બાર બાર વર્ષે બદલવાં પડે છે. યુરોપમાં બનેલું વહાણ હિંદુસ્તાન સુધીની છ મુસાફરીઓ કર્યા બાદ નકામું થઈ જાય છે; જ્યારે "સર એડવર્ડ હ્યુ" નામનું હિંદુસ્તાનમાં બનેલું વહાણ ૮ વખત મુસાફરી કરી આવ્યા બાદ પણ એવી સારી સ્થિતિમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતું, કે તેને નૌકાસૈન્ય માટે ખરીદ કરવામાં આવ્યું. આ વસ્તુ નીચેના આંકડા ઉપરથી વધુ સ્પષ્ટ થશે. ધારો કે ઇંગ્લંડમાં બનેલા વહાણની ૧૦૦ પાઉંડ કિંમત પડે છે. ૫૦ વર્ષ સુધીમાં તેને બાર વર્ષે એક વાર એમ ચાર વાર બદલવું પડે; એટલે કુલ ખર્ચ ૪૦૦ પાઉંડ થાય. જ્યારે એ જ કદનું ૫૦ વર્ષ સુધી ટકનારું હિંદુસ્તાનમાં બનેલું વહાણ માત્ર ૭૫ પાઉંડની કિંમતે જ મળે છે. એટલે કે, તે વહાણ વાપરીએ તો ૫૦ વર્ષે ૩૨૫ પાઉંડ ફાયદો થાય."

આમ હોવા છતાં ટેલરે પોતાના ઇતિહાસમાં લખ્યું છે તેમ, "કંપનીએ હિંદુસ્તાનમાં બનેલાં વહાણો વાપરવા માંડ્યાં એટલે લંડનના વહાણો બનાવનારા લોકોએ સખત બૂમ ઉઠાવી. તેઓએ ચોખ્ખેચોખ્ખું જણાવી દીધું કે તેમનો ધંધો હવે લગભગ પડી ભાગવા આવ્યો છે, અને તેમનાં બધાં કુટુંબો ભૂખમરાની અણી ઉપર આવ્યાં છે." એટલે તરત અંગ્રેજોએ સારાં અને સસ્તાં હોવા છતાં હિંદુસ્તાનનાં વહાણો ખરીદવાનું બંધ કર્યું. પરિણામે હિંદુસ્તાનનાં બંદરોમાં હિંદી વહાણોની સંખ્યા ઘટતી ચાલી, અને અંગ્રેજી વહાણોની સંખ્યા નીચે પ્રમાણે વધતી ચાલી :

| | | વહાણો | ટન |
|---|---|---|---|
| ઈ. સ. ૧૮૫૭ | | | |
| હિંદી | (દાખલ થયાં અને સાફ કર્યાં) | ૩૪,૨૮૬ | ૧,૨૧૯,૯૫૮ |
| અંગ્રેજી | ( ,, ) | ૫૯,૪૪૧ | ૨,૪૭૫,૪૭૨ |
| ઈ. સ. ૧૮૯૮–૯૯ | | | |
| હિંદી | ( ,, ) | ૨,૩૦૨ | ૧૩૩,૦૩૩ |
| અંગ્રેજી | ( ,, ) | ૭,૩૮૪ | ૮,૯૮૨,૬૧૩ |



એટલે કે, ૧૮૫૭માં હિંદી વહાણોનું જે કુલ વજન પરદેશી વહાણોથી લગભગ અર્ધોઅર્ધ હતું, તે ૧૮૯૮માં ઘટીને ૭૦મા ભાગ જેટલું થઈ ગયું*

બીજા હિંદી ઉદ્યોગો માટે પણ એક જ વાત કહેવાની છે : અને તે એ કે, ઇંગ્લંડના ઉદ્યોગોને માટે અને ઇંગ્લંડના કારીગરોના લાભને માટે હિંદુસ્તાનના ઉદ્યોગો જાણીબૂજીને કચરી નાખવામાં આવ્યા હતા. હવે પછી જે હકીકતો હું રજૂ કરવાનો છું, તે બધી નજર આગળ હોવા છતાં, મોટા મોટા જવાબદાર અંગ્રેજો જરા પણ શરમાયા વિના એવું બોલવાની હિંમત કરી શકે છે કે, "અંગ્રેજો હિંદુસ્તાનમાં હિંદીઓના ભલાને માટે જ છે."

ઇસ્ટઇંડિયા કંપનીનો ડિરેક્ટર મિ. ટકર કહે છે : "પોતાની પ્રજાના હિત માટે આટલી બધી ઉત્સુકતા બીજી કોઈ સરકારે બતાવી નહિ હોય, એ બાબતની સંપૂર્ણ સાક્ષી હું સંતોષ અને અભિમાન સાથે પૂરવા તૈયાર છું." આટલું બોલ્યા બાદ તરત જ તે જે વસ્તુ કહે છે, તે જાણ્યા બાદ તે માણસ ઉપરની વાત ઊંઘમાં બોલ્યો હતો કે પોતાના શ્રોતાઓને ઊંઘેલા જાણીને બોલ્યો હતો, તે જ સમજાતું નથી :

"હિંદુસ્તાનનું રેશમી તેમજ મિશ્ર કાપડ લાંબા વખતથી આપણે આપણાં બજારોમાંથી કાયદો કરીને આવતું

---

* ગત મહાયુદ્ધ પહેલાંનાં દશ વરસમાં દુનિયામાં ૧૭૦૦૦ નવાં વહાણો બંધાયાં. તેમાં હિંદનો ફાળો ૨૨ જેટલો હતો. નાનાં વહાણો પરદેશથી લાવવાં મોંઘાં પડે છે; તે જ ફક્ત હિંદમાં બંધાય છે, અને તેમનો જ ઉપરના ૨૨માં સમાવેશ થાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અટકાવ્યું છે. છેવટનાં વર્ષોમાં તો હિંદુસ્તાનના સુતરાઉ માલ ઉપર નાખેલી ૬૭ ટકા જેટલી જકાતને પરિણામે... આપણા દેશમાંથી તેનું નામનિશાન પણ નીકળી ગયું છે. એટલું જ નાહ પણ આપણાં વરાળયંત્રો અને સંચાને કારણે તે દેશમાં વપરાતા કાપડનો મોટો ભાગ ઊલટા આપણે પૂરો પાડીએ છીએ."[1]

મિ. રિકાર્ડ્ઝ જણાવે છે :

"હિંદુસ્તાનથી આવતા કેટલાક માલ ઉપરની જકાતો અત્યંત ભારે છે, અને તે નાખવામાં બજારભાવ તરફ પણ જરાય નજર રાખવામાં આવી નથી.

| જકાત | સોના માલ ઉપર |
|---|---|
| અગર ૭૦ થી ૨૮૦ ટકા | પાપર ૨૬૬ થી ૪૦૦ ટકા |
| હીંગ ૨૩૬ થી ૬૨૨ ટકા | ખાંડ ૯૪ થી ૩૯૩ ટકા |
| ઇલાયચી ૧૫૦ થી ૨૬૬ ટકા | ચા ૬ થી ૧૦૦ ટકા |
| કોફી ૧૦૫ થી ૩૭૩ ટકા | |

"આમ, હિંદુસ્તાનથી આવતા માલ ઉપર આપણે આટલી ભારે જકાતો નાખીએ છીએ; જ્યારે આપણો માલ હિંદુસ્તાનમાં

---

૧. હિંદમાં દર વર્ષે વધતી ગયેલી વિદેશી કાપડની આયાત:

| | |
|---|---|
| ૧૮૦૧ — ૨૧ હજાર પાઉંડ | ૧૮૭૪ — ૧૭૭૮૪ હજાર પાઉંડ |
| ૧૮૧૨ — ૧૦૮ ,, ,, | ૧૮૮૪ — ૨૫૧૧૦ ,, ,, |
| ૧૮૨૭ — ૨૯૬ ,, ,, | ૧૮૯૪ — ૩૨૩૬૦ ,, ,, |
| ૧૮૪૯ — ૬૯૦ ,, ,, | |

એટલે કે, એક સદીમાં દોઢ લાખ ટકાનો વધારો!



જરા પણ જકાત ભર્યા વિના દાખલ કરીએ છીએ. હિંદીઓ પણ ઇંગ્લંડ, સ્કૉટલૅંડ, કે આયર્લૅંડના લોકોની પેઠે જ અંગ્રેજી રાજ્યની પ્રજા છે, તો પછી પોતાની જ પ્રજાના એક ભાગને બિલકુલ કચરી નાખવો અને બીજા ભાગ પ્રત્યે આવડો મોટો પક્ષપાત બતાવવો એમાં ન્યાય ક્યાં રહ્યો છે, એ જ હું સમજી શકતો નથી."

૧૮૧૩માં હિંદુસ્તાનના સુતરાઉ માલ ઉપર ઇંગ્લંડમાં નાખેલી જકાત જોવા જેવી છે :

| સો પાઉંડના માલ ઉપર જકાત | પા. | શિ. | પે. |
|---|---|---|---|
| ભરેલા કે ગૂંથેલા સફેદ (કૅલિકો ઉપર)કાપડ[1] | ૩૨ | ૯ | ૨ |
| ઉપરાંત વધારાની જકાત | ૧૧ | ૧૭ | ૬ |
| સાદા કે વણેલી ભાતવાળા સફેદ કાપડ ઉપર | ૮૧ | ૨ | ૧૧ |
| ઉપરાંત વધારાની જકાત | ૩ | ૧૯ | ૨ |
| રૂ (કાચા માલ ઉપર) (૧૦૦ રતલ વજન ઉપર) | ૦ | ૧૬ | ૧૧ |
| (પણ) રૂના પાકા માલ ઉપર | ૮૧ | ૨ | ૧૧ |
| રોગાનવાળો માલ | ૮૧ | ૨ | ૧૧ |
| સાદડી અને શેતરંજીઓ | ૮૪ | ૬ | ૩ |
| વરિયાળીનું તેલ | ૮૪ | ૬ | ૩ |
| નાળિયેરનું તેલ | ૮૪ | ૬ | ૩ |
| ચા (કુલ જકાત) | ૯૬ | ૦ | ૦ |

---

૧. 'કૅલિકો' નામ ચાલિકટ બંદર ઉપરથી પડ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે આ બધા માલનો હિંદુસ્તાનનો વેપાર બિલકુલ પડી ભાંગ્યો, ત્યારે જ તેના ઉપરનો જકાતોનો આ ભારે બોજો દૂર કરવામાં આવ્યો.[1]

પરિણામે આખી દુનિયા જ્યારે જોરથી ચાલતા ઉદ્યોગધંધા અને કારખાનાંથી ગાજી રહી છે, ત્યારે એક વાર આખી દુનિયાને પોતાના ઉદ્યોગહુન્નરથી માત કરનાર હિંદુસ્તાન માત્ર પોતાનાં ભૂખે મરતાં સંતાનોની કરુણ ચીસોથી જ છવાઈ રહ્યો છે. અને હિંદુસ્તાન એટલે દુનિયાની કુલ વસ્તીના $\frac{1}{5}$ ભાગની વસ્તીવાળો દેશ.

## સરકારી નોકરીઓ

સો વર્ષ પહેલાં હિંદુસ્તાનના દેશી રાજાઓના સેંકડો દરબારોમાં દેશના કેટલાય શક્તિશાળી લોકોને પ્રતિષ્ઠા, મોભો, લાગવગ અને સમૃદ્ધિ આપનારી નોકરીઓ મળતી, તથા એ રીતે દેશના હજારો લોકોની વિવિધ શક્તિઓને યોગ્ય ક્ષેત્ર મળી રહેતું. મેરેડીથ ટાઉનસેન્ડ લખે છે:

"અત્યારના સાધારણ અંગ્રેજને તો એ વાત સમજાવવી જ મુશ્કેલ છે કે, તેઓએ હિંદુસ્તાનમાં પગ મૂક્યો તે પહેલાં તે દેશના લોકોનું જીવન કેવું આનંદપૂર્ણ હતું.

---

૧. આથી સ્થિતિ કેવી થઈ ગઈ? અંગ્રેજી રાજ્ય પહેલાં હિંદુસ્તાન પાકો માલ પરદેશ મોકલતું, તેને બદલે કાચો માલ પરદેશ મોકલતું થયું અને પરદેશથી પાકા માલની આયાત વધી. હવે નિકાસ વેપારમાં ૭૪ ટકા કાચો માલ પરદેશ ચડે છે, ત્યારે આયાત વેપારમાં ૭૫ ટકા પાકો માલ પરદેશથી આવે છે. (૧૯૩૪-૩૫)



કોઈ પણ સાહસિક કે મહત્ત્વાકાંક્ષી માણસને પોતાની શક્તિઓ વડે કોઈ પણ પ્રકારની ઉન્નતિ પ્રાપ્ત કરવાનું તે વખતે શક્ય હતું. તેવા માણસને પોતાનું સામર્થ્ય વાપરી બતાવવા માટે આખો દેશ ખુલ્લો હતો. . . શિવાજી જેવો બહારવટિયો મોટો સમ્રાટ થઈ શકતો; ગાયકવાડ જેવો ભરવાડ વડોદરાની રાજગાદી લઈ શકતો; રાજાનો સામાન્ય હજૂરિયો સિંધિયાનો રાજવંશ સ્થાપી શકતો; એક નાની પલટણનો સૂબેદાર મૈસુર જેવા મોટા રાજ્યનો સ્વતંત્ર રાજા બની શકતો; પહેલો નિઝામ બાદશાહનો એક અમલદાર જ હતો. ટૂંકામાં હજારો લોકો સ્વતંત્ર રાજા બની શકતા કે તેમના પ્રતિસ્પર્ધી થઈ શકતા. ઘણા માણસો નવા ઊભા થતા રાજાને મદદ કરી, મોટા મોટા જાગીરદાર બની શકતા. એમાંનો દરેક, યુરોપમાં હવે કોઈને ન મળી શકે તેવી — મારવાની કે જિવાડવાની, અમીર બનાવવાની કે ભિખારી બનાવવાની, સારામાં સારું કામ કરવાની કે ખરાબમાં ખરાબ કામ કરવાની — ટૂંકામાં કોઈ પણ જાતના કાયદાથી પર થઈને મરજીમાં આવે તે કામ કરવાની અદ્ભુત સત્તા માણવાને શક્તિમાન થતો. . . . લોકોનું જીવન અદ્ભુત પરાક્રમો અને વિવિધ પરિવર્તનોથી રસયુક્ત હતું. કોઈ પણ સાહસિક માણસ એક નાનકડી ટોળી ઊભી કરી, કાંઈક બહાદુરીભર્યું કામ કરી બતાવી, રાજ્યનો વડો જાગીરદાર બનવાની તક મેળવી શકતો. કોઈ પણ મહત્ત્વાકાંક્ષી માણસ પોતાની શક્તિ, કળા કે હુન્નર વડે કોઈ મહાન માણસને પ્રસન્ન કરી, એક જ કૂદકે માન, પ્રતિષ્ઠા અને સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકતો. . . . રાજ્ય માટે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ પણ કરનાર, ભલે પછી તેણે માત્ર એક તળાવ ખોદાવ્યું હોય, કે મંદિર બંધાવ્યું હોય, કે અણીને વખતે લશ્કરને સાધનસામગ્રી પૂરી પાડી હોય, કે રાજાને નાણાં ધીર્યાં હોય — તે એકે સપાટે રાજ્યનો પ્રતિષ્ઠિતમાં પ્રતિષ્ઠિત માણસ થઈ શકતો. તે કાયદાની બેડીમાંથી લગભગ મુક્ત જ બની જતો; તેમજ ચાલુ સ્થિતિમાં પણ પોતાની મરજી પ્રમાણે કોઈ પણ ફેરફાર કરાવવાને શક્તિમાન બનતો.

"પણ આપણે હિંદુસ્તાનમાં દાખલ થતાં વેંત જ આ બધું હંમેશને માટે નામશેષ કરી નાખ્યું છે. અને તેના બદલામાં તેમને આપણે શું આપ્યું છે? આપણા રાજ્યમાં ધારો કે કોઈને મોટી પદવી મળે, તો પણ તેથી શું? તેને પોતાની મરજી મુજબ કરવાની જરા પણ સત્તા હોય છે? કોઈ શત્રુને કચડી નાખવાનો કે કોઈ મિત્રને મદદ કરવાનો જરા પણ હક છે? અરે, આપણો મોટામાં મોટો અમલદાર વાઇસરૉય તે પોતે જ અદાલતે આપેલા ચુકાદાને જરા પણ બદલી શકે અથવા તો કોઈ અન્યાયને પોતાની સત્તાથી સુધારી લઈ શકે? હિંદીઓની નજરે તો એના જેવા નમાલા માણસને આખા દેશ ઉપર રાજ્ય કરવાનો જ હક ન હોવો જોઈએ. તેમની કલ્પનાનો રાજા તો ઈશ્વર જેવો સર્વ-શક્તિમાન હોય. તેવા રાજાને જ ભક્તિભાને હૃદયે તેના સુખદુઃખમાં, તેના ન્યાય અન્યાયમાં, ગમે તે ભોગે પોતાની વફાદારી અને સેવા અર્પવામાં તેઓ પોતાને કૃતાર્થ થયેલા માને.

"... તે વખતે જાનમાલ બધું જ અનિશ્ચિત હતું, ચારે બાજુએ સતત લડાઈઓ ચાલ્યા કરતી, ધાડ



અને હુમલાઓનો ભય સદાય નજર આગળ ઊભો જ રહેતો. પણ તેથી શું થઈ ગયું? ટેક્સન લોકો ટેક્સસની જંગલી જિંદગીથી કદી કંટાળે છે? કે અમેરિકાના સ્પેનિશ ભાષા બોલતા અમેરિકન લોકો જિંદગીની સલામતી અને શાંતિ મેળવવા કદી અંગ્રેજી બોલતા અમેરિકનોના રાજ્યમાં પરતંત્ર બનવાનું કબૂલ રાખે છે? જીવનમાંથી તમામ પ્રકારનો રસ, તમામ પ્રકારની સ્વતંત્રતા, તમામ પ્રકારનો અદ્ભુત પરાક્રમો અને મરજી મુજબ રોજ નવાં નવાં પરિવર્તનો કરવાનો આનંદ ગુમાવી, કોઈ કબ્રસ્તાનની મરેલી શાંતિ મેળવવાનું કબૂલ કરશે? હું ચોક્કસ માનું છું કે તે જૂનો લડાઈઓનો સમય પણ દેશના બધા જ બળવાન લોકોને સંપૂર્ણ રીતે સુખમય લાગતો હશે. અને અત્યારે પણ બધા જ શક્તિશાળી મનુષ્યો પહેલાંના આનંદ, પરાક્રમ, ઉત્સાહ, અદ્ભુતતા, સામર્થ્ય અને પરિવર્તનોના દિવસો ગમે તે ભોગે પણ પાછા મેળવવા જરૂર ઇચ્છતા હશે. ચારેબાજુથી જીવનને લોખંડી બેડીઓથી જકડાયેલું કરી મૂકનાર આપણું પરદેશી રાજ્ય તેમને જરાય ગમતું નથી."

આ પ્રમાણે પહેલાંના સમયમાં લોકોને તેમની સર્વ શક્તિઓ કાર્યમાં મૂકવાની પૂરેપૂરી તકો ચારેબાજુ પથરાયેલી હતી અને તેથી લોકોને જીવનમાં આનંદ હતો, ઉત્સાહ હતો. ઉપરાંત, શક્તિ, કારીગરી કે હુન્નરવાળા કોઈ પણ માણસને તેને અનુરૂપ બદલો તરત જ મળતો હોવાથી, લોકોમાં તે વસ્તુઓ પ્રાપ્ત કરવા માટે ઉત્સાહ અને ખંત હતાં. આ રીતે દેશમાં ચારેબાજુ કાર્યદક્ષતા, શક્તિ, ઉત્સાહ અને પરિણામે સમૃદ્ધિનું સામ્રાજ્ય ફેલાયેલું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેશની બધી મહેસૂલ દેશમાં જ ખરચાતી હોવાથી પ્રજાને જ બીજે દિવસે પાછી મળતી. જો કે વારેઘડીએ લડાઈઓ, લૂંટફાટ અને ધાડો ચાલ્યા કરતી; પરંતુ તેમને કારણે પીડાયેલાં ૧૦ માણસ દીઠ બીજાં દશહજાર માણસો કશી ડખલ વગર જ પોતાનું જીવન સમૃદ્ધિ, શાંતિ અને આનંદમાં ગાળતાં. તેમને માટે ચારેબાજુ સમૃદ્ધ કે પ્રતિષ્ઠિત થવાની અસંખ્ય તકો મોજૂદ હોતી; એટલે થોડા ઘણા અન્યાય કે દુઃખનો બદલો મૂળ કરતાં કેટલાય ગણો વળી રહેતો.

પરંતુ અંગ્રેજોનું રાજ્ય થતાં જ તેમણે પ્રજા પાસેથી મહેસૂલ તરીકે વધારેમાં વધારે પૈસા પડાવવાના શરૂ કર્યા અને છતાં તેમાંથી એક પાઈ પણ દેશના લોકોને કોઈ પણ રૂપે પાછી મળવાને બદલે તે બધા હંમેશને માટે પરદેશ તણાઈ જવા લાગ્યા. મિ. લૉરેન્સ કે જે પછી વાઇસરૉય બન્યો હતો, તેણે સંયુક્ત પ્રાંતોનો આપેલો દાખલો અહીં ટાંકવા જેવો છે. તે ઉપરથી અંગ્રેજોએ ખેડૂતો પાસેથી કેવું ચૂસી ચૂસીને મહેસૂલ ઉઘરાવવા માંડયું હતું, તેનો સ્પષ્ટ ખ્યાલ વાચકને આવી શકશે:

"ગુરગાંવ જિલ્લામાં ૧૮૭૭માં ૭ લાખની વસ્તી હતી. છેક ૧૮૩૭થી માંડીને દર વર્ષે ત્યાંથી લોકોનું લોહી ચુસાઈ જાય તેવી રીતે મહેસૂલ ઉઘરાવવામાં આવ્યું છે. છતાં, ૧૮૭૭માં ત્યાંની મહેસૂલ વળી વધારવામાં આવી. તે વર્ષે બિલકુલ વરસાદ ન આવ્યો, પાક પાકયો નહિ, છતાં સરકારે તો મહેસૂલ પૂરેપૂરું ઉઘરાવ્યું જ. પરિણામે પાંચ વર્ષને અંતે માલૂમ પડયું કે, ૮૦,૦૦૦ માણસો અને દોઢ



લાખ ઢોર ભૂખમરો અને તંગીને કારણે નાશ પામ્યાં હતાં. ઉપરાંત સરકારનું મહેસૂલ ભરવા જતાં આખા જિલ્લાને ૨૦ લાખ રૂપિયાનું દેવું કરવું પડયું હતું."

આટલું ચૂસી ચૂસીને ઉઘરાવેલું મહેસૂલ પણ જો દેશમાં જ રહેતું હોત, અથવા તો તેના વડે દેશના જ લોકોને તથા દેશના જ વેપારઉદ્યોગોને ઉત્તેજન મળતું હોત, તો કશો જ વાંધો ન હતો. પરંતુ એ આખા સૈકા દરમ્યાન એક પણ હિંદીને સુપ્રીમ, પ્રેસિડંસી, પ્રાંતિક, કારોબારી કે હિંદી વજીરની કાઉન્સિલમાં એક પણ બેઠક આપવામાં આવી ન હતી. અંગ્રેજોના તાબાના ૧૫ કરોડ માણસોમાંથી તે જગાઓને યોગ્ય એક પણ હિંદી તેટલાં વર્ષોમાં ઉત્પન્ન થયો ન હતો, એ વાત ન માની શકાય તેવી છે. અને નવાઈની વાત તો એ છે કે, તેમના જ રાજ્યની અડોઅડ આવેલાં દેશી રાજ્યોમાં રેસિડંટની અસહ્ય બાધાઓ હોવા છતાં, યુરોપ અમેરિકાના મોટા મોટા રાજનીતિજ્ઞોની સાથે સરખામણી કરી શકે તેવા કેટલાય ઉત્તમોત્તમ રાજપુરુષો ઉત્પન્ન થયા હતા. તેમાં પણ ધ્યાનમાં રાખવાનું એ છે કે, સર સલારજંગ, સર માધવરાવ, સર દિનકરરાવ, સર કે. શેષાદ્રિ આયર જેવા બીજા કેટલાય હિંદી રાજપુરુષો અંગ્રેજોના રાજ્યમાં તો તાબાના હોદ્દાઓ ઉપર જ હતા અને છેક સુધી જો તેઓ અંગ્રેજોના રાજ્યમાં જ રહ્યા હોત, તો આખી જિંદગી સુધી પણ નાના ડેપ્યુટી કલેક્ટર કરતાં જરાય ઊંચી પદવીએ પહોંચી શકયા ન હોત. તે જ લોકોને દેશી રાજ્યોમાં તક મળતાં, તેઓ વડા પ્રધાન સુધીની મોટી મોટી પદવીઓ પ્રાપ્ત કરી શકયા, એટલું જ નહિ પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમનો રાજકારભાર એટલો સફળ નીવડ્યો, કે વિલાયતના ગોરા સાહેબો પણ પોતાની સર્વોપરી સત્તા વડે તેમના જેવાં સારાં પરિણામો બતાવી શક્યા ન હતા. સર સલારજંગનો જ દાખલો લો. નિઝામની સરકારની મહેસૂલ ૧૮૫૩માં ૬૪ લાખ રૂપિયા હતી; તે ૧૮૮૧માં તેના રાજકારભાર નીચે વધીને ૧ કરોડ ૮૬ લાખ થઈ. એટલે કે તેમાં સેંકડે ૨૬૦ ટકાનો વધારો થયો. જ્યારે તે જ વર્ષો દરમ્યાન અંગ્રેજો, ઉપર જણાવેલો ભીષણ જુલમ કર્યા છતાં, પોતાની મહેસૂલમાં માત્ર ૨૫ ટકા જ વધારો કરી શક્યા. ઉપરાંત, દેશી રાજ્યોમાં આવો ઉત્તમ રાજકારભાર છતાં, તેનું ખર્ચ કેટલું બધું ઓછું આવે છે, તે પણ જોવા જેવું છે:

## મહેસૂલ ઉઘરાવવાનું ખર્ચ

| નિઝામના રાજ્યમાં | અંગ્રેજોના રાજ્યમાં |
|---|---|
| દેશી અમલદારો નીચે | અંગ્રેજી અમલદારો નીચે |
| સેંકડે: રૂ. ૬–૬–૩ | સેંકડે: રૂ. ૪૫–૧૪–૫* |

મેં જાણી જોઈને અંગ્રેજોના દાખલામાં વરાડ પ્રાંતની જ ગણતરી આપી છે. એ વરાડ પ્રાંત ખરી રીતે નિઝામના રાજ્યનો જ એક ભાગ છે; પણ અંગ્રેજો તેને એક વાર પચાવી પડ્યા છે તે હવે પાછો આપતા નથી. એ વાત બધા જાણે છે. છતાં એક જ રાજ્યના એ ભાગમાં દેશી અમલદારો નીચેના રાજકારભારનું અને અંગ્રેજી અમલદારો

* આખા દેશની ગણતરીએ આ ખર્ચ સેંકડે રૂ. ૧૨–૮–૦ આવે છે. ઇંગ્લંડમાં માત્ર રૂ. ૨–૮–૦ આવે છે. (૧૯૨૪)



નીચેના રાજકારભારનું ઉપરનું પરિણામ વાચકને ખાતરી કરાવી આપવા બસ છે.

દેશને પગારના પૈસા ઉપરાંત જુદી જુદી ઉત્તમ શક્તિઓની ખિલવણીમાં પણ પરદેશીઓના આ અન્યાયને કારણે કેટલું બધું નુકસાન થાય છે તે, ખુદ ઇંગ્લંડમાં અને યુરોપમાં, યોગ્ય તક મળતાં પરાંજપે, બાળકરામ, ચેટરજી, કામાબંધુઓ અને બોઝ વગેરેએ કરી બતાવેલા કામ ઉપરથી સમજી શકાશે. કહેવાની જરૂર નથી કે હિંદીઓને જાણી જોઈને જ દબાવી રાખવામાં આવ્યા ન હોત, તો અત્યાર આગમચ હિંદુસ્તાને ક્યારનાય બિસ્માર્ક, કેવર, ગ્લેડ્સ્ટન અને ડિઝરાઇલીની કક્ષામાં આવે તેવા ઉત્તમ રાજનીતિજ્ઞો અને મહાપુરુષો દુનિયાને ભેટ આપ્યા હોત.

## નૈતિક, બૌદ્ધિક, અને આધ્યાત્મિક દશા

માનવસેવાનાં નૈતિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં યુરોપ અને અમેરિકાનાં જગપ્રસિદ્ધ નામોની તોલે આવે એવી પ્રખર શક્તિવાળો એક પણ માણસ હિંદુસ્તાને નથી આપ્યો. પરંતુ તેનું ખરું કારણ એ છે કે, હિંદુસ્તાનના લોકોને તેમના દેશમાં તેવી જાતના વિકાસની એક પણ તક આપવામાં નથી આવતી. મિ. ડેકરેના શબ્દો પ્રમાણે તો ઊલટું તત્ત્વજ્ઞો, રાજનીતિજ્ઞો અને મહાપુરુષો ઉત્પન્ન થાય એવું જે કાંઈ પ્રજામાં હોય, તેને જાણીબૂજીને કચરી નાખવામાં આવ્યું છે.

માત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં હિંદુસ્તાન દુનિયા આગળ કાંઈક રજૂ કરી શકે તેમ છે. અત્યારે ચારે દિશામાં સુવિખ્યાત અને મનુષ્યજાતિના ઉત્તમોત્તમ આધ્યાત્મિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુઓ તરીકે પ્રતિષ્ઠા પામેલા રામમોહનરાય, કેશવચંદ્ર સેન કે રામકૃષ્ણ પરમહંસ જેવાનાં ગણ્યાંગાંઠ્યાં નામ આપણે આપી શકીએ તેમ છીએ. એક બાજુ આખી દુનિયાની આધ્યાત્મિકતા ભેગી મૂકીએ, તો તેના કરતાં પણ સાચી આધ્યાત્મિકતામાં વધી જાય તેવા તેમનો પણ કરોડો માણસોની વસ્તીવાળા એક આખા દેશમાં શો હિસાબ?

હિંદુસ્તાનને આ તેમજ તેવી બીજી કોઈ પણ બાબતમાં પોતાની શ્રેષ્ઠતા દેખાડી આપવાની તક આપવામાં જ આવી નથી. યુરોપમાં માર્ટિન લ્યૂથર જન્મ્યો તે જ વખતે હિંદુસ્તાને અવિનાશીના અવતારરૂપ ધર્મવીર ગૌરાંગપ્રભુને જન્મ આપ્યો હતો. છેલ્લા સૈકામાં ઇંગ્લંડે ઉત્તમ બુદ્ધિશક્તિવાળા બ્રાઉનિંગ અને રસ્કીન એ બે પુરુષો જગતને આપ્યા એમ કહેવાય. પણ તે બધાને, અભણ અને અસંસ્કારી રામકૃષ્ણ આગળ અંધારામાં ફાંફાં મારનારા જ ગણવા જોઈએ. તો પછી હિંદુસ્તાનની આવી પ્રખર આધ્યાત્મિક ઉત્કૃષ્ટતા પણ દુનિયામાં શા કારણથી પ્રસિદ્ધિ નથી પામતી? અને તે રીતે દુનિયાને તેનો જે લાભ મળવો જોઈએ તે કેમ મળતો નથી? તેનું કારણ હિંદુસ્તાનના લોકોને ખ્રિસ્તી બનાવવા જતા મિશનરીઓ છે. તે લોકોએ જ હિંદુસ્તાનના આ મહાન આત્માઓની યોગ્ય પ્રસિદ્ધિ થતી અટકાવીને હિંદુસ્તાનને અને સમગ્ર જગતને અક્ષમ્ય નુકસાન કર્યું છે.

બધે જ એકની એક વાત. હિંદુસ્તાન ગરીબ કેમ છે? પરદેશી રાજ્યની લૂંટને કારણે. હિંદુસ્તાન પછાત કેમ છે? પરદેશી રાજ્યની ઝૂંસરીને કારણે.

૪

# હિંદુસ્તાનની સંપત્તિના ખરા માલિક કોણ?

મને ઘણી વાર પૂછવામાં આવે છે કે, તમે કહો છો તે પ્રમાણે જો હિંદુસ્તાનના લોકો ગરીબ જ થતા જતા હોય તો તેના દરેક શહેર કે બંદરમાં દેખાતો આટલો મોટો વેપાર અને તે બધામાં રોકાયેલી માલૂમ પડતી આટલી મોટી મૂડી કોની છે? આનો જવાબ નીચેની વિગતવાર તપાસમાંથી મળી રહેશે. તે જોયા બાદ વાચકને માલૂમ પડશે કે ગરીબ અને કંગાળ હિંદુસ્તાનમાં પણ સમૃદ્ધિનું જે કિરણ દેખાય છે, તે પરદેશીઓની લૂંટનો જ એક ભાગ છે. તેમ હિંદુસ્તાનને કશી લેવાદેવા નથી.

### ૧. ખેતરો

દેશની તમામ જમીન ઉપરના સરકારના ખાસ હક્ક ધ્યાનમાં રાખ્યા બાદ સામાન્ય રીતે એમ કહી શકાય કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધાં ખેતરો તો હિંદુસ્તાનના લોકોનાં જ છે. પણ તેમ નીચેના અગત્યના અપવાદો ધ્યાનમાં રાખવા જોઈએ.

(૧) ચાની મોટી મોટી જાગીરો.
(૨) કોફીના મોટા મોટા બગીચાઓ.
(૩) શણ અને ગળીનાં ખેતરો.

આ બધાં મુખ્યત્વે પરદેશીઓના હાથમાં છે અને તેમાંથી થતો તમામ નફો પરદેશીઓનાં ખિસ્સાંમાં જ જાય છે.

ઉપરાંત એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, દેશનાં તમામ ખેતરો અને તેમની તમામ પેદાશ પરદેશી સરકારે પરદેશીઓને "પ્રજાકીય" કહેવાતા દેવા પેટે ગીરવી મૂકેલાં છે. તે દેવાની રકમ જાહેર કામોને માટે લીધેલી રકમ બાદ કરતાં, લગભગ એક અબજ જેટલી એટલે કે હિંદુસ્તાનની ૩૦ વર્ષની કુલ જમીનમહેસૂલની આવક જેટલી થાય છે.* કાયદા પ્રમાણે ગીરો રાખનાર મરજીમાં આવે ત્યારે તે વસ્તુ ઉપર પોતાનો કબજો મેળવી શકે છે; એટલે આખા દેશના ખેડૂતો, તેમનાં તમામ ખેતરો મુખ્યત્વે કરીને અંગ્રેજ લેણદારોની દયા ઉપર જ પોતાને કબજે રાખી રહ્યા છે.

---

* એકંદર સરકારી દેવાના બોજાનું પ્રમાણ નીચે મુજબ છે (૧૯૩૦):

સરકારી દેવું = ૩૦ વર્ષનું આખા દેશનું જમીનમહેસૂલ.
,, = ૪ વર્ષની આખા દેશની સરકારી મહેસૂલ.
,, = ૭ માસની આખા દેશની કુલ આવક.



દેશના શાહુકારોને ખેડૂતોએ પોતાની જમીન ગીરો આપેલી હોય છે, તે તો ખરી રીતે બીજી વારનું ગીરો હોય છે. અને તે લેણદારોનો પણ જમીન ઉપર કેટલો કાબૂ છે તે—

(૧) પંજાબમાં તેમને જમીનના કુલ માલિકો થઈ પડતા અટકાવવા જે ખાસ કાયદા પસાર કરવા પડ્યા,

(૨) દક્ષિણનાં હુલ્લડની તપાસસમિતિ આગળ જે જુબાનીઓ આવી,

(૩) તથા ૧૯૦૦ ની સાલમાં સુરત જિલ્લામાં કુલ મહેસૂલના ૮૫ ટકા મહેસૂલ લેણદારોએ બારોબાર સરકારને ભર્યું હતું—

તે વિગતો ઉપરથી માલૂમ પડશે.

## ૨. ઢોર

ઢોર તો સામાન્ય રીતે હિંદીઓના જ હાથમાં છે. અહીં પરદેશીને ડખલ કરવાની ખાસ મતલબ જણાતી નથી. એટલે તેણે તેમાં હાથ ઘાલ્યો નથી. છતાં હિંદુસ્તાનમાં વસ્તીના પ્રમાણમાં ઢોર કેટલાં ઓછાં છે, તે તેના જેવા જ ખેતીપ્રધાન ગણાતા ઑસ્ટ્રેલિયા દેશના આંકડા પરથી સમજાશે.

૧૮૯૦ ની સાલમાં

| દેશ | વસ્તી | ઢોર |
|---|---|---|
| બંગાળા અને દેશી રાજ્યો સિવાયનું તમામ હિંદુસ્તાન | ૧૪૦,૦૦૦,૦૦૦ | ૯૧,૦૦૦,૦૦૦ |
| ઑસ્ટ્રેલિયા | ૪,૦૦૦,૦૦૦ | ૧૧૩,૦૦૦,૦૦૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓસ્ટ્રેલિયાના હિસાબે હિંદુસ્તાનમાં ઢોર હોય, તો ૨,૬૨૮,૦૦૦,૦૦૦ જોઈએ.[1] પણ તેટલાં ઢોર માટે તો દેશમાં પૂરતી ગોચર જમીન પણ ન મળે. એ ગોચર જમીનના સંબંધમાં પણ એક વાત કહેવાની રહે છે.

પ્રાચીન કાળથી હિંદુસ્તાનમાં, ખેડાણ જમીનનો ૧/૨૦ ભાગ ગોચર જમીન રાખવી જોઈએ એવો નિયમ ચાલતો આવ્યો છે. પણ અંગ્રેજોએ હિંદુસ્તાનમાં આવ્યા બાદ, ઢોર કે મનુષ્ય કોઈની દરકાર રાખ્યા વિના તે જમીનો મહેસૂલ વધારવાની દાનતથી તોડી નાખી છે.[2]

મુક્તિફોજના પાદરીઓને ૫૬૦ એકર જમીન ગુજરાતમાં જોઈતી હતી. તેમણે પોતાને અનુકૂળ આવે તેવી જમીન પસંદ કરી. પણ તે બધી અમુક ગામની ગોચર જમીન હતી. સરકારે તો તરત તે જમીન પાદરીઓને આપી. પરંતુ, તે ગામના તમામ ખેડૂતોએ તેની સામે વાંધો ઉઠાવ્યો.

---

**૧. ૧૯૩૧ના આંકડા પ્રમાણે જુદા જુદા દેશોમાં વસ્તીના પ્રમાણમાં ઢોરની સંખ્યા નીચે મુજબ છે:**

| | | | | | |
|---|---|---|---|---|---|
| હિંદુસ્તાન | દર | સો | માણસે | ઢોર | ૬૧ |
| ડેન્માર્ક | ,, | ,, | ,, | | ૭૪ |
| અમેરિકા | ,, | ,, | ,, | | ૭૯ |
| કેનેડા | ,, | ,, | ,, | | ૮૦ |
| ઑસ્ટ્રેલિયા | ,, | ,, | ,, | | ૨૫૯ |

**૨. હિંદમાં ૧૯૩૧ માં ગોચર જમીનનું પ્રમાણ ખેડાણ જમીનના માત્ર ૧·૬ ટકા છે. ત્યારે બીજા ખેતીપ્રધાન દેશોમાં ૧૫ ટકા કરતાં ઓછું નથી.**



તે જમીનમાંથી તેમને ઘરને માટે બળતણ અને ઢોરને માટે ચારો પેઢીઓથી મળ્યા કરતાં હતાં.

પરંતુ, ગામડિયાઓમાં અક્કલ કેટલી? મુક્તિફોજવાળા તેમને આ દુનિયાની ક્ષણભંગુર વસ્તુઓમાંથી છૂટા કરી, પરલોકના શાશ્વતજીવનના સત્વર ભાગી કરવા માટે આવ્યા હતા, એ વાત તેઓ ક્યાંથી સમજી શકે?

### ૩. જંગલો

આવકના લોભે, મોટા ખર્ચે પણ સરકારે પ્રજા પાસેથી આ જંગલો વાપરવાનો જમાનાઓથી ચાલતો આવેલો હક ખૂંચવી લીધેલો છે. પરિણામે લોકોને બળતણ તથા ઢોરોને ઘાસ મળતું બંધ થયું છે. એટલે લોકો સોના જેવું ખાતર બળતણ તરીકે નાછૂટકે વાપરવા લાગ્યા છે.

ઈ. સ. ૧૮૯૮માં આ ખાતામાંથી સરકારને ૧।। કરોડ રૂપિયાની આવક થઈ હતી. પણ એટલા માટે સાચવણી અને રખવાળી પેટે સરકારે આવકના એક રૂપિયા દીઠ આઠ આના ખર્ચ કર્યું હતું. પરંતુ, ગરીબ લોકોને તેટલા માટે ખાતર, ઢોર, ઘાસ, બળતણ અને કંદમૂળ પેટે કેટલું નુકસાન થયું છે, તેનો ખ્યાલ કરવાની પરદેશી સરકારને શી જરૂર?

### ૪. ધાતુઓ અને ખનિજ પદાર્થો

(અ) કોલસો: દર વર્ષે ૪,૦૦૦,૦૦૦ ટન જેટલો ખોદી કાઢવામાં આવે છે. તેમાંનો લગભગ બધો જ ભાગ અંગ્રેજ કંપનીઓ વડે જ.

(આ) લોઢું: યુરોપિયનો સામાન્ય રીતે આના વિષે દુર્લક્ષ કરે છે. કારણકે તે ખાણો મોટે ભાગે દરિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કિનારાથી દૂર માલૂમ પડે છે. હિંદીઓ બિચારા મૂડીને અભાવે, મોટા વેપારી સંબંધોને અભાવે, અને ઘણી વાર સરકારે એવાં સાહસો ઉપર મૂકેલા ખરાબ અંકુશોને કારણે તેમનો પૂરતો લાભ લઈ શકતા નથી.

(ઇ) સોનું: બધી ખાણો યુરોપિયનોના જ હાથમાં છે.

(ઈ) પેટ્રોલિયમ: (આસામ અને બ્રહ્મદેશ) યુરોપિયનોના હાથમાં.

## ૫. માછલાં

લગભગ આખો જ ધંધો હિંદીઓના હાથમાં છે. થોડાં વર્ષ અગાઉ હુગલી પાસેના ભાગમાં માછલાં પકડવાનો ધંધો કરવા ઇંગ્લંડમાં એક લિમિટેડ કંપની ઊભી થઈ હતી, પણ પછીથી તે અટકી ગઈ.

## ૬. કારખાનાં

(અ) સુતરાઉ કાપડની મિલો: ૧૮૯૮–૯૯માં કુલ ૧૭૬ મિલો હતી. તે બધી લગભગ હિંદીઓના હાથમાં છે. હિંદીઓ દોલત મેળવે છે તો તેમાંથી દેશને કેટલો બધો ફાયદો મળે છે, તેનો દાખલો પારસીઓએ કરેલી અસંખ્ય સખાવતો છે. કોઈ પ્રજાકીય સરકારે ડહાપણ વાપરીને દેશના બધા ઉદ્યોગહુન્નર પરદેશીઓના હાથમાં જતા અટકાવી, દેશીઓના હાથમાં જ રહેવા દીધા હોત, તો દેશને જુદી જુદી રીતે કેટલો ફાયદો થાત, તે આ ઉપરથી સમજાશે.

(આ) શણની મિલો: બધી જ યુરોપિયનોના હાથમાં.



(ઇ) જીનો તેમજ ઊન, કાગળ, દારૂ, કોફી, ચોખા, તેલ, ગળી, ઇમારતી લાકડું, ખાંડ, રેશમ વગેરેનાં બીજાં પરચૂરણ કારખાનાંમાંથી ¾ ભાગ જેટલાં યુરોપિયનોના હાથમાં છે.

## ૭. લિમિટેડ કંપનીઓ

દેશમાં કુલ ૧૪૧૭ કંપનીઓ છે. અને તેમની મૂડી કુલ ૫૩ કરોડ રૂપિયા છે. દેશીઓના હસ્તકની મિલો પણ તેમાં ગણી લઈએ તો પણ માત્ર ૧૫ કરોડ રૂપિયાની મૂડી જ દેશીઓના હાથમાં છે. બાકી બધી પરદેશીઓની છે.* સાથે એટલું પણ યાદ રાખવાનું છે કે આટલા મોટા ખંડ જેટલા દેશમાં તમામ પ્રકારનાં કારખાનાં, બેંકો, વીમા કંપનીઓ વગેરે બધું મળીને ગણતાં પણ કુલ ૫૩ કરોડ રૂપિયાની જ મૂડી ઉદ્યોગધંધામાં રોકાયેલી છે. જ્યારે ઇંગ્લંડના એકલા માંચેસ્ટર શહેરની જ વેપારઉદ્યોગમાં રોકાયેલી કુલ મૂડી ૧૮૮૧માં ૪૪૭ કરોડ રૂપિયા જેટલી છે.

## ૮. રેલવેઓ

૨૨૦૦૦ માઈલથી લાંબી[1] આ રેલવેઓ, જમીન સરકારે મેળવી આપ્યા છતા, દર વર્ષે વ્યાજની ખાધ

---

* હિંદમાં ૧૯૨૯–૩૦માં દેશી કંપનીઓની સંખ્યા ૬૯૨૫ છે, અને તેમાં ૨૮,૬૯૦ લાખ રૂપિયા રોકાયેલા છે. જ્યારે, પરદેશી કંપનીઓ ૮૮૩ છે; અને તેમાં ૯૮,૦૦૦ લાખ રૂપિયા રોકાયેલા છે. દેશી કંપનીઓમાં પણ પરદેશી મૂડી ૭૫૦૦ લાખ રૂપિયાની છે. એટલે દેશમાં વિદેશી મૂડી આશરે ૧૦ અબજ રૂપિયા છે, જ્યારે દેશી મૂડી આશરે બે અબજ રૂપિયા છે.

૧. ૧૯૩૩–૪માં આખા દેશમાં ૪૨,૯૫૩ માઈલ રેલવે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરકારે ભરી આપ્યા પછી, અને બીજાં પણ કેટલાંય ખર્ચ સરકારે વેઠ્યાં હોવા છતાં, યુરોપિયન કંપનીઓએ ૪૫,૦૦,૦૦૦,૦૦૦ રૂપિયાને ખર્ચે બાંધી છે.

હિસાબો ઉપરથી જણાય છે કે, સરકારે તે કંપનીઓને તેમની મૂડી ઉપર ગયેલી વ્યાજની ખોટ ભરપાઈ કરી આપવા ૬૦,૦,૦૦૦,૦૦૦ રૂપિયા ગરીબ હિંદીઓની તિજોરીમાંથી આપ્યા છે. તે રકમ સદાને માટે દેશની બહાર ગઈ છે.

એ બધી રેલવે લાઈનો સરકાર પોતે જ પરદેશો પાસેથી નાણાં ઉછીનાં લઈને બાંધી શકત. પણ તેણે તો અંગ્રેજ કંપનીઓને જ બધી રેલવેઓ બાંધવા દીધી અને તેમને પહેલેથી બાંયધરી આપી કે, તેમને ખોટ જાય તો પણ દર વર્ષે દર સેંકડે પાંચ ટકા વ્યાજ હિંદની તિજોરીમાંથી અચૂક ભરી આપવામાં આવશે. તેમજ થોડાં વર્ષ પછી પાંચ ટકા ઉપરાંત જે નફો તેમને થશે, તેમાંનો અર્ધો ભાગ આગલાં વર્ષોએ ગયેલી ખોટ ગણ્યા વિના જ તેમને આપવામાં આવશે. વળી નફાની જે રકમ ઇંગ્લંડ મોકલવામાં આવશે, તે રૂપિયાના ૨૨ પેન્સને હિસાબે સરકાર મોકલી આપશે. નફાનુકસાનનો હિસાબ દર છ મહિને ગણવામાં આવશે.

એટલે કે, રેલવે લાઈન બંધાવાની પણ શરૂ થાય ત્યાર પહેલાં અંગ્રેજોને તેમની મૂડી ઉપર સરકાર પાંચ ટકા નફો આપે; ત્યાર બાદ રેલવે શરૂ થયા પછી પણ શરૂઆતનાં વર્ષોમાં જે ખોટ આવે, તે પણ સરકાર જ ભરે અને



ઉપરાંત તેમને પાંચ ટકા વ્યાજ તો આપે જ; પછી જ્યારે નફો આવતો શરૂ થાય, ત્યારે પણ આગલાં વર્ષોમાં ગયેલી ખોટ ગણ્યા વિના જ નફામાંથી અર્ધોઅર્ધ ભાગ અંગ્રેજોને મળે. અને તે નફો પણ સરકાર ૨૨ પેન્સના રૂપિયાને દરે ઇંગ્લંડ ભરી આપે. અને તે નફો વગેરે છ છ મહિને ગણવામાં આવે, જેથી એક વર્ષમાં પણ આગલા છ મહિનામાં જે ખોટ ગઈ હોય, તે સરકાર ભરી લે, પણ પછીના છ મહિનામાં જે નફો આવે, તે ચોખ્ખો જ અંગ્રેજોને મળે!

આવો કરાર કરી બેઠા પછી વ્યાજના ભાવ ઘણા જ ઊતરી ગયા અને ૨ કે ૨॥ ટકાને દરે જ જોઈએ તેટલી રકમ મળી શકે તેમ થયું. તો પણ સરકારે તો રેલવે કંપનીઓને સો સો વર્ષના પટા કરી આપ્યા હોવાથી તેમને તો પાંચ પાંચ ટકા વ્યાજ ભરી આપવું જ પડ્યું. તેમજ બજારમાં હૂંડિયામણનો દર ૧૬ પેન્સ થઈ ગયો તો પણ પહેલેથી કરેલા વિચિત્ર કરારને કારણે સરકાર તો ઇંગ્લંડના અંગ્રેજોને ૨૨ પેન્સના રૂપિયાને હિસાબે જ તેમનો નફો ભર્યા કરતી!

જી. આઈ. પી.; બી. બી. સી. તથા મદ્રાસ લાઈન ઉપર, અંગ્રેજોને શરૂઆતથી છેવટ સુધીનો હિસાબ ગણત દર વર્ષે દર સેંકડે ૯૯.૭૦ ટકા જેટલો નફો ઇંગ્લંડ ભરી આપવામાં આવ્યો હતો; પણ સરકારે તો શરૂઆતની બધી ખોટ ખિસ્સામાંથી ભરેલી હોવાથી પહેલેથી છેવટ સુધીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિસાબ ગણતાં દર વર્ષે સરેરાશ ૧૩,૦૦૦,૦૦૦ રૂપિયાની ખોટ જ ભર્યા કરી હતી![1]

સરકાર કોઈ કોઈ વાર રેલવે લાઈનો કંપનીઓ પાસેથી ખરીદી પણ લે છે. તેમાં પણ અંગ્રેજોને બને તેટલો લાભ જ આપવામાં આવે છે. જેમકે, ઓ. એન્ડ. આર, રેલવે શરૂ થઈ ત્યારથી માંડીને સરકારને દર વર્ષે ૨,૩૨૩,૨૮૩ રૂપિયા ખોટ ભર્યા કરવી પડી હોવા છતાં, જ્યારે તે કંપનીની મૂડી સરકારે વેચાતી લીધી, ત્યારે તેના ઉપર સેંકડે ૨૬ ટકા પ્રિમિયમ તે કંપનીને આપ્યું. ખરી રીતે આવી ખોટમાં ચાલતી કંપનીના શેર ઉપર આટલું પ્રિમિયમ હોય જ શી રીતે?

તે જ પ્રમાણે એસ. આઈ. આર. કંપની સરકારે ખરીદી, ત્યારે તેના ઉપર સરકરે કુલ ૩૦૦,૦૦,૦૦૦ રૂપિયા જેટલી ખોટ ભરી હોવા છતાં, તેની ૩૨,૦૦,૦૦૦ પાઉંડની મૂડી ઉપર ૯,૮૦,૦૦૦ પાઉંડ પ્રિમિયમ આપ્યું.[2]

સરકારે, ખોટ જાય તો પણ વ્યાજ ભરી આપવાની બાંયધરી આપી હોવાથી, તે કંપનીઓએ ખરચ કરવામાં

---

૧. અગાઉ જોડેલી કરોડો રૂપિયાની ખોટની ઈ. સ. ૧૯૨૦ આખરે વ્યાજ સાથે કુલ રકમ ગણીએ, તો ખોટનો આંકડો લગભગ ૨૭૫ કરોડ જેટલો થાય. ૪ ટકા લેખે દર વરસે તેનું ૧૧ કરોડ રૂપિયા તો વ્યાજ જ થાય.

૨. આ પ્રમાણે કંપનીઓની રેલવે ખરીદતી વખતે શૅરના ભાવ ઉપર વધારા (પ્રિમિયમ) તરીકે સરકારે એકંદરે ૫૦ કરોડ રૂપિયા આપ્યા છે.



જરાય કરકસર કરવાની દાનત રાખી ન હતી. અંગ્રેજ સરકારના જ નાણાંખાતાના પ્રધાન રા. ઓ. એન. મ્યેસી કહે છે કે: “સરકારે પાંચ ટકા વ્યાજ આપવાની બાંયધરી આપી હોવાથી, તે પૈસા હુગલી નદીમાં ફેંકી દેવામાં આવે છે કે તેનો ઈંટચૂનો ખરીદવામાં આવે છે તે જોવાની કંપનીવાળાઓને જરાય દરકાર ન હતી. પરિણામે ઈસ્ટ ઇંડિયા રેલવે ઉપર એક માઇલ દીઠ ૪૫,૦૦૦૦ રૂપિયા જેટલું ભારે ખર્ચ કરવામાં આવ્યું હતું. દુનિયામાં કોઈ પણ રેલવે લાઈન ઉપર આટલું મોટું ખર્ચ નહિ થયું હોય.”

## ૯. નહેરો

નહેરો પાછળ ૫૨૫,૦૦૦,૦૦૦ રૂપિયાનું ખર્ચ કરવામાં આવ્યું છે. તે આખી રકમ ઇંગ્લંડથી વ્યાજે આણવામાં આવી છે. આવા ખેતીપ્રધાન દેશમાં આટલી નજીવી રકમ નહેરો પાછળ ખરચેલી હોવા છતાં, સરકારી અમલદારો, અંગ્રેજ સરકારે દુકાળ હટાવવા નહેરો વગેરેમાં કેટલું મોટું ખર્ચ કર્યું છે તેનાં મોટાં મોટાં બણગાં ફેંક્યા કરે છે. તેના જવાબમાં મિ. જોન બ્રાઈટે જણાવ્યું છે:

“ઇંગ્લંડમાં માત્ર પાંચ લાખની વસ્તીવાળા એક માંચેસ્ટર શહેરને ચોખ્ખું પાણી મળે તે માટે જ ૩૦,૦૦૦,૦૦૦ રૂપિયા અત્યાર સુધી ખરચવામાં આવ્યા છે. અને હજુ બીજા ૬૦,૦૦૦,૦૦૦ ખરચવાની પાર્લમેંટ પાસે માગણી કરી છે. એટલે કે કુલ ૯૦,૦૦૦,૦૦૦ રૂપિયા ખર્ચ થશે. જ્યારે, ૨૦ કરોડની વસ્તીવાળા તથા મોટી મોટી નદીઓવાળા દેશમાં નહેરકામ માટે ૫૨૫,૦૦૦,૦૦૦

રૂપિયા ખરચવામાં આવ્યા છે તેટલામાં તો સરકારના અમલદારો ફુલાઈ ફુલાઈને ફાટી જાય છે.”

### ૧૦. વહાણો

નાનામાં નાનો હિસ્સો બાદ કરતાં બાકીનાં વહાણ પરદેશમાં પરદેશી મૂડીથી બનેલાં છે, અને તેમનો બધો નફો પરદેશ જાય છે.

### ૧૧. મુલકી નોકરીઓ

ઈ. સ. ૧૮૮૬–૮૭માં આ ખાતાનો પગાર ૧૧૭ લાખ હતો. ત્રણ વર્ષમાં તે વધીને હવે ૧૫૭ લાખનો થયો છે. આ મોટી રકમમાંથી: માત્ર ૮,૦૦૦ યુરોપિયનોના ખિસ્સામાં જ ૮૦ લાખ રૂપિયા જાય છે. જ્યારે ૧૩૦,૦૦૦ હિંદીઓના હાથમાં ૭૦ લાખ રૂપિયા જાય છે. અને ૬,૦૦૦ યુરેઝિયનોને ૭ લાખ રૂપિયા મળે છે. એટલે કે દર વર્ષે,

| | | | | |
|---|---|---|---|---|
| ૧ યુરોપિયનને | ૯૦૦૦ | રૂપિયા | પગાર | મળે છે. |
| ૧ યુરેઝિયનને | ૧૨૦૦ | ” | ” | ” |
| જ્યારે ૧ હિંદીને | ૪૫૦ | ” | ” | ” |

### ૧૨. લશ્કરી નોકરીઓ

હિંદી કે યુરોપિયન — બધી જ પલટણોના મોટા અમલદારો માત્ર યુરોપિયનો જ છે. સામાન્ય સોલ્જરોમાંથી

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ યુરોપિયનને | દર વર્ષે | ૧૧૬૦ | રૂપિયા | પગાર | મળે છે. |
| ૧ હિંદીને | દર વર્ષે | ૩૧૦ | ” | ” | ”* |

---

* વાર્ષિક પગાર રૂ.

| . | બ્રિટિશ ઘોડેસવાર | બ્રિટિશ પાયદળ | હિંદી ઘોડેસવાર | હિંદી પાયદળ |
|---|---|---|---|---|
| ૧૯૧૩ | ૧૦૩૬ | ૯૬૫ | ૩૧૩ | ૨૮૩ |
| ૧૯૨૨ | ૨૫૨૬ | ૨૫૦૩ | ૬૬૯ | ૬૩૧ |



### ૧૩. બીજા ધંધાઓ

કેટલાય શક્તિમાન હિંદીઓએ મોટાં મોટાં ખર્ચ અને તંગી વેઠી, નોકરીઓ માટે લાયકાત મેળવવા પ્રયત્ન કર્યો છે. પણ છેવટે તો તેમને એક જ અનુભવ મળ્યો છે કે, બધી સારી સારી નોકરીઓ તો યુરોપિયનોને માટે જ અલગ રાખવામાં આવી છે.

મને પ્રકરણની શરૂઆતમાં પૂછેલા પ્રશ્નનો મેં વિગતવાર જવાબ આપ્યો. ટૂંકામાં કહીએ તો હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં કાંઈ લોહી જેવું દેખાય છે, ત્યાં ત્યાં અંગ્રેજોની નળી ચોંટેલી જ છે.

લોર્ડ સેલિસબરીએ કહ્યું હતું તેમ, “હિંદુસ્તાનનું લોહી આપણે ચૂસી લેવું છે. એટલે જ્યાં જ્યાં લોહી ભેગું થયેલું જણાય, ત્યાં આપણી નળી આપણે ખોસવી જોઈએ.”

આમ, જ્યાં જ્યાં કાંઈ પણ સંપત્તિ — લોહી મળી શકે તેવું છે, ત્યાં સર્વત્ર અંગ્રેજો પોતાનું કામ કરી રહ્યા છે. દેશમાં જે કાંઈ સારા સારા ઉદ્યોગધંધા છે. કે જે કાંઈ સારી સારી નોકરીઓ છે, તે બધું અંગ્રેજોના હાથમાં છે.

અને પરિણામ શું આવ્યું છે? ઇંગ્લંડ હિંદુસ્તાનને ચૂસીને પેટ ફાટી જાય તેટલું પુષ્ટ બન્યું છે, અને હિંદુસ્તાન ચુસાઈને પૂણી જેવું બની ગયું છે. તેનો એક પુરાવો હું નીચે આપું છું. વાચક તેના ઉપર થોભીને વિચાર કરે.

ઇંગ્લંડનાં માત્ર વચલા અને નીચલા વર્ગનાં ૬૦ લાખ કુટુંબોએ પોતાનું તમામ ખર્ચ વગેરે સારી રીતે કરી લીધા બાદ માત્ર બચત રકમ તરીકે જ ૪,૫૦૦,૦૦૦,૦૦૦ એટલે કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ા અબજ રૂપિયા બેંકો વગેરેમાં મૂકેલા છે. જ્યારે આખા હિંદુસ્તાન દેશમાં દુકાળ, તીડ કે મેઘરાજાનો બિલકુલ ઉપદ્રવ ન હોય ત્યારે જમીનની તમામ પેદાશ ભેગી કરીએ, તો તેની કિંમત ૨,૨૫૦,૦૦૦,૦૦૦ એટલે કે માત્ર ૨¼ અબજ રૂપિયા જ થાય છે.

પણ ધ્યાનમાં રાખજો કે, ઇંગ્લંડના માત્ર નીચલા વર્ગના ૨ાા કરોડ લોકોની બચત ૪½ અબજ રૂપિયા છે; જ્યારે હિંદુસ્તાનના લોકોની જમીનની સારામાં સારાં વર્ષ દરમ્યાન ૨૩ કરોડ લોકોની પેદાશ જ ૨¼ અબજ રૂપિયા છે.

અને છતાં હિંદુસ્તાનના ગરીબ લોકોના પૈસામાંથી બાદશાહી પગાર ખાનારો હિંદી વજીર પાર્લમેંટમાં કહેવાની હિંમત કરી શકે છે કે:

"એમ કહેવાની કોની મગદૂર છે કે હિંદુસ્તાન આપણા રાજ્ય હેઠળ ગરીબ બનતું જાય છે?"

# ૫

# દુકાળો: તેમની વધતી જતી સંખ્યા અને તેનાં કારણો

ઈ. સ. ૧૭૯૩ થી ૧૯૦૦ સુધીનાં ૧૦૭ વર્ષમાં આખી દુનિયામાં લડાઈથી થયેલાં મરણની સંખ્યા ૫૦ લાખ છે.

જ્યારે, ઈ. સ. ૧૮૮૯ થી ૧૯૦૦ સુધીનાં ૧૦ વર્ષમાં એકલા હિંદુસ્તાનમાં દુકાળથી થયેલાં મરણ ૧૯૦ લાખ છે.

## અંગ્રેજો પહેલાં

હિંદુસ્તાનમાં અંગ્રેજો આવ્યા ત્યાર પહેલાંના દુકાળોનો ઇતિહાસ ચોક્કસ કે પૂરતો છે એમ ન જ કહી શકાય. પરંતુ એક વાત ચોક્કસ કહી શકાય તેમ છે કે, તે દુકાળો માત્ર સ્થાનિક જ હોતા. એક અંગ્રેજ ઇતિહાસશોધકે કરેલી શોધખોળને પરિણામે માલૂમ પડે છે કે, અંગ્રેજોના આવતા પહેલાં હિંદુસ્તાનમાં જુદે જુદે સમયે નીચે પ્રમાણે દુકાળો પડ્યા હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૧૧ મું સૈકું | ૨ દુકાળ | માત્ર અમુક ભાગમાં જ. |
| ૧૩ ,, | ૧ ,, | માત્ર દિલ્લીની આસપાસ. |
| ૧૪ ,, | ૩ ,, | અમુક ભાગમાં જ. |
| ૧૫ ,, | ૨ ,, | ,, |
| ૧૬ ,, | ૩ ,, | ,, |
| ૧૭ ,, | ૩ ,, | પ્રદેશ ચોક્કસ બતાવ્યો નથી. |
| ૧૮ ,, | ૪ ,, | અમુક ભાગમાં જ. |
| (૧૭૪૫ સુધીનાં) | | |
| ૭૪૫ વર્ષમાં | ૧૮ દુકાળ | |

**અંગ્રેજો આવ્યા પછી**

| | | | |
|---|---|---|---|
| ૧૭૬૯ થી ૧૭૯૨[1] | સુધીનાં | ૨૪ વર્ષમાં | ૫ દુકાળ. |
| ૧૮૦૦ થી ૧૮૨૫ | ,, | ૨૫ વર્ષમાં | ૫ ,, |
| ૧૮૨૬ થી ૧૮૫૦ | ,, | ૨૫ વર્ષમાં | ૨ ,, |

**૧. આ દુકાળો વિષે લખતાં બંગાળાના લેફ. ગવર્નર સર જ્યોર્જ કેંપબેલ જણાવે છે, "ઈ. સ. ૧૭૭૦ના દુકાળમાં પૂર્વ હિંદુસ્તાનમાં લોકોને ઘણું દુઃખ વેઠવું પડ્યું હતું, અને ઘણાં માણસો ભૂખમરાથી નાશ પામ્યાં હતાં. જોકે, તે પછી તે જ વર્ષે કોઈ પણ સારા વર્ષમાં ઉઘરાવેલી મહેસૂલ કરતાં સરકારે પાંચ લાખ રૂપિયા મહેસૂલ તે ભાગમાં જ વધારે ઉઘરાવ્યું હતું. . . . અંગ્રેજ અમલદારોને લોકોનું દુઃખ જોઈ અતિશય લાગણી થઈ આવી હતી; પરંતુ તેમની મહેસૂલ માટેની લાગણી તેનાથી વધારે હતી. ઈ. સ. ૧૭૮૪માં પંજાબ વગેરે ભાગોમાં જે દુકાળ પડ્યો, તેમાં પણ લોકોને ઘણું જ ભયંકર દુઃખ વેઠવું પડ્યું. મુસલમાનોના સમયમાં જે અનાજ ૧ રૂપિયે ૧૩૬ શેર મળતું, તેનો ભાવ ૧ રૂપિયે ૩૨ શેર થઈ ગયો હતો." ઈ. સ. ૧૮૯૭માં રેલવેઓ વધ્યા છતાં તે વર્ષના દુકાળમાં ત્યાં રૂપિયાનું ૨૬ શેર જ અનાજ મળતું હતું.**



**અંગ્રેજોનું રાજ્ય પૂરેપૂરું જામ્યા પછી**

ઈ. સ. ૧૮૫૧ થી ૧૮૭૫ સુધીનાં ૨૫ વર્ષમાં ૬ દુકાળ.
(જેમાં ૫૦ લાખ માણસ નાશ પામ્યાં.)
ઈ. સ. ૧૮૭૬ થી ૧૯૦૦ સુધીનાં ૨૫ વર્ષમાં ૧૮ દુકાળ.
(જેમાં ૨૫૩ લાખ માણસ નાશ પામ્યાં.)

તેમાં પણ, છેલ્લાં દશ વર્ષના ગાળામાં પડેલા બે દુકાળમાં થઈને જ ૧૯૦ લાખ માણસ નાશ પામ્યાં હતાં.

એટલે કે, છેલ્લાં ૨૫ વર્ષ દરમ્યાન દર વર્ષે ૧૦ લાખ માણસો ભૂખમરાથી નાશ પામ્યા કર્યાં છે.

એટલે કે અંગ્રેજોનું રાજ્ય સ્થપાયાને ૧૦૦ વર્ષ થયા બાદ દેશની એ વલે આવી છે કે:

દર મિનિટે ૨ માણસ,
દર કલાકે ૧૨૦ માણસ,
અને દર રોજ ૨૮૮૦ માણસ,

લાગલગાટ છેલ્લાં ૨૫ વર્ષથી હિંદુસ્તાનમાં ભૂખે ટળવળતાં મરણ પામ્યા કર્યાં છે.

અને—

છેલ્લાં દશ વર્ષથી ૧ મિનિટ પણ થોભ્યા વિના,
દર મિનિટે ૪ માણસ,
દર કલાકે ૨૪૦ માણસ,
અને દર રોજ ૫૭૬૦ માણસ,
ભૂખે ટળવળતાં — સતત — મર્યા કર્યાં છે.

ઉપરનો આખો હિસાબ બીજી રીતે મૂકીએ:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગ્રેજો આવ્યા પહેલાં ૭૪૫ વર્ષમાં ૧૮ દુકાળ.
અંગ્રેજો આવ્યા બાદ ૧૩૨ વર્ષમાં ૩૬ ભયંકર દુકાળ.*

આમ કેમ બન્યું છે? જેમ જેમ આપણું રાજ્ય હિંદુસ્તાનમાં લંબાતું જાય છે, તેમ તેમ આપણા રાજ્યને પરિણામે દેશમાં દુકાળો અને ભૂખમરો વધતાં જ ચાલવાનાં છે કે શું?

સાથે સાથે આ દુકાળનાં વર્ષો દરમ્યાન જ ઇંગ્લંડની સંપત્તિ કેટલા વેગથી વધતી ચાલી છે, તેની સરખામણી કરો અને છેવટે એક સિદ્ધાંત તમારા મનમાં ઠસ્યા વિના રહેવાનો જ નથી કે, એક બાજુ ઇંગ્લંડ હિંદુસ્તાનમાંથી પૈસા ઘસડી ઘસડીને પૈસાદાર થતું જાય છે; જ્યારે બીજી બાજુ

* ઉપરાંત સરકારે નોંધેલા આ દુકાળોની સંખ્યા વિષે એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવાની છે. કેટલાંય સતત દુકાળનાં ભયંકર વર્ષોને સરકાર દુકાળનાં વર્ષ તરીકે ગણતી જ નથી. મિ. નોલ્સ જણાવે છે:

"મેં ૩૦૦ માણસોના એક ગામડાની તપાસ કરી હતી. તે ગામમાં લોકોની રોજની સરેરાશ આવક માથા દીઠ એક પૈસા કરતાં પણ ઓછી માલૂમ પડી હતી. આટલી આવક ઉપર કોઈ માણસ જીવી જ શી રીતે શકે? તેઓ માત્ર જીવવાનો પ્રયત્ન કરતાં હતાં એમ કહી શકાય. મેં કેટલાંય ઝૂંપડાં એવાં જોયાં કે, જેમાં લોકો મડદાં ખાઈને જ જીવતા હતા. મેં કેટલાય ભૂખે મરતા લોકોના એવા ફોટા લીધા છે કે જેમને સામાન્ય માણસો તો જોઈ પણ ન શકે — છતાં આ બધા દાખલાઓમાં સરકારે દુકાળ ગણ્યો ન હતો.



હિંદુસ્તાન નિચોવાઈ નિચોવાઈને દુકાળના ભીષણ પંજાઓમાં હંમેશને માટે સપડાતું જાય છે.

ઉપરાંત, અત્યારના દુકાળો એ પહેલાંના જેવા દુકાળો નથી; એ વાત પણ ધ્યાનમાં રાખો.

પહેલાં: બે ત્રણ વર્ષ લાગલાગટ વરસાદ પડતો નહિ તો જ દુકાળ માલૂમ પડતો.

હવે: એક જ વર્ષ પૂરતો તો શું પણ યોગ્ય વખતે જ વરસાદ ન પડે, તોપણ એકદમ ભયંકર દુકાળ શરૂ થઈ જાય છે.

પહેલાં: ગામડે ગામડે અનાજના ભંડારો દુકાળ સામે રક્ષણ માટે સંઘરાયેલા રહેતા.

હવે: આપણી રેલવેઓને ધન્ય છે કે, દેશમાં પાકતા દાણાનો એક પણ વધારાનો દાણો સંઘરાઈ રહેવાને બદલે પવનને વેગે પરદેશ ઘસડાઈ જાય છે. ઉપરાંત રેલવેઓથી એક બીજું મોટું દુઃખ એ ઊભું થયું છે કે, દેશના કોઈ પણ એક ભાગમાં દુકાળ પડે છે કે તરત દેશના બીજા સુકાળવાળા ભાગોમાંથી, વધારે ભાવ ઊપજતા હોવાથી અનાજ ઘસડાઈને તે ભાગમાં આવવા માંડે છે; એટલે આખા દેશમાં અનાજના ભાવો ચડી જાય છે, અને સુકાળવાળા ભાગોમાં પણ ગરીબ લોકો પેટ પૂરતું અનાજ (પહેલાંના જેટલી જ આવકમાંથી) ખરીદી શકતા નથી. જ્યારે, પહેલાં કોઈ એકાદ ભાગમાં દુકાળ પડતો, તો તેની આવી ભારે અસર આખા દેશને ખૂણે ખાચરે વેઠવી પડતી નહિ. પરિણામે, મિ. વાધન નોશ જણાવે છે તેમ, આખી દુનિયામાં ૩૦ વર્ષ દરમ્યાન જેટલા લોકો તાવના રોગથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મરી ગયા છે, તેના કરતાં વધારે માણસો એકલા હિંદુસ્તાનમાં માત્ર ત્રણ વર્ષમાં જ મરી ગયા છે.''

કેટલાક એમ કહે છે કે, હિંદુસ્તાનમાં પૂરતો વરસાદ પડતો નથી એટલે આખી દુનિયામાં સૌથી વધારે દુકાળો ત્યાં પડે છે. પણ એ ખાલી "સરકારી" જૂઠાણું છે. કોઈ પણ ખરાબમાં ખરાબ વર્ષે પણ હિંદુસ્તાનમાં વરસાદ તો આકાશમાંથી હર સાલ જેટલો જ પડેલો હોય છે. પરંતુ આકાશમાંથી પડેલું પાણી સંઘરી રાખી પ્રજાના ઉપયોગમાં લાવવા માટે સરકારે કાંઈ પણ વ્યવસ્થા કરી નથી હોતી.

ઈ. સ. ૧૮૮૦ના દુકાળકમિશનના સભ્યોએ જ જણાવ્યું છે કે:

"હિંદુસ્તાન દેશના દુકાળો તેમજ તેમની ભયંકરતા ઓછી કરવાનો સૌથી ઉત્તમ માર્ગ નહેરો ખોદાવવાનો છે. સરકાર સામાન્ય રીતે જ્યારે કશું ખર્ચ ઉપાડવાનું આવે છે, ત્યારે તેમાંથી પોતાને કેટલો નફો થશે, તેનો જ ખ્યાલ કરે છે; પરંતુ આવી નહેરો ખોદાવવાથી પ્રજાના કેટલા લોકોને સંરક્ષણ મળશે, પ્રજાની કેટલીય મોટી મનુષ્યસંખ્યા નાહક નાશ પામતી અટકશે, દુકાળના વર્ષમાં મહેસૂલમાં આવતી કેટલી મોટી ખાધ ઓછી થશે, તેમજ દુકાળસંકટનિવારણ માટે જે ખર્ચ કરવું પડે છે તે પણ બંધ થશે — એનો વિચાર જ કરતી નથી.

"ઉપરાંત જે વર્ષોએ સારો વરસાદ પડ્યો હોય છે, તે વર્ષોમાં પણ નહેરો ખેડૂતોને પોતાનાં ખેતરમાંથી વધારે પાક મેળવવામાં તેમજ પાકની વધારે સારી જાતો ઉછેરવામાં



કેટલી મદદગાર થાય છે, તે તો જે અનુભવી હોય તે જ જાણી શકે.'' *

ખેડૂતોને તો ઉપયોગી થાય તે ઉપરાંત મોટી મોટી નહેરોથી દેશના સામાન્ય વેપારઉદ્યોગને કેટલું મોટું ઉત્તેજન મળે, તે પણ સમજવા જેવી વાત છે. દેશમાં મોંઘી મોંઘી અને લાંબી લાંબી રેલવેઓ પાછળ લખલૂટ ખર્ચ કરવા કરતાં સરકારે જો લાંબા લાંબા જળમાર્ગો જ કર્યાં હોત, તો લાખો ખેડૂતોને કલ્પનાતીત ફાયદો તો થયો જ હોત; પરંતુ તે ઉપરાંત જવરઅવર અને માલની લાવજા-લઈજામાં કેટલી સસ્તી સગવડ થઈ હોત, કે કેટલા વહાણવટીઓને મોટી કમાણી થઈ હોત, તે કોઈના ખ્યાલમાં આવતું હોય તેમ લાગતું જ નથી. દેશમાં આવા કેટલાક મુખ્ય જળમાર્ગો થઈ ગયા હોય, તો પછી થોડી ઘણી નજીવી રેલવેથી જ દેશનો વહેવાર પૂરતો ચાલી શકે.

આમ એક જ સાધનથી જમીનની પેદાશ વધે, ખેડૂતો સમૃદ્ધ થાય, વેપારઉદ્યોગ વધે, પ્રમાણમાં માલની અને માણસોની જવરઅવર વધે, સેંકડો ખલાસીઓ અને વહાણવટીઓને રોજી મળે, વહાણો બાંધનારા કારીગરોને રોજી મળે, લોકોને જવરઅવરનું અને માલની લાવજા-લઈજાનું અત્યારે જે વધારે પડતું ખર્ચ વેઠવું પડે છે, તે ઓછું થઈ જાય; તેમજ રેલવેઓ માટે મોટાં મોટાં વ્યાજ ભરી જે મોટી મૂડી પરદેશથી લાવવી પડી, તથા તેના ઉપર વ્યાજના

* ૧૯૩૪ની ગણતરી પ્રમાણે ખેડાણ જમીનના ફક્ત ૧૮ ટકા જમીનમાં પીતથી ખેતી કરવાની સગવડ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ નફાના, તથા દર વરસે કોલસો, લોઢું વગેરે બીજો સરસામાન ખરીદવાના જે લાખો રૂપિયા પરદેશ હંમેશને માટે મોકલવા પડે છે, તે કાંઈ જ કરવું ન પડે. વળી, ઉપર જણાવેલા જળમાર્ગો દેશમાંથી ઊભી કરેલી મૂડી વડે જ સહેલાઈથી થઈ શકયા હોત, તેમાં ખરચાયેલા બધા રૂપિયા દેશમાં જ રહેત, અને પ્રજાને જ એક યા બીજે રૂપે પાછા મળત, તથા પરિણામે હંમેશને માટે લોકોને દુકાળ અને ભૂખમરામાંથી ચોક્કસ સુરક્ષિતતા મળત, ખેતીની પેદાશમાં વધારો થવાથી ખેડૂતો તેમજ તેમના ઉપર જીવતા બીજા કારીગરો પણ સમૃદ્ધ થાત, અને એક પાઈ પરદેશ મોકલ્યા વિના જવરઅવરનું ઘણું સસ્તું સાધન મળત.

પરંતુ સરકારને કરોડોની પ્રજાને સમૃદ્ધિ, સગવડ કે ભૂખમરામાંથી રક્ષણ આપે તેવું સાધન હંમેશને માટે મળે તે કરતાં મૂઠીભર અંગ્રેજોને લાખોની કમાણી થાય એ જ વધુ ઇષ્ટ હતું; એટલે ઉપર જણાવેલા દુકાળકમિશનની ચોક્કસ અને ખાસ ભલામણો પછી પણ તેણે તો દેશની મહેસૂલમાંથી નહેરો કરતાં ૭ ગણું વધારે ખર્ચ રેલવે પાછળ જ કર્યું.

આમ, દેશને ઉપયોગી, લાભદાયક અને સહેલાઈથી થઈ શકે તેવાં સાધનો પૂરાં ન પાડયાં હોય, અને નુકસાન-કારક, મોંઘાં તથા દેશને હંમેશને માટે દેવામાં અને દુઃખમાં નાખનારાં પગલાં બીજાઓએ ચેતવ્યા છતાં પણ ઉઘાડી આંખે લેવાં હોય; દેશના તમામ ધંધા અને વેપાર ભાગી પડે પણ પરદેશીઓના સેંકડો ધંધા દર વર્ષે વધુ ને વધુ ફૂલતા ફાલતા જાય એવી દાનત રાખવી હોય; તથા મોટા



મોટા પગારોવાળી જગાઓ પરદેશીઓને જ આપીને મહેસૂલનો મોટો ભાગ પરદેશ જ ઘસડી જવો હોય; તો પછી, હિંદુસ્તાન, સતત દુકાળનું, મિનિટે મિનિટે અને કલાકે કલાકે ભૂખે ટળવળીને મરણ પામતા સેંકડો અને હજારો લાખો લોકોનું "મંગળધામ" બની રહે, તેમાં નવાઈ શી?

આપણા હાથમાં સપડાયેલા આ દેશને કેટલો બધો સમૃદ્ધિમાન અને સુખી બનાવી શકાય તેમ હતું, છતાં, જાણીબૂજીને, ઉઘાડી આંખે, આપણે તેની શી સ્થિતિ આણી છે, તેનો વિચાર કરીએ છીએ ત્યારે મનમાં એવો પ્રશ્ન ઊભો થયા વિના નથી જ રહેતો કે, જગતમાં કોઈ દિવસ એ માટે આપણે કોઈને પણ જવાબ આપવો નહિ પડે?

# પરિશિષ્ટ ૧

## હિંદી વજીર સર હેન્રિ ફાઉલરને લખેલા પત્રમાંથી ઉતારા

"દેશના ૩૫ વર્ષના અનુભવવાળો કર્નલ બ્લૂમફિલ્ડ મારા પત્રના જવાબમાં કહે છે કે, ઓરિસામાં વરસાદ ઓછો પડે છે માટે દુકાળ પડયાં કરે છે. પરંતુ ઈ. સ. ૧૮૬૫–૬૬ના દુકાળ વખતે ઓરિસામાં વરસાદ તો બીજાં વર્ષોના જેટલો, પૂરેપૂરો ૬૦ ઇંચ જ પડયો હતો. પણ તે અયોગ્ય વખતે પડયો અને એક સામટો ઘણો વધારે પડયો. સર આર્થર કોટન કહે છે કે, જો તે વખતે આખા પ્રાંતમાં સરોવરો ખોદાવેલાં હોત, તથા તેમાંથી ખેતરોને પાણી પૂરું પાડવા કાંસ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખોદાવેલા હોત, તો આ દુકાળ કદી ન પડત. ઈશ્વરે તો પૂરતો વરસાદ આપ્યો હતો, પરંતુ તેનો યોગ્ય સંઘરો ન કરી; તેને પ્રજાના કામમાં ન આણનાર સરકારનો જ દોષ હતો. મારી પાસે જિલ્લાવાર આખા પ્રાંતના નકશા તૈયાર છે; અને તેના વડે હું સાબિત કરી શકું તેમ છું કે, આપણે જેટલી રકમ રેલવે પાછળ અને નકામા તથા વધારે પડતા લશ્કર પાછળ ખરચી છે, તે જ રકમમાંથી એવી રીતનાં સરોવર અને કાંસ બનાવી શકાયા હોત, કે આ પ્રાંતને હંમેશને માટે દુકાળ અને તંગીથી મુક્ત કરી શકાયો હોત.

"વળી બીજી વાત. ૧૩૦ વર્ષથી માંડીને હિંદુસ્તાન-માંથી જે ભયંકર ઝડપે આપણે ધનસંપત્તિ ઘસડી જવા માંડી છે, તેને પરિણામે દેશમાં ધનસંપત્તિનો કે મૂડીનો એટલો બધો અભાવ થઈ ગયો છે કે, તથા લોકો એટલી હદ સુધીની ગરીબાઈમાં સપડાઈ ગયા છે કે, ખેતીમાં સુધારા કરવાની વાત તો દૂર રહી, પણ કુદરતી નિયમ પ્રમાણે દર વર્ષે ખેતરમાં જે ખાતર નાખવું જોઈએ, તથા વચ્ચે વચ્ચે અમુક વર્ષે વારાફરતી ખેતર પડતર રહેવા દેવાં જોઈએ તેમાંનું કશું જ તેઓ કરી શકતા નથી; અને બજારમાં જે પાકનો ભાવ સારો ઊપજતો હોય, તે એકનો એક પાક દર વર્ષે, ખેતરને નુકસાન થતું હોવા છતાં, લીધા કરે છે. આને કારણે જમીનનો કસ ૩૦ ટકા જેટલો ઘટી ગયો છે. તેનું એક પ્રમાણ નીચે આપું છું.

"ઈ. સ. ૧૮૮૨થી માંડીને અત્યાર સુધીમાં ૧૬,૦૦૦,૦૦૦ એકર નવી જમીનનો, ખેડાણ-જમીનમાં વધારો થયો છે; ૧૪,૫૦,૦૦,૦૦૦ રૂપિયા નહેરો બાંધવા પાછળ ખરચાયા



હતા (નહેરોવાળી જમીન પહેલાં કરતાં છ ગણું વધારે પકવી શકે છે;) તથા ૬૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયા રેલવેના વધારા પાછળ ખરચાયા હતા છતાં :

"ઈ. સ. ૧૮૮૨માં ખેતીની આવક ૩૫૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયા હતી. જ્યારે ઈ. સ. ૧૮૯૮-૯૯માં તે આવક માત્ર ૨૮૬,૦૦,૦૦,૦૦૦ રૂપિયા હતી.

"એટલે કે ખેડાણ જમીનના એકર વધવા છતાં તથા જમીનની પેદાશ અને તે પેદાશના ભાવ વધારનાર નહેરો તથા રેલવેઓ પાછળ આટલા વધુ રૂપિયા ખરચાયા છતાં ખેતીની પેદાશમાં વધારો થવાને બદલે ૬૪,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો. એનો અર્થ એ જ થયો કે જમીનનો કસ અને ફળદ્રુપતા ઘટતાં જાય છે.

—એ ઘટાડો ખાતરને અભાવે, જમીન પડતર રહેવાને અભાવે અને લેવાતા પાકની જાતમાં વરસો વરસ કરવાના ફેરફારને અભાવે થયો છે.

—એ અભાવ મૂડીને અભાવે થયો છે.

—મૂડીનો અભાવ દેશમાંથી દોલત સતત ખેંચી જતા આપણા પરદેશી રાજ્યને કારણે થયો છે.

"એનો અર્થ એ કે, જે પૈસા હિંદુસ્તાનને ફળદ્રુપ અને સમૃદ્ધ બનાવવામાં વપરાવા જોઈતા હતા, તે આપણે ઇંગ્લંડમાં ખેંચી ગયા છીએ.

"વળી ત્રીજી વાત. ૨૧ વર્ષ પહેલાં સર વિલિયમ હંટરે 'ઇંગ્લંડે હિંદુસ્તાનમાં કરેલું કાર્ય' એ વિષય ઉપર ભાષણ આપતાં જણાવ્યું હતું કે, "હિંદુસ્તાનમાં ૪ કરોડ માણસોને પેટપૂરતું ખાવાનું નથી મળતું.'

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ વચન તેમણે ઉચ્ચાર્યાં હતાં ત્યારબાદ દેશની વસ્તીમાં ૬ કરોડ માણસનો વધારો થયો છે. પણ લૉર્ડ કર્ઝનના જ કહ્યા પ્રમાણે દેશની આવકમાં તે દરમ્યાન જરાય વધારો થયો નથી. એટલે જે દેશ પહેલાં જ ચાર કરોડને ખાવાનું આપી શકતો ન હતો, તે હવે આ નવાં વધેલાંને પણ નથી જ આપતો એ સિદ્ધ થયું. ટૂંકામાં અત્યારે દેશમાં ૯ કરોડથી વધારે માણસોને પેટપૂરતું ખાવાનું નથી જ મળતું એમ જરૂર કહી શકાય.

"આ ત્રાસજનક હકીકત ઉપરાંત બીજી એક ભયંકર વસ્તુ એ છે કે, દશકા પહેલાંના કરતાં હવે દર વર્ષે દેશમાં ૧૫ લાખ વધારે માણસો તાવથી મરી જાય છે. સરકારી મેડિકલ રિપોર્ટમાં જ જણાવવામાં આવ્યું છે કે, "આ તાવ એ ભૂખમરો અને પૂરતાં કપડાંના અભાવનું જ બીજું નામ" છે. પરંતુ આપ સાહેબ પણ તરત સમજી શકશો કે, તાવથી એક માણસ મરે ત્યારે બીજાં ૨૦ તેનાથી પથારીવશ થયાં હોય. એટલે સીધી ભાષામાં કહીએ, તો ભૂખમરાથી અને પૂરતાં કપડાંના અભાવથી મરવાની અણી ઉપર આવેલા રોગી લોકોની સંખ્યા ૧૦ કરોડની છે. બીજા શબ્દોમાં, દેશની કુલ વસ્તીનો ત્રીજો ભાગ ભૂખમરાથી મરવાની અણી ઉપર આવી રહેલો—સરકારી ભાષામાં તાવે પડેલો—દર વર્ષે હોય છે.

"હવે ચોથી વાત. ખેડૂતો પાસેથી સરકાર કેટલું નિચોવી નિચોવીને મહેસૂલ લે છે, અને પરિણામે આખા વર્ષની મહેનત પછી પણ ખેડૂત પાસે પેટપૂરતું ખાવા



જેટલુંય કેવી રીતે રહેતું નથી, તેનો એક દાખલો હું નીચે આપું છું.

"એટાના કલેક્ટર મી. ક્રુકે ખેડૂતોમાંથી અનુભવીમાં અનુભવી માણસોને બોલાવ્યા અને તેમને એક સારી સ્થિતિના એટલે કે બે બળદ, હળ અને કૂવાવાળા તથા પાા એકર જેટલા ખેતરના માલિક એવા ખેડૂતની આવક તથા ખર્ચનો હિસાબ નક્કી કરવાનું કહ્યું. તેનું પરિણામ નીચે મુજબ આવ્યું:

| આવક | | ખર્ચ | |
|---|---|---|---|
| | રૂ. આ. પા. | | રૂ. આ. પા. |
| ખરીફ પાક | ૧૨૯–૮–૦ | મહેસૂલ : | ૭૫–૦–૦ |
| રબી પાક | ૮૪–૮–૦ | બીજું ખર્ચ : | ૧૩–૮–૦ |
| કુલ | ૨૧૪–૦–૦ | બીજું ખેતી ખર્ચ : | ૭૯-૧૦-૦ |
| | | બચત | ૪૫-૧૪-૦ |
| | | કુલ | ૨૧૪–૦–૦ |

"એટલે કે માત્ર રૂ. ૪૫–૧૪ આનામાં એક સારી સ્થિતિના ખેડૂતને સારા વર્ષ દરમ્યાન પોતાના કુટુંબ સાથે આખું વર્ષ ગાળવાનું હોય છે. તે વરસે અનાજનો ભાવ ૧ રૂપિયે ૩૪ શેરનો હતો. હવે આ ભાગમાં ખેડૂતના કુટુંબમાં સરેરાશ પાંચ માણસ હોય છે. તો તે કુટુંબને માત્ર અનાજ માટે જ ૫૪) રૂપિયા જોઈએ. અને કપડાં તો જુદાં જ. જો તેના કુટુંબમાં પાંચને બદલે ચાર માણસ ગણીએ, તો પણ અનાજ તથા (માણસ દીઠ ઓછામાં ઓછાં ૨ રૂપિયાનાં કપડાં ગણીએ તો) કપડાં મળીને દરવર્ષે ૧૬ રૂપિયા ખાધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવે. અને પાંચ માણસ ગણીએ, તો ૩૨ રૂપિયા ખાધ આવે.

"હવે, હિંદુસ્તાનમાં કર બહુ ઓછો છે, એ વાત વારંવાર કહ્યા કરવાની તમો સાહેબને બહુ ટેવ છે. તો હું તમને આ વસ્તુ ઉપર વિચાર કરવાની વિનંતિ કરું છું કે — એક આખા કુટુંબને વર્ષનો ત્રીજા કરતાં વધારે ભાગ દરમ્યાન ભૂખમરો અને કપડાંની તંગી વેઠવી પડે તેમ હોવા છતાં, તે કુટુંબની આખા વર્ષની મહેનતના ૨૧૪ રૂપિયામાંથી ૭૫ રૂપિયા મહેસૂલ પેટે પડાવી લેવા, એને શું તમે 'હલકો અને ઓછામાં ઓછો કર' કહેવા માગો છો?

"મહેરબાની કરીને એટલું ધ્યાનમાં રાખજો કે, આ દાખલો પાણીવાળી — એટલે કે કૂવાવાળી જમીનનો છે.

"નીચે બીજી જાતના દાખલા આપું છું. તે દાખલા સરકારી કલેક્ટરે ભેગા કરેલા છે અને સરકારી તપાસના રિપોર્ટમાં પ્રસિદ્ધ થયેલા છે, એ પણ આપ ધ્યાનમાં રાખશો.

| ખેડૂતનું નામ | આવક | ખર્ચ | મહેસૂલ |
|---|---|---|---|
| | રૂ. આ. પા. | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
| રૂપરામ (૧૭ એકર) | ૩૪૧-૯-૦ | ૩૫૦-૦-૦ | ૩૦૬-૦-૦ |
| બક્ષ (૭ એકર) | ૧૦૨-૦-૦ | ૧૨૪-૦-૦ | ૪૦-૦-૦ |
| હીરા (૨૪ એકર) | ૧૬૨-૦-૦ | ૨૩૪-૦-૦ | ૭૨-૮-૦ |

"નીચે સંયુક્ત પ્રાંતના મથુરા જિલ્લાના બે દાખલા છે.

| નામ | આવક | ખર્ચ | મહેસૂલ |
|---|---|---|---|
| | રૂ. આ. પા. | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
| કમલો (૧૦ એકર) | ૯૧-૦-૦ | ૧૦૪-૧૨-૦ | ૩૨-૦-૦ |
| અભેરામ (૯ એકર) | ૧૦૩-૪-૦ | ૧૨૯-૧૫-૦ | ૬૮-૧૫-૦ |



છેલ્લા માણસની ખેતરના પાકની કિંમત તો ૭૦ રૂ. ૪ આના હતી. અને તેમાંથી તેણે રૂ. ૬૮-૧૫-૦ મહેસૂલ ભર્યું. બીજી આવક તો તેણે મજૂરી કરીને મેળવી છે.

"એટાવા જિલ્લાના કલેક્ટર મિ. એલેક્ઝાન્ડર પોતાના રિપોર્ટમાં જણાવે છે કે, મરહાપુરના ૫૫ ખેડૂતોમાંથી બધા જ, વર્ષને અંતે ૮૦૦ રૂપિયાથી માંડીને ૧૦ રૂપિયા સુધીની રકમના દેવા તળે આવી ગયા હતા. ખેડૂતોમાંના ઘણા મોટા ભાગને ઢોર તેમ જ ઘરેણાં વેચી દેવાં પડ્યાં હતાં.

"શાહુકાર અને સરકાર મળીને ખેડૂતનો દાણેદાણો તાણી જાય છે અને પરિણામે ખેડૂતની જિંદગી જિલ્લાની જેલના કેદી કરતાં પણ ખરાબ બને છે. કારણ કે જેલના કેદીને પેટ પૂરતું અન્ન અને ટાઢથી રક્ષણ મળે તેટલાં કપડાં આપવાની ફરજ સરકાર માથે રાખે છે. જ્યારે આ ખેડૂત પોતાની બધી પેદાશ સરકાર અને શાહુકારને ઘેર વિદાય કરી, પછી કેમ કરીને જીવે છે, તે જાણવાની ફરજ કોઈને માથે હોતી નથી. પરિણામે તે રિપોર્ટોમાં સંખ્યાબંધ દાખલાઓમાં જણાવવામાં આવ્યું છે તેમ, લોકો તબિયતને બગાડનાર જંગલી ઘાસ, મૂળિયાં, કે બિયાં વગેરે ખાઈને બીજે વર્ષે પાછા તે જ ક્રમ શરૂ કરવા અથવા તેથી વધારે ખરાબ સ્થિતિમાં સપડાવા જીવતા રહે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ ૨

એક દુકાળથી દેશને કેટલું નુકસાન થાય છે, તેનો હિસાબ.

૧૮૭૭–૭૮ નો દુકાળ

| | રૂપિયા |
|---|---|
| ૧. સરકારે કરેલું મદદ વગેરેનું ખર્ચ | ૮૦,૦૦૦,૦૦૦ |
| ૨. મહેસૂલની ખાધ | ૨૫,૨૦૦,૦૦૦ |
| ૩. પાકની ખાધ [સરકાર કુલ પેદાશનો $\frac{૧}{૬}$ ભાગ મહેસૂલ તરીકે લે છે, તે હિસાબે.] | ૩૭૮,૦૦૦,૦૦૦ |
| ૪. દાણવેરાની ખાધ | ૨,૮૫૦,૦૦૦ |
| ૫. જકાતની ખાધ | ૪,૭૯૦,૦૦૦ |
| ૬. મીઠાની આવકમાં ખાધ | ૨,૭૩૦,૦૦૦ |
| ૭. સોનાચાંદીનાં ઘરેણાંની ખાધ[1] | ૯૮,૮૦૦,૦૦૦ |

૧. "સરકારે ટંકશાળ બંધ કરીને રૂપિયાનો ભાવ કૃત્રિમ રીતે ચડાવી દીધો હોય, ત્યારે ચાંદીનાં ઘરેણાંના માત્ર ૫૦ ટકાની કિંમતના જ ચલણી રૂપિયા મળે." મિ. બારબર.

મુંબઈની ટંકશાળના આંકડા પ્રમાણે લોકોનાં ઘરેણાંની ચાંદી નીચે પ્રમાણે આવી હતી.

| | | |
|---|---|---|
| ૧૮૭૭–૭૮ | ૧,૨૪,૦૦,૦૦૦ | રૂપિયાની |
| ૧૮૭૮–૭૯ | ૧,૮૩,૦૦,૦૦૦ | ,, |
| ૧૮૭૯–૮૦ | ૧,૩૭,૦૦,૦૦૦ | ,, |
| કુલ. | ૪,૪૪,૦૦,૦૦૦ | |

હવે, મિ. બાર્કલેએ કહ્યું છે કે, "જેટલી ચાંદી ટંકશાળમાં પહોંચી, તે તો ખરી રીતે વેપારીઓને લોકોએ વેચેલી ચાંદીનો નાનો



| | |
|---|---|
| ૮. અનાજના વધેલા ભાવને કારણે લોકોને ગયેલી ખાધ | ૧૩૦,૦૦૦,૦૦૦ |
| ૯. નાશ પામેલાં ઢોરની ખાધ (૬,૭૮૫,૦૦૦ ઢોર નાશ પામેલાં. ૭ રૂપિયે ૧ને હિસાબે) | ૪૭,૪૯૫,૦૦૦ |
| ૧૦. મજૂરોની રોજીની ખાધ (૫,૦૦૦,૦૦૦ મજૂરો રોજી વિનાના થયા હતા. ૯ મહિના સુધી, મહિને ૫ાા રૂપિયાને હિસાબે.) | ૨૭,૫૦૦,૦૦૦ |

સરખો જ હિસ્સો હોવો જોઈએ." એ હિસાબે ઉપલી રકમને માત્ર બેએ ગુણતાં લોકોએ ૮,૮૮,૦૦,૦૦૦ રૂપિયાનાં ઘરેણાં વેચ્યાં એમ સિદ્ધ થયું. સોનાનાં ઘરેણાંની કિંમત ૧૦,૦૦૦,૦૦૦ હતી. સર બારબર જણાવે છે કે, આ વર્ષમાં મુંબઈ અને મદ્રાસથી ઘણું સોનું ઇંગ્લંડ ચડયું હતું અને સર. એચ. હેએ જણાવ્યું છે કે, તેમને હિંદુસ્તાનથી જે સોનું મળ્યું હતું, તે બધું ઘરેણાં ઓગાળીને કરેલું હતું.

આ આંકડા કેટલા અગત્યના છે તે ધ્યાનમાં રાખવાનું છે. કારણકે, દશ કરોડની કિંમતનાં આ ઘરેણાં દુકાળ વખતે મરી ગયેલા ૫૦ લાખ અને સરકારની મદદ ઉપર રહેલા ૧૦ લાખ માણસો પાસેથી તો નહિ જ આવ્યાં હોય. તો પણ તેમના ૨ લાખ રૂપિયા બાદ કરીએ, તો પણ બાકીની બધી રકમ વચલા વર્ગના લોકો પાસેથી આવેલી; એટલે કે અનાજના ભાવ બેહદ ચડી ગયા હોવાથી તેમને ઘરેણાં વેચીને જીવતા રહેવું પડેલું. અને હવે ભાવ હંમેશાં ચડેલા જ રહેતા હોવાથી, લોકો પાસે જરાય સંપત્તિ ભેગી કેમ નથી થતી, તેનું કારણ સમજશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | |
|---|---|
| ૧૧. ખેડૂતોને મૂડીની અને શાહુકારોને વ્યાજની ગયેલી ખાધ (ફેમિન કમિશનના રિપોર્ટ પ્રમાણે ૨૦ લાખ ખેડૂતોને માથા દીઠ સરેરાશ ૫૦ રૂપિયા દેવું હતું. એટલે કે ૧૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયા. તેમનો ૨૦ ટકા ભાગ દુકાળને લીધે નાશ પામ્યો તે રીતે ગણતાં.) | ૨૦,૦૦૦,૦૦૦ |
| ૧૨. ધંધોરોજગાર ઘટી જવાથી વેપારીઓ અને દુકાનદારોને ગયેલી ખાધ | ૧૦,૦૦૦,૦૦૦ |

(અડસટ્ટો)

મદ્રાસ ઇલાકાના ૧૮૭૭ના દુકાળની

કુલ ખાધ ૮૨,૭૩૬,૫૦૦૦

એટલે કે, લગભગ ૮૩,૦૦૦,૦૦૦૦

૮૩ કરોડ રૂપિયા!

અને ઉપરાંત ૫૦ લાખ માણસની જિંદગી: એ જિંદગીઓની રૂપિયા આના પાઈમાં કિંમત કોણ કાઢી આપશે?

## ૬

# ઘરેણાં અને ઝવેરાતથી ઊભરાતું હિંદુસ્તાન!

લૉર્ડ કર્ઝને પોતાના ભાષણમાં જણાવ્યું છે કે: "દર વર્ષે હિંદુસ્તાનમાં મોટી રકમનું સોનું અને ચાંદી આવ્યાં જ જાય છે. અને તે બધું જ લોકો ઘરેણાં બનાવવામાં કે દાટી મૂકવામાં વાપરે છે. એમ છતાં લોકો શી રીતે કહેવાની હિંમત કરે છે કે, હિંદુસ્તાન અંગ્રેજોના રાજ્યમાં ગરીબ બનતું જાય છે?"

ઇંગ્લંડમાં પણ એક અગ્રગણ્ય છાપાએ હિંદુસ્તાનના લોકોની ઘરેણાં બનાવવાની અને સોનું ચાંદી જમીનમાં દાટી મૂકવાની ટેવ વિષે ખૂબ ટીકા કરી હતી.

બિચારા હિંદુસ્તાનને દરેક બાબતમાં આમ જ બને છે. તેને દાઝ્યા ઉપર ડામ દીધા સિવાય આપણને ચાલતું જ નથી. હિંદુસ્તાનમાં દર વર્ષે કરોડો માણસો દુકાળ અને ભૂખમરાથી મર્યાં જ જાય છે, તે વખતે પણ આપણને બોલ્યા વિના રહેવાતું નથી કે, લોકો સોનું ચાંદી દાટી દાટીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લખપતિ થતા જાય છે; અને ઘરેણાં ઉપર ઘરેણાં શરીર ઉપર લાદ્યા કરે છે. છતાં એ દલીલનો રદિયો તો આપવો જ જોઈએ.

સરકારી આંકડાઓ મુજબ ઈ. સ. ૧૮૩૫ થી ૧૯૦૦ સુધીનાં છેલ્લાં ૩૫ વર્ષ દરમ્યાન હિંદુસ્તાનમાં કુલ ૩૭૪,૮૫૩,૮૫૭ પાઉંડનું સોનું અને ચાંદી ૬૫ વર્ષ દરમ્યાન હિંદુસ્તાનમાં આવ્યાં છે.

હવે તેમાંથી લોકોને ઘેર કેટલાં ગયાં છે, તે તપાસીએ.

| | પાઉંડ |
|---|---|
| તે ૬૫ વર્ષ દરમ્યાન સરકારે ટંકશાળ માટે વાપર્યું : | ૩૪,૫૭૦,૬૬૫ |
| દેશીરાજ્યોએ ટંકશાળ માટે વાપર્યું : | ૧૩,૦૦૦,૦૦૦ |
| સરકારના અંદાજ પ્રમાણે ૬૫ વર્ષ દરમ્યાન સિક્કાઓના ઘસારા પેટે જતા કરવાના : | ૬૫,૦૦૦,૦૦૦ |
| નાની નાની ઘૂઘરીઓવાળાં ઘરેણાંના ઘસારા પેટે માણસદીઠ વર્ષે એક આના લેખે ગણીએ તો પણ : | ૪૩,૩૩૩,૨૯૦ |
| એટલે લોકો માટે કુલ બાકી રહ્યું | ૨૨૧,૯૪૯,૯૦૨ |

એ ૬૫ વર્ષ દરમ્યાન બ્રિટિશહિંદની સરેરાશ વસ્તી ૧૮ કરોડની ગણીએ, તો દર વર્ષે માથાદીઠ ૪ ૧/૪ આનાની કિંમતનું સોનું દેશના લોકોએ "ઘરેણાં લાદવામાં" કે "જમીનમાં દાટવામાં" વાપર્યું છે!! અને આટલી મોટી રકમ ઉપર તો વાઇસરોય સાહેબ કહેવા માગે છે કે, "હિંદુસ્તાનના લોકો દર વર્ષે આટઆટલું સોનું ચાંદી જમીનમાં દાટ્યા કરે છે, તો પણ હિંદુસ્તાન ગરીબ બનતું જાય છે તેમ શી રીતે કહેવામાં આવે છે.



પરંતુ બીજી કેટલીક વિગતો બાદ કરવાની રહે છે. દેશીરાજ્યોના લોકો અંગ્રેજ સરકારની પ્રજા કરતાં પ્રમાણમાં વધુ સમૃદ્ધ છે; એટલે તેઓ સ્વાભાવિક રીતે વધુ ઘરેણાં પહેરે છે તથા વધારે સોનુંચાંદી સંઘરે છે. સામાન્ય રીતે દેશી-રાજ્યોની પ્રજાનો કુલ વેપારમાં ૧/૫ થી પણ વધારે હિસ્સો હોય છે એટલે સોનાચાંદીની કુલ આમદાનીમાંથી પણ તેમનો ૧/૫ ભાગ બાદ કરવો જોઈએ. તો પછી અંગ્રેજી પ્રજાને ભાગે દર વર્ષે માથા દીઠ ૩ ૧/૪ આનાનું સોનું કે ચાંદી આવે!

આપણે મુંબઈ ઇલાકાનો જ દાખલો લઈએ. તેના વેપારના આંકડા તપાસશો તો માલૂમ પડશે કે, રજપૂતાના, મધ્યહિંદ અને નિઝામ હૈદ્રાબાદનાં દેશીરાજ્યો જેટલી કિંમતનો માલ મુંબઈ થઈને પરદેશ મોકલે છે, અને જેટલી કિંમતનો બહારથી મંગાવે છે, તે બે વચ્ચે ૭,૧૩,૦૫,૭૯૬ રૂપિયાનો તફાવત છે. એટલે કે, તેઓને આટલા રૂપિયા માલમાં નહિ પણ રોકડ નાણાં અથવા સોનાચાંદીરૂપે પાછા મળે છે. હિંદુસ્તાનમાં આવતાં સોનાચાંદી ક્યાં જાય છે, તે હવે બધા સમજી શકશે.

જો બીજી બધી વસ્તુઓ સમાન હોત, અને બહારથી આવતાં સોનાચાંદી દેશ પરદેશ ચડાવેલા માલ ઉપર નફા તરીકે આવતાં હોત, તો એમ કહી શકાય કે, વખત જતાં હિંદુસ્તાન જરૂર થોડોઘણો સંઘરો કરી શકે. પરંતુ શ્રી. દાદાભાઈ કહે છે તેમ:

"વસ્તુસ્થિતિ તેવી છે જ નહિ. જે ચાંદી આવે છે, તે દેશે કરેલી નિકાસ ઉપર નફા તરીકે નથી આવતી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખરી વાત તો તેથી ઊલટી જ છે. જો હું ૨૦ પાઉંડનો માલ કોઈને આપું, અને બદલામાં મને ૫ પાઉંડનો માલ મળે અને ૫ પાઉંડની કિંમતની ચાંદી મળે અને એ રીતે મને ૨૦ પાઉંડના માલના બદલામાં બધું થઈને માત્ર ૧૦ પાઉંડ જ મળતા હોય, તો પછી પાંચ પાઉંડની ચાંદી મને મળે એટલે દર વર્ષે હું પાંચ પાઉંડ જેટલો પૈસાદાર બનતો જાઉં છું એમ કોઈ કહે, તો તો પછી મારી સંપત્તિ ખરે જ ઈર્ષાજનક ગણાવી જોઈએ."

જે લોકો આ બધી વિગતો ઉપર ધ્યાન આપ્યા વિના, દર વર્ષે દેશમાં ચાંદી આવે છે તેટલા ઉપરથી જ દેશ સમૃદ્ધ બનતો જાય છે એમ કહેવાની અક્કલ બતાવે, તેમને પેલી કીડી જેવા જ ગણવા જોઈએ કે, જેને માત્ર એક કણ જ ખાવા જોઈતો હોય તેથી કરીને આઠ વેંતનો માણસ પેટ પણ ન ભરાય તેટલો એક ટુકડો રોટલો ખાવા પાસે તે જોઈને આશ્ચર્ય બતાવવા મંડી જાય.

આ બધું ધ્યાનમાં લીધા બાદ પણ એક વસ્તુ ખ્યાલમાં રાખવાની છે કે, ઇંગ્લંડના કરતાં હિંદુસ્તાનમાં, વેપારના વિસ્તારના પ્રમાણમાં વધારે ચલણી નાણું જોઈએ છે. અને તેનું કારણ, હિંદુસ્તાનમાં પ્રવર્તી રહેલી શાખના વ્યવહારની અગવડ છે, જે સુધારવા સરકારે ધ્યાન આપ્યું નથી.*

---

*જુદા જુદા દેશોમાં દશ લાખની વસ્તીએ બેંકોનું પ્રમાણ નીચે મુજબ છે (ઈ. સ. ૧૯૨૫):

ઇંગ્લંડ ૨૮૫, અમેરિકા ૨૫૬, જપાન ૯૨, હિંદુસ્તાન ૨. તેમાં પણ ઈ. સ. ૧૯૧૩ પછી હિંદુસ્તાનમાં ૯૦ બેંકો ફડચામાં ગઈ, તેથી બેંકો ઉપર લોકોનો અવિશ્વાસ વધતો ગયો. ગામડાંમાં શાહુકારની પ્રતિષ્ઠા સરકારે ઓછી કરી નાખી છે. આવી સ્થિતિમાં નજીવી આવકમાંથી પણ જે કાંઈ બચત હોય, તે લોકો બીજે ક્યાં રાખે? આ કારણે લોકો સોનારૂપા તરફ નજર ન નાખે તો શું કરે?



આ બધી વસ્તુઓ જોયા બાદ સમજાશે કે દેશમાં આવતાં સોનાચાંદીનું શું થાય છે. તેમાંનો ઘણો મોટો ભાગ તો વેપારના સામાન્ય વ્યવહાર માટે જોઈએ છે અને તેને માટે જ વપરાય છે. છતાં બહારથી આવતાં સોનાચાંદીના પ્રમાણ ઉપર જ જેઓ દેશની સંપત્તિનો હિસાબ કાઢવા જાય છે તેમને એક જ વાત કહેવી બસ થશે કે, જે વર્ષે દેશમાં વધારેમાં વધારે સોનુંચાંદી આવ્યાં હતાં, તે જ વર્ષે એટલે કે ઈ. સ. ૧૮૭૭–૭૮માં જ આખા દેશમાં ભયંકરમાં ભયંકર દુકાળ પડ્યો હતો!

વળી બીજી એક દલીલ એ કરવામાં આવે છે કે, દેશમાં કરોડો રૂપિયાનું ઝવેરાત પેટીઓમાં પડી રહેલું છે; લોકોને જરઝવેરાત વાપરવાની ટેવ વધારે હોવાથી જે પૈસા વેપારઉદ્યોગમાં રોકાયેલા હોવા જોઈએ, તે આવી આવી નકામી વસ્તુઓમાં રોકાઈ રહે છે. મિ. ડેનિયલ કહે છે કે, આખા દેશમાં નહિ નહિ તો ૪ અબજ ૫૦ લાખ રૂપિયાનું ઝવેરાત પડેલું છે. હવે તે સાહેબનો ૩૦ વર્ષ ઉપર કરેલો अडसट्टो ज વસ્તુસ્થિતિ તરીકે સ્વીકારી લઈએ, તેમજ ધ્યાનમાં રાખીએ કે એ જરઝવેરાત લોકોએ અંગ્રેજોના રાજ્યમાં પેદા નથી કર્યું પણ જમાનાઓથી પેઢી દર પેઢી તેમને વારસામાં મળેલું છે, તેમ છતાં કોઈને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હિંદુસ્તાનની એ ગરીબાઈ જોઈને દુઃખ થવાને બદલે તેની એ સંપત્તિ જોઈ આશ્ચર્ય શી રીતે થાય તે સમજી શકાતું નથી. કારણ કે, ડેનિયલે જણાવેલી સંપત્તિ મોટે ભાગે લોકોને વારસામાં મળેલી છે. તે સંપત્તિ વસ્તીમાં વહેંચી દેવામાં આવે, તો માણસ દીઠ ૧૪ રૂપિયાની કિંમતની પણ ભાગે નથી આવતી. આને તે "દટાયેલી" સંપત્તિ કહેવી જોઈએ કે, નાગી, ઉઘાડી, ભયંકર ગરીબાઈ ગણવી જોઈએ! હિંદુસ્તાન વિષે ખોટી ખોટી વાતો કરનાર સ્ટ્રેચીએ પણ આમની સભાની કમિટી આગળ ભાર દઈને કહ્યું હતું, "હિંદુસ્તાનમાં ચારે બાજુ વ્યાપી રહેલી ગરીબાઈનો વિચાર કરો, લોકો પાસે ભેગી થયેલી મૂડીના તદ્દન અભાવ ઉપર વિચાર કરો."

લોકોને અત્યારે જે દેવું છે, તેનો જ સરવાળો ગણીએ તો પણ ડેનિયલ સાહેબનું ઝવેરાત તો ક્યાંય ઊડી જાય, અને લોકો પાસે એક પાઈની કિંમતની પણ ભેગી થયેલી કે "દાટેલી" મૂડી ન રહે.

જે અંગ્રેજોને હિંદુસ્તાનના લોકોની આટલી મોટી સંપત્તિની અદેખાઈ આવે છે, તેઓની પોતાની જ સંચિત સંપત્તિ જણ દીઠ ૪૫૦૦ રૂપિયાની છે. તે વસ્તુ ઉપર તેઓને ખ્યાલ જ નથી જતો. વળી ૧૪ રૂપિયાની સંપત્તિવાળા માણસને સંપત્તિમાન, કે સમૃદ્ધિમાન શી રીતે કહેવો તે પણ મને સમજ નથી પડતી.

લગભગ બધા જ અંગ્રેજો ટીકા કરે છે કે, હિંદુસ્તાનના લોકો જરજવાહીરમાં ખૂબ પૈસા નાખી મૂકે છે



અને વેપારઉદ્યોગમાં નથી નાખતા. પણ હું એ સવાલ પૂછું છું કે અંગ્રેજો જે પૈસા બેંકમાં અને શેરોમાં રોકે છે તે બધા પોતાનાં જરજવાહીર, રેશમ અને ઊનના સૂટ, પોતાનાં ઝુંમરો, તખતાઓ, ફોટોગ્રાફો, કળાના નમૂનાઓ, શોભાનાં રમકડાં અને પૂતળાં એ બધું વેચી વેચીને મૂકે છે કે તે બધું ખરીદ્યા પછી જે બાકી રહે છે તે મૂકે છે?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭

# હિંદુસ્તાનની લૂંટ: તેનું પ્રમાણ અને પરિણામ

આખી દુનિયામાં હિંદુસ્તાન જેવો એક પણ દેશ નહિ હોય જ્યાંની સરકાર પોતાની પ્રજાની સુખસમૃદ્ધિ વધ્યાં જ કરે તે માટે તનતોડ પ્રયત્ન નહિ કરતી હોય. થોડાં વર્ષો અગાઉ જે દેશો હિંદુસ્તાનની સરખામણીમાં કંગાળ જંગલીઓ હતા તે બધા અત્યારે વેપારઉદ્યોગમાં તેને ક્યાંય ટપી ગયા છે; માત્ર હિંદુસ્તાન જ દર વર્ષે ગરીબાઈ અને ભૂખમરામાં સપડાતો જાય છે.

હિંદુસ્તાનમાં એક સુધરેલામાં સુધરેલી પ્રજા રાજ્ય કરે છે; છતાં આવું કેમ બનતું જાય છે?

તેનું કારણ એક જ છે. અને તે એ કે, હિંદુસ્તાનનું રાજ્ય, તેના લોકોની સંપત્તિ કેમ વધે તે સિદ્ધાંત ઉપર નથી ચલાવવામાં આવતું; પરંતુ તે દેશના પૈસા ઘસડી જઈ પોતાની એટલે કે પરદેશી પ્રજા કેમ સંપત્તિમાન બને, એ સિદ્ધાંત ઉપર ચલાવવામાં આવે છે.



અત્યાર સુધી આપણે હિંદુસ્તાનમાંથી દર વર્ષે હંમેશને માટે પરદેશ ઘસડી જવામાં આવતા પૈસા વિષેનો ઉલ્લેખ વારંવાર કરતા આવ્યા છીએ. પરંતુ આ પ્રકરણમાં તેનું પ્રમાણ અને તેનાં પરિણામ જરા વધુ ચોકસાઇથી જોવાનો પ્રયત્ન કરીએ.

ઈ. સ. ૧૮૯૮–૯૯ની સાલમાં હિંદુસ્તાનમાંથી માલ, ખજાનો વગેરે બધું મળીને ૮૦,૦૮૬,૪૪૭ પાઉંડની નિકાસ થઈ હતી. જ્યારે, માલખજાનો બધું મળીને પરદેશથી આયાત ૫૭,૫૩૧,૩૦૩ પાઉંડની થઈ હતી. એટલે કે, એક વર્ષના વહેવારમાં જ દેશમાંથી હંમેશને માટે ૨૨,૫૫૫,૧૪૪ પાઉંડ એટલે કે ૩૪ કરોડ ૫૦ લાખ રૂપિયા પરદેશ તણાઈ ગયા હતા. એ રકમમાંથી મોટો ભાગ ઇંગ્લંડ જ ગયો છે. નીચે આપેલી ‘હોમચાર્જીસ’ (એટલે કે, હિંદુસ્તાન માટે ઇંગ્લંડમાં કરવામાં આવતા ખર્ચની રકમ)ની વિગતો ઉપરથી સમજી શકાશે કે, જો દેશમાં પરદેશીઓનું રાજ્ય ન હોત, તો તે રકમમાંથી ઘણો મોટો ભાગ દેશમાંથી પરદેશ ચાલ્યો ગયો ન હોત.

| વિગત | રકમ પાઉંડ |
|---|---|
| ૧. દેવાના વ્યાજ ખાતે ઇંગ્લંડ મોકલવી પડતી રકમ | ૮,૭૨૯,૨૯૦ |

[ મોટા પરદેશી પગારદારો રાખીને, હદ ઉપરાંતનું પરદેશી લશ્કર રાખીને, તથા પોતાના વેપાર અને લશ્કરની જ સગવડ ખાતર જોઈએ તે કરતાં વધારે રેલવેઓ બાંધીને આ દેવું કરવામાં આવેલું છે. લોર્ડ સેલિસબરી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કહે છે તેમ અંગ્રેજોએ હિંદુસ્તાનને ચૂસી ચૂસીને પૂણી જેવો કરી નાખ્યો ન હોત, તો આટલી તો શું પણ તેનાથી દસ ગણી મૂડી હિંદુસ્તાનમાંથી જ મળી રહી હોત.]

આ વ્યાજની રકમ એટલે કે દેશની માથાદીઠ ૨૮૮ આનાની આવકમાંથી માથાદીઠ ૮ આના એટલે ૧/૩૬ મો ભાગ:

એટલે કે ૧૧ દિવસનું ખાધાખર્ચ.

અને ૧૦ લાખ પૈસાદારો બાદ કરીએ, તો બાકીના ગરીબોની માથાદીઠ આવકનો ૧/૨૦ મો ભાગ:

એટલે કે ૧૮ દિવસનું ખાધાખર્ચ.

| | |
|---|---|
| ૨. પેન્શનો વગેરેની રકમ | ૬,૪૬૪,૯૩૩ |

એટલે કે દેશની માથાદીઠ ૨૮૮ આનાની આવકમાંથી ૬ આના. એટલે ૧/૪૮ મો ભાગ.

એટલે કે આઠ દિવસનું ખાધાખર્ચ.

ઉપરની પેઠે માત્ર ગરીબો જ ગણીએ, તો

૧૪ દિવસનું ખાધાખર્ચ

| | |
|---|---|
| ૩. સ્ટોર વગેરેની ખરીદી | ૧,૧૦૮,૯૭૪ |

એટલે કે, માથાદીઠ ૧ આનો અથવા

૧/૨ દિવસનું ખાધાખર્ચ.

અથવા માત્ર ગરીબો જ ગણીએ, તો

૨ દિવસનું ખાધાખર્ચ.

એટલે કે —



૧૦ લાખ પૈસાદાર માણસો બાદ કરતાં દેશના તમામ સ્ત્રી, પુરુષ અને બાળકોનું માથાદીઠ ૩૪૧/૫ દિવસનું ખાધાખર્ચ ઇંગ્લંડને દર વર્ષે વ્યાજ, પગાર, પેન્શન વગેરે પેટે ભરવું પડે છે. બીજા શબ્દોમાં, હિંદુસ્તાન જેવા ગરીબ દેશના દરેક સ્ત્રી, પુરુષ અને બાળક પાસેથી પાંચ અઠવાડિયા જેટલું ખાધાખર્ચ પડાવીને દુનિયાના એક પૈસાદારમાં પૈસાદાર દેશને વધારે પૈસાદાર કરવા દર વર્ષે આપવામાં આવે છે. પરિણામે, અંગ્રેજ સરકારના રાજ્યમાં દર વર્ષે ૨૦ લાખ માણસો ભૂખે જ ટળવળતાં મરી જાય છે; અને ૪૦ લાખ માણસો ભૂખમરાને કારણે રોગમાં સપડાઈ મોતને કિનારે ઝૂકી રહ્યાં હોય છે, એમાં કાંઈ નવાઈ છે?

ગઈ સદીનાં છેલ્લાં ૬૫ વર્ષથી હિંદુસ્તાન અંગ્રેજોના પૂરેપૂરા તાબામાં આવ્યો એમ કહી શકાય. ત્યારથી માંડીને તેઓ હિંદુસ્તાનમાંથી કેટલા રૂપિયા ઘસડી ગયા છે, તેનો આપણે અંદાજ કાઢીએ.

૧૮૩૪–૩૫ થી ૧૮૯૮–૯૯ સુધીનાં ૬૫ વર્ષ દરમ્યાન

| | કિંમત પાઉંડ |
|---|---|
| દેશમાંથી બહાર ગયેલો માલ (નિકાશ): | ૨,૨૩૪,૧૪૭,૫૩૦ |
| બહારથી આવેલો માલ (આયાત): | ૧,૮૮૯,૨૯૫,૮૪૦ |
| દેશમાંથી ગયા | ૪૪૪,૮૫૧,૬૯૦ |
| તેમાં ૧૦ ટકા લેખે વેપારનો નફો ઉમેરો: | ૪૪,૪૮૫,૧૬૯ |
| કુલ | ૪૮૯,૩૩૬,૮૫૯ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે કે, દર વર્ષે : ૭૫,૨૯,૭૯૮ પાઉંડ.
સહેલી રકમ તરીકે ગણો : ૭૫,૦૦,૦૦૦ પાઉંડ.

આખા ૧૯મા સૈકા દરમ્યાન કેટલું નાણું બહાર ઘસડાઈ ગયું છે, તે હવે જોઈએ.

| | પાઉંડ |
|---|---|
| ૧. મિ. મૉન્ટગોમરી માર્ટિનની ગણતરી પ્રમાણે ઈ. સ. ૧૮૦૦થી ૧૮૩૪–૩૫ સુધી ઇંગ્લંડે હિંદુસ્તાનમાંથી ઉઠાવેલું નાણું: વ્યાજ સાથે | ૭૨૩,૦૦૦,૦૦૦ |
| ૨. ૧૮૩૪–૩૫ થી ૧૯૦૦ સુધીની ઉપર જણાવેલી રકમ: પાંચ ટકા લેખે ચક્રવૃદ્ધિ વ્યાજ ગણતાં | ૪,૧૮૭,૯૨૨,૭૩૨ |
| કુલ | ૪,૯૧૦,૯૨૨,૭૩૨ |

મેં વ્યાજનો દર પાંચ ટકા જેટલો જ ગણ્યો છે. પરંતુ રેલવે કંપનીવાળા અંગ્રેજો આ દેશમાંથી જ પોતાની મૂડી ઉપર દર વર્ષે ૯૯ ટકા જેટલો નફો ઉઠાવી ગયા છે તે જોતાં, ઉપરની રકમ દેશમાં જ રહી હોત તો દેશી લોકોને જરૂર વધારે દર મળ્યો હોત.

હજુ ઉપરની રકમમાં થોડો સુધારો કરવાનો બાકી રહે છે. ઉપર મેં ૧૮૩૪–૩૫ થી ૧૯૦૦ સુધીની રકમ અંદાજથી દર વર્ષે ૭,૫૦૦,૦૦૦ પાઉંડની ગણી છે. પરંતુ સરકારી આંકડા પ્રમાણે ૧૮૩૪–૩૫ થી ૧૮૯૮–૯૯ સુધીમાં હિંદીસરકારે ઇંગ્લંડની ઇંડિયા ઑફિસને ૬૧૦,૩૮૯,૧૩૯ પાઉંડ ભર્યા છે; ઉપરાંત ઇંડિયા ઑફિસે ઇંગ્લંડમાં



૧૨૪,૨૬૮,૬૦૫ પાઉંડ દેવું કરીને લીધા છે. આ રકમોનો સમાવેશ આપણે ઉપર ગણેલી આયાત નિકાશની રકમોમાં થતો નથી; એટલે તેમને આપણા હિસાબમાં ઉમેરી લેવી જ જોઈએ.

| | પાઉંડ |
|---|---|
| ઉપર કરેલી ગણતરીના નવા ઉમેરવાના: | ૪,૯૧૦,૯૨૨,૭૩૨ |
| ઇંડિયા ઑફિસના, પાંચ ટકા લેખે ચક્રવૃદ્ધિ વ્યાજ તથા દેવું કરીને લીધેલા સહિત: | ૧,૧૬૯,૨૪૯,૨૮૯ |
| કુલ | ૬,૦૮૦,૧૭૨,૦૨૧ |

એટલે કે, છેલ્લાં ૧૦૦ વર્ષમાં થઈને તેમણે કુલ ૯૧ અબજ રૂપિયા ઉપાડ્યા છે. આ હિસાબે દુનિયાનો ગમે તેવો પૈસાદાર દેશ પણ ચુસાઈને પૂણી જેવો થઈ જાય, તેમાં શી નવાઈ!

આ રકમ જો દેશમાં જ રહી હોત, તથા દેશના બધા હુન્નરઉદ્યોગ પરદેશીઓએ જાણી જોઈને કચરી ન નાખ્યા હોત, તો તેના વડે હિંદુસ્તાન દેશ અત્યારે, વેપારહુન્નર, કળાકૌશલ્ય અને કેળવણી-સંસ્કારની કેટલી હદે પહોંચ્યો હોત, તેની કલ્પના કરી શકાતી નથી. ઉપરાંત, મોટા મોટા હિંદી વેપારીઓ અને ધંધેદારીઓની જગપ્રસિદ્ધ ઉદારતાને કારણે પ્રજાવર્ગને તળાવ, મંદિર, ધર્મશાળા, દવાખાનાં, રસ્તા, ઝાડ, સદાવ્રત વગેરે મારફતે કેટલાં સુખશાંતિ મળ્યાં હોત, તેમજ મુસલમાન બાદશાહોએ પોતાની ડહાપણભરી રાજનીતિ વડે આખા દેશમાં મોટી મોટી નહેરો વડે લાંબા લાંબા જળમાર્ગો કરી મૂકી, દેશનાં ખેતી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વેપાર અને ઉદ્યોગોને કેટલાં વિકસાવી મૂક્યાં હોત, તેની કલ્પના કરવી ફોગટ છે.

ઉપર જે મેં હિસાબ કાઢયો છે, તે પૂરેપૂરો તો નથી જ એમ મને ડગલે ને પગલે લાગ્યા કર્યું છે. કોઈક ચમત્કારથી આપણને હિંદુસ્તાનમાંથી ઘસડાઈ ગયેલી રકમનો સાચેસાચો આંકડો હાથ આવી જાય, તો તે ઉપર કરેલી ગણતરીથી પાંચ ગણો, દશ ગણો કે સો ગણો મોટો હોય તો નવાઈ નહિ. છતાં આ પુસ્તકમાં આ રકમથી હવે હું વધારે આગળ જવા માગતો નથી. જે માણસને ૯૧ અબજની સંખ્યા જ વિચાર કરતો ન કરી મૂકે, તેને તેનાથી દશ ગણી કે વીસ ગણી મોટી રકમ બતાવીએ તો પણ કાંઈ જ ફળ આવવાનું નથી.

## પરિશિષ્ટ

ઉપર જણાવેલી રકમ ઉપરાંત દેશના લોકોના હિત તરફ બિલકુલ બેદરકાર એવી પરદેશી સરકારે હૂંડિયામણની કૃત્રિમ પદ્ધતિથી દેશને કેટલું નુકસાન કર્યું છે, તેનો થોડો ખ્યાલ વાચકે મેળવવો જ જોઈએ.

આપણે આગળ જોઈ આવ્યા છીએ તે પ્રમાણે, અંગ્રેજ અમલદારોનાં પેન્શનો, ઇંગ્લંડથી દેવું કરીને આણેલી રકમો ઉપર વ્યાજો, તથા ત્યાંની ઇંડિયા ઑફિસના ખર્ચ વગેરે પેટે હિંદુસ્તાનની સરકારને દર વર્ષે મોટી રકમ ઇંગ્લંડ ભરવી પડે છે. હિંદુસ્તાનમાં ચાંદીનાણાનું ચલણ છે; પરંતુ



ઇંગ્લંડમાં સોનાનાણું ચાલતું હોવાથી, તે રકમ સરકારને હૂંડિયામણના દરે પાઉંડમાં ઇંગ્લંડ ભરવી પડે છે.

ઈ. સ. ૧૮૭૦–૪ના ગાળા દરમ્યાન હિંદી સરકારને ઇંગ્લંડ ભરવાની રકમ દર વર્ષે ૧૧,૦૦૦,૦૦૦ પાઉંડની હતી. જ્યારે હૂંડિયામણનો દર રૂપિયે ૨૩ પેન્સનો હતો ત્યારે હિંદી સરકારને તે રકમ ઇંગ્લંડ મોકલવા માટે તિજોરીમાંથી ૧૧૫,૦૦૦,૦૦૦ રૂપિયા ભરવા પડતા. પરંતુ ૧૮૯૫–૯૬માં ઇંગ્લંડ ભરવાની રકમ વધીને ૧૭,૫૦૦,૦૦૦ પાઉંડની થઈ. હવે જો ૨૩ પેન્સનો જ દર ચાલુ રહ્યો હોત, તો સરકારને તિજોરીમાંથી ૧૮૩,૦૦૦,૦૦૦ રૂપિયા કાઢવા પડત. પરંતુ ૧૮૯૫–૯૬માં હૂંડિયામણનો દર એક રૂપિયે ૧૪ પેન્સનો થઈ ગયો હતો, એટલે તેને ૧૮૩,૦૦૦,૦૦૦ રૂપિયાને બદલે ૩૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા ભરવાના થયા. ટૂંકામાં, હૂંડિયામણનો દર એક રૂપિયે ૨૩ પેન્સથી પડીને ૧૪ પેન્સનો થવાથી સરકારને ૧૧૭,૦૦૦,૦૦૦ રૂપિયા નાહકના વધારે ભરવાના થયા. એટલે સરકારે હૂંડિયામણનો દર ઘટતો અટકાવવા ટંકશાળ બંધ કરી, રૂપિયાની અછત કૃત્રિમ રીતે ઊભી કરી; અને તે દર વધારીને ૧૬ પેન્સનો કર્યો. પછી સરકારે જાહેર કર્યું કે, હૂંડિયામણનો દર ઘટતો જવાથી દેશની તિજોરીને ઇંગ્લંડ ભરવાની રકમમાં મોટું નુકસાન જતું હોવાથી, હવેથી તે દર વધારીને રૂપિયે ૧૬ પેન્સનો સ્થાયી કરવામાં આવ્યો છે. એમ કરવાથી તેને ૩૦૦,૦૦૦,૦૦૦ રૂપિયાને બદલે ૨૬૨,૫૦૦,૦૦૦ રૂપિયા ઇંગ્લંડ ભરવાના થયા. એટલે કે સરકારને ૩૭,૫૦૦,૦૦૦ રૂપિયાની બચત થઈ. પરંતુ ખરી રીતે સરકારે પોતાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આટલા નાના લાભને કારણે આખા દેશને કેટલા ખાડામાં ઉતાર્યો તે હવે આપણે જોઈએ.

મિ૦ વાડિયાએ તે વસ્તુ સચોટ રીતે નીચે પ્રમાણે સાબિત કરી આપી છે. પરંતુ તેમણે હૂંડિયામણનો ભાવ ૧૧ ૩/૪ પેન્સથી વધારીને ૧૬ પેન્સનો કર્યો એમ ગણેલું છે, તે ધ્યાનમાં રાખવું.

"સરકાર એમ કહે છે કે, આમ કૃત્રિમ રીતે હૂંડિયામણનો દર ચડાવવાથી પ્રજા ઉપર નવો કર નાખ્યા વિના તેણે તિજોરીમાં બચત કરી છે. પરંતુ કોઈ અભણ માણસને પણ એકદમ તો શંકા આવ્યા વિના ન રહે કે, ગમે તેવો મોટો જાદુગર હોય તો પણ તે શૂન્યમાંથી લાખો રૂપિયા શી રીતે પેદા કરી શકે? ઉપરાંત, બીજી એક પણ વાત સ્પષ્ટ છે કે, કર ભરનારા પાસે પહેલાં તમે ૧૧ ૩/૪ પેન્સ લેતા હતા તેને બદલે હવે ૧૬ લો છો એ જ કર નાખ્યા જેવું નથી? એ વાત હવે હું દાખલો આપી સિદ્ધ કરી બતાવું.

"ધારો કે ઇંગ્લંડમાં રૂનો ભાવ ૪ પેન્સે એક રતલ છે. અને હિંદુસ્તાનના કોઈ ખેડૂતને સરકારી તિજોરીમાં કર પેટે ૧ રૂપિયો ભરવાનો છે. હવે જો હૂંડિયામણનો દર, એક રૂપિયે ૧૧ ૩/૪ પેન્સનો હોય, તો તેને ૩ રતલ કરતાં ઓછું રૂ આપવું પડે. પરંતુ તે દર વધીને રૂપિયે ૧૬ પેન્સનો થાય, તો સ્પષ્ટ જ છે કે, તેને ૪ રતલ રૂ આપવું પડે. એટલે કે સરકારે વધારેલા દરને કારણે તેને હવે ૧ રૂપિયા માટે ૧ શેર રૂ વધારે આપવું પડે છે. એક વાત ખરી છે કે, આ વધારેલા દરથી ઇંગ્લંડથી આવતો માલ હવે સસ્તો પડે.



પરંતુ કોઈ સુધરેલો દેશ પોતાના ખેડૂતોની મૂડી અને મહેનતથી ઉત્પન્ન થયેલ નિકાસને ભોગે પરદેશી માલની આયાતને મદદ કરતો હશે?

"આ વસ્તુને જ હજુ વધારે સ્પષ્ટ કરીએ. ૧૮૯૯–૧૯૦૦માં આપણા દેશની કુલ આયાત ૭૦ કરોડ રૂપિયાની હતી અને નિકાસ ૧૦૮ કરોડ રૂપિયાની હતી. હવે જો હૂંડિયામણનો દર ૧ રૂપિયે ૧૬ પેન્સને બદલે ૧૧ ૩/૪ પેન્સનો હોત, તો પરદેશથી આવેલા માલના આપણને ૭૦ ને બદલે ૯૭ કરોડ રૂપિયા એટલે કે ૨૭ કરોડ રૂપિયા વધારે આપવા પડત. પરંતુ તેજ દરે આપણને આપણા ૧૦૮ કરોડના માલના ૧૫૦ કરોડ રૂપિયા મળત; એટલે કે ૪૨ કરોડ રૂપિયા આપણા ખેડૂતોને વધારે મળત. એનો અર્થ એ થયો કે, પરદેશીના માલના જોકે આપણને ૨૭ કરોડ રૂપિયા વધારે આપવા પડત, પરંતુ તેને બદલે આપણા ગરીબ ખેડૂતોને ૪૨ કરોડ રૂપિયા વધુ ઊપજત. વળી પરદેશથી આવતો માલ મોટે ભાગે યુરોપિયનો અને તવંગર વર્ગના લોકો જ વાપરતા હોવાથી, તે ૨૭ કરોડ રૂપિયામાં ખેડૂતને તો કંઈ જ વેઠવું પડયું ન હોત. એટલે આપણે એમ જરૂર કહી શકીએ કે, હૂંડિયામણનો દર ૧૧ ૩/૪ પેન્સને બદલે ૧૬ પેન્સ કરવાથી ખેડૂતોને ચોખ્ખા ૪૨ કરોડ રૂપિયાની ખોટ ગઈ.

"પરંતુ ખરી રીતે તો ખેડૂતને ૪૨ કરોડ રૂપિયા કરતાં પણ વધુ નુકસાન થાય છે. લૉર્ડ કર્ઝનના જ આંકડા પ્રમાણે આપણા દેશની વાર્ષિક પેદાશ ૪૫૦ કરોડ રૂપિયાની છે. તેમાંથી ૧૦૮ કરોડ રૂપિયા પરદેશ ચડાવેલા માલના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાદ કરીએ, તો ૩૪૨ કરોડની પેદાશ લોકોના વપરાશમાં ગઈ એમ કહી શકાય. હવે હિંદુસ્તાનની વસ્તીનો ૯૦ ટકા ભાગ ખેડૂત છે. એટલે ૩૦૮ કરોડ રૂપિયાની કિંમત જેટલો ભાગ તેમણે વાપર્યો એમ કહી શકાય. અને બાકીના ૧૦ ટકા ભાગે ૩૪ કરોડની પેદાશ વાપરી એમ ઠર્યું. પરંતુ લૉર્ડ કર્ઝનના જ આંકડા પ્રમાણે ખેડૂતોની વાર્ષિક આવક માથા દીઠ ૨૦ રૂપિયા છે અને ખેડૂત સિવાયના લોકોની ૩૦ રૂપિયા છે. એટલે કે, ખેડૂત સિવાયના ૧૦ ટકા લોકો ખરી રીતે ૩૪ કરોડની પેદાશ વાપરવાને બદલે ૫૧ કરોડની વાપરે છે, એમ ઠર્યું. હવે તે ૫૧ કરોડનો માલ ખેડૂતોએ જો ૧૬ પેન્સને બદલે ૧૧½ પેન્સને દરે વેચ્યો હોત, તો તેમને ૧૪ કરોડ રૂપિયા વધારે ઊપજ્યા હોત. એટલે, ખરી રીતે ખેડૂતોને ૪૨ કરોડનું નુકસાન નથી ગયું, પણ ૫૬ કરોડ રૂપિયાનું ગયું છે."

"એટલે કે, સરકારે પોતાને ઇંગ્લંડ ભરવાની રકમમાં ૧૦ કરોડ રૂપિયા બચાવવા જઈને, એક બાજુ ગરીબ ખેડૂતોનો કાચો માલ ૫૬ કરોડ રૂપિયાની ખોટે ઇંગ્લંડના લોકોને સસ્તો વેચાવ્યો; તથા બીજી બાજુ હિંદુસ્તાનના લોકોને વેચેલા માલના ઇંગ્લંડના લોકોને ૨૭ કરોડ રૂપિયા વધારે અપાવ્યા. એટલે કે, ઇંગ્લંડના લોકોને કાચો માલ ખેડૂતોને લૂંટીને સસ્તો અપાવ્યો; અને ઇંગ્લંડનો પાકો માલ દેશના પૈસાદાર લોકોને લૂંટીને મોંઘી કિંમતે વેચી આપ્યો.

"આ તો ખેડૂતોનો જ દાખલો થયો. પરંતુ ટંકશાળ, બંધ કરીને નાણાંની જાણી જોઈને અછત ઊભી કરી, રૂપિયાનો ભાવ વધારવા જતાં સરકારે ચાંદી સંઘરનારાઓને



કેટલું નુકસાન કર્યું છે, તથા બજારમાં ચલણી નાણું ઓછું થવાથી વેપાર રોજગારમાં પૂરતી થાપણ ન મળવાને કારણે વેપારીઓને કેટલું મોટું નુકસાન થયું છે, તેની તો કલ્પના જ કરી લેવી જોઈએ. અંદાજથી આપણે તે ખોટના ૩૦ કરોડ મૂકીએ, તો ખેડૂતોની ખોટ સાથે તે ઉમેરતાં કુલ રકમ ૮૦ કરોડની થાય.* એટલે કે પરદેશનું જ હિત હંમેશાં ઇચ્છનારી પરદેશી સરકારે હિંદુસ્તાનના લોકોને જાણીજોઈને દર વર્ષે ૮૦ કરોડની ખોટમાં ઉતાર્યા છે. દર વર્ષે તેટલી ખોટ વ્યાજ સુધ્ધાં ગણીએ અને તેને ૯૧ અબજની રકમમાં ઉમેરીએ, તો અંગ્રેજ સરકારે દેશમાંથી કરેલી લૂંટનો કંઈક ખ્યાલ વાચકને આવશે.

---

*ઈ. સ. ૧૯૨૭માં સરકારે હૂંડિયામણનો ભાવ ૧૬ પેન્સને બદલે ૧૮ પેન્સ ઠરાવ્યો ત્યારે ઉપરની ગણતરીએ દેશને કેટલું નુકસાન ગયું તેનો અંદાજ નીચે મુજબ છે:

| | | | |
|---|---|---|---|
| સરકારને ઇંગ્લંડ ભરવાની રકમમાં ફાયદો | ૫ | કરોડ | રૂપિયા. |
| પરદેશી માલની આયાતમાં લાભ | ૩૦ | ,, | ,, |
| દેશી માલની નિકાસમાં નુકસાન | ૪૦ | ,, | ,, |
| ખેડૂતોને નિકાસ થતા માલ સિવાયના માલના વેચાણમાં નુકસાન | ૩૦ | ,, | ,, |
| વેપારીઓને નુકસાન | ૭૦ | ,, | ,, |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮

# હિંદુસ્તાનમાં ગરીબાઈ છે જ નહિ :

હોય તો

## દેખાતી કેમ નથી ?

કોઈ પણ અંગ્રેજ અમલદારને હિંદુસ્તાન દેશના લોકોની ગરીબાઈ કે ભૂખમરાની વાત કરીએ છીએ, કે તરત તેનાં ભવાં ચડી જાય છે, નસકોરાં ફૂલી જાય છે અને કપાળમાં કરચલીઓ સાથે તિરસ્કાર તથા દયાથી ઊભરાતી નજરે, તેની સામે બોલવાની હિંમત કરનાર ઉપરથી પોતાની આંખ પાછી ફેરવી લઈ, ખભા હલાવતો તરત ચાલતો થાય છે. તેનો તિરસ્કાર, દુઃખ અને ભૂખમરાની હકીકત સામે નથી હોતો, પણ અંગ્રેજ સરકારના રામરાજ્યમાં લોકો ભૂખે મરે છે તેવું બોલવાની હિંમત કરનાર પેલા "હરામખોર" પ્રત્યે હોય છે.



હિંદુસ્તાન દુઃખી છે? જરા પણ નહિ. માછીમારોના ગામડાંને ઠેકાણે ઊભાં થયેલાં મુંબઈ અને કલકત્તા તરફ જરા નજર કરવાની તો તસ્દી લો! ત્યાં મિનિટે મિનિટે ચીસો પાડતી અને ધુધવાટા કરતી પવનવેગે દોડતી માલખજાનાથી ઠસોઠસ ભરેલી ગાડીઓ અને સ્ટીમરો તરફ જુઓ; ત્યાંના ગગનચૂંબી મહેલો તરફ નજર કરો; લોકોની ધમાલ બજારના વેપાર અને વાહનો તથા રાહદારીઓથી કીડીઓની પેઠે રાતદિવસ ઊભરાતા તેમના વિશાળ રસ્તાઓ તરફ આંખ કરો — અને પછી બોલવા આવો કે હિંદુસ્તાન ગરીબ થતો જાય છે!

પી. ઓ. કંપનીની મોટામાં મોટી સ્ટીમરની ફર્સ્ટ ક્લાસ કેબીનમાંથી ઊતરીને પહેલી વાર એપોલો બંદર ઉપર પગ મૂકનાર પરદેશી મુસાફર પણ મોહમયી નગરીના આકાશ સાથે વાતો કરતા પ્રાસાદો અને મિનારાઓ, સુંદર તથા કીમતી માલથી ભરેલી મોટી મોટી મનોરમ દુકાનો, અને ધંધાદારીઓ તથા ઘરાકોથી ગાજી રહેલી શેરીઓ જોઈને, તથા હિંદુસ્તાનની એ બધી પ્રગતિ, ઉન્નતિ અને સમૃદ્ધિનું કારણ અંગ્રેજો અને તેમનું રાજ્ય છે તે જાણીને, તેમના તરફ ધન્યવાદની લાગણીથી ગળગળો બને છે. પછી મિ૦ સ્ટેવન્સના કહ્યા પ્રમાણે, "દુનિયાના સૌથી ભવ્યમાં ભવ્ય વિકટોરિયા સ્ટેશન" પર થઈને તે મલબાર હિલના કોઈ બંગલામાં અથવા દરિયાકિનારા પરની યુરોપિયનો માટેની ખાસ હોટેલમાં એક રાત વિશ્રાંતિ કરે છે. બીજે દિવસે સુંદર લત્તાઓ, સુંદર મ્યૂઝિયમો અને ગાર્ડનોમાં ઊડતી મુલાકાત, મોટા મોટા પ્રતિષ્ઠિત યુરોપિયન મિત્રોને ઘેર નિમંત્રણો અને........ઇત્યાદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવા પ્રથમ અનુભવ સાથે પહેલા વર્ગના રેસ્ટોરંટ કાર સાથેના રેલવે ડબ્બામાં પછી તેની હિંદુસ્તાનની "આશ્ચર્યજનક તથા આનંદપૂર્ણ" મુસાફરી શરૂ થાય છે. ચારે બાજુ અને જંકશને જંકશને, લોકોની સમૃદ્ધિ અને વેપાર ઉદ્યોગના ધ્યાન ખેંચે તેવા દાખલા જોતો જોતો તે આગળ વધે છે. હિંદુસ્તાનનાં મેદાનો વચ્ચે થઈને મેલ ટ્રેઇનની ઝડપે દોડતી આગગાડીના ડબ્બામાંથી હિંદુસ્તાનના કહેવાતા ગરીબ ખેડૂતોનું કાંઈ ચિહ્ન માલૂમ પડે છે કે નહિ તે જોવાનો તે પ્રયત્ન કરે છે. તેને કહેવામાં આવ્યું હોય છે કે, હિંદુસ્તાનનો ૮૦ ટકા ભાગ ખેડૂતો છે. પણ તેમનાં ગામડાં ક્યાં છે? તે ખેડૂતો ક્યાં છે? અહીં તહીં કોઈ વાર માટીનાં ઝૂંપડાંનું એકાદ ટોળું તેની નજર આગળ થઈને ધસી જતું તેને દેખાય છે, પણ તેમાં માણસો રહેતાં હોય તેમ તો માની શકાય એમ હોતું નથી. એટલે તે જૂના વખતનાં તજી દેવાયેલાં ગામડાંની ભીંતોનાં ખંડેર જ હોવાં જોઈએ.

અલ્હાબાદ! કલકત્તા! દાર્જિલિંગ! દિલ્લી! આગ્રા! પછી એકાદ દિવસ મદ્રાસ અને બને તો રંગુન. આમ બધે જ યુરોપિયન હોટેલોમાં ઊતરીને તથા મોટરોમાં બેસીને હિંદુસ્તાનની સ્થિતિ વિષે "જાતે કરેલી તપાસ" હવે પૂરી થાય છે. અને બીજે મહિને યુરોપના ઉત્તમમાં ઉત્તમ છાપખાનામાં સુંદર સુંદર ફોટાઓવાળું "પ્રમાણભૂત" પુસ્તક છપાવા લાગે છે.

આ કાંઈ કલ્પનામાંથી ઉપજાવી કાઢેલું વર્ણન નથી. પાર્લમેંન્ટના એક સભાસદ ઈ. સ. ૧૯૦૦–૧૯૦૧માં આ દેશમાં



મુસાફરીએ આવ્યા હતા. તે વર્ષ, લૉર્ડ કર્ઝનના પોતાના શબ્દોમાં, "હિંદુસ્તાનમાં કદી નહિ પડેલા એવા ભયંકરમાં ભયંકર" દુકાળના વર્ષ પછીનું વર્ષ હતું. પરંતુ તે સદ્‌ગૃહસ્થે પોતે "જાતે કરેલી તપાસ"નું પરિણામ બતાવતો એક કાગળ લેખકને લખેલો, તેમાંથી નીચેનો ઉતારો હું વાચક આગળ રજૂ કરુ છું:—

"હું ગયા શિયાળામાં હિંદુસ્તાનની મુસાફરીએ ગયો હતો. મેં થોડા દિવસ મુંબઈ, કલકત્તા, દાર્જિલિંગ, બનારસ, લખનૌ, કાનપુર, આગ્રા, દિલ્લી, અને જયપુરમાં ગાળ્યા હતા. મને હિંદુસ્તાનના લોકો ખૂબ જ ગમ્યા, અને મારા મન ઉપર તેમની ઘણી સારી અસર થઈ. મેં ક્યાંય ગરીબાઈ કે ભૂખમરાનું નામનિશાન પણ જોયું નહિ . . શહેરના દેશી લોકોના લત્તાઓ પણ ઉદ્યોગ અને આનંદથી ઊભરાતા લાગ્યા, તથા તેમનાં બાળકો મને નીરોગી અને હૃષ્ટપુષ્ટ લાગ્યાં; રેલવે માર્ગ ઉપર જોવામાં આવતાં ગામડાં, ખેતરો કે ખેડૂતો ઉપરથી મને એમ ન લાગ્યું કે તેઓ કોઈ મહા વિપત્તિમાં સપડાયેલા હોય. . ."

મુંબઈ! કલકત્તા! દાર્જિલિંગ, આગ્રા, દિલ્લી, જયપુર! ફર્સ્ટક્લાસના ડબ્બામાં, સંપૂર્ણ સુખ અને શાંતિ સાથે કરેલી આ મુસાફરીને હિંદુસ્તાનની મુસાફરી કહેવી એ જ હડહડતું જૂઠાણું છે. એ બધાં શહેરો ઇંગ્લંડનાં શહેરો જેવાં જ, અંગ્રેજોનાં વસેલાં કે વસાવેલાં શહેરો છે. તે બધાં જ અંગ્રેજોના વેપારનાં મુખ્ય મથકો છે તથા તેમાં રહેતા દેશી લોકો પણ એ વેપારના દલાલો, ગુમાસ્તાઓ કે ફેરિયાઓ હોય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેમ કોઈ મોટો ધોધ ઊંચેથી પડતો હોય તો તેની આજુબાજુની જમીન પણ તેના છાંટા અને ફરફરથી ભીની થઈ જાય છે, તેમ એ શહેરો દેશમાંથી તણાતી મોટી સંપત્તિના ધોધનાં મુખ્ય મથકો માત્ર હોઈ તેમાં દેખાતી દેશીઓની સંપત્તિ પણ એ ધોધની ફરફરરૂપ હોય છે. તે ભાગ હિંદુસ્તાન નથી: તેનું નામ ઇંગ્લિસ્તાન છે.

ઇંગ્લિસ્તાનમાં ગગનચૂંબી મહેલો છે, વીજળીની બત્તીઓ અને ટ્રામો છે, ત્યાંનાં મોટાંમોટાં બજારોમાં રાતદિવસ ધમાલ અને ગીરદી રહે છે, ત્યાં શ્રીમંત કુટુંબો અને મોટા મોટા અમલદારોના આનંદ માટે સુંદરમાં સુંદર તથા છેક છેવટની સુધરેલી ઢબનાં આનંદ, મોજ અને વિશ્રાંતિનો સ્થાનો હોય છે. ત્યાંના લોકોનો પોશાક પણ સુધરેલી ઢબનો તથા ભપકાબંધ હોય છે. . . .

બધું જ છે. પણ તેથી શું થઈ ગયું? ઇંગ્લિસ્તાનમાં દેશની કુલ વસ્તીનો પંદર ટકા જેટલો ભાગ પણ નથી. પરદેશી મુસાફરો, વાઇસરૉય સાહેબ કે હિંદી વજીર જ્યારે હિંદુસ્તાનનાં સુખ, સમૃદ્ધિ અને સુધારાનાં તતૂડાં ફૂંકતા હોય છે, ત્યારે તે ખરી રીતે ઇંગ્લિસ્તાનની વાતો અને વિગતો જ આપતા હોય છે. હિંદુસ્તાનની વાતો કદી તેમાં હોતી નથી. તેમને પોતાને જ હિંદુસ્તાનની વાતો અને વિગતોની ખબર હોતી નથી. સરકારી રિપોર્ટોમાં જે નૈતિક અને ભૌતિક પ્રગતિની વાતો કરી હોય છે, તે બધી ઇંગ્લિસ્તાનને જ લાગુ પડે છે. તેમાં દેશની માહિતીના જે ચોક્કસ આંકડાઓ હોય છે, તે બધા પણ ઇંગ્લિસ્તાનને લગતા જ કે ઇંગ્લિસ્તાનને જરૂરી એવા જ હોય છે.



હિંદુસ્તાનની સ્થિતિ વિષેના આંકડા તેમાં હોતા જ નથી. કારણ કે, તે જાણી જોઈને તૈયાર કરવામાં આવતા નથી. તે જાણવાથી ઇંગ્લિસ્તાનને લાભ નથી એટલું જ નહિ પણ કદાચ તે જાણવામાં આવે તો ઇંગ્લિસ્તાનમાં ચાલી રહેલું મનોહર સ્વપ્ન તૂટી જાય! તેથી કરીને જ્યારે હિંદુસ્તાનને વિષે કાંઈ પણ નિવેદન કરવાનું હોય છે, ત્યારે સરકારી રિપોર્ટો "ધારણાઓ" "અંદાજો" અને "માન્યતાઓ" રજૂ કરવા બેસી જાય છે. લૉર્ડ કર્ઝન ઉપર જ્યારે આક્ષેપ કરવામાં આવ્યો કે, તેમના અમલ દરમ્યાન હિંદુસ્તાન દશકા પહેલાં હતું તેથી પણ વધુ ગરીબ બન્યું છે, ત્યારે તેઓ સાહેબને પણ તે વાતનો જવાબ આપવા માટે ચોક્કસ આંકડા નહિ પણ કલ્પનાઓનો જ આધાર લેવો પડ્યો. તેઓ સાહેબ બોલ્યા કે: "હિંદુસ્તાનની માથા દીઠ વાર્ષિક આવક ૧૮૮૦ માં ૨૭ રૂપિયા હતી. જ્યારે હાલમાં (૧૮૯૯–૧૯૦૦) તે વધીને ૩૦ રૂપિયા થઈ છે. હું એમ નથી કહેવા માગતો કે, મેં રજૂ કરેલા આંકડા ચોક્કસ છે. તે આંકડાઓ તૈયાર કરવામાં અંદાજ અને કલ્પનાઓનો થોડોઘણો આધાર લેવો જ પડ્યો છે. . . . ."

શા માટે? દેશના ૮૫ ટકાની વસ્તી વિષે જ્યારે કંઈ નિર્ણય કરવાનો આવે, ત્યારે કલ્પનાઓ અને અંદાજોથી જ શા માટે ચલાવવું જોઈએ, તે સમજી શકાતું જ નથી. તેમાં ખાસ કરીને ખેડૂતોની ભયંકર દુર્દશા વિષે તો વર્ષો થયાં સરકારી કે બિનસરકારી લેખકોએ બૂમ ઉઠાવેલી છે, છતાં સરકાર તે વિષેના આંકડા શા માટે તૈયાર કરાવતી નથી? સરકારની આ બેદરકારીનું ખરું કારણ હું આગળ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપર જણાવીશ. અત્યારે તો આપણે પ્રસ્તુત વાત ઉપર જ ધ્યાન આપીએ.

તો પછી સરકારે ઊભા કરેલા એ પડદા પાછળ શું છે? એ હતભાગ્ય હિંદુસ્તાનમાં ખરી રીતે શું ચાલી રહ્યું છે? તેની ખરી સ્થિતિ શું છે? આપણે તેનો થોડો ઘણો ખ્યાલ પણ મેળવી શકીએ તેમ છીએ કે નહિ? રશિયાનો ઝાર જ્યારે યુવરાજ હતો, ત્યારે હિંદુસ્તાનમાં આવ્યો હતો. તેણે કહ્યું કે: "હિંદુસ્તાન હતભાગ્ય દેશ છે." સર મૅકેન્ઝી વૉલેસે કહ્યું હતું કે, "હિંદુસ્તાન ગરીબ દેશ છે." આપણે બધા કહીએ છીએ કે, "હિંદુસ્તાન કંગાળ દેશ છે." પણ તે કેટલો, કેવો ગરીબ છે? તેનો કંઈક આછો ખ્યાલ પણ આપણને મળી શકશે કે નહિ?

જરૂર મળી શકે તેમ છે. સરકારે હિંદુસ્તાનની આડે ઊભો કરેલો બનાવટી પડદો કોઈ કોઈ વાર ખસી જાય છે, ત્યારે એક ક્ષણપૂરતું આખું હિંદુસ્તાન આપણી નજરે પડી જાય છે. અત્યાર સુધીમાં આવું નીચેને પ્રસંગે બનેલું છે:

૧. ઓરિસા દુકાળકમિશન–૧૮૬૭.
૨. દક્ષિણનાં હુલ્લડ માટેનું કમિશન–૧૮૭૭.
૩. દુકાળકમિશન–૧૮૭૯–૮૦.
૪. ખેડૂતો અને મજૂરોની આર્થિક તપાસ–૧૮૮૮.
૫. પંજાબ–રાવલપિંડી વિભાગના ખેડૂતોની દેવાદાર સ્થિતિની અને જમીનના માલિકીહકોની ફેરફારીની તપાસ–૧૮૯૫–૬.
૬. દુકાળકમિશન–૧૮૯૭–૯૮.



ઉપર જણાવ્યા જેવા કેટલાક વિકટ પ્રસંગોએ સરકારને પડદા પાછળ જરા નજર કરવાની ફરજ પડે છે. પડદા પાછળથી આવતા લાખો માણસોના કોલાહલને કારણે સરકારને પોતાના નાચતમાસા થોડી વાર બંધ કરી, તે હરામખોર લોકોને શાંત કરવા જરા તસ્દી લેવી પડે છે. પણ તે બદમાસોને જરા પટાવી મનાવીને કે છેતરી ઠગીને શાંત કર્યા બાદ, ફરી પડદો તેની જગાએ આવી જાય છે, અને બંધ રહેલું નૃત્ય શરૂ થાય છે.

પરંતુ ખબરદાર! તે બધામાંનું કશું રંગભૂમિના પ્રેક્ષકોને જાણવા દેવામાં આવતું નથી. તેમને તો માત્ર એટલું જ કહેવામાં આવે છે કે, જરા છમકલું થયું હતું, કાંઈ અગત્યની વાત ન હતી. પણ હવે બધું જ બરાબર છે; તમારે લોકોને સહેજ પણ ઉચાટ કરવાની જરૂર નથી. ચાલવા દો, ફરી નૃત્ય શરૂ થવા દો, કાંઈ જ બન્યું ન હતું, બધું જ બરાબર છે, કશું જ બગડે તેમ નથી.

એટલે તે બધી તપાસોની વિગતોના રિપોર્ટો કદી બહાર પાડવામાં નથી આવતા. તેમને તરત જ "ખાનગી" તરીકે નોંધીને કબાટમાં બંધ કરી દેવામાં આવે છે. પ્રજાને તો માત્ર તે રિપોર્ટો ઉપરથી સરકારે બહાર કાઢેલી "તારવણીઓ"થી જ સંતોષ માનવાનો હોય છે. અને તેમાં ઉપરની ઉપમામાં જણાવ્યું છે તેમ, એક જ વાત હોય છે:

"બધું જ બરાબર છે, કાંઈ જ બન્યું ન હતું, કશું જ બગડે તેમ નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું આ પ્રકરણમાં તે રિપોર્ટોમાંથી થોડી મુદ્દાસર વિગતો આપવાનો છું. તે ઉપરથી ખરા હિંદુસ્તાનની શી સ્થિતિ છે, તે વાચક જોઈ શકશે. ઉપરાંત વાચક એ પણ જોઈ શકશે કે, કેવી ભયંકર વિગતો રિપોર્ટમાં ભેગી થયેલ હોવા છતાં, સરકાર ઠંડે પેટે પ્રજાને તેમાંથી કેવી તારવણી કાઢી આપે છે:

"બધું જ બરાબર છે — કશું જ બગડે તેમ નથી."

પ્રથમ હું પંજાબ, સંયુક્ત પ્રાંતો અને મુંબઈ ઇલાકો એ ત્રણ વિષે ઉતારાઓ આપીશ. અને ત્યાર બાદ બીજા પ્રકરણમાં આખા હિંદુસ્તાનના પ્રાંતવાર ઉતારાઓ આપીશ. આ બધા ઉતારાઓ સરકારે ભેગી કરેલી વિગતોમાંથી લીધેલા છે. એટલે તેમાં કંઈ કે અતિશયોક્તિ હોય, તો તે ઊલટી તરફની જ હોય. સરકારી અમલદારોએ કંઈ કે ખેડૂતોની સ્થિતિ ઓછી ભયંકર દેખાય તેવો જ પ્રયત્ન કર્યો હશે. ખાસ કરીને તો હું વાચકને તે ઉતારાઓમાં આપેલા કેટલાક ખેડૂતોના વ્યક્તિગત દાખલાઓ ઉપર ધ્યાન આપવાની વિનંતિ કરું છું. અને તે દાખલાઓ સરકારી અમલદારોએ "સારી સ્થિતિના" ખેડૂતોના નમૂના તરીકે લીધેલા છે. એટલે, ખેડૂતોના મોટા વર્ગની સ્થિતિ તેથી પણ વધુ ભયંકર છે, એમ સાથે સાથે જ વાચકે સમજી લેવું જોઈએ.

## પંજાબ

મિ. થોર્નટન રાવલપિંડીના કમિશ્નર હતા. તેમને પંજાબના ગવર્નરે ૧૮૯૪–૯૫માં ખેડૂતોની કહેવાતી કંગાળ હાલત અને મુશ્કેલીઓની તપાસ કરી રિપોર્ટ કરવાનું કહ્યું. તે અનુસાર તેમણે આ પ્રાંતમાંથી ચાર જુદા જુદા વિભાગો પોતાની તપાસ માટે નક્કી કર્યાં. તે ચાર વિભાગો ૧૦૦૦ ચોરસ માઈલ જેટલા વિસ્તારમાં પથરાયેલા હતા. અને તેમાં ૫૩૫ ગામડાંમાં થઈને ૩ લાખ માણસોની વસ્તી હતી. તેમણે બધી જાતના પુરાવાઓ ભેગા કર્યા અને તે બધા પ્રામાણિક છે તેની પૂરતી ખાતરી કરી જોઈ. તે પુરાવાઓની વિગતો ભેગી કરવામાં તેમણે ૬ માહના ગાળ્યા હત, અને તે ઉપરથી રિપોર્ટ તૈયાર કરવામાં બીજા બે મહિના ગાળ્યા હતા. તે જણાવે છે:



"મારી આ તપાસને કારણે એક વસ્તુ તો નિર્વિવાદ પુરવાર થયેલી છે કે, જુદી જુદી જાતના ખેડૂતોથી ખેડાતા, એકબીજાથી ઘણે દૂર જુદી જુદી આબોહવા અને ભૌગોલિક પરિસ્થિતિમાં આવેલા, કૂવાવાળા કે માત્ર વરસાદ ઉપર જ આધાર રાખનારા, — ગમે તે ભાગો લો, પણ દરેક ઠેકાણે સાધારણ કે સારાં વર્ષમાં પણ ખેડૂતને શિયાળામાં અને વસંતઋતુમાં ખાવાનું અનાજ, તથા વાવણીના દિવસોમાં બી દેવું કરીને જ લાવવાં પડે છે. જો વર્ષ થોડુંક પણ નબળું આવે, તો તો બીજે જ મહિને તેને મહેસૂલ પણ દેવું કરીને જ ભરવું પડે છે. આ સ્થિતિ પહેલેથી દેવામાં સપડાયેલા ખેડૂતોની તો સારાં વર્ષોમાં પણ હોય છે. પરંતુ સહેજ નબળા વર્ષમાં દેવા વિનાના, સારી સ્થિતિના ખેડૂતોની પણ એ જ દશા હોય છે.

"ખેડૂતો કરકસરિયા હોતા નથી, ટંટાબખેડા કરી કોર્ટોમાં દાવા લડ્યા કરે છે અથવા તો હદ ઉપરાંતના ઉડાઉ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે, તે કારણે તેમને દેવું થાય છે એમ કહેવું નકામું છે. આ તપાસને પરિણામે તેમાંની એક પણ વાત સિદ્ધ થતી નથી.

"ખેડૂતોના આ દેવાનો મોટો ભાગ સરકારનું મહેસૂલ ભરવાને માટે ઊભો થયેલો હોય છે. પહેલાં પંજાબમાં કોઈ શાહુકાર જ નહોતો કે લોકોને દેવું કરવું જ પડતું ન હતું, એમ કહેવાનો મારો આશય નથી. પરંતુ એટલું હું જરૂર કહેવા માગું છું કે, આપણા રાજ્ય પહેલાં શાહુકાર ખેડૂતોનો દાસ હતો અને આશ્રિત હતો. પરંતુ આપણા રાજ્ય દરમ્યાન તો તે ખેડૂતોનો કુલ માલિક થઈ બેઠો છે.

"મેં હંમેશાં માન્યું છે કે, દરવર્ષે અમુક ચોક્કસ ઠરાવેલું મહેસૂલ લેવાની આપણી પદ્ધતિ ખેડૂતોને બહુ મુશ્કેલીમાં ઉતારનારી છે. કારણકે, વારંવાર આવતાં નબળાં વર્ષો દરમ્યાન તેને કારણે તેમને પોતાના મહેસૂલનો પૂરેપૂરો હિસ્સો ભરવા માટે અનિવાર્ય રીતે દેવામાં સપડાવું પડે છે. . . .

"પરિણામે બીજે વર્ષે પાક ખળામાં પણ આવ્યો નથી હોતો, ત્યાં તો આગલા વર્ષના દેવા પેટે કે વ્યાજ પેટે તેમનો મોટો ભાગ શાહુકાર ઉઠાવી જાય છે. બાકીનું જે કંઈ રહે, તેમાંથી નવા વર્ષનું મહેસૂલ ભરવાનું તો પાછું આવીને ઊભું જ રહે છે. અને પછી આખું વર્ષ તેણે કે તેના કુટુંબે ખાવું શું? એટલે, દેવાનું તે ચક્ર ચાલતું જ રહે છે અને વર્ષે વર્ષે તે વધુ ને વધુ પ્રમાણમાં કાયમનું બનતું જાય છે.



"એમ કહેવું કે આપણે આપણા કાયદામાં યોગ્ય પ્રસંગે મહેસૂલ મોકૂફ રાખવાની કે માફ કરવાની સુધ્ધાં છૂટ રાખેલી છે એટલે ખેડૂતને ખાસ સંજોગોમાં જરૂર રાહત મળી શકે તેમ હોય છે, . . . એ નકામું છે. . . . અગમચેતીને અભાવે, સત્ય હકીકતના જ્ઞાનને અભાવે, સમયને અભાવે, તથા જેટલું કામ અવશ્ય કરવાનું હોય છે તેથી વધારે કામ કરવાની તસ્દી લેવાની નામરજીને કારણે કલેક્ટરો યોગ્ય સમયે મહેસૂલ મોકૂફ રાખવાની વ્યવસ્થા જ કરતા નથી, તો પછી મહેસૂલ બિલકુલ માફ કરવા માટે ઉપલા અમલદારોને જે ચોક્કસ આંકડા તૈયાર કરી આપવા જોઈએ, તેની તો વાત જ શી કરવી? ઉપરાંત સરકારને પણ મહેસૂલ તો જોઈએ જ, એટલે મહેનત કરીને પણ તમે ગમે તેટલા પુરાવા, આંકડા કે વિગતો પૂરી પાડો, તોપણ પોતાના અંદાજપત્રની વ્યવસ્થામાં ફેરફાર કરીને મહેસૂલ માફ કરવાની સરકારની દાનત જ હોતી નથી. . . મારા પ્રાંતમાં જ્યારથી હું કમિશ્નર થયો છું, ત્યારથી કદી પણ મહેસૂલ મોકૂફ રાખવામાં આવ્યું હોય કે માફ કરવામાં આવ્યું હોય, તેમ મને યાદ નથી આવતું. આખા પ્રાંતના વાર્ષિક ૧૫ લાખના મહેસૂલમાંથી છેલ્લાં ૩૦ વર્ષ દરમ્યાન ફક્ત ૬૪૫૦ રૂપિયા મોકૂફ રાખવામાં આવ્યા છે અને ૧૬૯૪ રૂપિયા માફ કરવામાં આવ્યા છે. . . જોકે વાસ્તવિક રીતે તે ૩૦ વર્ષમાંથી ૧૨ કરતાં વધારે વર્ષો બિલકુલ નબળાં આવ્યાં હતાં, અને ઘાસના દુકાળો તો કેટલાય પડ્યા હતા."

હવે આપણે તેમણે ભેગી કરેલી વિગતો ઉપર આવીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતે તપાસેલાં ૪૭૪ ગામડાંના તેમણે ત્રણ વર્ગ પાડ્યા છે: (अ) ફરી કદી છૂટે નહિ તેવી રીતે દેવામાં સપડાયેલાં, (आ) ગંભીર રીતે દેવામાં સપડાયેલાં, (इ) સામાન્ય રીતે દેવામાં સપડાયેલાં. તે દરેક વર્ગનાં ગામડાંની સંખ્યા નીચે પ્રમાણે છે.

કુલ ૪૭૪ ગામડાંમાંથી

| | | | |
|---|---|---|---|
| अ | વર્ગનાં ૧૨૬ | ગામડાં: | કદી છૂટે નહિ તે રીતે દેવામાં સપડાયેલાં |
| आ | ,, ૨૧૦ | ,, | ગંભીર રીતે દેવામાં સપડાયેલાં |
| इ | ,, ૧૩૮ | ,, | સામાન્ય રીતે દેવામાં સપડાયેલાં |
| | કુલ ૪૭૪ | | |

| | કુલ ખેડાણ જમીન | લેણદારોના હાથમાં ગયેલી | |
|---|---|---|---|
| | એકર | એકર | ટકા |
| अ વર્ગમાં | ૬૪,૦૯૪ | ૨૭,૭૬૫ | ૪૩ |
| आ ,, | ૧૪૩,૧૪૯ | ૨૯,૬૭૨ | ૨૦ |
| इ ,, | ૯૪,૯૭૬ | ૫,૪૫૬ | ૬ |
| લેણદારના હાથમાં સોંપાયેલી નહિ પણ ગીરો મુકાયેલી જમીન: | | ૨,૮૨૬ | |
| વેપારીઓને વેચી દીધેલી જેઓ લેણદાર ગણાતા નથી: | | ૧,૭૫૯ | |
| કુલ. | ૩૦૧,૯૧૯ | કુલ ૬૭,૪૭૮ | ૨૨ ટકા |

| વર્ગ | લેણદારોનું દેવું: રૂપિયા: |
|---|---|
| अ | ૬,૮૪,૩૯૮ |
| आ | ૧૦,૭૭,૧૦૫ |
| इ | ૨,૧૬,૫૦૦ |
| કુલ | ૧૯,૭૮,૦૦૩ |



| | |
|---|---|
| માલિકી હક સાથેના ગીરો ઉપર લીધેલું દેવું | ૧૮,૭૫,૦૮૬ |
| સામાન્ય ગીરો | ૧.૧૩,૬૭૯ |
| કુલ દેવું | ૩૯,૬૬,૭૬૨ |

અમુક ખાસ બાર ગામોની હાલત

| | એકર | ટકા |
|---|---|---|
| કુલ ખેડાણ જમીન: | ૧૩,૭૭૧ | ૧૦૦ |
| તેમાંથી લેણદાર વગેરેને અપાયેલી જમીન: | ૭,૨૨૯ | ૫૩ |

"એ જ ૧૨ ગામોનાં ૭૪૨ કુટુંબોમાંથી ૫૬૬ કુટુંબો અત્યારે બધી રીતે પાયમાલ થયેલાં કે દેવામાં ડૂબેલાં છે."

આ તપાસનો રિપોર્ટ પૂરો કર્યા બાદ અંતે મિ. થોર્બર્ન પોતાને વિષે બે શબ્દો ઉચ્ચારે છે, તે તેમાં રહેલી ઊંડી લાગણી અને વેદનાને કારણે ખાસ ધ્યાનમાં લેવા જેવા છે.

"મને હિંદુસ્તાનમાં નોકરી કરતાં ૩૧ વર્ષ થયાં. તેમાં છેવટનાં ૧૨ વર્ષથી હું સરકારને ખેડૂતોના વિકટ પ્રશ્નને તપાસીને કાંઇક નિર્ણય ઉપર આવવાને ભારપૂર્વક વિનંતિ કર્યા કરું છું. પણ તેનું કાંઈ જ પરિણામ આવ્યું નથી. મારો આ વખતનો પ્રયત્ન પણ જો નિષ્ફળ જાય, તો હિંદુસ્તાનમાં મેં ગાળેલી મારી જિંદગી નિષ્ફળ જ ગઈ એમ મને લાગે, અને હું નિરાશ થઈને વાનપ્રસ્થ જ થઈ જાઉં.

"કેટલાંય વર્ષોથી હું સરકારી રિપોર્ટમાં અને ખાનગી પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોમાં કહેતો આવ્યો છું કે, સરકાર જો હજુ પણ કાંઈ પગલાં લેવાની દાનત ન કરે, તો તે લોકો ઉપર અન્યાય અને અત્યાચાર જ કરે છે એમ કહેવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મેં વારંવાર આ અગત્યની વાત સરકારના ધ્યાન ઉપર ફરી ફરી આણ્યા કરી છે કે, બધાય ખેડૂતો હવે દર વર્ષે દેવામાં વધુ ને વધુ દબાતા જાય છે અને તેમનાં ખેતરો વધુ ને વધુ સંખ્યામાં શાહુકારના હાથમાં જતાં જાય છે. મેં તપાસેલાં ગામડાંમાંથી ૧૨૬ ગામડાંના અર્ધા ઉપરાંત ખેડૂતો કોઈ પણ રીતે બચાવી ન શકાય તેટલા પાયમાલ થઈ ગયા છે. છતાં, હજુ પણ સરકાર ચેતે તો બાકીનાઓને બચાવી શકાય તેમ છે. બધા જ ખેડૂતો ધીમેધીમે રશિયાના "મુઝીકો"ની સ્થિતિએ પહોંચતા જાય છે, એ જાણવા છતાં સરકાર કશું જ કરવા માગતી નથી શું? રશિયાના "મુઝીકો"-ને તો તેમની પાયમાલી અને અધોગતિમાં પણ એક આશ્વાસન છે કે, તેમના લેણદારો અને રાજકર્તાઓ બધા રશિયનો જ છે. પરંતુ હિંદુસ્તાનમાં તો મૂઠીભર પરદેશી અંગ્રેજોનું રાજ્ય છે અને તેમને કારણે દેશનો ખેડૂતવર્ગ અડધા પંજાબમાં ધર્મથી પણ જુદા એવા લેણદારોના પંજામાં સપડાઈને પાયમાલ થતો જાય છે."

## સંયુક્તપ્રાંતો

લૉર્ડ ડફરીનને જ્યારે નોકરી પૂરી થવાનો વખત આવ્યો, ત્યારે પોતાના અમલ દરમ્યાન લોકોની શી વલે થઈ છે, તે જાણવાની દિલમાં ખટક થવા લાગી. વિલિયમ હંટરે લખ્યું હતું કે, દેશમાં ૪ કરોડ માણસો હંમેશાં અડધાં ભૂખ્યાં રહે છે. સર ચાર્લ્સ ઇલિયટે લખ્યું હતું કે, "ખેડૂતોની અડધોઅડધ વસ્તી, પેટભરીને ખાવું એ શું છે તે વસ્તુ જ જાણતી નથી." તેમજ કૉંગ્રેસવાળા પણ ચારે



બાજુ બૂમો પાડી રહ્યા હતા કે, હિંદુસ્તાન કંગાળ બનતું જાય છે. એટલે તેણે ૧૮૮૭માં આ બધા આક્ષેપો ખરા છે કે ખોટા છે, તથા જો તે ખરા હોય તો શાં પગલાં લેવાં જરૂરી છે, એ નક્કી કરવા, ખાસ ચૂંટી કાઢેલા, અનુભવી અમલદારોની એક તપાસસમિતિ નીમી. ૧૫ માસ પછી, તે તપાસનાં પરિણામો જાણી લીધા બાદ, તથા લૉર્ડ ડફરીનને હિંદુસ્તાન છોડી જવાને બે મહિનાની વાર હતી ત્યારે, ૧૮૮૮ ના ઑક્ટોબરમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો. તે ઠરાવમાં, લોકોને દુઃખ જ નથી એમ તો કહેવામાં ન જ આવ્યું; પણ એટલું તો સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું કે, "લોકોની કહેવાતી ખરાબ સ્થિતિ વિષે નકામો ભય રાખવાનું જરા પણ કારણ નથી."

તે તપાસસમિતિના રિપોર્ટો પ્રસિદ્ધ ન જ કરવામાં આવ્યા. માત્ર દરેક જિલ્લાના, વિભાગના કે પ્રાંતના અધિકારીઓએ પોતે જ ભેગી કરેલી વિગતો અને કરેલી તપાસ ઉપરથી, જે તારવણી કે સંક્ષેપ તૈયાર કરી આપ્યો હતો, તે જ બહાર પાડવામાં આવ્યો. પેલા મૂળ રિપોર્ટોને તો "ખાનગી" તરીકે નોંધીને દબાવી દેવામાં આવ્યા. પરંતુ મિ. બ્રેડલોએ પાર્લમેંટમાં તે રિપોર્ટોને પણ પ્રસિદ્ધ કરવાની ભારપૂર્વક માગણી કરવાથી, હિંદી વજીરે આમની સભાના ટેબલ ઉપર તેમાંના કેટલાક ભાગ મૂક્યા. (જેમ કે મદ્રાસનો ભાગ નથી મૂક્યો).

તે રિપોર્ટોમાંથી હું સંખ્યાબંધ ઉતારાઓ આપવાનો છું. સાથે સાથે હિંદી સરકારે લોકોની અને દુનિયાની જાણ માટે ઉપર જણાવેલી જે 'તારવણી' પ્રસિદ્ધ કરી છે, તેમાંનો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થોડો ભાગ પણ આપતો જઈશ. જેથી, વાચક પોતાન[…] મેળે જોઈ શકશે કે, કેટલી ભયંકર ગરીબાઈ અન[…] કંગાલિયતની વિગતો પોતાની નજર સામે ઉઘાડી પડી હોવ[…] છતાં, સરકાર લોકોને ઠગવા માટે કેવાં જૂઠાણાં બહાન[…] પ્રસિદ્ધ કરે છે. [ જ્યાં તે તારવણીનો ભાગ ટાંક્યો હશે, ત્યાં "તારવણી" એવો શબ્દ વાપર્યો હશે; એ વાચકે ધ્યાનમાં રાખવું. બાકીનો ભાગ મૂળ રિપોર્ટનો છે.]

સંયુક્ત પ્રાંતોના એટા જિલ્લા વિષે ત્યાંના અનુભવી કલેક્ટર પોતાની "તારવણી"માં કહે છે કે :

"આ જિલ્લાના ખેડૂતો હૃષ્ટપુષ્ટ તથા ખૂબ ખાતા-પીતા લોકો છે. તેમનો પોશાક પણ તેમના રીતરિવાજને અનુસરીને પૂરતો હોય છે. અનાજના ભાવ બેહદ ચડી ગયા હોવા છતાં લૂંટફાટના ગૂના થતા હોય કે ભિખારીઓની સંખ્યામાં એકદમ ઘણો મોટો વધારો થઈ ગયો હોય, એમ લાગતું નથી. કેટલીક વાર ખેડૂતને કે ખેતરોમાં મજૂરી કરનારને તંગી વેઠવી પડે તેવા સમય અલબત્ત આવે છે; પણ તેથી તે હંમેશાં તંગી અને ભૂખમરામાં જ રહે છે એમ ન કહી શકાય. ખેડૂતોમાં દેવું સર્વસામાન્ય છે. પણ તે વસ્તુ જોતાં એમ લાગે છે કે, ખેડૂત લોકોમાં સામાન્ય રીતે થોડું ઘણું દેવું ચાલતું જ રહેવાનું; પરંતુ, તેને કારણે તેમને સુખી અને સમૃદ્ધ જીવન ગાળવામાં જરાય અડચણ આવતી નથી."

મેં ઉપર જણાવ્યું હતું તેમ, આ શબ્દો તો લોકોને જણાવવા માટે સરકારે જે 'તારવણી' છપાવી છે, તેમાંના છે. સરકાર લોકોને કહેવા માગે છે કે, આ શબ્દો "ખેડૂતોની



સ્થિતિથી ખાસ માહિતગાર હોવાને લીધે પ્રમાણભૂત ગણી શકાય" તેવા અનુભવી અંગ્રેજ અમલદારના છે. પરંતુ હવે તે "પ્રમાણભૂત" અંગ્રેજ અમલદારે જે મૂળ "ખાનગી" વિગતો ઉપરથી લોકોને બતાવવા માટે આ "તારવણી" કાઢી છે, તે વિગતો આપણે જોઈએ.

તે કલેક્ટર મૂળ ખાનગી રિપોર્ટમાં લખે છે :

"મેં વધારેમાં વધારે અનુભવી ખેડૂતોને બોલાવીને, તેમની પાસે સામાન્ય રીતે સારી સ્થિતિના એટલે કે, બળદની એક જોડ, એક હળ, તથા પાકા કૂવાવાળી ૫$\frac{1}{2}$ એકર જમીન જેની પાસે હોય, તેવા ખેડૂતની આવક અને ખર્ચનો હિસાબ નક્કી કરાવ્યો. તેનું પરિણામ નીચે મુજબ આવ્યું :

| આવક | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. |
|---|---|---|---|
| ખરીફ પાક | ૧૨૯—૮—૦ | સરકારી મહેસૂલ | ૭૫—૦—૦ |
| રબી પાક | ૮૪—૮—૦ | બીની ખરીદી | ૧૩—૮—૦ |
| કુલ રૂ. | ૨૧૪—૦—૦ | ખેતીનું બીજું ખર્ચ | ૭૯—૧૦—૦ |
| | | કુલ | ૧૬૮—૨—૦ |
| | | બચત | ૪૫—૧૪—૦ |
| | | કુલ | ૨૧૪—૦—૦ |

એટલે કે, તે કલેક્ટરની ગણતરી પ્રમાણે ચાર માણસનાં (પરંતુ ખરી રીતે સરેરાશ પાંચ માણસના) એક કુટુંબને ૪૫ રૂ. ૧૪ આ.માં આખું વર્ષ જીવવાનું રહ્યું. તે જ કલેક્ટર આગળ કહે છે:— "સામાન્ય રીતે અનાજનો ભાવ ૧ રૂપિયે ૨૫ શેર ગણીએ. (જોકે તે જ વર્ષે ખરો ભાવ તો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ રૂપિયે ૧૭ શેરનો જ હતો!!) તો તે કુટુંબને માત્ર અનાજનું જ ખર્ચ ૪૩ રૂપિયા આવે. તે કુટુંબનું કપડાંનું ખર્ચ દર વર્ષે ૮ રૂપિયા ગણવું જોઈએ." એટલે કે ખોરાક અને કપડાં મળીને તે કુટુંબને ૫૧ રૂપિયા જોઈએ. પરિણામે, તેને સારા વર્ષમાં પણ ૫ રૂપિયા ખાધ રહે. પરંતુ કોઈ ખરાબ વર્ષ આવે, ત્યારે તો તેની સ્થિતિ કેટલી વિકટ થઈ જાય, તે ધ્યાનમાં રાખવાનું છે. આ સ્થિતિ સારા વર્ષમાં, બળદ અને કૂવાના માલિક એવા સારી સ્થિતિના ખેડૂતની છે; છતાં તે જ કલેક્ટર 'તારવણી'માં કહે છે કે, "ખેડૂતો હૃષ્ટપુષ્ટ, ખાતાપીતા–સુખી, સમૃદ્ધ . . . છે." તેણે આપેલો એક બીજો દાખલો લઈએ.

ખેડૂત: રૂપરામ: ઉંમર ૬૦ વર્ષ: જમીન ૧૭ એકર

| આવક | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. |
|---|---|---|---|
| ખરીફ પાક | ૧૭૫—૦—૦ | સરકારી મહેસૂલ | ૩૦૬–૦—૦ |
| રબી પાક | ૧૪૬—૯—૦ | બીની ખરીદી | ૫૦–૦—૦ |
| ઘીનું વેચાણ | ૨૦—૦—૦ | | ૩૫૬–૦—૦ |
| કુલ | ૩૪૧—૯—૦ | | |

એટલે કે, મજૂરી વગેરેનું કશું જ ખર્ચ ગણ્યા વિના પણ તેને આખું વર્ષ જીવવા માટે રૂ. ૧૪–૮–૦ નું દેવું બાકી રહે છે. હવે કલેક્ટર સાહેબ કહે છે કે — "તેના કુટુંબનું ખાધાખર્ચ ઉમેરતાં વર્ષને અંતે તેને પોતાની ખેતીમાં રૂ. ૧૩૮–૯ આ. ની ખોટ આવી એમ કહેવાય. એ રૂપિયા મેળવવા માટે તેણે દેવું કર્યું તથા પોતાનાં ઘરેણાં વેચ્યાં."



વાચક જરા ધીરજથી થોભીને વિચાર કરજે. જે ખેડૂતને વરસની આખરે ખાવા માટે અને જીવવા માટે ૧૩૮ રૂપિયાનું દેવું કરવું પડે છે, તેની આખા વર્ષની મહેનતની ૩૪૧ રૂપિયાની કમાણીમાંથી સરકાર 'માબાપ' તેના ભલા માટે ૩૦૬ રૂપિયા મહેસૂલ પેટે જ પડાવી લે છે. અને છતાં હિંદી વજીર અને નાયબ હિંદી વજીર હંમેશાં જ્યારે બોલવાનો પ્રસંગ મળે છે ત્યારે બોલતાં ચૂકતા જ નથી કે, સરકાર ખેડૂતો પાસેથી બહુ ઓછું મહેસૂલ લે છે. "બહુ જ ઓછું," — માત્ર "૯૫ ટકા." આમની સભામાં આ દાખલા ઉપર પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે મિ. ફરગ્યુસને જવાબ આપ્યો કે, "આ દાખલામાં પણ કાંઈ ખાસ ધ્યાનમાં લેવા જેવું નથી. ખેડૂતે મહેસૂલ પૂરેપૂરું ભર્યું હતું એટલા ઉપરથી જ સિદ્ધ થાય છે કે, તે તેટલું મહેસૂલ ભરી શકે તેમ હતો." ખરી વાત. તે ખેડૂતે મહેસૂલ આપ્યું એ જ એની શક્તિની સાબિતી છે! પછી તેણે તે મહેસૂલ કેવી રીતે ભર્યું અને ૧૪ રૂપિયા ૮ આનાની ખાધામાંથી જ બીજે વર્ષે પાછું સરકારને તેટલું મહેસૂલ ભરવા માટે તે આખું વર્ષ શી રીતે જીવતો રહ્યો, તે જાણવાની :

૧. એટાના કલેક્ટર મિ. ક્રુકને,

૨. સંયુક્ત પ્રાંતોના લેફ. ગવર્નર સર ઑકલૅંડ કૉલવિનને,

૩. હિંદુસ્તાનના વાઇસરૉયને,

૪. ઇંગ્લંડની ઇંડિયા ઑફિસને,

૫. ઇંગ્લંડની આમની સભાને — શી જરૂર?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બખશા: ઉંમર ૪૫ વર્ષ: ખેતર ૭ એકર

| આવક | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. |
|---|---|---|---|
| ખરીફ પાક | ૧૨–૦–૦ | ખાધાખર્ચ | ૫૦–૦–૦ |
| રવી પાક | ૭૩–૦–૦ | મહેસૂલ | ૪૦–૦–૦ |
| ઘીનું વેચાણ | ૧૫–૦–૦ | બીનું ખરચ | ૧૫–૦–૦ |
| ખાતરનું વેચાણ | ૨–૦–૦ | ઢોરનું ,, | ૫–૦–૦ |
| | | ખેતીનાં ઓજારોનું ખર્ચ | ૩–૦–૦ |
| | | ઘરના સરસામાનનું ,, | ૨–૦–૦ |
| | | લગ્ન અને મરણના પ્રસંગોનું ખર્ચ | ૨–૦–૦ |
| | | કપડાં | ૭–૦–૦ |
| કુલ | ૧૦૨–૦–૦ | | ૧૨૪–૦–૦ |

એટલે કે, વર્ષને અંતે ૨૨ રૂપિયાનું દેવું કરવું પડ્યું.

ચેતાનું કુટુંબ: ખેડૂત અને મજૂર

"વાર્ષિક આવક ૫૦ રૂપિયા છે. કુટુંબમાં ચાર માણસ છે. તેમના ઘરના સરસામાનની કિંમત ૨ રૂપિયા છે." તેઓ જીવતાં રહે છે અને દેવું કરતાં નથી, એ બહુ આશ્ચર્યની વાત છે.

આસા વણકર: પાંચનું કુટુંબ

| આવક | રૂ. | ખર્ચ | રૂ. |
|---|---|---|---|
| વણકરીની | ૪૮–૦–૦ | ખાધાખર્ચ | ૪૦–૦–૦ |
| | | પાછલું દેવું ભરપાઈ કર્યું | ૪–૦–૦ |
| | | કપડાં | ૫–૦–૦ |
| | | કુલ | ૪૯–૦–૦ |



લોધા: માત્ર મજૂર; ઉંમર: ૬૨ વર્ષ

| | રૂ. આ. પા. |
|---|---|
| ડોસાની મજૂરીની વાર્ષિક આવક: | ૧૬—૦—૦ |
| છોકરીના દળણાની આવક: | ૧૧—૪—૦ |
| | ૨૭—૪—૦ |

"ખાધાખર્ચ નીકળે છે. કપડાં ખરીદાતાં નથી."

(પા. ૫૫, ૫૬) વિક્રમ: ૪૫ા એકર જમીન ખેડે છે. તેને ખાધાખર્ચ અને બી માટે ૧૧૬ રૂપિયા જોઈએ છે. પણ તેને ખેતરમાંથી ઉત્પન્ન ૩૮½ રૂપિયા જ થાય છે. આ દાખલા ઉપર મિ. ક્રુક લખે છે: "તેના ગામના બીજા ખેડૂતોની પેઠે આ ખેડૂત પણ ભારે તંગી વેઠી રહ્યો છે અને વર્ષની આખરે બે છેડા ભાગ્યે જ ભેગા કરી શકે છે." શાબાશ! હિંદુસ્તાન જેવા ગરમ દેશમાં કંટાળાભરેલી નોકરી કરતાં કરતાં પણ આવી ટોળ કરીને આનંદ મેળવી શકાય તેમ છે. ૭૭ રૂ. ૮ આનાની દર વર્ષે આવતી ખાધને "બે છેડા ભાગ્યે જ મળતા હોય" એવી આવક કહી શકાય ખરી!

(પા. ૫૫–૫૬) નેવાલસિંઘ: ૨૪ એકરનો માલિક. (૨૧૪ રૂપિયા મહેસૂલ.) હિસાબને અંતે, સાબિત કરવામાં આવે છે કે, તેને દર વર્ષે ૨૫ રૂપિયા બચત રહે છે. પરંતુ થોડે આગળ ઉમેરવામાં આવ્યું છે, "બંને પાક વખતે સામાન્ય રીતે તેને બી ખરીદવાની રકમ શાહુકાર પાસેથી ઉછીની જ લાવવી પડે છે. તેના ઉપર તેને છ છ મહિને રૂપિયે બે આના વ્યાજ ભરવું પડે છે. તથા અનાજના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવમાં રૂપિયા ઉછીના લેતી વખતે બજારમા જે ભાવ હોય તેથી ૧ શેર ઓછો ગણવો પડે છે; અને રૂપિયા પાછા વાળતી વખતે બજારભાવથી ૧ શેર વધારે આપવો પડે છે."

(પા. ૫૯,૬૦) ઝાબના: ઘાંચી. ઉંમર ૪૫. ખેતી કરે છે અને ગાડું ભાડે ફેરવે છે. તેને ૪૩ રૂપિયા દર વર્ષે બચત બતાવવાવાં આવી છે. અને પછી ઉમેરવામાં આવ્યું છે, "તેને ૬૦૦ રૂપિયા દેવું છે. અને તે દેવું પાક ઓછો આવ્યો એટલે કુટુંબનું ખર્ચ કાઢવા માટે કરવું પડ્યું, એમ તે કહે છે. તેનું મહેસૂલ ચડેલું છે." તથા બીની રકમ તેને "દર વખતે ઉછીની જ લાવવી પડે છે"; છતાં તેને ખર્ચ જતાં ૪૩ રૂપિયાની બચત શી રીતે રહે છે, તે વિચારવાનું રહે છે.

હીરા લોધ: ૨૪ એકરનો માલિક: ઉંમર ૪૫.

| આવક | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. |
|---|---|---|---|
| ખરીફ પાક | ૫૧—૦—૦ | મહેસૂલ | ૭૨—૮—૦ |
| રબી પાક | ૧૧૧—૦—૦ | બીનું ખર્ચ | ૧૮—૦—૦ |
| | | ખાધાખર્ચ | ૧૨૦—૦—૦ |
| | | કપડાં | ૨૪—૦—૦ |
| કુલ | ૧૬૨—૦—૦ | કુલ | ૨૩૪—૮—૦ |

એટલે કે, દર વર્ષે રૂ. ૭૨—૮—૦ના દેવાની 'આવક' થાય છે.

અભેરામ: ઉંમર ૪૦: કુટુંબ, પાંચ માણસનું: જમીન ૯ એકર



તેને વિષે કલેક્ટર સાહેબ કહે છે: "જ્યારે ઘરમાં અનાજ હોતું ત્યારે કુટુંબ રોજના પાંચ શેર દાણા ખાતું. પણ જ્યારે અનાજનો ભાવ ચડી જાય ત્યારે અત્યારની પેઠે ત્રણ શેરથી જ ચલાવી લે છે. . . . દાણાને અભાવે બાજરી પાકી પણ ન હતી ત્યારથી તેણે ખાવા માંડી હતી. . . . તેના ઘરમાં એક પણ કામળો નથી." અને છતાં આ ખેડૂત નવ એકરનો માલિક છે! તેની પાસે એક કામળો પણ કેમ નથી? તેના આવક ખર્ચનો હિસાબ જોશો તો માલૂમ પડશે કે, સરકારે તેની ખેતરની કુલ આવકમાંથી, ૯૯ ટકા મહેસૂલ તરીકે પડાવી લીધા હતા.

| આવક | રૂ. આ. પા. | ખર્ચ | રૂ. આ. પા. |
|---|---|---|---|
| પાકનું વેચાણ | ૭૦—૦—૦ | મહેસૂલ | ૬૮—૧૫—૦ |
| દૂધનું વેચાણ | ૧૮—૦—૦ | નિંદામણ અને | |
| મજૂરીની આવક | ૧૫—૦—૦ | બીજું ખર્ચ | ૯—૮—૦ |
| | | ખાધાખર્ચ | ૪૪—૦—૦ |
| | | કપડાં | ૭—૮—૦ |
| કુલ | ૧૦૩—૦—૦ | કુલ | ૧૨૯—૧૫—૦ |

ખાધ ૨૬ રૂ. ૧૫ આ. એટલે કે ખાધાખર્ચ માટે જોઈતી રકમના ૬૦ ટકા ખાધ!

દુનિયાના કોઈ પણ રાજ્યમાં ખેડૂતની નીચે જણાવેલી સ્થિતિ જોઈ છે?

૧. ખેતરની કુલ આવકના ૯૯ ટકા સરકારે મહેસૂલ તરીકે લઈ લીધા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨. કુટુંબને માત્ર ખાધાખર્ચ અને કપડાંની રકમમાં જ ૨૬ રૂ. ૧૫ આ. ખૂટ્યા.

૩. શાહુકારે તેને એક પાઈ પણ ધીરવાની ના પાડી. કારણકે, તેની પાસે પાછલા ૬૦ રૂપિયા બાકી હતા.

૪. કુટુંબને અનાજની એટલી બધી તંગી આવી પડી કે, તેમને બાજરી પાકી પણ નહિ ત્યાર પહેલાં ખાવાની શરૂ કરવી પડી.

૫. તે માણસ પાસે પોતાને માટે જ સંયુક્ત પ્રાંતની કડકડતી ટાઢમાં એક કામળો પણ ન હતો. તેનાં સ્ત્રી છોકરાંની વાત તો જુદી.

૬. તેના ઘરના રાચરચીલાની કિંમત સરકારે ૨ રૂપિયા ઠરાવી છે.

૭. તે તેમજ તેનો છોકરો બંને મજૂરી કરવા પણ જતા હતા; છતાં તેમને વર્ષને અંતે ૨૬ રૂ. ૧૫ આ.ની ખાધ આવી.

પરંતુ દાઝ્યા ઉપર ડામ જેવું તો એ છે કે, આ દાખલો પોતાના પત્રમાં ટાંકીને તે પ્રાંતના લેફ્. ગવર્નર સર ઑકલૅંડ કૅલવિને હિંદી સરકારને લખી જણાવ્યું છે: "આ કુટુંબને તંગી વેઠવી પડતી હોય એમ લાગતું નથી."

(પા. ૧૮–૨૦) હીરાસિંઘ: ઉંમર ૩૦ અને ભુબ્બા. બંને ભાઈઓ છે તથા પરણેલા છે પણ તેમને છોકરાં નથી. કુટુંબનાં કુલ માણસ ૬ છે. "સ્ત્રીઓ પાસે ઘરેણાં નથી. તેમનાં ખેતરને તેઓ પાકા કૂવામાંથી પાણી પાય છે." આવક અને ખર્ચનો હિસાબ કાઢતાં વર્ષને અંતે ૮ રૂ. ૨ આ. ૬ પા. ખાધ આવે છે. છતાં સરકાર કહે છે કે,



તે બંને ભાઈઓ "સારી સ્થિતિમાં છે એટલું જ નહિ પણ" તેમની સ્થિતિ જૈતના ચમાર કે નૌગામના ઠાકુર કરતાં ઘણે દરજ્જે ચડિયાતી છે. તેમની પાસે ધાતુનાં વાસણ પણ છે, તથા "તેમની પાસે એક કામળો પણ છે."

બાપરે ! સંયુક્ત પ્રાંતના છ માણસના કુટુંબ વચ્ચે એક કામળો ! શું સુખી માણસો છે !! સ્ત્રીઓને ઘરેણાં નથી તેથી શું થઈ ગયું ? તેમના ઘરમાં ધાતુનાં વાસણો છે ! ઈશ્વરની મહેરબાનીથી બંનેને છોકરાં નથી.

(પા. ૬) ભિકરી: મજૂર. છનું કુટુંબ: ચાર મહિના માંદો રહ્યો. સ્ત્રી અને છોકરી ઘાસ વેચે છે. છોકરો મજૂરીએ જાય છે. છોકરાની વહુને "ખર્ચ ઓછું કરવા પિયેર મોકલી દીધી છે." "ચોમાસામાં આખા ઘરને એક ટંક જ ખાવાનું મળતું હતું... બીજાં વર્ષોએ તેઓ ત્રણ ચાર રૂપિયા શિયાળામાં કપડાં માટે વાપરતાં. આ વર્ષે વાપરી શક્યાં નથી."

તુંડા: બલવંતનો છોકરો. પાંચ એકરનો માલિક. "છોકરી પરણાવી ત્યારે ૧૨ રૂપિયા મળ્યા; તેમાંથી મહેસૂલ ભર્યું. અને શિયાળામાં કપડાં ન હોવાથી બળદની સાથે ખૂણામાં પડ્યો રહ્યો."

હવે આપણે એટાવા જિલ્લા તરફ જઈએ. ત્યાંના કલેક્ટર મિ. એલેક્ઝાન્ડર પોતાની "તારવણીમાં" તો હિંદુસ્તાનના અને દુનિયાના લોકોને એટલું જ કહેવા માગે છે કે: "તપાસ માટે પસંદ કરેલાં ગામડાંમાં મોટા ભાગના ખેડૂતોને સામાન્ય રીતે ખોરાકની તંગી વેઠવી પડતી નથી. પણ જ્યારે ભાવ ચડી જાય છે, ત્યારે મજૂરોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ નાની જમીનવાળા ગરીબ ખેડૂતોને જરા સંકડામણમાં આવી જવું પડે છે."

ઉપરના વાક્યમાં કલેક્ટર સાહેબ "મોટા ભાગના" "સામાન્ય રીતે" અને "જરા સંકડામણમાં" એ શબ્દોનો શો અર્થ કરે છે, તે સમજાતું નથી. તેને માટે હવે આપણે તેમના "ખાનગી" મૂળ રિપોર્ટમાં નજર કરીએ. ત્યાં તેઓ સાહેબ જણાવે છે:

૧. "મારે કહેવું જોઈએ કે સામાન્ય વર્ષોમાં ખેડૂતો વર્ષનો ત્રીજો ભાગ લેણદારે ધીરેલા પૈસા વડે જ પસાર કરે છે. અને ખરાબ વર્ષોમાં તેમને પોતાના દેવાનો બોજો કાં તો બેહદ વધારી દેવો પડે છે, અથવા તો પોતાનું જરજવાહીર, ઘરેણાં, ઢોર કે બીજું જે કાંઈ વેચી શકાય તેમ હોય, તે વેચી દેવું પડે છે.

૨. "જ્યારે લાગલાગટ બેત્રણ વર્ષ નબળાં આવે છે, ત્યારે તો કોઈ લેણદાર પણ તેમને પૈસા ધીરતો નથી; એટલે સામાન્ય ખેડૂતને બેશક સખતમાં સખત ભૂખમરો વેઠવો પડે છે.

૩. "મરહપુર નામના એક ગામમાં ૫૫ ખેડૂત કુટુંબોમાંથી, વર્ષને અંતે બધાં જ ૮૦૦થી માંડીને ૧૦ રૂપિયા સુધીના દેવા તળે આવી ગયાં હતાં. ખેડૂતોના મોટા ભાગને પોતાનાં ઘરેણાં કે ઢોર વેચી નાખવાં પડયાં હતાં.

૪. "બેજાઈ: ૯$\frac{3}{4}$ એકરનો માલિક: કુટુંબ સાત માણસનું.



"ખેતરની આવકમાંથી માત્ર કુટુંબ જીવતું રહે તેટલી પેદાશ આવી. પરંતુ એક લગ્નપ્રસંગ, એક મરણનો પ્રસંગ અને ખેતી માટે બળદની ખરીદી — આ કારણોને લીધે તેને કુટુંબનાં તમામ ઘરેણાં વેચી નાંખવાં પડયાં અને છતાં બીજા ૧૦૦ રૂપિયા દેવું કરીને આણવા પડયા. . . વર્ષના છેવટના ભાગમાં તો તે કુટુંબ ભારે તંગીમાં આવી પડયું. બીજે વર્ષે પણ ખરીફ પાક ઓછો ઊતર્યો એટલે તો તે ભયંકર ભૂખમરામાં સપડાયું. જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનાઓમાં તો લોકોને રોજ નિયમિત ખાવાનું પણ મળ્યું નહિ, અને જંગલી ઝાડનાં પાન અને મૂળિયાં ખાઈને જ જીવતાં રહ્યાં.

"ઈ. સ. ૧૯૨૫ની શરૂઆતનો ભાગ તેમણે ખરાબમાં ખરાબ દશામાં ગાળ્યો હતો તે વિષે શંકા જ નથી; છતાં ખરીફ પાક કપાઈ રહે ત્યાર પહેલાં તેઓ ફરી ભયંકર તંગીમાં સપડાશે એ ચોક્કસ છે."

પરંતુ, આ દાખલામાં પણ કલેક્ટરને મહેસૂલ મોકૂફ રાખવાનું કે માફ કરવાનું સૂઝયું નથી.

તે જ રિપોર્ટમાંથી કેટલીક વિગતો:

ફૈઝાબાદ વિભાગ:

| હકીકત: | દરવર્ષે ખાધ: ટકા |
| --- | --- |
| (પા. ૨૦૯) ખેડૂતકુટુંબ: એક હળ: ત્રણ માણસો: આવક ૭૩ રૂપિયા: ખાધ ૯ રૂપિયા: | ૧૭ ટકા |
| હંવારાનું કુટુંબ આવક ૩૨ રૂપિયા: ત્રણ માણસો: ખાધ ૩૨ રૂપિયા: | ૬૦ ટકા |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મજૂર કુટુંબ: આવક ૪૭ રૂપિયા : ત્રણ
માણસો : ખાધ ૧૭ રૂપિયા : ૩૧ ટકા

જોકે, કાનપુરના આસિસ્ટંટ કલેક્ટર મિ. બર્ડ જણાવે છે કે, "હું એક માણસનું ખાધાખર્ચ વાર્ષિક ૨૪ રૂ. ગણું છું; એક સ્ત્રીનું ૨૦ રૂ. ૮ આના ગણું છું, અને છોકરાનું ૧૪ રૂપિયા ગણું છું."

હવે હું અલ્હાબાદ વિભાગમાં આવેલા ૩૦૦ માણસના એક આખા ગામની હકીકત તે રિપોર્ટમાંથી નીચે ટાંકું છું. ગામનું નામ અકબરપુરસેન છે.

ખેડૂત : ૩૬ કુટુંબો : ૭૦ પુરુષ, ૫૦ સ્ત્રીઓ અને ૫૧ બાળક

| ખેતીની કુલ પેદાશ | ખેતીનું ખર્ચ | બાકી બચત | ખોરાક માટે જોઈએ | કુલ ખાધ | ટકા |
|---|---|---|---|---|---|
| રૂપિયા | રૂપિયા | રૂપિયા | રૂપિયા | રૂપિયા | |
| ૪,૩૨૩ | ૧,૭૩૩ | ૨,૫૯૦ | ૩,૬૭૮ | ૧,૦૮૮ | ૩૨ |

મજૂરો વગેરે ૧૭ કુટુંબો : દસ કુટુંબમાં છોકરાં નથી

| કુલ આવક | ખાધાખર્ચ માટે જ જોઈએ | ખાધ | ટકા |
|---|---|---|---|
| રૂપિયા | રૂપિયા | રૂપિયા | |
| ૮૫૦ | ૧૪૦૫ | ૫૫૫ | ૩૯ |

"બાકીનાં ૧૨ કુટુંબો ગોરિયાનાં છે. તેઓ હોડીઓ અને ઘાટ ઉપર કામ કરે છે. તેમની સ્થિતિ સારી છે."

આ બધી વિગતો તો માત્ર નમૂના તરીકે જ મેં અહીં ઉતારી છે. ઉપરાંત, ખાસ પસંદ કરીને પણ નથી



ઉતારી; જેમ પાન ઊથલાવતો ગયો, તેમ જે નજરે પડતી ગઈ, તે નોંધતો ગયો છું. આવી કેટલીય વિગતોને તો હું અડચો પણ નથી. આ તેમજ બીજી કેટલીક વિગતો કે જે હવે પછીના પ્રકરણમાં આવવાની છે, તે બધી મેં આ પ્રાંતોના લેફ. ગવર્નર મૅકડોનેલ સાહેબને ૧૯૦૧ની સાલમાં લખી જણાવી હતી. જવાબમાં તેમણે જણાવવાની કૃપા કરી કે :

"સામાન્ય રીતે તમે હંમેશાં હિંદુસ્તાનના ખેડૂતોની દશા વિષે વધારે પડતો નિરાશાભર્યો ખ્યાલ બાંધો છો. ગમે તેમ હો પણ, તમે વર્ણવેલી સ્થિતિ, હું જાણું છું તે સ્થિતિ સાથે મળતી નથી આવતી. હું એમ નથી કહેવા માગતો કે ખેડૂતોની દશામાં કાંઈ જ સુધારાની જરૂર નથી. પરંતુ ઘણા લોકો માને છે તેમ, ખેડૂત કાંઈ ભૂખે મરતું પ્રાણી નથી. . . . વળી તમે સરકારની વધારે પડતી મહેસૂલને કારણે ખેડૂતોની થતી પાયમાલીની વાત કરો છો. તે બાબતમાં પણ મને લાગે છે કે, તમે ખૂબ જ ભુલાવામાં પડ્યા છો. . . . ખેડૂતોની કફોડી સ્થિતિનાં ખરાં કારણો તો,

(૧) કુદરતની મનસ્વિતા,

(૨) નાતવરામાં કરવામાં આવતું ઉડાઉ ખર્ચ અને વ્યાજના ભારે દર,

(૩) ફળદ્રુપ ભાગોમાં વસ્તીની ઘણી ભીડ થવાથી જમીનના થઈ જતા નાના નાના ટુકડા, અને જરા દૂર નવી જમીન ઉપર જવાની લોકોની નામરજી,

(૪) નહેરોની ઊણપ — એ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ફૅમિન કમિશનને હિંદી સરકાર આગળ રજૂ કરેલી સૂચનાઓમાં આમાંની કેટલીક મુશ્કેલીઓનો ઇલાજ જરૂર મળી આવશે, એમ હું માનું છું."

હવે, ગવર્નર સાહેબે, ખેડૂતની કફોડી સ્થિતિનાં જે ચાર "ખરાં" કારણો બતાવ્યાં છે, તે હું એક પછી એક તપાસવા માગું છું. તેઓ સાહેબે જણાવેલા પ્રથમ કારણ વિષે એટલું જ કહેવાનું કે, હિંદુસ્તાનમાં વરસાદ નિયત ઋતુએ પડે છે. એટલે, દુનિયાના બીજા કોઈ દેશ કરતાં હિંદુસ્તાનની કુદરતી સ્થિતિ વધુ ખરાબ નથી, પણ ખેતીને માટે ઊલટી વધુ સારી છે. તો પછી, તે કારણે દુનિયાના બીજા દેશો કરતાં હિંદુસ્તાનમાં ખાસ મુશ્કેલી ઊભી થતી ન જ હોવી જોઈએ. વળી પહેલાં કરતાં અત્યારે વરસાદ ઓછો પડે છે, એમ કોઈ જ કહી શકે તેમ નથી. છતાં, અત્યારના જેવી ગરીબાઈ અને તંગી લોકોએ પહેલાં કદી ભોગવી હોય એમ સાબિત કરનાર એક પણ પુરાવો નથી. તેથી ઊલટા પુરાવા તો થોકબંધ છે.

હવે ચોથા કારણમાં ગવર્નર પહેલાનો ઉપાય બતાવે છે. જો એ વાત ખરી જ હોય, તો ભયંકરમાં ભયંકર દુકાળો વડે પ્રજાના અસંખ્ય લોકો, કલ્પી ન શકાય તેવાં ભૂખમરા અને તંગીમાં સપડાઈ સપડાઈને માખોની પેઠે ટપોટપ મરવા માંડે, ત્યાં સુધી સરકારની ઊંઘ જ ઊડતી નથી તે કારણે તેને ગુનેગાર જ ગણવી જોઈએ. વળી એ દલીલ પણ કરી શકાય તેમ નથી કે, સરકારને અત્યાર સુધી આ વસ્તુની ખબર ન હતી. કારણ કે આની પહેલાં કેટલાંય જુદાં જુદાં કમિશનોએ તેમજ જુદા જુદા વિભાગના



અંગ્રેજ અમલદારોએ કેટલીય વાર એ વસ્તુ સરકારની આંખ આગળ આણ્યા કરી છે; છતાં સરકારે તેને કદી ધ્યાન ઉપર જ લીધી નથી. અને આ વખતે પણ સરકાર તેમ નથી જ કરવાની એની સોએ સો ટકા ખાતરી બધાએ રાખવાની છે એ વાત કદાચ સૌ કરતાં ગવર્નર સાહેબ પોતે જ પોતાના મનમાં વધારે જાણતા હશે.

અત્યારે ખાસ તો ગવર્નરે જણાવેલા બીજા કારણ વિષે મારે કહેવું છે. સામાન્ય રીતે દરેક અંગ્રેજ અમલદારને ખેડૂતના દેવાની વાત નીકળતાં જ એમ બોલી નાખવાની ટેવ પડી છે કે, તે લોકો લગ્ન અને મરણ પ્રસંગે હદ ઉપરાંત ખર્ચ કરે છે તેથી જ તેઓ દેવામાં સપડાય છે. પરંતુ આનો જવાબ હું સરકારે જ ભેગી કરેલી વિગતોથી આપવા માગું છું. જે રિપોર્ટમાંથી હું આ બધા ઉતારાઓ આપી રહ્યો છું, તે રિપોર્ટમાં આપેલા ખેડૂતના દાખલાઓમાંથી હું ક્રમવાર પહેલા ૨૦ લઉં છું. એ ૨૦ માંથી માત્ર બે દાખલામાં જ લગ્ન અને તેવાં બીજાં કૌટુંબિક ખર્ચોને કારણે દેવું કરવું પડયું છે, એમ જણાવવામાં આવ્યું છે. અને તે બેમાંથી પણ એક દાખલામાં તો તે રકમ ૧૦ રૂપિયા જેટલી નજીવી જ છે, અને તેમાંથી અર્ધી તો માહને મહિને એક એક રૂપિયાનો હપ્તો કરીને ચૂકવી દેવામાં આવેલી છે.

પરંતુ આપણે આખા પંજાબ વિષે મિ. થૉર્બર્ને જે શબ્દો ઉચ્ચાર્યા છે, તે જ ધ્યાનમાં લઈએ:

"મેં તપાસેલાં ૭૪૨ કુટુંબોમાંથી માત્ર ત્રણ દાખલાઓમાં જ લગ્નના ખર્ચને કારણે દેવું કરવું પડયું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ તપાસથી એ વાત સિદ્ધ થાય છે કે, સામાન્ય રીતે બધા માને છે તેમ લોકો લગ્ન વગેરે પ્રસંગોએ ઉડાઉ ખર્ચ કરે છે, તે વસ્તુને પ્રત્યક્ષ પુરાવાનો ટેકો નથી. . . . ઉપરાંત જે કાંઈ થોડું ખર્ચ કોઈ કોઈ કરે છે, તે પણ દર વર્ષે ઘટતું જ જાય છે; કારણ કે તેમની પાસે ખર્ચવાને પૈસા જ નથી."

પોતાના કથનના પુરાવામાં તે નીચેના આંકડા ટાંકે છે :

| | કુલ દેવું | લગ્નમાં કરેલું ખર્ચ | ટકા |
|---|---|---|---|
| પ્રથમ વિભાગમાં | ૧૪૨,૭૩૭ | ૯,૪૯૧ | ૬½ |
| બીજા વિભાગમાં | ૧૭૯,૮૫૩ | ૧૨,૪૧૮ | ૭ |
| ત્રીજા વિભાગમાં | ૮૮,૨૩૪ | ૯,૬૮૭ | ૧૧ |
| ચોથા વિભાગમાં | ૧૮૮,૧૪૫ | ૧૫,૧૬૧ | ૮ |

સરેરાશ ૮ ટકાથી પણ ઓછું.

મિ. થોર્બર્ન ખેડૂતોના દેવાનું જુદું જ કારણ આ પ્રમાણે આપે છે :

"ખેડૂતોની તમામ કમાણી શાહુકારના હાથમાં જ ચાલી જાય એવી દુઃખભરી સ્થિતિ નવી ઊભી થઈ છે. પહેલાં તેવી સ્થિતિ કદી હિંદુસ્તાનમાં હતી નહિ. અને આ રિપોર્ટ સાબિત કરે છે તે પ્રમાણે, તે સ્થિતિ આપણી જુલમગાર મહેસૂલપદ્ધતિએ અસ્તિત્વમાં આણી છે.

"જેમની તપાસ કરવામાં આવી હતી તેવા ૭૪૨ ખેડૂતોમાંથી માત્ર ૧૩ દાખલાઓમાં જ, દેવામાં એક વાર સપડાયેલો ખેડૂત ફરી છૂટી શક્યો હતો.



"ખેડૂતની દેવાદાર સ્થિતિનાં સિદ્ધ થયેલાં કારણોમાંથી સૌથી મોટું — તેમજ તેમાંથી કદી છૂટી શકાય તેવું ન હોવાથી સૌથી ગંભીર કારણ — સરકારની મહેસૂલ છે."

દક્ષિણનાં હુલ્લડોની તપાસ કરવા નીમેલા કમિશને પણ જણાવ્યું છે : "કમિશને કરેલી તપાસનું પરિણામ બતાવી આપે છે કે,, ખેડૂતોની દેવાદાર સ્થિતિના કારણ તરીકે, લગ્ન કે તેવા વરાઓ પાછળ કરવામાં આવતા ખર્ચને વધારે પડતું પ્રાધાન્ય આપવામાં આવે છે. . . . તેવા પ્રસંગો ઘણા જૂજ હોય છે, અને તેય કેટલાંય વર્ષોના ગાળા પછી કોઈ વાર આવે છે. તેમજ તેવે પ્રસંગે જે રકમ ખર્ચવામાં આવે છે, તે રકમ પણ ખેડૂતની સ્થિતિનો કોઈ પણ માણસ, સામાજિક કે કૌટુંબિક આનંદો કે પ્રસંગો માટે યોગ્ય રીતે ખરચી શકે તેના કરતાં જરાય વધારે નથી હોતી."[1]

## મુંબઈ ઇલાકો

હવે આપણે, પરદેશી મુસાફરને સૌથી પ્રથમ આવકાર આપતું મુંબઈ શહેર જે ઇલાકામાં આવ્યું છે, તે ઇલાકા તરફ આવીએ. જે શહેરની જાહોજલાલી, સંપત્તિ, ઉદ્યોગ અને વેપારથી ચકિત થઈને મુસાફર આગળ ચાલ્યો જાય છે, તે શહેર બાદ કરતાં બાકીના ભાગની શી સ્થિતિ છે?

---

**૧. ગૂજરાત વિદ્યાપીઠે કરેલી માતર તાલુકાની આર્થિક તપાસમાં જણાવ્યું છે કે: સામાજિક પ્રસંગો માટે દેવું કરનાર કુટુંબોની સંખ્યા ૪૧૪ છે. જ્યારે, જમીનમહેસૂલ ભરવા દેવું કરનાર કુટુંબોની સંખ્યા ૫૭૦ છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તે ઇલાકામાં કુલ ૨૪,૫૯૦,૦૦૦ એકર ખેડાણ જમીન છે. તેમાં કૂવા કે કાંસની સગવડ મેળવી શકે તેવી જમીનનું પ્રમાણ ૧૦૦ એકરે ૩.૨ એકર છે. અને તેમાં પણ વર્ષમાં બે વાર પાક મેળવી શકે તેવી જમીનનું પ્રમાણ ૧૦૦ એકરે ૨.૮ એકર છે . ૧૦૦ એકરે હળની સંખ્યા ૪.૪ છે અને બળદની સંખ્યા ૨૦ એકરે માંડ એક જોડ આવે તેટલી છે.

આવી અપાર સાધનસામગ્રીવાળી જમીનની પેદાશમાંથી સરકાર કેટલું મહેસૂલ પડાવે છે, તે આપણે પ્રથમ જોઈએ. જમીન ખેડાતી હોય કે ન ખેડાતી હોય તોપણ, તમામ જમીન ઉપર દર વર્ષે સરખું જ મહેસૂલ લેવામાં આવે છે. પ્રથમ તો એને કારણે જ ખેડૂતને કેટલું સહન કરવું પડે છે, તે ઉપર પહેલું ધ્યાન આપીએ.

કર્નલ ગૉડફ્રેની ગણતરી પ્રમાણે રત્નાગિરિ તાલુકામાં ખેડાણ અને પડતર રખાતી જમીનનું પ્રમાણ નીચે પ્રમાણે છે:

| | પાકનાં વર્ષ | પડતર વર્ષ |
|---|---|---|
| ઉત્તમ વાંધો | ૩ | ૩ |
| વચલો વાંધો | ૨ | ૫ |
| ઊતરતો વાંધો | ૨ | ૮ |
| કુલ | ૭ | ૧૬ |
| સરેરાશ : | ૨ | ૫ |

* ૧૯૩૩-૩૪ની ગણતરી પ્રમાણે મુંબઈ ઇલાકામાં કુલ માપણીની જમીન ૭૮,૮૭૮,૩૦૭ એકર છે. તેમાં ખેડાણ જમીન ૪૩,૫૦૦,૯૨૮ એકર છે. પીતની જમીન દર ૧૦૦ એકરે ૧૨ એકર છે. બે પાક લઈ શકે તેવી જમીન દર સો એકરે ૩ એકર છે.



એટલે કે, ખેડૂતે જમીનમાંથી ખરી રીતે બે જ વર્ષ પાક લીધો હોય છતાં તેની પાસેથી મહેસૂલ સાત વર્ષનું લેવામાં આવે છે. સાથે યાદ રાખવાનું કે, સહ્યાદ્રિની કિનાર ઉપરની તિસલી અને કુમરીની જમીન કે જેમાં ગમે તેટલી મહેનત કરો પણ જરાય નફો મળવાની આશા જ નહિ, અને જેને માત્ર ઉદરનિર્વાહ માટે જ ખેડવામાં આવે છે, તેવી જમીન ઉપર પણ કાનરા અને ધારવાડની કીમતી જમીનો જેટલું જ મહેસૂલ લેવામાં આવે છે.

હવે, તે મહેસૂલનો બોજો કેટલો ભારે છે તે મુદ્દા ઉપર આવીએ. હું સતારા, સોલાપુર, વિજાપુર અને નગર જિલ્લાઓનાં ૫૩૭ ગામડાંનો દાખલો લઉં છું. તે ગામડાંમાં નવી આકારણી વખતે ૧,૨૯૭,૩૩૫ એકર ખેડાણ જમીનમાં માત્ર ૧૦૦૦ એકરનો જ વધારો થયેલો હતો; નવી આકારણી છતાં મહેસૂલમાં આગલા વર્ષ કરતાં ૨૮ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો.

આ બધા તાલુકાઓમાંથી કોઈ પણ એક ખેડૂતનો દાખલો લો. તેના કુટુંબમાં તેના ઉપરાંત તેની સ્ત્રી અને બે છોકરાં છે એમ માનો. તથા તેને ૨૫ એકર જમીન છે અને તેમાં તે પોતાના બળદથી પોતાની જાતે જ બધી મજૂરી કરે છે, એમ માનો; તો આખા વર્ષની તેની મહેનતનું પરિણામ નીચે પ્રમાણે આવશે:

કુલ ૨૫ એકરમાંથી ખેડેલા એકર ૨૦ : ૫ એકર પડતર.

સરકારી ઠરાવ નં. ૪૫૧૫ (૧૮૭૫) પ્રમાણે એક એકર દીઠ ૧૬૦ રતલને હિસાબે અનાજની પેદાશ રતલ ૩૨૦૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાંથી બાદ કરો :

એકરે ૬ શેરને હિસાબે બી : રતલ ૧૨૦
બગાડ : રતલ ૮૦
ઓજારોની સમરામણી વગેરે : ૧૦ રૂ.
મજૂરી : ૫ રૂ.
સરકારી મહેસૂલ તેમજ સ્થાનિકવેરો ૧૦ રૂ.
કુલ : ૨૫ રૂ.
રૂપિયાના ૫૦ રતલને હિસાબે રતલ ૧૨૫૦
કુલ રતલ ૧૪૫૦
બાકી રહ્યા રતલ ૧૭૫૦
રોજના ૫½ રતલને હિસાબે એક વરસમાં તેમને ખાવા જોઈએ રતલ ૨૦૦૭
માત્ર ખાધાખર્ચમાં જ ખાધ : રતલ ૨૫૭

આમાં કપડાં, મીઠું કે બીજી જીવનનિર્વાહ માટેની આવશ્યક વસ્તુઓ પણ ન આવી, તે ધ્યાનમાં રાખવાનું છે.

આ સ્થિતિ ૨૫ એકર, બળદ અને હળના માલિકની છે તે યાદ રાખવાનું છે. તેમજ હુતોહુતી અને છોકરાં સિવાય કુટુંબમાં ઘરડેરાં કે વડીલમાંથી એક પણ માણસ ગણ્યું નથી.

આ સ્થિતિ આખા ઇલાકામાં સર્વત્ર વ્યાપેલી છે. જમીનમાંથી ખેડૂતના નિર્વાહ પૂરતું પણ પેદા થતું નથી. છતાં સરકાર દર ત્રીસ વર્ષે ૩૦ કે ૪૦ ટકા મહેસૂલ વધાર્યે જ જાય છે.



ઉપર આપેલી ગણતરી કોઈને કાલ્પનિક લાગે તે માટે મિ. વોધન નોશે જાતે ખેડૂતોની કરેલી તપાસમાંથી એક બે દાખલા નીચે આપું છું :

નાથુ : ૩૯ એકર

"કુલ પેદાશમાંથી સરકારને ૬૦ રૂપિયા ભર્યા પછી ૪૦ રૂપિયા બાકી રહ્યા. પોતાની સ્ત્રી અને પાંચ છોકરાંને જિવાડવા મજૂરીએ જાય છે. તેનું ખેતર ૭૦૦ રૂપિયે ગીરો મૂકેલું છે."

મોરા પટેલ : ૬૦ એકર

"જમીન ૩૦૦૦ રૂપિયે ગીરો મૂકેલી છે. ગયે વર્ષે ૩૭૫ રૂપિયાની કુલ પેદાશમાંથી ૧૦૪ સરકારને ભર્યા, ૧૦૦ના બળદ ખરીદ્યા અને ૪૦ રૂપિયા નોકરને પગાર ભર્યો, એટલે લેણદારને કશું આપી શક્યો નહિ. ખેતીનું બીજું ખર્ચ ૬૦ રૂપિયા થયું હતું. તેના કુટુંબમાં સ્ત્રી, કાકો અને બે છોકરાં છે. આ વર્ષે મહેસૂલ ભરી શક્યો નથી માટે નોટિસ મળી છે."

માથન : ૬૦ એકર

"૨૮૬ રૂપિયાની કુલ પેદાશમાંથી ૧૧૬ રૂપિયા મહેસૂલ ભર્યું. ૧૦૦ રૂપિયા લેણદાર અને નોકરોને આપવામાં ગયા. પછી એક છોકરો, બે છોકરીઓ તથા તેને પોતાને માટે ૭૦ રૂપિયા બાકી રહ્યા. તેની સ્ત્રી મરી ગઈ છે. આ વર્ષે તેને નોટિસ મળી છે છતાં મહેસૂલ ભરી શક્યો નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુટલ: ૨૨૫ એકરનો જમીનદાર

“ગયે વર્ષે ૧૦૦ ઢોર હતાં, આ વર્ષે ૭૦ મરી ગયાં. ગયે વર્ષે પેદાશ ૧૨૦૦ રૂપિયા હતી. તેમાંથી ૫૦૦ સરકારને ભર્યા અને ૫૦૦ મજૂરો તથા ખેતી વગેરેના ખર્ચમાં ગયા. જીવવા માટે દેવું કર્યું.”

મિ. જોશીએ ઈ. સ. ૧૮૯૪માં ભરાયેલી ઔદ્યોગિક પરિષદ આગળ વાંચેલા ભાષણમાં જણાવ્યું છે કે:

“૧. ખેડૂત ઉપર કરનો બોજો વધતો જ જાય છે. છેલ્લાં વીસ વર્ષમાં મહેસૂલ ૬,૩૬૬,૬૬૭ પાઉંડથી વધારીને ૯,૧૩૩,૩૩૪ પાઉંડ કરવામાં આવ્યું છે, એટલે કે તેમાં ૩૯ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

“૨. ખેડૂતના ખિસ્સામાં સૌથી મોટો અને ભય ઉપજાવે તેવો કાપ મૂકનાર તો શાહુકાર છે. ખેડૂતનું દેવું વધતું જ જાય છે. અને તે વધારે ને વધારે શાહુકારના પંજામાં સપડાતો જાય છે. આ દેવું થવાનું કારણ એક જ છે અને તે એ કે, સારામાં સારા વર્ષમાં પણ તેના ખેતરની પેદાશમાંથી પોતાની આજીવિકા જેટલું પણ નીકળતું નથી છતાં સરકાર તેની પાસેથી તેમાંથી મોટો ભાગ મહેસૂલ પેટે પડાવી લે છે. પરિણામે, તેને જીવતા રહેવા માટે જ શાહુકારના પંજામાં સપડાવું પડે છે. જ્યારે ખરાબ વર્ષ આવે છે, ત્યારે તેની મુશ્કેલીનો પાર રહેતો નથી છતાં સરકારનું મહેસૂલ તો સારા વર્ષમાં ભરવાનું હોય છે તેટલું જ કાયમ હોય છે.

“દક્ષિણના ચાર જિલ્લાઓનો દાખલો લો. તેમનું એક વર્ષનું મહેસૂલ ૩૮૧, ૧૩૪ પાઉંડ છે અને તે જિલ્લાઓમાં



ખેડૂતોનું વાર્ષિક દેવું સરેરાશ ૩૫૮,૦૦૦ પાઉંડ છે. એટલે કે, કુલ મહેસૂલના ૯૩ ટકા જેટલો ભાગ ખેડૂત દેવું કરીને જ આપે છે. એ હિસાબે આખા ઇલાકાની ગણતરી કરીએ, તો ખેડૂતનું વાર્ષિક દેવું ૧,૬૬૬, ૬૬૭ પાઉંડ થાય અને તેના ઉપર વ્યાજનો દર સરેરાશ ૧૨ ટકા ગણીએ (જોકે ખરી રીતે ખેડૂત ૨૦ કે ૩૦ થી ઓછા ટકા વ્યાજ ભરતો નથી જ હોતો) તો દરવર્ષે ૨૦૦,૦૦૦ પાઉંડ ખેડૂતોને વ્યાજના જ ભરવા પડે છે. પરંતુ આ તો એક વર્ષનું નવું દેવું થયું; તેનું જૂનું દેવું તો કાયમ જ હોય છે. મિ. વુડબર્ને ૯ જિલ્લાના તૈયાર કરેલા આંકડાઓ મુજબ આખા ઇલાકાનું જૂનું દેવું ૧૫,૦૦૦,૦૦૦ પાઉન્ડ છે. અને તેનું વ્યાજ દરવર્ષે ૩,૬૦૦,૦૦૦ પાઉંડ થાય. એટલે, જૂના અને નવા દેવાનું વ્યાજ ભેગું કરતાં ઇલાકાનું કુલ વાર્ષિક વ્યાજ ૩,૬૦૦,૦૦૦+૨૦૦,૦૦૦ = ૩,૮૦૦,૦૦૦ પાઉંડ એટલે કે ૬ કરોડ રૂપિયા થાય.

. . . હવે જો તેમને જોઈતી મૂડી તેમને પાંચ કે છ ટકાએ જ મળતી હોત, તો તેમને દર વર્ષે ૩ કરોડ રૂપિયા વ્યાજના જ ભરવાના બચત. મુંબઈ ઇલાકામાં શહેરના લોકોએ સેવિંગ્સ બેંકમાં મૂકેલી રકમ ૩૦,૦૦૦,૦૦૦ રૂપિયા છે, અને તેનાથી પણ વધારે રકમ ગવર્નમેંટ સિક્યોરિટીઓમાં પડેલી છે. તેના ઉપર તેમને બહુ બહુ તો ૩ કે ૩½ ટકા વ્યાજ મળે છે. હવે આ સ્થિતિ જુઓ: એક જ ઇલાકામાં લોકો પોતાના ફાજલ રૂપિયા બેંકમાં કે સરકારને ત્યાં ૩ કે ૩½ ટકાએ નકામા નાખી મૂકે છે; જ્યારે તે જ ઇલાકામાં ખેડૂતો બાર બાર ટકા વ્યાજ ભર્યાં જાય છે. જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સરકાર પોતાની ફરજ બરાબર સમજતી હોત, તો તેણે આ બે વર્ગો વચ્ચે મધ્યસ્થનું કામ કરીને બંને વર્ગને પુષ્કળ ફાયદો કરી આપ્યો હોત. શહેરના લોકો પોતાનાથી કેટલાય માઇલ દૂર પડેલાં અજાણ્યાં ગામડાંમાં પોતાના રૂપિયા ધીરવા જઈ ન શકે. પરંતુ સરકાર તે કામ જરૂર કરી શકે. તેણે જો આમ કર્યું હોત, તો શહેરના લોકોને મૂડી ઉપર ૬ ટકા વ્યાજ મળ્યું હોત અને ખેડૂતોને દર વર્ષે વ્યાજના જ ૩ કરોડ રૂપિયા ઓછા ભરવા પડ્યા હોત.

"... આ બધાં કારણોએ ખેડૂતની સ્થિતિ દિવસે દિવસે વધુ ને વધુ ખરાબ થતી જાય છે. દેશના તમામ હુન્નરઉદ્યોગ નાશ પામ્યા હોવાથી વધતી જતી વસ્તી બીજા ધંધાઓમાં રોકાતી જવાને બદલે કસ વગરની બનતી જમીન ઉપર જ પોતાનો બોજો વધારતી જાય છે."

## ૯

# વાઇસરૉય સાહેબ વદ્યા

ઈ. સ. ૧૮૮૨માં હિંદી સરકારે અર્લ ક્રોમર અને સર ડેવિડ બારબરને હિંદુસ્તાનની આર્થિક તપાસ કરવા નીમ્યા હતા. તેમણે તે વખતે બ્રિટિશ હિંદની વાર્ષિક આવક નીચે મુજબ ગણી હતી :

| | | |
|---|---|---|
| ખેતીની આવક | ૩૫૦,૦૦,૦૦,૦૦૦ | રૂપિયા |
| ખેતી સિવાયની આવક | ૧૭૫,૦૦,૦૦,૦૦૦ | ,, |
| કુલ | ૫૨૫,૦૦,૦૦,૦૦૦ | રૂપિયા |

તે સમયની વસ્તી ૧૯૪,૫૩૯,૦૦૦ માણસની હતી. તે હિસાબે બ્રિટિશ હિંદની માથાદીઠ વાર્ષિક આવક તેમણે ૨૭ રૂપિયા નક્કી કરી હતી.

હવે આજે ઈ. સ. ૧૮૯૮–૯૯ની આવક કેટલી છે તે જાણવું હોય, તો પ્રથમ ખેતીની આવક આપણે નક્કી કરવી જોઈએ. સરકાર કહે છે તે મુજબ જુદા જુદા પ્રાંતોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખેતીની કુલ પેદાશના નીચે જણાવેલા ટકા તે મહેસૂલ તરીકે લે છે:

| | |
|---|---|
| બંગાળમાં | ૫ થી ૬ ટકા |
| સંયુક્તપ્રાંતમાં | ૮ ,, |
| પંજાબ | ૧૦ ,, |
| મદ્રાસ | ૧૨ થી ૩૦ ,, એટલે કે ૨૦ ટકા |
| મુંબઈ | ૨૦ થી ૩૩ ,, એટલે કે ૨૫ ટકા |

આ હિસાબે દરેક પ્રાંતમાંથી સરકારે લીધેલી મહેસૂલને ગુણી કાઢતાં આખા હિંદુસ્તાનના બધા પ્રાંતોમાં થઈને જમીનની વાર્ષિક પેદાશ ૨૮૫,૮૮,૩૪,૫૬૨ રૂપિયા થઈ.

જોકે, ખરી રીતે તો ખેતીની પેદાશ આનાથી હજુ પણ ઓછી હોવી જોઈએ. કારણ કે, ૧૮૮૮માં સરકારે જ પ્રસિદ્ધ કરેલા પુસ્તકમાં જુદા જુદા પ્રાંતોમાં કુલ પેદાશના નીચે પ્રમાણે જણાવેલા ટકા મહેસૂલ તરીકે લીધાના દાખલા પાને પાને ઊભરાય છે. જ્યારે, ઉપર તો આપણને ૮, ૧૦ કે ૨૦ ટકા અથવા તો વધારેમાં વધારે ૨૫ ટકા જ જણાવવામાં આવ્યા છે.

| જમીનની કુલ પેદાશ : રૂપિયા | મહેસૂલ : રૂપિયા | કુલ પેદાશના કેટલા ટકા | |
|---|---|---|---|
| રૂ. ૩૨૨ | રૂ. ૩૦૬ | ૯૫ | (માત્ર પૂર્ણાંક) |
| રૂ. ૮૫ | રૂ. ૪૦ | ૪૭ | ,, |
| રૂ. ૧૬૨ | રૂ. ૭૨½ | ૫૯ | ,, |
| રૂ. ૧૮૩ | રૂ. ૯૩ | ૫૦ | ,, |
| રૂ. ૭૦¼ | રૂ. ૬૮–૧૫–૦ | ૯૮ | ,, |
| રૂ. ૬૭ | રૂ. ૪૦–૧૨–૦ | ૬૦ | ,, |



છતાં આપણી ગણતરી બરાબર ચોક્કસ નીવડે તે માટે સરકારને આપણે ખૂબ જ છૂટ આપીએ. એ હિસાબે ૧૮૯૮–૯૯માં હિંદુસ્તાનની કુલ આવક નીચે પ્રમાણે થશે:

| | | |
|---|---|---|
| ખેતીની આવક : | ૨૮૫,૮૮,૩૪,૫૬૨ | રૂપિયા |
| ખેતી સિવાયની આવક : | ૧૪૨,૯૪,૧૭,૨૮૧ | ,, |
| કુલ | ૪૨૮,૮૨,૫૧,૮૪૩ | ,, |

હવે ૧૮૯૮–૯૯ની વસ્તી ૨૪૫,૫૦૧,૯૮૭ ગણીએ, તો બ્રિટિશ હિંદની માથા દીઠ વાર્ષિક આવક રૂ. ૧૭–૮–૫ થઈ.

ઉપર જણાવ્યા પ્રમાણે ૧૮૮૨માં તે ૨૭ રૂપિયા હતી.

જ્યારે ૧૮૯૮–૯માં રૂ. ૧૭–૮–૫ થઈ.

હવે, લૉર્ડ કર્ઝનના જણાવ્યા પ્રમાણે ૧૯૦૦ની સાલમાં દુકાળ પડવાથી ખેતીની પેદાશ ⅓ થી ¼ જેટલી ઓછી હતી. તે તેમજ તેના પ્રમાણમાં ખેતી સિવાયની આવક પણ ગણતાં તથા ૨૪½ કરોડની વસ્તીમાં બાકીની આવક વહેંચતાં ઈ. સ. ૧૯૦૦ ની માથા દીઠ વાર્ષિક આવક રૂ. ૧૨–૬–૦ થાય.

એટલે, મહારાણીજીએ ઢંઢેરામાં જણાવ્યા પ્રમાણે હિંદુસ્તાનની પ્રજાની સુરક્ષિતતા અને સમૃદ્ધિ એ જ જો વાઇસરૉય સાહેબની ખાસ ચિંતા અને ફિકરની વસ્તુ હોય, તો તેઓ સાહેબને, તેમની કાઉંસિલના મિત્રોને, બધા સિવિલિયનો તેમજ લશ્કરી અમલદારોને, ઉપરાંત વકીલો, વેપારીઓ, સૈનિકો, નાવિકો, ખેડૂતો, મજૂરો અને કારીગરોને, તથા ઈશ્વરે કૃપા કરીને તેમને કુટુંબ આપ્યું હોય તો તેમાંના દરેક સભ્યને પણ માથા દીઠ દર વર્ષે ૧૨ રૂપિયા ૬ આનાનો પગાર કે આવક મળવાં જોઈએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરંતુ તેમાંથી પણ વાઇસરૉય સાહેબ કે તેમના જેવા બીજા એ રકમ કરતાં જેટલી વધારે લેવાની કૃપા કરે છે, તેટલી બાકીના ૮૦ ટકા જેટલા ખેડૂતોને ઓછી મળે છે.

આ ટીકાના જવાબમાં વાઇસરૉય સાહેબ કાઉંસિલની ઈ. સ. ૧૯૦૧ના માર્ચની ૨૮મી તારીખની સભામાં વદ્યા કે: "એક જાતના એવા લોકો આ દેશમાં છે કે જેઓ રાતદિવસ આખી દુનિયાને થાળી પીટી પીટીને કહે કહે કરે છે કે, હિંદુસ્તાન દિવસે દિવસે ગરીબ બનતું જાય છે, તથા ખેડૂતો પાયમાલ થવા બેઠા છે. જો આ વસ્તુસ્થિતિ સાચી હોત, તો હું કદી ખોટા અભિમાનથી તેને કબૂલ કરતાં અચકાયો ન હોત. ફૅમિન કમિશને ઈ. સ. ૧૮૮૦માં ભેગા કરેલા અને ઈ. સ. ૧૮૮૨માં પ્રસિદ્ધ થયેલા આંકડાઓને આધારે હું બોલ્યો હતો કે, દેશની ખેતીની કુલ પેદાશ ૩૫૦ થી ૪૦૦ કરોડની છે. *

"પછી તો લોકોએ મારો જ આધાર ટાંકી બતાવીને કહેવા માંડયું કે, 'ઈ. સ. ૧૮૮૨માં હિંદુસ્તાનની માથા દીઠ વાર્ષિક આવક ૨૭ રૂપિયા હતી તે ઘટીને સામાન્ય વર્ષોમાં ૨૨ રૂપિયા થઈ ગઈ છે અને ઈ. સ. ૧૯૦૦માં તો તે ઘટીને ૧૭¾ રૂપિયા થઈ ગઈ છે. આમ અંગ્રેજ સરકારના રાજ્યમાં લોકો વર્ષોવર્ષ ગરીબાઈ અને ભૂખમરામાં વધારે ને વધારે

* જોકે ફૅમિન કમિશને તો વધારેમાં વધારે રકમ ૩૫૦ કરોડની કહી છે. છતાં વાઇસરૉય સાહેબ તો કૂદીને ૩૫૦ થી ૪૦૦ કરોડ સુધી ગયા છે. પરંતુ એકાદ બે લીંટી પછી તેઓ સાહેબ કાંઈ પણ કારણ વિના ૪૫૦ કરોડની રકમ આગળ ધરવાના છે! એટલે કે, દેશમાંના ૮ કરોડ માણસની આખા વર્ષની આવક વાઇસરૉય સાહેબ માત્ર વાત વાતમાં વધારી શકે છે!



સપડાતા જાય છે; છતાં વાઇસરૉય સાહેબ સીમલાની ટેકરીએ બેસીને જેમ રોમ બળતું હતું ત્યારે તેનો બાદશાહ નીરો ફિડલ વગાડતો હતો, તેમ ચમન કર્યાં કરે છે......' પરંતુ આ બાબતમાં મેં ચોક્કસ તપાસ કરી છે અને પરિણામે મને જણાયું છે કે, ચોક્કસ આંકડો બોલવાની વધારે પડતી ઇચ્છાથી તે વખતે ખેતીની પેદાશ મેં ૩૦૦થી ૪૦૦ કરોડ કહીને ઘણી ઓછી કહી હતી. પરંતુ ખરી રીતે તે આવક ૪૫૦ કરોડની છે. ઈ. સ. ૧૮૮૦ની ગણતરી પ્રમાણે માત્ર ખેડૂતોની વાર્ષિક આવક ૧૮ રૂપિયા હતી. હવે અત્યારે ખેતીની પેદાશ ઓછામાં ઓછી ૨૨૩,૦૦,૦૦૦૦ રૂપિયા ગણીએ, તોપણ માથા દીઠ ૨૦ રૂપિયા થશે. એટલે કે, ઈ. સ. ૧૮૮૦માં હતી તેના કરતાં ઘટવાને બદલે બે રૂપિયા જેટલી વધી છે. તે જ પ્રમાણમાં ખેતી સિવાયની આવક પણ વધી છે એમ માનીએ, તો આખા હિંદુસ્તાનની માણસ દીઠ વાર્ષિક આવક ઈ. સ. ૧૮૮૦ના ૨૭ ને બદલે ૧૮૯૮-૯માં ૩૦ રૂપિયા થશે. જોકે આ બધા આંકડા ચોક્કસ છે એમ હું નથી કહેવા માગતો; તેમજ તેમાં કલ્પના અને અંદાજનો સારી પેઠે આધાર લેવો પડ્યો છે, પરંતુ નીચેની બાબતો તો ચોક્કસ જ છે, એટલે તેમનો આધાર લઈને આપણે જરૂર કહી શકીએ કે, ખેડૂતોની આવક ઘટી છે એમ કોઈ પણ રીતે કહી શકાય નહિ. જેમ કે, દાખલા તરીકે, ૧૮૮૦માં ખેડાણ જમીન કુલ ૧૯ કરોડ ૪૦ લાખ એકર હતી. પરંતુ હવે તે વધીને ૨૧ કરોડ ૭૦ લાખ એકર થઈ છે. એટલે જે પ્રમાણમાં વસતી વધી છે, તે જ પ્રમાણમાં ખેડાણ જમીન પણ વધી છે, એટલે લોકો વધુ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગરીબ થયા છે એમ તો ન જ કહી શકાય. વળી ૧૮૮૦માં એકર દીઠ અનાજની પેદાશ ૭૩૦ રતલ હતી. જ્યારે, ૧૮૯૮માં તે વધીને ૭૪૦ રતલ થઈ છે. કેટલાક દાખલામાં કદાચ સુધરેલી ખેતીને લઈને પણ તેમ બન્યું હશે; પરંતુ બીજા ઘણી મોટી સંખ્યાના દાખલાઓમાં તો સરકારે વધારેલી નહેરો અને પાણીની સગવડને લીધે તેમ બન્યું છે."

વાઇસરૉય સાહેબ ઉપર જે બોલ્યા છે, તે બધું સાચું છે કે નાહ તે હવે આપણે તપાસવું જોઈએ. તેઓ સાહેબ કહે છે કે, ઈ. સ. ૧૮૮૦માં ખેડાણ જમીન ૧૯૪,૦૦૦,૦૦૦ એકર હતી તે વધીને હાલમાં ૨૧૭,૦૦૦,૦૦૦ એકર થઈ છે. એટલે કે, તેમાં ૨૧,૦૦૦,૦૦૦ એકરનો વધારો થયો છે. તે બંને આંકડાની બાબતમાં તેમણે ગપ્પું જ માર્યું છે. ફેમિન કમિશને આપેલા આંકડા પ્રમાણે ઈ. સ. ૧૮૮૦માં ખેડાણ જમીન ૧૯૪,૦૦૦,૦૦૦ એકર ન હતી પરંતુ ૧૮૨,૭૫૦,૦૦૦ એકર જ હતી. તથા ડિરેક્ટર જનરલ ઓફ સ્ટેસ્ટીકસે જણાવ્યા પ્રમાણે ઈ. સ. ૧૮૯૮માં ખેડાણ જમીન ૨૧૭,૦૦૦,૦૦૦ એકર નથી, પણ માત્ર ૧૯૬,૪૯૭,૨૩૨ એકર જ છે. એટલે કે વાઇસરૉય સાહેબે ૨ કરોડ દસ લાખ એકર જમીનની બેઠી ગપ મારી છે. તેટલા એકરની કુલ પેદાશ, વાઇસરૉય સાહેબના હિસાબે, એકરે ૭૪૦ રતલ પ્રમાણે ૧૫,૫૪૦,૦૦૦,૦૦૦ રતલ થાય; એટલે કે તે ૨ કરોડ સાઠ લાખ માણસોની આખા વર્ષની ખાધાખરચી થઈ. ધન્ય છે હિંદુસ્તાનને, જેના રાજકર્તાઓ બબ્બે કરોડ માણસની આખા વર્ષની ખાધાખરચી માત્ર શબ્દોને બળે જ ઉપજાવી શકે છે!



આપણે મૂળ વાત ઉપર આવીએ. આપણે જોયું તેમ ખેડાણ જમીનમાં ઈ. સ. ૧૮૮૦ થી ૧૮૯૮ની વચ્ચે વાઇસરૉય સાહેબ કહે છે તેમ ૨૧,૦૦૦,૦૦૦ એકરનો વધારો નથી થયો, પણ ૧૩,૭૪૭,૨૩૨ એકરનો જ થયો છે.

હવે વાઇસરૉય સાહેબ એમ કહે છે કે જેટલી વસતી વધી છે, તેટલી જ જમીન પણ વધી છે; એટલે મૂળ જમીન ઉપર વધેલી વસતીનો બોજો વધવાથી લોકો વધુ ગરીબ થયા છે એમ ન જ કહી શકાય. પણ વસ્તુસ્થિતિ સાચે જ તેવી છે? જરાય નહિ.

ઈ. સ. ૧૮૮૦માં ખેડાણ જમીન ૧૮૨,૭૫૦,૦૦૦ એકર હતી. (ગણો ૧૮૩,૦૦૦,૦૦૦) અને વસ્તી ૧૯૧,૦૦૦,૦૦૦ માણસની હતી.

એટલે કે, ૧૦૦ માણસ દીઠ ખેડાણ જમીન આશરે ૯૬ એકર હતી.*

---

* વળી જમીનના એકર વધવાથી ખેતીની પેદાશમાં વધારો થવો જ જોઈએ એમ નથી. ઊલટું સામાન્ય રીતે ખેડાણ જમીન જેમ જેમ વધતી જાય છે, અને જંગલો, ચરા વગેરે ઓછાં થતાં જાય છે, તેમ તેમ જમીનનો કસ ઘટતો જાય છે. દાખલા તરીકે ફેમિન કમિશન આગળ જુદી જુદી પ્રાંતિક સરકારોએ આપેલા આંકડા જુઓ: જેમ જેમ જમીનનું પ્રમાણ વધ્યું, તેમ તેમ પેદાશ ઘટી, એ વસ્તુ તેમાંથી સ્પષ્ટ જણાશે.

પંજાબ

| વર્ષ | ખેડાણ જમીન (અનાજની) | દર એકરે અનાજની પેદાશ રતલ |
|---|---|---|
| ૧૮૮૦ | ૧૮,૫૦૦,૦૦૦ | ૬૪૫ |
| ૧૮૯૮ | ૧૯,૧૮૪,૬૫૫ | ૬૨૭ |
| | ઘટાડો | ૧૮ રતલ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરાંત, ઈ. સ. ૧૯૦૦માં જમીનનો વધારો ૧૦૦,૦૦,૦૦ એકરનો છે. પરંતુ વસ્તીનો વધારો ૪,૦,૦૮૫,૧૩૨ છે. (બ્રહ્મદેશ બાદ કરીને)

એટલે કે, વધેલી વસ્તીને માત્ર ૧૦૦ માણસે ૨૫ એકર જમીન મળે. વાઇસરોય સાહેબ કહે છે તેમ વસ્તીના પ્રમાણમાં જમીન પણ વધી હોય, તો ખરી રીતે ૧૦૦ માણસ દીઠ ૯૬ એકર જમીન થવી જોઈતી હતી. એટલે, વધેલાં ૧૦૦ માણસ દીઠ જે ૭૧ એકરની ખાધ પડી, તેટલો બોજો કુલ જમીન ઉપર જ વધ્યો એટલે કે લોકો તેટલા ગરીબ બન્યા.*

---

સંયુક્ત પ્રાંતો

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૮૦૦ | |
| ૧૮૮૦ | ૩૧,૪૫૦,૦૦૦ | | | |
| | | | ૭૬૪ | |
| ૧૮૯૮ | ૩૫,૯૧૧,૬૫૦ | | | |
| | | ઘટાડો | ૩૬ | રતલ |

મધ્ય પ્રાંતો

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૫૧૩ | |
| ૧૮૮૦ | ૧૨,૦૦૦,૦૦૦ | | | |
| | | | ૪૮૦ | |
| ૧૮૯૮ | ૧૪,૦૦૦,૦૦૦ | | | |
| | | ઘટાડો | ૩૩ | રતલ |

* ૧૯૩૩-૪ની ગણતરી પ્રમાણે બ્રિટિશ હિંદની કુલ માપણીની જમીન ૬૬૮,૩૯,૪૧૪ એકર છે. તેમાં ખેડાણ જમીન ૨૭૯,૮૮૫,૧૭૬ એકર છે. સો માણસે ખેડાણ જમીન ૧૦૩ એકર છે. આમ દર સો માણસે ખેડાણ જમીનનું પ્રમાણ વધ્યું લાગે છે, પણ બીજા ધંધાઓ પડી ભાગવાથી ખેતી ઉપર આધાર રાખનારા લોકોની સંખ્યા વધી છે. ઈ. સ. ૧૮૯૧માં કુલ વસ્તીના ૬૦ ટકા લોકો ખેતી ઉપર આધાર રાખનારા હતા. તે ૧૯૩૧માં વધીને ૭૩ ટકા થયા છે.



વાઇસરૉય સાહેબ બીજી દલીલ એ આપે છે કે, ઈ. સ. ૧૮૮૦માં અનાજની એકર દીઠ પેદાશ ૭૩૦ રતલ હતી, અને હવે ૧૮૯૮માં ૭૪૦ રતલ થઈ છે. એટલે તો ચોક્કસ કહી શકાય કે ખેડૂતોની તેમજ દેશની આવક પહેલાંના કરતાં ઘટી તો નથી જ.

આપણે એ દલીલ તપાસીએ. ત્યાર પહેલાં હું સરકારી આંકડાઓ વિષે બે શબ્દ વાચકને કહી દઉં. સરકારી આંકડા, કોણ જાણે શા કારણથી, પરંતુ એટલા ખોટા તથા પરસ્પર વિરોધી હોય છે કે, તેમના ઉપર આધાર રાખવાની મૂર્ખાઈ કોઈ જ ન કરી શકે. જેને દેશ વિષે સાચી માહિતી મેળવવી છે, તેને કદી તે આંકડાઓ ઉપર આધાર રાખ્યે ચાલે નહિ. દાખલા તરીકે ૧૮૮૦નું ફેમિન કમિશન એકર દીઠ દેશની સરેરાશ પેદાશ ૬૯૫ રતલની જ કહે છે; વાઇસરૉય સાહેબ કહે છે તેમ ૭૩૦ રતલની નહિ. જ્યારે, ૧૮૯૮નું ફેમિન કમિશન દેશની એકર દીઠ પેદાશ ૮૪૫ રતલ મૂકે છે, વાઇસરૉય સાહેબના ૭૪૦ રતલ નહિ. પરંતુ ૧૮૯૮ના ફેમિન કમિશનવાળાઓને ન્યાય આપવા ખાતર કહેવું જોઈએ કે, તેમણે પોતે જ ૮૪૫ રતલના આંકડાને ખોટો માનેલો છે. હંમેશાં તે લોકોને પ્રાંતિક સરકારો જે આંકડા પૂરા પાડે તે ઉપર જ આધાર રાખવાનો હોય છે. અને પ્રાંતિક સરકારો દરેક વખતે — જાણે કે વડી સરકારની મસલતથી જ — દેશમાં દુકાળનું દુઃખ ભારે નથી એમ સાબિત કરાવી આપવા જાણી જોઈને વધારેલા તથા ખોટા આંકડાઓ જ આપે છે. ફેમિન કમિશનવાળાઓએ જ જણાવ્યું છે: "બંગાળની

સરકારે પૂરા પાડેલા આંકડા ખાસ કરીને જરા પણ માની શકાય તેમ નથી. . . . સામાન્ય રીતે અમે એવી માન્યતાવાળા થયા છીએ કે, પ્રાંતિક સરકારોએ અમને વધારી મૂકેલા, અને કેટલાક દાખલાઓમાં તો બિલકુલ ખોટા આંકડાઓ જ પૂરા પાડ્યા છે. . . . મુંબઈના આંકડા પણ વધારીને કહેલા છે. . . . બ્રહ્મદેશના આંકડાનું પણ તેમ જ."

મુંબઈ સરકારનો દાખલો જ બસ થશે. તેણે નીચે પ્રમાણે અનાજની પેદાશમાં વધારો બતાવ્યો છે :

| | જમીનં | એકર દીઠ રતલ |
|---|---|---|
| ૧૮૮૦ | ૨૧,૫૦૦,૦૦૦ | ૪૫૯ |
| ૧૮૯૮ | ૨૩,૨૩૩,૦૦૦ | ૫૮૭ |
| | વધારો | ૧૨૮ રતલ* |

હવે આગલાં વીસ વર્ષનો ઇતિહાસ ધ્યાનમાં રાખીને કોણ એમ કહી શકે કે, નહેરો તથા તળાવો વિનાના મુંબઈ ઇલાકામાં જમીનની પેદાશમાં એકર દીઠ ૧૨૮ રતલનો વધારો થયો છે? અને જો સાચે જ જમીનની પેદાશમાં

* જુદા જુદા પાકની એકર દીઠ પેદાશ (રતલમાં)

| | હિંદુસ્તાન | | અમેરિકા | ઇટલી | ઇજિપ્ત |
|---|---|---|---|---|---|
| | ૧૯૧૬-૭ | ૧૯૨૫-૬ | —(૧૯૨૦-૧)— | | |
| ચોખા | ૯૬૯ | ૮૩૩ | ૧૦૯૦ | ૨૧૫૧ | ૧૪૬૫ |
| ઘઉં | ૬૯૬ | ૬૪૦ | ૧૦૬૮ | ૮×૬ | ૧૪૪૬ |
| કપાસ | ૮૩ | ૮૮ | ૧૪૧ | — | ૨૯૯ |
| શેરડી | ૨૫૨૫ | ૨૪૮૯ | — | — | — |
| | | | (જાવા) | ૧૦,૦૦૦ | |



આટલો મોટો ૨૭ ટકાનો વધારો થયો હતો, તો પછી ત
જ ઇલાકામાં ૧૮૯૭માં અને પાછો ૧૮૯૯માં ભયંકર દુકાળ
શા રીતે પડ્યો ?

પરંતુ ખરી વાત તો એ છે કે, મુંબઈ સરકારને ડિરેક્ટર જનરલ પોતે જ એકર દીઠ જમીનની પેદાશ ઘટેલ બતાવે છે. તે કહે છે કે, "૧૮૯૨માં તૈયાર કરેલા આંકડ કરતાં હવેના આંકડા ઘણા જુદા પડે છે. માત્ર વરસાદથી જ જ્ય ખેતી થાય છે, તેવા ભાગોમાં અનાજની પેદાશ ખૂબ ઘટી ગઇ છે. ફક્ત નહેરોવાળા ભાગમાં પેદાશની સરેરાશમાં વધારો થયે છે." હવે મુંબઈ ઇલાકામાં ૩·૨ ટકા જમીન જ નહેરોવાળ છે.[૧] એટલે કે, ૯૬·૮ ટકા જેટલા ભાગમાં એકર દીઠ અનાજની પેદાશ "ખૂબ ઘટી" જવા છતાં માત્ર ૩·૨ ટકા જેટલી જમીનમાં વધેલી પેદાશ વડે આખા મુંબઈ ઇલાકાની તમામ જમીનની પેદાશમાં સરેરાશ એકર દીઠ ૧૨૮ રતલનો વધારો થઈ ગયો!!

ઈ. સ. ૧૮૮૦માં સર જે. બી. પેલીએ ૨૨થી માંડીને ૫૫ એકર સુધીના કદનાં જુદા જુદા ભાગનાં ખેતરો — કે જેમને બાકીની જમીનનાં પ્રતિનિધિરૂપ જ કહી શકાય — તેમની પેદાશનો અંદાજ કાઢ્યો હતો. તે પ્રમાણે એકર દીઠ પેદાશ અનુક્રમે ૧૪ રૂ; ૧૧½ રૂ; ૮ રૂ; ૬ રૂ; અને ૩ રૂ; આવી. એટલે કે, એકર દીઠ સરેરાશ ૮½ રૂપિયા આવી. અનાજનો ભાવ રૂપિયે ૬૦ રતલનો ગણતાં (જોકે

૧. ૧૯૩૩-૪ની ગણતરી પ્રમાણે ખેડાણ જમીનના ૯ ટકા જમીન નહેરોવાળી ગણાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેલ્લાં વીસ વર્ષમાં તેવો ભાવ કવચિત જ હતો) એકર દીઠ સરેરાશ પેદાશ ૫૦૦ રતલ થઈ. છતાં વાઇસરૉય સાહેબે તે જ વર્ષની સરેરાશ ૭૩૦ રતલ મૂકી છે.

ટૂંકામાં, સરકારી આંકડા જરાય સાચા હોતા નથી. સરકાર કદી તે આંકડા મેળવવાનો જ પ્રયત્ન કરતી નથી. કારણ કે, તેની તેમ કરવાની મરજી નથી. બાકી, હિંદુસ્તાન દેશમાં ચોક્કસ આંકડા મેળવવાની જેટલી સગવડ છે, તેટલી દુનિયાના કોઈ દેશમાં નથી. કારણ કે, દૂરના ગામડાને છેડે એક ગાય પણ સરકારની જાણ બહાર વિયાઈ શકતી નથી. તેના વાછરડાનો જન્મ તરત સરકારી દફતરમાં નોંધાઈ ગયો હોય છે. કર ઉઘરાવવાની જાળ પણ સરકારે એવી ચોકસાઈથી પાથરેલી છે કે, દરિયા કિનારે કે સરહદ પર એક મણ અનાજ પણ સરકારની જાણ બહાર આવી કે જઈ શકતું નથી. આખા દેશમાં એકરના દસમા ભાગ જેટલા ટુકડામાં પણ શું વાવવામાં આવ્યું છે, તે પણ વાઇસરૉય સાહેબના અમલદારોએ કાળજીથી નોંધી લીધેલું હોય છે. તો પછી સરકાર ખેતીની આવકના અને પેદાશના ચોક્કસ અને સાચા આંકડા કેમ ભેગા કરીને બહાર પાડતી નથી? તેનું કારણ ઉપર જણાવ્યું તે જ છે કે, તેને તેમ કરવાની મરજી નથી. કારણ કે, તે બરાબર જાણે છે કે તેવા આંકડા જો તૈયાર કરવામાં આવે, તો ખેડૂતોની સ્થિતિ એટલી બધી નબળી સિદ્ધ થાય કે તેમની પાસેથી એક પાઈ પણ મહેસૂલ લેવું એ શરમભર્યું બની જાય.

તો હિંદુસ્તાનના ખેડૂતોની ખરી સ્થિતિ જાણવાનું કશું જ સાધન આપણી પાસે નથી? વાઇસરૉય સાહેબ કહે



છે તેમ તેમની આવક વધી છે કે ઘટી છે, તથા તેઓ ખરે જ સુખશાંતિમાં છે કે નહિ, તેની ખાતરી શી રીતે કરવી? કે પછી આપણે હંમેશાં સરકારે ધૃષ્ટતાથી રજૂ કરેલા જૂઠા આંકડાઓ આગળ મૂંગા બની બેસી રહેવું?

આ પુસ્તકનો વિષય એટલો અગત્યનો અને ગંભીર છે કે, વાચક કંટાળી જાય કે ન કંટાળી જાય તેની દરકાર રાખ્યા વિના, તેની સહૃદયતા ઉપર વિશ્વાસ રાખીને જ લેખક સંયુક્ત પ્રાંતોમાંથી કેટલાંક ખેડૂતકુટુંબો, તેમની જમીન. તેમની આવક, તેમનું દેવું અને તેમની સ્થિતિના વિગતવાર દાખલા સરકારી અમલદારોના જ રિપોર્ટોમાંથી આખા ને આખા અહીં ઉતારવાનો પ્રયત્ન કરશે. તે જોઈને વાચક પોતે જ, ખેડૂતની "વધેલી" આવક અને "સુખી" સ્થિતિ વિષે ચોક્કસ ખ્યાલ બાંધી શકશે.

## સંયુક્ત પ્રાંતો*

ઈ. સ. ૧૮૮૮માં સરકારે આ પ્રાંતોના "ખેડૂત તેમજ મજૂર વર્ગની આર્થિક સ્થિતિની તપાસ" કરાવી હતી. સંયુક્ત પ્રાંતોની જમીન ઘણી જ ફળદ્રુપ ગણાય છે. એટલે ત્યાંના ખેડૂતની સ્થિતિની વિગતો હું તે રિપોર્ટમાંથી આપીશ, તો વાચક સહેલાઈથી દેશના બીજા ભાગોના ખેડૂતોની સ્થિતિનો ખ્યાલ કરી શકશે. આ રિપોર્ટ પણ સરકારે "ખાનગી" તરીકે નોંધીને દબાવી રાખ્યો છે.

* મૂળમાં તે વખતનું 'વાયવ્ય **સરહદના** પ્રાંતો અને અયોધ્યા' નામ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગામનું નામ જમીન એકર

ફલેન ૨૦ કુલ પેદાશ રૂ. ૨૧–૮–૦
મહેસૂલ રૂ. ૨૧–૮–૦

ખરોટ ૧૦ કુલ પેદાશ રૂ. ૬૨–૦–૦
મહેસૂલ રૂ. ૩૨–૦–૦
રૂ. ૧૩–૧૨–૦ દેવું કર્યું.

હટાના ૧૫ પાક નિષ્ફળ ગયો; ચાર
ગાડાં પૂળા મળ્યા રૂ. ૧૧-૧૦-૦
મહેસૂલ ભર્યું. ૫૦ રૂ. દેવું કર્યું.

નૌગામ ૧૦$\frac{3}{4}$ કુલ પેદાશ રૂ. ૭૦–૪–૦
મહેસૂલ રૂ. ૪૪-૧૨-૦
પાછલું બાકી
મહેસૂલ રૂ. ૧૫૪–૦–૦

હઝારા ૧૦$\frac{3}{4}$ કુલ પેદાશ રૂ. ૬૭–૮–૦
મહેસૂલ રૂ. ૪૦-૧૧-૬

આવારાજ્ય ૫$\frac{3}{4}$ કુલ પેદાશ રૂ. ૨૧૪–૦–૦
મહેસૂલ રૂ. ૭૫–૦–૦
ખેતીનું ખર્ચ રૂ. ૯૩–૨–૦
૪ માણસના કુટુંબને આખું વર્ષ જીવવા
માટે રૂ. ૪૫–૧૪–૦ બાકી રહ્યા.

મોહમપુર ૧૭ કુલ પેદાશ રૂ. ૩૧૮–૦–૦
મહેસૂલ રૂ. ૩૦૬–૦–૦
આવક કરતાં ખર્ચ રૂ. ૧૩૮–૯–૦ વધારે
આવ્યું. દેવું કર્યું અને ઘરેણાં વેચ્યાં.



માહમપુર ૭ કુલ પેદાશ રૂ. ૮૫–૦–૦
મહેસૂલ ૪૦–૦–૦
ખર્ચમાં રૂ. ૨૨–૦–૦ ખાધ. દેવું કર્યું.

ચકેરી ૨૪ કુલ પેદાશ રૂ. ૩૮૧–૦–૦
મહેસૂલ રૂ. ૨૧૪–૦–૦
ખેતી સવાયની બીજી આવક રૂ. ૧૧૩-૦-૦
બચત રૂ. ૨૫–૦–૦.

,, ૧૩ કુલ પેદાશ રૂ. ૨૫૯–૦–૦
મહેસૂલ રૂ. ૮૧-૧૫-૦
રૂ. ૬૦૦ દેવું છે. રૂ. ૨૫ મહેસૂલના
બાકી છે.

,, ૮$\frac{1}{2}$ કુલ પેદાશ રૂ. ૯૬–૦–૦
મહેસૂલ રૂ. ૪૭-૧૧-૬
સરભર. ગયે વર્ષે બી ઉછીનું આણ્યું હતું.

,, ૧$\frac{1}{4}$ કુલ પેદાશ રૂ. ૨૦–૦–૦
મહેસલ રૂ. ૧૦–૦–૦
વાર્ષિક ખાધાખર્ચ રૂ. ૮૪–૦–૦;
રૂ. ૩૦ મહેસૂલ બાકી. રૂ. ૧૦૦ દેવું.

,, ૨૦ કુલ પેદાશ રૂ. ૪૪૩–૬–૦
મહેસૂલ રૂ. ૧૦૭–૬–૦
મહેસૂલ બાકી રૂ. ૧૪૧–૦–૦. દેવું
રૂ. ૨૦૦–૦–૦. પાછલાં બે વર્ષ ખરાબ
ગયાં હતાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચકેરી ૮½ કુલ પેદાશ રૂ. ૧૪૩-૦-૦
મહેસૂલ રૂ. ૪૭-૦-૦
દર વર્ષનું કુટુંબખર્ચ રૂ. ૯૬-૮-૦. મહેસૂલ બાકી રૂ. ૧૦૮-૦-૦. દેવું રૂ. ૪૦-૦-૦. ઘરવખરાની કિં. રૂ. ૩-૮-૦

,, ૫ કુલ પેદાશ રૂ. ૭૦-૦-૦
મહેસૂલ રૂ. ૨૧-૮-૦
કુટુંબખર્ચ રૂ. ૧૧૬-૦-૦. મહેસૂલ બાકી રૂ. ૨૧-૮-૦. દેવું રૂ. ૧૦૦-૦-૦

ખુર્દ ૨૩½ કુલ પેદાશ રૂ. ૩૩૮-૦-૦
મહેસૂલ રૂ. ૧૫૦-૦-૦
કુટુંબખર્ચ રૂ. ૨૬૮-૦-૦. મહેસૂલ તથા ખર્ચ પેટે દેવું કર્યું રૂ. ૮૫-૦-૦

,, ૨૪½ કુલ પેદાશ રૂ. ૧૬૨-૦-૦
મહેસૂલ રૂ. ૭૨-૮-૦
કુટુંબખર્ચ રૂ. ૧૬૨-૦-૦. દેવું રૂ. ૨૫૦-૦-૦

જોરસિમિ ૧૪½ કુલ પેદાશ રૂ. ૨૦૧-૦-૦
મહેસૂલ રૂ. ૧૮૩-૦-૦
કુટુંબખર્ચ રૂ. ૨૨૩-૧૪-૬. દેવું રૂ. ૩૦૦-૦-૦

,, ૪½ કુલ પેદાશ રૂ. ૪૨-૦-૦
મહેસૂલ રૂ. ૩૩-૧-૯
છ જણનું કુટુંબ. દેવું રૂ. ૨૯૨-૦-૦



નદરમાઈ ૮ મહેસૂલ રૂ. ૬૦-૦-૦
મહેસૂલ બાકી રૂ. ૧૭૦-૦-૦
દેવું રૂ. ૭૬૦-૦-૦

પિંજરી ૫½ કુલ પેદાશ રૂ. ૨૩-૦-૦
મહેસૂલ રૂ. ૨૩-૦-૦
મજૂરી કરે છે: "સ્ત્રીઓને ઓઢવાનું કાંઈ નથી; દિવસનાં કપડાંભેર શિયાળાની રાત ઉકરડાની તાપણી ઉપર ગમે તેમ કરીને કાઢે છે."

મંદપુર ૪½ કુલ પેદાશ રૂ. ૯૭-૦-૦
મહેસૂલ રૂ. ૫૯-૦-૦
દેવું રૂ. ૨૫૦-૦-૦

ઝાબતી ૧½ કુલ પેદાશ રૂ. ૫-૮-૦
મહેસૂલ રૂ. ૨-૧૨-૦
મજૂરી કરવા જાય છે.

,, ૪¾ કુલ પેદાશ રૂ. ૧૮-૮-૦
મહેસૂલ રૂ. ૬-૯-૬
ખાવા માટે ૬૫૬ રતલ અનાજ ઉછીનું આણ્યું છે, ૩૩ ટકાના વ્યાજે.

ઉપર છેક છેલ્લે આપેલા આખા ગામનો કુલ હિસાબ નીચે પ્રમાણે છે:

ગામનાં કુલ ખાતાં ૨૬૬

| | |
|---|---|
| ખેડાણ જમીન: | ૧૭૪૦ પાકાં વીઘાં |
| જમીનની કુલ પેદાશ: | રૂ. ૩૪૮૦-૦-૦ |
| સરકારી મહેસૂલ: | રૂ. ૧૭૪૪-૦-૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુટુંબનાં માણસોની સંખ્યા: ૧૪૫ પુરુષ, ૧૪૦ સ્ત્રીઓ, ૭૧ છોકરા અને ૬૯ છોકરીઓ.

એટલે કે, સરકાર કુલ પેદાશમાંથી ૫૦ ટકા જેટલો ભાગ મહેસૂલ તરીકે પડાવી લે છે. એકર દીઠ અનાજની પેદાશ ૧૫૩ રતલ છે. દર વર્ષે માથા દીઠ ખેતીની આવક રૂ. ૪-૧-૬ પડે છે. તેટલામાંથી તેમણે ખાધા ખર્ચ અને કપડાંલતાં વગેરે પૂરાં પાડવાનાં. લોકો જીવી રહ્યા હોય તો તે ઢોરોને કારણે. પરંતુ થોડાં વર્ષ ઉપર ઢોરની સંખ્યા ૩૦૦૦ જેટલી હતી તે ઘટીને ૧૦૫૫ થઈ ગઈ છે. અને તે ઘટાડાનું કારણ ત્યાંનો પટવારી એ આપે છે કે, "રોગો વધ્યા છે અને ગોચર જમીન ઓછી થઈ ગઈ છે."

એટાવાના કલેક્ટર મિ. એલેકઝાન્ડર, તહસીલદારોએ આપેલી વિગતો ઉપરથી તારણ કાઢીને લખે છે:

"બધાં સામાન્ય વર્ષ દરમ્યાન, લોકો, વર્ષનો $\frac{1}{4}$ ભાગ દેવું કરીને જ જીવે છે. અને કપરાં વર્ષો દરમ્યાન કાં તો તેમને દેવું વધારી મૂકવું પડે છે, યા તો ઘરેણાં, ઢોર, કે બીજું જે કાંઈ વેચી શકાય તેવું હોય, તે વેચી દેવું પડે છે. . . . એકાદ વર્ષ ખરાબ આવે તો તો લોકો ઉપર જણાવ્યું તે રીતે નભાવી લે છે, પરંતુ જો વર્ષો ઉપરાઉપરી ખરાબ આવે છે, તો તેમની સ્થિતિ એકદમ ભયંકર થઈ જાય છે. લેણદાર આગલું મોટું દેવું બાકી હોવાથી નવા રૂપિયા ધીરતો નથી. એટલે સામાન્ય રીતે દરેક ખેડૂતને અનાજની સખત તંગીથી ઘણું જ વેઠવું પડે છે. મથુરા જિલ્લામાં તો આવી તંગીને કારણે ઈ. સ. ૧૮૭૮ થી ૧૮૮૩ સુધીમાં ખેડૂતોની મોટી સંખ્યા



પોતાનાં ઘરબાર, રાચરચીલું છોડીને બીજા ભાગોમાં કોઈ સગાંવહાલાંની ઓથે રહેવા કે જ્યાં રોજી મળતી હોય ત્યાં મજૂરી કરવા ચાલી ગઈ છે."

શાહજહાનપુર વિષે લખતાં તેઓ જણાવે છે કે:

"જેની પાસે બિલકુલ જમીન નથી, અને જે માત્ર મજૂરી કરીને જ ગુજારો ચલાવે છે, તેવા લોકોની સ્થિતિ જોઈએ તેવી સંતોષકારક નથી. પુરુષ, તેની સ્ત્રી અને તેનાં છોકરાં બધાં જ કામ કરવા જાય તો પણ, તેઓ મહિને ૩ રૂપિયાથી વધારે કમાઈ શકતાં નથી. જ્યારે અનાજના ભાવ સસ્તા કે સાધારણ હોય, રોજી પણ નિયમિત મળતી હોય, તથા કુટુંબનાં બધાં માણસોની તબિયત કામ કરી શકે તેવી નીરોગી હોય, તો તેમની આવકમાંથી તેમને દહાડામાં એક ટંક, પૂરતું ખાવાનું મળી રહે, ઘાસ છાયેલું છાપરું તેમના માથા ઉપર કાયમ રહે, કંઈક સસ્તું કાપડ પહેરવા મળી રહે, તથા કોઈ કોઈ વાર એકાદ પાતળો કામળો તેઓ ખરીદી શકે. આ કુટુંબોને ટાઢ અને વરસાદથી ખૂબ જ સહન કરવું પડે છે. કારણકે, તેમની પાસે પૂરતાં કપડાં હોતાં નથી અને દેવતા સળગાવાય તેટલાં લાકડાં ખરીદી શકાય તેટલા પૈસા પણ હોતા નથી."

અલ્હાબાદ ડિવિઝનના કમિશ્નર મિ. લૉરેન્સ સાહેબ બાંદા અને હમીરપુર વિષે લખતાં જણાવે છે:

"અહીંના ગરીબ વર્ગો અને અર્ધા ભૂખમરા વચ્ચે જરા પણ અંતર નથી. પણ તેનો ઉપાય શો?"

તે જ વિભાગના કલેક્ટર મિ. વાઇટ જણાવે છે:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

“મને પૂછવામાં આવે કે હિંદુસ્તાનના લોકોને રોજ પેટપૂરતું ખાવાનું મળતું નથી એ વાત ખરી છે? — તો તેનો આ સિવાય બીજો કશો જવાબ હું ન આપી શકું કે, ગરીબ વર્ગોનાં શરીર ઉપરથી જ ચોખ્ખું દેખાઈ આવે છે કે તેમને રોજ અર્ધા ભૂખ્યા રહેવું પડે છે.”

સીતાપુર ડિવિઝનના કમિશ્નર મિ. ઓટ્ઝ જુદાં જુદાં ગામના મુખ્ય દાખલાઓ ઉપરથી ગણતરી કરીને તારવણી કાઢે છે કે: “ખેતીમાંથી દર વર્ષે મોટી ઉમ્મરના ખેડૂત દીઠ ૧૪½ રૂપિયા પેદાશ થાય છે અને બાળક દીઠ ૭ રૂ. ૨ આના થાય છે.” હવે તે જણાવે છે: “જેલમાં આપણા કેદીઓને આપણે એનાથી પણ ઓછે ખરચે રાખીએ છીએ; છતાં તેઓ આવ્યા હોય છે તેનાથી વધુ નીરોગ સ્થિતિમાં પાછા જાય છે.” આખી દુનિયામાં “પ્રજાના હિતનાં ભલામાં ભલાં કાર્યો કરનારી” અંગ્રેજ સરકારનો અમલદાર ખેડૂત પ્રજાની સ્થિતિની જેલના કેદીઓની સ્થિતિ સાથે સરખામણી કરીને સંતોષ માને છે એ વિચિત્ર છે. તે અમલદાર દેશની કુલ વસ્તીના ૮૫ ટકા જેટલા ભાગને કૂતરાં કરતાં પણ હીન દશામાં રાખી મૂકવા માગે છે. જોકે તે કહે છે તેટલું પણ ખરું હોત, તો પણ કંઈ વાંધો નથી. કારણકે, ખેડૂતને તો જેલના કેદી જેટલુંય ખાવાનું મળતું નથી. તે કમિશ્નર જે ભાગ વિષે લખે છે, તે સંયુક્ત પ્રાંતોમાં જ:

| | રૂ. આ. પા. | આવે છે. |
|---|---|---|
| સેંટ્રલ જેલમાં કેદી દીઠ ખાધાખર્ચ | ૧૮—૧—૮¾ | ,, |
| ડિવિઝન જેલમાં ,, ,, | ૨૪—૬—૧૦½ | ,, |
| ડિસ્ટ્રિક્ટ જેલમાં ,, ,, | ૧૫—૮—૧૧¾ | ,, |



તેમાં પણ યાદ રાખવાનું કે, આ આંકડા ઈ. સ. ૧૮૬૭–૮ના છે કે જ્યારે બાજરીનો ભાવ રૂપિયે ૫૦ રતલ હતો. પરંતુ ઓટ્ઝ સાહેબ જે વરસની વાત કરે છે, તે વરસે એટલે કે ઈ. સ. ૧૮૮૨માં તેનો ભાવ રૂપિયે ૪૩½ રતલ જ છે.

એટલે કે—

જેલના કેદી જેવો ખોરાક સ્વતંત્ર ખેડૂત ખાય તો પણ, તેને ખાધાખર્ચમાં જ રૂ. ૩–૯–૮⅔ની ખાધ આવે.

છતાં,

ઓટ્ઝ સાહેબ કહે છે, કે “હાલ તુરત ખેડૂતની સ્થિતિમાં સુધારો કરવાની કાંઈ જ જરૂર નથી.”

હવે ઓટ્ઝ સાહેબના વિભાગનાં જ જુદાં જુદાં મુખ્ય ૨૦ ગામડાંની જરા વિગતવાર તપાસ કરીએ. સાથે સાથે એટલું યાદ રાખવું કે, ઈ. સ. ૧૮૮૨ના ભાવના હિસાબે કેદીના જેવો ખોરાક ખાય તોપણ મોટી ઉંમરના માણસને ૧૮ રૂ. ૪ આ. ખર્ચ આવે, અને નાના છોકરાને રૂ. ૯ આવે.

| ગામડાનું નામ | કુટુંબનાં માણસ | કુલ પેદાશ રૂપિયા | આખા વર્ષમાં ખાધાખર્ચમાં પડતી ખાધ રૂપિયા | ખાધ કેટલા ટકા |
|---|---|---|---|---|
| તરકમ | ૬ | ૬૯–૧૨—૦ | ૧૩—૦—૦ | ૧૮ |
| ,, | ૬ | ૯૬—૦—૦ | (બચત ૧૪–૪–૦) | |
| ,, | ૧૪ | ૧૩૬—૦—૦ | ૪૫—૦—૦ | ૨૫ |
| ,, | ૨૧ | ૨૪૧–૧૨—૦ | ૪૮—૦—૦ | ૨૦ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | |
|---|---|---|---|---|
| ભરતપુર | ૫ | ૬૨—૪—૦ | ૧૦—૦—૦ | |
| ,, | ૭ | ૬૨—૨—૦ | ૩૩—૪—૦ | ૩૩ |
| ,, | ૫ | ૬૧-૧૨—૦ | ૨૦—૪—૦ | ૨૫ |
| ,, | ૭ | ૭૨—૪—૦ | ૭૨—૦—૦ | ૨૮ |
| કસરવાન | ૬ | ૯૬—૦—૦ | ૪—૦—૦ | ૪ |
| ,, | ૧૦ | ૧૯૫—૦—૦ | (બચત ૫૦-૦-૦) | |
| ,, | ૧૦ | ૯૧-૧૨—૦ | ૫૪-૧૨—૦ | ૩૩ |
| ,, | ૮ | ૯૦-૧૨—૦ | ૯૯—૪—૦ | ૯ |
| બેહતા સિધાઈ | ૬ | ૫૦—૫—૬ | ૩૧—૬—૬ | ૨૪ |
| ,, | ૫ | ૫૭—૭—૬ | (બચત ૩-૦-૦) | |
| ,, | ૪ | ૨૮—૮—૦ | ૨૬—૦—૦ | ૫૦ |
| ,, | ૨ | ૩૫-૧૨—૦ | ૦-૧૨—૦ | |
| ,, | ૧૦ | ૯૭—૨—૦ | ૪૮—૬—૦ | ૩૩ |
| ,, | ૫ | ૩૮-૧૪—૦ | ૧૯—૬—૦ | ૩૦ |
| ,, | ૧૩ | ૧૦૬—૫—૬ | ૮૪-૧૪-૧૦ | ૫૦ |
| ,, | ૧૩ | ૧૧૯—૨—૦ | ૪૩-૧૦—૦ | ૨૪ |

એટલે કે ૨૦ માંથી

| | |
|---|---|
| બચતવાળાં કુટુંબ ૩ | તેમની કુલ બચત રૂ. ૬૭-૪-૦ |
| ખાધવાળાં કુટુંબ ૧૭ | તેમની કુલ ખાધ રૂ. ૫૬૪-૧-૦ |
| | કુલ ખાધ રૂ. ૪૯૬-૧૩-૦ |

એટલે કે, કુટુંબ દીઠ દર વર્ષે ૨૪ રૂપિયાની ખાધ આવી. અને ખાધવાળાં ૧૭ કુટુંબોની જ ગણતરી કરીએ, તો કુટુંબ દીઠ રૂ. ૩૧-૬ આના ખાધ આવી અને આ



ગામો વિષે જ મિ. બોટ્‌ઝને લખવાનું યોગ્ય લાગ્યું છે કે: "દરેક માણસને પૂરતું ખાવાનું મળે છે અને મજૂરી કરનારાને પણ જોઈએ તેટલા પ્રમાણમાં મળે છે." બોટ્‌ઝ સાહેબ ઈ. સ. ૧૮૮૯માં પેન્શન ઉપર ઇંગ્લંડ પાછા ગયા છે. એટલે તેઓ સાહેબ હજુ જીવતા હશે. પેલા કંગાળ ભૂખે મરતા લોકોની આવકમાંથી મળતા પેન્શન વડે ચેનમાં પોતાની જન્મ-ભૂમિમાં જીવન ગાળતા તે સાહેબની નજરે જો આ લીટીઓ પડે, તો તેઓ સાહેબને વિનંતી છે કે, તેમણે તે લોકોની સ્થિતિ વિષે ખોટા ખોટા અને જૂઠા અહેવાલો લખીને તે ગરીબ લોકોને જે પારાવાર નુકસાન કર્યું છે, તેનો બદલો આપવા કંઈક કરી છૂટે.

ફૈઝાબાદ ડિવિઝનના કમિશ્નર મિ. હેરિંગ્ટન પોતાના રિપોર્ટમાં જણાવે છે:

"હિંદુસ્તાનના લોકોને પૂરતું ખાવાનું મળતું નથી એ બૂમ ખરી છે કે ખોટી છે, એ પ્રશ્નના જવાબમાં હું જણાવવા માગું છું કે, ખેડૂતોની દેવાદાર સ્થિતિના ઊંડા તથા લાંબા અનુભવ પછી મારી ખાતરી થઈ છે કે, હિંદુસ્તાનના મોટા ભાગના લોકોને વર્ષના મોટા ભાગ દરમ્યાન પેટપૂરતું ખાવાનું નથી જ મળતું.

"હવે જો તમે મને પૂછો કે, તેવા લોકોની સંખ્યા કેટલી છે, તો હું જણાવવા માગું છું કે આખા હિંદુસ્તાનની વસ્તીનો $\frac{1}{5}$ મો ભાગ, એટલે કે સ્ત્રી, પુરુષો અને બાળકો મળીને કુલ ચાર કરોડ માણસો, એટલે કે કુલ વસ્તીના ૨૦ ટકા જેટલા લોકો. તેમાં પણ પાંચ ટકા જેટલા લોકો તો હડહડતા ભૂખમરામાં સપડાયેલા છે."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાયબરેલીના ડેપ્યુટી કમિશ્નર મિ. ઇર્વિન જણાવે છે:

“૨૦ કે ૩૦ વર્ષ પહેલાં એકર દીઠ જેટલો પાક ઊતરતો હતો, તેટલો હવે નથી જ ઊતરતો, એ વાત ઉપર અત્યારે બધા જ પ્રમાણભૂત માણસો એકમત છે. તેનાં ખાસ કારણો: એકના એક ખેતરમાંથી વારંવાર લેવામાં આવતો એકનો એક પાક; જંગલોમાંથી લાકડાં મળતાં બંધ થવાથી લોકોએ બાળવા માંડેલું ખાતર; ખેડાણ જમીન વધવાથી અને ગોચર જમીન ઘટવાથી ઢોરની વધી ગયેલી કિંમત; તેમની સંખ્યામાં થયેલો ઘટાડો અને તે કારણે ઓછું અને મોંઘું થયેલું ખાતર—એ છે.

“હવે ગરીબ લોકોને પેટભરીને ખાવાનું મળે છે કે નહિ, તે સવાલના જવાબમાં જણાવવાનું કે, તેમાંના ઘણા મોટા ભાગને સારાં વર્ષો દરમ્યાન, દિવસમાં એક વાર તો ખાવાનું મળે છે. તેમને પેટપૂરતું ખાવાનું મળે છે એમ હું કહી શકતો નથી. જેમ જેમ આપણે હિંદી ખેડૂત અને મજૂરની સ્થિતિ વિષે વધુ વિચાર કરીએ છીએ, તેમ તેમ આપણને ચોક્કસ ખાતરી થયા વિના નથી જ રહેતી કે, તેમની અને ભૂખમરા વચ્ચે વધુ લાંબુ અંતર નથી...... મોટી મોટી જમીનોવાળા ખેડૂતો કદાચ, બીજા ધંધાની મદદથી, સારાં વર્ષોમાં તંગી નહિ વેઠતા હોય. પણ નાના નાના ખેડૂતો કે જેમની સંખ્યા ખાસ કરીને મોટી છે, તેઓ તો હંમેશાં ભૂખમરાની અણી ઉપર જ રહે છે.... શાહુકાર પાસે કરેલું દેવું જ તેમને તેમાં ગબડી પડતાં બચાવે છે.



“મેં કરેલી તપાસને પરિણામે જણાવ્યું છે કે, એક ગામમાં ૧૭૩ માણસો વચ્ચે ૧૦ કામળા, ૧૬ રજાઈ અને ૨૪ ગોદડીઓ હતી. એટલે કે તેમાંથી પોણા ભાગ જેટલા લોકો પાસે શિયાળાની કડકડતી ટાઢમાં સામાન્ય ચાદર સિવાય બીજું કશું ઓઢવાનું સાધન હતું નહિ. જોકે મિ. ગાર્ટલને કરેલી તપાસમાં તો ૭૧ માણસ વચ્ચે આઠ કામળા, બે રજાઈ અને ૫ ગોદડીઓ જ માલૂમ પડયાં હતાં.

“બિચારાં ઢોરને તો દાણો દેખવાનો જ મળતો નથી. બળદોને પણ દાણ કેમ નથી મળતું એમ મને પૂછો, તો તેનો જવાબ એક જ છે કે, ‘માણસોને જ પૂરતા દાણા નથી મળતા, તો પછી ઢોરને તો ક્યાંથી મળે?’”

ત્યાર બાદ તેમણે ૩૦ ખેડૂતોની આવક અને દેવાના વિગતવાર આંકડા આપ્યા છે. તેમનો સાર નીચે મુજબ છે: ૩૦માંથી માત્ર ૮ ને જ દેવું નથી. બાકીના ૨૦ને ૭૯૪ રૂપિયાનું દેવું છે. તેના ઉપર તેમને ૨૦૨ રૂપિયા એટલે કે ૨૫ થી ૨૬ ટકા લેખે વ્યાજ ભરવું પડે છે. એટલે કે, દરેકને સરેરાશ ૩૬ રૂપિયાનું દેવું છે અને તેના ઉપર ૯ રૂપિયા વ્યાજ ભરવાનું છે. દરેક કુટુંબની આવક ૬૦ રૂપિયા છે. અને માથાદીઠ આવક ૧૦ રૂપિયા છે.

ઢોરની સંખ્યા ઘટતી જવાનું કારણ બતાવતાં તે લખે છે.

“પશુઓની સંખ્યામાં મોટો ઘટાડો થવાનું તથા તેમની જાત ઊતરતી જવાનું કારણ, દર વર્ષે સતત ઘટતી જતી ગોચર જમીન છે. લોકોની વધતી જતી વસ્તીને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોષવા માટે ગોચર જમીનને તોડી તોડીને ખેતી હેઠળ આણવી ન જોઈએ. પરંતુ જેટલી ખેડાણ જમીન છે, તેને નહેરો વગેરેની સગવડથી વધુ ઉપજાઉ બનાવવી જોઈએ. ઉપરાંત, લોકો માટે નવા નવા ધંધા ઊભા કરવા જોઈએ. મારો તો ચોક્કસ અભિપ્રાય છે કે, નવી આકારણી વખતે દરેક ગામ દીઠ, કુલ જમીનના ૧૦ ટકા જમીન ગોચર તરીકે અલગ રાખવી, અને તેના ઉપરનું તમામ મહેસૂલ સરકારે માફ કરવું. તે જમીનમાં વળી સારાં બળતણ વગેરેને ઉપયોગી એવાં ઝાડ પણ રોપાવવાં જેથી લોકોને બળતણ અને ઢોરોને પૂરતું ઘાસ મળે. એમ થવાથી એક બાજુ ઢોરની સંખ્યા પણ વધશે તથા બીજી બાજુ લોકો બળતણ માટે છાણ બાળી નાખતા અટકશે; એટલે ખેતીને પણ પુષ્કળ ખાતર મળવાથી બેહદ ફાયદો થશે.

"એક બીજી પણ 'અધાર્મિક' માન્યતા હું ધરાવું છું અને તે અહીં કબૂલ કરી દઉં. મારું ચોક્કસ માનવું છે કે, દેશમાં અમુક હદ સુધી ભાવ ચડે કે તરત સરકારે પરદેશ ચડતા દાણાની બંધી કરી દેવી જોઈએ.

"ઉપરાંત, સરકારનું મહેસૂલ ભરવા ખાતર ખેડૂતને ખળામાંથી જ દાણા વેચી દેવા પડે છે એટલે તેને તેના દાણાનો સારો ભાવ ઊપજતો નથી, અને વચલો વેપારી બધો નફો ખાઈ જાય છે. માટે સરકારે મહેસૂલના હપતા ચાર છે તે વધારીને આઠ કરવાં જોઈએ.

"સરકારે ૧૮૮૧ના ડિસેમ્બરમાં ઠરાવ તો કર્યો છે કે, 'ભારે મહેસૂલથી કે મહેસૂલ ઉઘરાવવાની પ્રતિકૂળ પદ્ધતિથી, વાજબી દરે નાણાં ઉધાર મળી ન શકતાં હોવાથી કે પાણી



અને ખેતીનાં ઓજારોના અભાવથી ખેતીને થતું નુકસાન અટકાવવા યોગ્ય પગલાં ભરી શકાય તેમ છે કે નહિ તે તપાસતા રહેવાની સરકાર પોતાની ખાસ ફરજ માને છે'; પરંતુ અત્યાર સુધી તે ઠરાવ બધી બાબતોમાં કચરાપેટીનો કાગળ જ રહ્યો છે."

મિ. થૉર્બર્ન પોતાના રિપોર્ટમાં જણાવે છે, "ઈ. સ. ૧૮૮૪માં સરકારે ખેડૂતોને તગાવી તરીકે નાણાં ધીરવાનો ઠરાવ કર્યો છે અને તે માટે જિલ્લા દીઠ અમુક રકમ અલગ પણ કાઢવામાં આવે છે. પરંતુ બહુ થોડા જ જિલ્લાઓમાં ખેડૂતો, તે નહિ જેવી રકમનો પણ ઉપયોગ કરતા હશે. કારણ કે તેઓ નાણાં ઉછીનાં લેવા માટે સરકાર કરતાં ગામના શાહુકાર પાસે જવું જ વધુ પસંદ કરે છે. કારણકે, શાહુકાર તો તેના પોતાના ગામમાં જ રહેતો હોય છે એટલે એકાદ કલાકની વાતચીત પછી તરત જ તેને જોઈતાં નાણાં મળી જાય છે. જ્યારે, સરકાર પાસેથી નાણાં ઉછીનાં લેવા જતાં તેને ઠેઠ જિલ્લાના મથક સુધી કેટલાય ધક્કા ખાધા કરવા પડે છે. ઉપરાંત તહેસીલ, ગામ અને જિલ્લાના અમલદારોને પૂરતા સંતોષ્યા પછી ત્રણ ચાર મહિને પણ તેની અરજી મંજૂર થવાની જ છે એવું કશું નક્કી હોતું નથી. તેમ છતાં ધારો કે તેને જોઈતા પૈસા મળ્યા. તો પણ તે તમામ રકમ બીજે વર્ષે અમુક ઠરાવેલે હપતે અને ઠરાવેલે વખતે અચૂક વસૂલ કરી લેવાની હોય છે. ભલે પછી તે વર્ષે તેનો પાક નિષ્ફળ ગયો હોય કે બીજાં કારણોએ તેની સ્થિતિ ખરાબ થઈ હોય. આ બધાં કારણોને લીધે ખેડૂત સામાન્ય રીતે સરકારનો વ્યાજનો દર $6\frac{1}{4}$ ટકા હોવા છતાં શાહુકારનાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૭½ ટકા જેટલા દરનાં નાણાં ઉછીનાં લાવવાનું વધુ પસંદ કરે છે. મારા જ વિભાગનો દાખલો આપું. અમુક ૧૨ ગામની ગણતરી કરતાં જણાયું છે કે, તેમણે શાહુકાર પાસેથી માત્ર ઢોર વગેરેની ખરીદી માટે કરેલું દેવું ૬૩,૪૪૯ રૂપિયાનું છે. જ્યારે, કુલ ૫૩૫ ગામડાંમાં થઈને સરકાર પાસેથી લીધેલી રકમ માત્ર ૮,૬૪૬ રૂપિયાની જ છે."

મિ. ગાર્ટલને કુલ ૭૧ માણસોનાં ૧૩ ખેડૂત કુટુંબોની વિગતવાર તપાસ કરી છે, તેનું પરિણામ નીચે મુજબ છે:

કુલ આવક: (દેવાની રકમ સાથે): રૂ. ૧૪૪૨-૧૨-૦

| | | |
|---|---|---|
| ખેતીનું ખર્ચ: | રૂ. ૧૫૫-૮-૦ | |
| મહેસૂલ: | ૨૫૩-૧૨-૦ | |
| વ્યાજ: | ૧૨૮-૮-૦ | કુલ |
| | ખર્ચ: રૂ. | ૫૩૭-૧૨-૦ |
| | બાકી બચત: | ૯૦૫-૦-૦ |
| | દેવાની રકમ બાદ: | ૩૯૧-૦-૦ |
| | બાકી રૂ. | ૫૧૪-૦-૦ |

એટલે કે, કુટુંબ દીઠ ૪૦ રૂપિયા અને માથા દીઠ ૮ રૂપિયાની દર વર્ષે આવક છે. હવે તે વર્ષના ભાવ ગણતાં બાજરી જેવા હલકા અનાજ માટે પણ તેમની ગણતરી મુજબ આખા વર્ષમાં થઈને:

માણસને રૂ. ૨૩-૦-૦ જોઈએ.
બાળકને રૂ. ૧૪-૦-૦ જોઈએ.

પણ તેમને બધાને સરેરાશ મળે છે માત્ર ૮ રૂપિયા!



## મુંબઈ ઇલાકો

ડિરેક્ટર ઑફ ઍગ્રિકલ્ચરે આમવર્ગની આર્થિક તપાસ કરીને જે રિપોર્ટ ઈ. સ. ૧૮૮૭-૮ માં તૈયાર કર્યો છે, તે ઉપરથી જણાય છે:

'હિંદુસ્તાનનો બગીચો' કહેવાતા ગુજરાતમાં કુલ વસ્તી ૨,૮૫૭,૭૩૧ માણસોની છે. તેમાં ગરીબ વર્ગના લોકો ૪૭ ટકા એટલે કે ૧,૩૩૫,૦૪૮ જેટલા છે. એ પ્રાંતમાં જીવનનિર્વાહનું ઓછામાં ઓછું ખર્ચ વર્ષે ૨૮ રૂપિયા છે.

હવે તેઓ સાહેબ જણાવે છે કે:

અમદાવાદ જિલ્લામાં ખેડૂત કુટુંબોમાંથી ૧૦ ટકા જેટલા ભાગને તેમનાં ખેતરમાંથી ૯ મહિના ગુજરાન ચાલે તેટલી આવક થાય છે. ખેડા જિલ્લામાં ૪૧½ ટકા જેટલાં ખેડૂત કુટુંબોને ખેતરમાંથી વર્ષના ૩½ મહિના ચાલે તેટલી આવક થાય છે. ભરુચમાં ૧૦ ટકા જેટલા ખેડૂતોને વર્ષમાંથી માત્ર ૬ મહિનાની ખરચી નીકળે તેટલી આવક ખેતરમાંથી થાય છે. સુરત જિલ્લામાં ૧૫ ટકા જેટલાને વર્ષમાંથી ૬ મહિના નીકળે તેટલી આવક થાય છે અને પંચમહાલમાં (ટકા જણાવ્યા નથી) ૧૦ મહિના ચાલે તેટલી પેદાશ થાય છે.

ત્યારે તે લોકો વર્ષના બાકીના ભાગમાં કેમ કરીને જીવે છે? ડિરેક્ટર સાહેબ જ જણાવે છે કે:

"ખેતીની મોસમમાં પણ શાહુકાર જ ખેડૂતને જીવતો રાખે છે, અને પાક તૈયાર થયો કે તે બધો પડાવી લઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાનો નફો મેળવે છે. ખેતીની મોસમ પૂરી થઈ કે પછી ખેડૂતને મજૂરી કરીને જ ગુજરાન ચલાવવું પડે છે."

હવે જરા દક્ષિણમાં જઈએ. ડિરેક્ટર સાહેબ જણાવે છે કે, "ગરીબ વર્ગના લોકોને સારાં વર્ષોમાં પણ દુકાળની સંભવિતતા ઘણી મોટી અસર કરે છે." અને તે "ગરીબ વર્ગની" સંખ્યા દર પાંચ માણસે ૧ માણસની છે. ડિરેક્ટર સાહેબ કબૂલ કરે છે કે, "બધા જ પ્રમાણભૂત લેખકો કહે છે તેમ, ખેડૂતોને ખેતીની પેદાશમાંથી આખા વર્ષનું ખાધાખર્ચ મળી શકતું નથી."

નીચે જિલ્લાવાર કેટલા ટકા ખેડૂતોને ખેતીમાંથી કેટલા મહિનાની ખરચી મળે છે તે જણાવ્યું છે.

| જિલ્લો | કેટલા ટકા ખેડૂતો | | ખેતીમાંથી વર્ષના કેટલા મહિનાનું ખર્ચ મળે છે |
|---|---|---|---|
| નાશિક | ૬૫ | (દેવું ભર્યા બાદ) | ૬ |
| ખાનદેશ | ૪૦ | ,, | ૭ |
| અહમદનગર | ૨૫ | (દેવું ગણ્યા વિના જ) | ૫ |
| પૂના | ૪૫ | ,, | ૫ |
| સોલાપુર | ૪૦ | ,, | ૧૨ |
| સતારા | ૩૭½ | ,, | ૬ |

સતારા જિલ્લો એ ખાનદેશ બાદ કરતાં ફળદ્રુપમાં ફળદ્રુપ જિલ્લો છે અને સોલાપુર એ ગરીબમાં ગરીબ જિલ્લો છે. એટલે ડિરેક્ટર સાહેબે સોલાપુરની આપેલી વિગતો કેટલી સાચી હશે, તે વાચક જ કલ્પી લેશે.



ડૉ. કૉર્નિશે કરેલી ગણતરી મુજબ ઈ. સ. ૧૮૭૭–૭૮ના દુકાળમાં ૮૦૦,૦૦૦ માણસો મરી ગયાં હતાં, સારાં વર્ષમાં પણ આશરે ૪૦૦,૦૦૦ માણસો એટલે કે કુલ વસ્તીના ૯ ટકા જેટલો ભાગ જીવનનિર્વાહ જેટલું પેદા કરી શકતો નથી. તથા ૧,૧૦૦,૦૦૦ માણસોને એટલે કે વસ્તીના ચોથા ભાગને રોજ પેટપૂરતું ખાવાનું મળતું નથી:

એમ છતાં મુંબઈ સરકારે આ પ્રાંત માટે જે તારવણી લખી મોકલી છે, તે આ પ્રમાણે છે: "દક્ષિણમાં ક્યાંય મોટા વિસ્તારમાં ફેલાયેલું સંકટ જોવામાં આવતું નથી."

આ દક્ષિણીઓ તો ભારે વિચિત્ર લોકો!! મિ. ક્રૉફર્ડ સાહેબ કહે છે, "દક્ષિણીને વધારે આવક મળે તો પણ તે બધી જ ખરચી નાખે છે. આજે પેટપૂરતું ખાવાનું મળ્યું એટલે આવતી કાલનો તે વિચાર જ કરતો નથી."

શાબાશ!! દુનિયાના બધા લોકો પેટપૂરતું ખાવાનું મળે ત્યારે અડધા ભૂખ્યા રહીને જ ચલાવી લે છે: ખાસ કરીને તો ક્રૉફર્ડ સાહેબના દેશભાઈ અંગ્રેજ લોકો. પરંતુ આ દખણીઓ તો પેટ પૂરતું ખાવાનું ખરીદાય એટલા પૈસા મળ્યા કે તરત પેટ ભરીને ખાઈ લેવાનું જ સમજે છે, અને અડધા ભૂખ્યા રહી થોડા પૈસા બચાવવાનું સમજતા જ નથી!!

કર્ણાટકમાં ૨,૩૮૫,૪૧૪ માણસની વસ્તી છે. તેમાં ગરીબ વર્ગના લોકોની સંખ્યા ૩૫૬,૯૦૦ છે. મિ. સ્પેન્સના જણાવ્યા પ્રમાણે જીવનનિર્વાહનું ધોરણ આ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રાંતમાં માથા દીઠ ૧૮ શિ. ૪ પેન્સ છે. પરંતુ આ જ પ્રાંતમાં જેલનું ખાધાખર્ચ માથા દીઠ "૨૭ શિ. ૨ પેન્સ (૨૦ રૂ. ૮ આ.), અથવા જેલની દીવાલ બહાર કામ કરનાર કેદી દીઠ ૩૩ શિ. ૮ ૧/૨ પેન્સ (૨૫ રૂ. ૪ આ. ૬ પાઈ) છે". એટલે કેં, સરકારના કેદી કરતાં પણ સરકારના ખેડૂતનું જીવનનિર્વાહનું ધોરણ ઓછું છે.

ડિરેક્ટર સાહેબ જણાવે છે કે, "રિપોર્ટ કરનાર બધા અમલદારો સંમત થાય છે કે, ખેડૂતોના મોટા ભાગને જમીનની ઊપજમાંથી આખા વર્ષનું ગુજરાન ચાલી શકે તેટલું મળતું નથી."

| જિલ્લો | કેટલા ટકા ખેડૂતો દેવું ભર્યાં બાદ | | કેટલા મહિના જેટલું ખાધાખર્ચ ખેતીમાંથી મળે છે |
|---|---|---|---|
| બેલગામ | ૫૦ | ,, | ૪ ૧/૨ |
| ધારવાર | ૪૦ | ,, | ૪ ૧/૨ |
| વિજાપુર | ૪ | ,, | ૭ |

છતાં આ વસ્તુસ્થિતિમાંથી ડિરેક્ટર સાહેબ એટલી જ તારવણી કાઢે છે કે: "હજુ કર્ણાટકના ખેડૂતોમાંથી કોઈ પણ વર્ગ માટે સંકટનિવારણનાં ખાસ પગલાં લેવાનાં શરૂ કરવાં પડે એમ નથી. હજુ રાહ જોઈ શકાય તેમ છે."

કોંકણ: વસ્તી ૨,૨૦૯,૧૦૦: ગરીબ વર્ગ ૫૪૩,૭૦૦

"બધા રિપોર્ટો એકી અવાજે કહે છે કે, ખેડૂતો ખેતીમાંથી આખા વર્ષનું ખાધાખર્ચ મેળવી શકતા નથી."



| જિલ્લો | કેટલા ટકા ખેડૂતો દેવું ભર્યાં બાદ | | કેટલા મહિના જેટલું ખાધાખર્ચ ખેતી-માંથી મળે છે |
|---|---|---|---|
| થાણા | ૨૦ | ,, | ૪ ૧/૨ |
| કોલાબા | ૫૫ | ,, | ૩ ૧/૨ |
| રત્નાગિરિ | ૬૬ ૧/૪ | ,, | ૫ |

કાનરાની વિગતો નથી.

રિપોર્ટ જણાવે છે: "એ તો સ્પષ્ટ છે કે રત્નાગિરિ જિલ્લામાં સારાં વર્ષો દરમ્યાન પણ વસ્તીને જોઈતું અનાજ પેદા થતું નથી." ઘાટ તરફના ખેડૂતો માટે મિ. ક્યુમાઇન કહે છે કે, ઉનાળામાં વસ્તીના મોટા ભાગને ભૂખ મટે તેટલું ખાવાનું મળતું નથી. મિ. રેન્ડ કહે છે કે, વસ્તીના ૩/૫ ભાગને, અને મિ. કેન્ડી કહે છે કે, વસ્તીના ૧/૪ ભાગને. પરંતુ મિ. ક્રૉફર્ડ જણાવે છે કે "સહ્યાદ્રિના ઢોળાવ અને કોર ઉપર એક પણ સારું ચોમાસું એવું નથી હોતું કે જ્યારે લોકોને દુકાળનું સંકટ વેઠવું પડતું ન હોય."

"હિંદુસ્તાનના બગીચા" ગુજરાત માટેની તારવણી જોવા જેવી છે. ડિરેક્ટર સાહેબ જણાવે છે: "કોઈ પણ જિલ્લામાં ભૂખથી મરણ નીપજ્યાં હોય એવું બતાવી શકાય તેમ નથી."

પરંતુ ભરુચનો કલેક્ટર કહે છે:—"તાવથી નીપજેલાં તરીકે ગણવામાં આવતાં જે અસંખ્ય મરણો હોય છે, તેમાંના મોટા ભાગનું કારણ ભૂખમરો તથા કપડાં અને યોગ્ય રહેઠાણનો અભાવ હોય છે." અને તે કલેક્ટરને આખા દેશના મોટામાં મોટા મેડિકલ ઑફિસરનો ટેકો છે કે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"દુકાળ સિવાયનાં સારાં વર્ષમાં પણ જે ચાર કરોડ મરણ તાવથી નીપજેલાં તરીકે નોંધેલાં હોય છે, તેમાંનાં એક કરોડ ખરી રીતે ભૂખમરાથી જ નીપજેલાં હોય છે."

## મદ્રાસ

"હિંદુ" પત્ર લખે છે: "સૂકી" જમીન ઉપર ખરી રીતે કુલ પેદાશના ૧૨ થી ૨૮ ટકા મહેસૂલ લેવામાં આવે છે અને "ભીની" જમીન ઉપર ૧૬ થી ૩૧ ટકા લેવામાં આવે છે, છતાં સરકાર તો એમ જ કહે છે કે અમે સૂકી જમીન ઉપર પેદાશના ૫ થી ૧૦ ટકા અને ભીની જમીન ઉપર ૧૦ થી ૧૬.૬ ટકા મહેસૂલ લઈએ છીએ.

પણ જુઓ બધા જ જિલ્લાઓનાં કોષ્ટક :

| | સૂકી : મહેસૂલ ટકા | ભીની : મહેસૂલ ટકા |
|---|---|---|
| કુડાપ્પા | ૨૦,૧૩,૧૨ | ૨૨ |
| કીસ્ટના | ૧૫,૧૮ | ૨૧ |
| નેલોર | ૧૮ | ૨૩ |
| કુરનુલ | ૧૬,૧૩,૧૭ | ૧૬,૧૭,૧૮,૧૯ |
| ચીન્ગલપેટ | ૧૫ | ૨૦ |
| દક્ષિણ આર્કટ | ૧૫ | ૩૧ |
| ત્રિચિનોપલી | ૧૩ | ૨૮ |
| તિનેવેલી | ,, | ૨૫ |
| સાલેમ | ૧૨,૧૩ | ૧૭,૨૧ |

એક પણ ઠેકાણે સરકારના જણાવેલા આંકડા છે?

"સરકાર પોતાના મહેસૂલના બોજાને યોગ્ય તથા સમાન રીતે વહેંચેલો ગણે છે. પરંતુ નેલોરનો ઈ. સ. ૧૮૯૮-૯૯ નો



સેટલમેંટ રિપોર્ટ જોતાં માલૂમ પડે છે કે, જે જમીનો હરાજ કરી દેવામાં આવી હતી તેમાંથી ૩૮.૨૨ ટકા જેટલી જમીન કોઈ ખરીદનાર ન મળવાથી સરકારને જ રાખી લેવી પડી હતી. આગલે વર્ષે તો ૫૬.૨૮ ટકા જેટલી જમીન રાખી લેવી પડી હતી. ૧૮૯૩માં મિ. રૉજર્સ જણાવે છે કે, "હરાજીથી વેચેલી ૧,૯૬૩,૩૬૪ એકર જમીનમાંથી ૧,૮૭૪,૧૪૩ એકર જેટલી, એટલે કે લગભગ ૬૦ ટકા જેટલી જમીન કોઈ ખરીદનાર ન મળવાથી સરકારને જ રાખી લેવી પડી છે."

છતાં સરકાર પોતાનું મહેસૂલ યોગ્ય, પ્રમાણસર અને હળવું ગણે છે.

## પંજાબ

(આ પ્રાંતની હકીકત હું લૉર્ડ ડફરીને કરાવેલી ૧૮૮૭ની તપાસના રિપોર્ટમાંથી જ આપવાનો છું.) ગરગાઉનના ડેપ્યુટી કમિશ્નર મિ. મેકોનેશી સાહેબ જણાવે છે:

"સારાં વર્ષોમાં અનાજની ખાસ તંગી જણાતી નથી; પરંતુ જીવનનિર્વાહનું ધોરણ ભયભરેલી રીતે નીચું છે: ભાવમાં સહેજ વધારો થાય, કે તબિયતના બગાડને કારણે મજૂરી ઓછી મળે, કે તરત જ મુશ્કેલી શરૂ થાય છે....'વસ્તીનો વધારો અટકાવનારા' રોગો દુઃખભરેલી રીતે વ્યાપેલા છે અને ખાસ કરીને ઘરડાંઓ અને બાળકો ઉપર તેમનું જોર વધારે છે. . . . વાસ્તવિક ભૂખમરો નથી હોતો તેવે વર્ષે પણ, એક સમય એવો આવે છે કે, જ્યારે લોકોને કાચો પાક, મૂળિયાં અને જંગલી ફળ, આરોગ્યને નુકસાન થાય તેટલા મોટા પ્રમાણમાં ખાઈને જ જીવતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રહેવું પડે છે. કેટલાય લાંબા સમય સુધી તેમને તેવી વસ્તુઓ ઉપર જીવવું પડે છે. આ ખોરાકથી તેમની પાચનશક્તિ બગડી જતી હોવી જોઈએ તથા તેમની શક્તિમાં પણ મોટો ઘટાડો થતો હોવો જોઈએ. મેલેરિયા જેવા રોગો આવા ગરીબ લોકોનાં ક્ષીણ શરીર ઉપર ધસારો કરીને વર્ષાઋતુના દિવસોમાં જે સંહારકારી ઘમસાણ મચાવી મૂકે છે, તેનું કારણ પણ એ જ છે....જ્યારે ખાવાનું કાંઈ જ મળી શકે તેમ રહેતું નથી, ત્યારે ગામ, દેશ કે જિલ્લા તરફ ખ્યાલ કર્યા વિના તેઓ ઘર છોડીને જ્યાં શરીર અને જીવ ભેગા રાખી શકાય તેટલી મજૂરી કે કમાણી મળી શકે તેમ હોય છે, ત્યાં દુઃખના માર્યા ચાલી જાય છે. ખરે જ તેઓને જીવતા રહેવા માટે તનતોડ પ્રયત્ન કરવા પડે છે."

ફિરોજપુરના ડેપ્યુટી કમિશ્નર મિ. બર્ચે જે રિપોર્ટ મોકલ્યો હતો, તેમાં તેણે જણાવ્યું છે કે: "જોકે સરહિંદ કેનાલ ફઝિલકા તહેસીલમાં થઈને પસાર થાય છે, તો પણ આ કમનસીબ ગામડિયાઓને તો તેનાથી કશો જ લાભ થયો નથી. કેટલીક જગાએ જમીન રેતાળ છે, અથવા તો પાણીની સપાટીથી ઘણી ઊંચી છે. ૩૩ ગામોમાંના ઘણા લોકો તો એટલે સુધી ગરીબીમાં સપડાયા છે કે, કેટલાયને રાત્રે ભૂખ્યા જ રહેવું પડે છે. ૨૪ કલાકમાં બે વાર ખાવાનું તો તેમને ભાગ્યે મળે છે....મોસમમાં સહેજ પણ ફેરફાર થાય છે: જરા પણ વરસાદ ઓછો પડે છે, કે તરત મુશ્કેલી શરૂ થાય છે. પરિણામે જરા પણ પાક ઓછો ઊતરે છે કે તરત દુકાળનો ડંખ માલૂમ પડે છે; અને પાક નિષ્ફળ જાય



છે તો તો ભૂખમરો જ શરૂ થાય છે. લોકો પાસે બચત જેવું કાંઈ પણ હોતું જ નથી."

શાહપુરના આસિસ્ટંટ કમિશ્નર મિ. ઓડવાયર જણાવે છે:

"થલની અંદર તો જમીનની હવે કિંમત જ રહી નથી. અને સહેજ પણ સૂકું વર્ષ દેખીને લેણદારો જમીન ઉપર એક પાઈ પણ ધીરવા તૈયાર થતા નથી. પરિણામે જીવનની જરૂરિયાતોની ભયંકર અને ઉત્કટ તંગી થઈ ગઈ છે. કેટલાંય ઘરોમાં અનાજનો એક દાણો પણ રહ્યો નથી. લોકો જંગલનાં ઝાડઝાંખરાંનાં બી ભેગાં કરી દળીને ખાય છે. તેમાં ને લાકડાના વહેરમાં જરાય ફેર નથી. સવાર થઈ કે ગામડાંની સ્ત્રીઓ સાવરણી લઈને બાકરાનાં બિયાં વાળવા જાય છે. નુરપુર અને બીજાં ગામડાંમાં તો તે બિયાંની પણ હવે કિંમત ઊપજવા માંડી છે અને બે મણનો ૧ રૂપિયો બેસે છે.. નુરપુર, બુલંદ, અદ્દુકોટ અને અધિસરગલ એ ગામોમાં તો મેં જાતે જઈને ૪૦ જુદાં જુદાં ઘરની તપાસ કરી. તો માત્ર પાંચની અંદર જ દાણા જેવું કંઈક મને જોવા મળ્યું. બાકીનાં બધાં ઘરોમાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકો બાકરાનાં બિયાં ઉપર જ જીવતાં હતાં. એ બધાં ભૂખમરાના જડબામાં જ ઊભાં હોય તેવાં દેખાતાં હતાં. આ વર્ણન બનુ, દેરાઈસ્માઈલખાન અને જંગના પ્રદેશોને પણ લાગુ પડે છે. થલની અંદર મોસમ એવી અનિશ્ચિત છે કે દશમાંથી બે કે ત્રણ વર્ષ સુકાણ જ હોય છે."

એક્સ્ટ્રા આસિસ્ટંટ કમિશ્નરે કરેલા રિપોર્ટમાં લખ્યું છે: "મારો પહેલો રિપોર્ટ મોકલ્યા પછી મેં આંકડા ભેગા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાનું અને ખાસ અનુભવી માણસો મારફતે તપાસ કરવાનું ચાલુ જ રાખ્યું છે. મેં આખા જિલ્લાના જુદા જુદા ભાગોમાંથી જુદા જુદા ૨૦૦ દાખલાઓ ભેગા કર્યા છે. પરિણામે મારે એવા સિદ્ધાંત ઉપર આવવું જ પડયું છે કે, નાના નાના ખેડૂતોનો મોટો ભાગ રોજ અડધો ભૂખ્યો રહે છે. . . જે ભાગોમાં વરસાદ ઉપર જ ખેતીનો આધાર છે, ત્યાં તો તંગીનું કારણ વરસાદની અછત ગણી શકાય. પણ વિચિત્ર વાત તો એ છે, કે કૂવા વગેરેની પૂરતી સગવડવાળા જિલ્લાઓમાં પણ એ જ સ્થિતિ માલૂમ પડે છે. એટલે, લોકોના આ અડધા ભૂખમરાનું કારણ વરસાદની તંગી છે એમ ન જ કહી શકાય, નહિ તો પાણીની સગવડ-વાળા જિલ્લાઓમાં કશી જ મુશ્કેલી હોવી જોઈએ નહિ."

બીજા એકસ્ટ્રા આસિસ્ટંટ કમિશ્નર જણાવે છે કે: "આ જિલ્લામાં વસ્તીનો મુખ્ય ભાગ હિંદુ તેમજ મુસલમાનોનો છે. હિંદુઓ સામાન્ય રીતે સારી સ્થિતિના ગણાય છે. પરંતુ તેમનામાંય પૂરતી આવક વિનાનો ભાગ, દેખાય છે તે કરતાં ઘણો મોટો છે. તેવા લોકોના હું ત્રણ વર્ગ પાડું છું. (૧) જેમને થોડીઘણી જુવાર અને બાજરી ખાવાની મળે છે પણ મુખ્યત્વે લીલોતરી ચરી ખાઈને જ જીવવું પડે છે તેવા. (૨) જેમને દિવસમાં બે વાર ખાવાનું નથી મળતું એવા. (૩) જેમને ખાવાને કદી દાણા જ નથી મળતા. . . એટલે કે જેઓ ભાજીપાલો કે કંદમૂળ ચરીને જ જીવે છે અથવા ભીખ માગે છે. . . હિંદુઓની કુલ વસ્તીના ઓછામાં ઓછા દશ ટકા આ ત્રણમાંના એકાદ વર્ગમાં જરૂર આવે છે. . . પૂરતું ખાવાનું ન મળવાથી તેઓ



કંઈ એકદમ મરી જતા નથી. પણ તેઓ રોગી જરૂર થાય છે. તેઓ ઘણુંખરું દૂબળા અને રોગીલા જ હોય છે. તેઓ સુખી જિંદગી ગાળે છે એમ ન કહી શકાય.

"શહેરમાં ફરતા માણસો જોઈને કોઈને આમ નહિ જ લાગે. અને તેમનો પોશાક તથા તેમનું સમાજનું મોભાદાર સ્થાન દેખીને તો કોઈ જ એમ ન માને કે, એ ભૂખે મરતા વર્ગમાંનો માણસ છે. પંજાબમાં, પોતાની ગરીબાઈ બહાર પડવા દેવી એ બહુ હલકું કામ ગણાય છે. એટલે તેઓ બહારથી પોશાક વગેરેનો ઠાઠ ગમે તેમ કરીને ઠીક ઠીક રાખે છે. આવા લોકો માટે આ પ્રાંતમાં "સફેદપોશ" એવું નામ પ્રચલિત છે.

"પરંતુ અહીં મોટા ભાગની વસ્તી મુસલમાનોની છે. તેમની સ્થિતિ તેટલી સારી નથી. સારાં વર્ષોમાં પણ તેમની વસ્તીનો ચાર ટકા ભાગ ભૂખમરાની હદે જ જીવતો હોય છે. અને જેમને પૂરતું ખાવા નથી મળતું એવા લોકો ૨૦ ટકા જેટલા છે એમ કહી શકાય. . . આ વર્ષે તો લોકોએ બાકરાનાં બી કે જે અનાજ નથી, તે ખાઈને જ જીવવા માંડયું છે. કેટલાક માત્ર તડબૂચ કે તેનાં બી ખાઈને જ ચલાવે છે. . . તે બધામાં બાકરાનાં બી ખરાબમાં ખરાબ છે કારણ કે તેમનાથી મરડો જ થાય છે અને ઘણી વાર તે મરડામાંથી મોત જ નીપજે છે.

"આ વીસ ટકા ઉપરાંત બાકીના લોકોમાંનો ઘણો મોટો ભાગ દેવામાં સપડાયેલો છે. અત્યારે તો તેમને ઉધાર નાણાં મળતાં હોવાથી તેઓ જુવાર બાજરી વગેરે પૂરતા પ્રમાણમાં ખાઈ શકે છે. પણ તેમનેય પેલા વીસ ટકા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી ભૂખમરાની સ્થિતિમાં પહોંચવાનો દહાડો બહુ દૂર નથી. આવા લોકો કુલ વસ્તીના ૫૦ ટકા જેટલા છે."

આવા સુંદર પ્રદેશ માટે દિલ્લી ડિવિઝનલ કૉન્ફરંસે ઈ. સ. ૧૮૮૮માં બીજા બધા જિલ્લાઓના રિપોર્ટો મળ્યા બાદ ઠરાવ પસાર કર્યો કે: "(૧) મોટા ભાગના લોકોને પેટ ભરીને ખાવા નથી મળતું એ વાત ખોટી છે. (૨) જોકે લોકોના જીવનનિર્વાહનું ધોરણ ખ્યાલમાં રાખીએ તોપણ એટલું તો કહેવું જોઈએ કે, લોકોનો ખોરાક બહુ હલકા પ્રકારનો છે. (૩) લોકોમાં ભૂખમરો વધતો જાય છે એમ સિદ્ધ કરવાને માટે જરાય પુરાવો નથી. (૪) રોગોને કારણે લોકો કામ કરી શકતા ન હોવાથી પૂરતી કમાણી કરી શકતા નથી."

પણ એ રોગો શાથી થાય છે? ભૂખમરો અને ગરીબાઈથી જ નહિ?

## વરાડ

વરાડના સેક્રેટરી સાહેબ મળેલા રિપોર્ટો ઉપરથી તારવણી કાઢે છે કે, "વરાડમાં દુકાળ શું છે તે લોકો જાણતા નથી. અને કોઈ પણ માણસને ભૂખે મરવું પડે છે એમ માનવાને જરાય કારણ નથી."

પરંતુ મૂળ રિપોર્ટમાં કમિશ્નર મિ. સૉન્ડર્સ જણાવે છે કે: "જ્યારે આપણે પેટ પૂરતું ખાવાનું ન મળવાની વાત કરીએ, ત્યારે જે લોકોના જીવનનિર્વાહનાં સાધનો તેમની મજૂરી કરવાની શક્તિ ઉપર આધાર નથી રાખતાં તે લોકોને આપણા ખ્યાલમાંથી બાતલ જ કરવા જોઈએ. જ્યાં સુધી માણસ પાસે બજારમાં વેચવા જેવું કાંઈ હોય, કે



ઉધાર નાણાં મળી શકે તેમ હોય, ત્યાં સુધી જો વર્ષ સારું હોય તો તેને ભૂખે મરવું ન પડે. . . એટલે આપણે તો એવા મજૂરવર્ગની જ વાત કરીએ કે જે રોગ કે તેવાં બીજાં કારણથી મજૂરી ન કરી શકે તો તેને પૂરતું ખાવાનું ન મળે કે ભૂખે પણ મરવું પડે.

"સામાન્ય રીતે મજૂર કુટુંબમાં ધણી ધણિયાણી અને એક ત્રીજું કોઈ— અપંગ કે નાનું બાળક — જે કમાણી કરી શકે તેમ નથી હોતું — એટલાં હોય છે. તેવા કુટુંબને પૂરતું ખાવાનું મળે તે માટે નીચેની રકમ જોઈએ.

| ૩૬૫ દિવસ માટે | | ભાવ | પા. શિ. પેન્સ |
|---|---|---|---|
| જુવાર: | ૯૧૨½ શેર | ૧ રૂ. : ૨૦ શેર | ૩—૦–૧૦ |
| તુવરની દાળ | ૯૧¼ ,, | ૧½ આને : શેર | ૦–૧૫—૧ |
| મરચું | ૧૬ ,, | | ૦–૧૫—૧ |
| મીઠું | ૩૭ ,, | | ૦—૬—૨ |
| તેલ | ૧૧½ ,, | ૬ આને : શેર | ૦—૫—૯ |
| પરચૂરણ ખર્ચ | | દિવસની ૧½ પાઈ | ૦—૩–૧૦ |
| કેરોસીન | | આઠ દિવસનો ૧ આનો | ૦—૩–૧૦ |
| | | | પા. ૫–૧૦—૭ |

### તહેવારો

| | પા. શિ. પે. | | પા. શિ. પે. |
|---|---|---|---|
| દિવાળી | ૦—૨—૮ | મિત્ર | ૦—૧—૪ |
| અક્ષતૃતીયા | ૦—૧—૪ | મહેમાનો વગેરે | ૦—૬—૮ |
| હોળી | ૦—૧—૪ | કપડાં | ૦–૧૬—૦ |
| કુલ ખર્ચ | પા.૬–૧૯–૧૧ | | ૧—૯—૪ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| કમાણીઃ | પા. શિ. પે. |
|---|---|
| ધણીઃ રોજના બે આના અને સ્ત્રી દિવસનો એક આનો આખા વર્ષના | પા. ૪–૧૧—૭ |
| વર્ષમાં સરેરાશ ૪૫ દિવસ કામ ન મળે તે બાદ કરો | ૦–૧૧—૩ |
| પાકની મોસમમાં સરેરાશ ૬૦ દિવસ ધણીને ૨ આના તથા સ્ત્રીને ૧ આનો વધારે મજૂરી મળે તેના ઉમેરો | ૦–૧૫—૦ |
| | ૦—૪—૯ |
| કુલ | ૪–૧૫–૪ |

એટલે કે કુલ કમાણી પા. ૪–૧૫—૪ છે
અને ખર્ચ પા. ૬–૧૯–૧૧ છે.

"આ ખાધ તેણે કપડાં કે ખાધાખર્ચમાં ઘટાડો કરીને જ પૂરી કરવી જોઈએ. આમાં માંદગીનો એક પણ દિવસ ગણ્યો નથી તથા લગ્ન વગેરે પ્રસંગોનું ખર્ચ પણ ગણ્યું નથી.

સરકારે આ પ્રદેશની ઈ. સ. ૧૮૯૬–૯૭ની સાલમાં એકર દીઠ જમીનની પેદાશ ૭૫૪ રતલ જણાવી છે. પરંતુ ખરી રીતે તે કેટલી હતી, તે સરકારી આંકડાઓ ઉપરથી જ જણાશે:

| વર્ષ | એકરદીઠ રતલ | વર્ષ | રતલ |
|---|---|---|---|
| ૧૮૯૧–૯૨ | ૧૯૬ | ૧૮૯૫–૯૬ | ૧૪૫ |
| ૧૮૯૨–૯૩ | ૧૭૨ | ૧૮૯૬–૯૭ | ૭૦ |
| ૧૮૯૩–૯૪ | ૨૨૨ | ૧૮૯૭–૯૮ | ૧૪૬ |
| ૧૮૯૪–૯૫ | ૨૦૬ | ૧૮૯૮–૯૯ | ૧૧૨ |
| | | ૧૮૯૯–૧૯૦૦ | ૩૧ |



૯ વર્ષની સરેરાશ ૧૪૪$\frac{૪}{૯}$ રતલ.

ખરી પેદાશ આટલી જ હોવા છતાં સરકારી અમલદારોને રિપોર્ટમાં ૭૫૪ રતલ પેદાશ મૂકવાથી શો લાભ થવાનો હશે? ૧૪૪$\frac{૪}{૯}$ રતલ સરેરાશ પેદાશ હોવા છતાં વાઇસરૉય અને જાહેર પ્રજાને ઠગવા માટે ૭૫૪ રતલની રકમ જાહેર કરવામાં આવી.

હવે સેક્રેટરી સાહેબ કહે છે તેમ જો આ પ્રાંતમાં બધી લીલાલહેર જ હોત તો ઈ. સ. ૧૯૦૧ ની વસતી ગણતરીમાં પાછલાં વર્ષોને હિસાબે ૩,૩૩૨,૧૧૪ માણસો હોવાં જોઈતાં હતાં. પણ ખરી રીતે ૨,૭૫૨,૪૧૮ હતાં.

ઓછાં ૫૭૯,૬૯૬. એટલે કે ગણતરી વખતે દર ૮ માણસે ૧ માણસ ન હતો.

## મદ્રાસ

ઈ. સ. ૧૮૮૮ની તપાસના રિપોર્ટોમાં મને મદ્રાસનો રિપોર્ટ આપવામાં આવ્યો નથી. માત્ર મદ્રાસ સરકારે હિંદી સરકારને, પોતાને મળેલા રિપોર્ટો ઉપરથી કરી મોકલેલી તારવણી જ મને જોવા મળી છે. એટલે મૂળ રિપોર્ટોના વિગતવાર આંકડા હું નહિ આપી શકું.

"મળેલા રિપોર્ટો તપાસીને તથા બોર્ડ અને મોટા ભાગના અમલદારોના મતને મળતા થઈને ગવર્નર સાહેબ અને તેમની કાઉન્સિલ એમ જણાવવાની ઇચ્છા કરે છે કે, સામાન્ય વર્ષોમાં વસ્તીના, ધ્યાન ખેંચે તેવા મોટા ભાગને રોજ પેટ ભરીને ખાવાનું ન મળતું હોય એવી વસ્તુસ્થિતિ આ ઇલાકામાં નથી."

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જોકે, કેટલાક કલેક્ટરો આનાથી બિલકુલ વિરુદ્ધ મતના હતા. જેમકે મિ. લે. ફેનુનો અભિપ્રાય એવો હતો કે, "કચરી નાખતી ગરીબાઈ, એ જ આમ પ્રજામાં ચારેબાજુ ફેલાયલી સ્થિતિ છે."

છતાં મદ્રાસ સરકાર ચલાવ્યે રાખે છે કેઃ– "મજૂરીના દર વધ્યા છે. જે વસ્તુઓ પહેલાં મોજશોખમાં ખપતી, તે હવે સામાન્ય વપરાશની વસ્તુઓ બની છે...જૂનાં છાયેલાં છાપરાંની જગા હવે નળિયાંવાળા ઘરે લીધી છે."

હિંદી વજીર ફાઉલર સાહેબને એક વાત વારંવાર બોલવી બહુ ગમે છે. અને તે એ છે કે, હિંદુસ્તાનમાં સરકાર ખેતીની કુલ પેદાશના માત્ર આઠ ટકા જ મહેસૂલ તરીકે લે છે. જોકે, મદ્રાસમાં તો સરકાર પોતે જ, ૨૫ ટકા લઈએ છીએ એમ કહે છે. અને તે પણ કેટલું ખોટું છે તે નીચેનાં કોષ્ટકો ઉપરથી જણાશે.

સરકાર જમીનની કુલ પેદાશ ૧૦૦ ગણીને હિસાબ કાઢે છે કે:

૨૯ ખેતીના ખર્ચ પેટે જાય.
૧૫ ખરાબ મોસમ પેટે જાય.
૨૮ સરકારી મહેસૂલ પેટે જાય.
૨૮ ખેડૂતને મળે.
———
૧૦૦

યાદ રાખવાનું કે, ઉપરના ખેતીખર્ચમાં ખેડૂતના કુટુંબનું ખાધાખર્ચ કે કોઈ પણ પ્રકારનું ખર્ચ સરકારી અમલદારોના જ કહેવા પ્રમાણે ગણવામાં નથી આવતું.



આ વસ્તુસ્થિતિ જો ખરી હોત, તો તો ગરીબ ખેડૂતને ભાગે પેટપૂરતું ખાવાનું, તેમજ એક બે ખરાબ વર્ષો પણ વેઠી લેવા જેટલું સાધન જરૂર આવત. પરંતુ સરકાર હંમેશાં જમીનની કુલ પેદાશ વધારે મૂકીને જ હિસાબ કાઢે છે. જેમકે ૩૦૫ એકર કૂવા, તળાવ કે નહેરવાળી જમીનવાળા એક ગામડાની પેદાશ સરકારે ૮,૫૫૭ થી ૯૦૦૦ કોલમ મૂકી છે. પણ વાસ્તવિક રીતે તેની સરેરાશ ૬૨૦૦ કોલમથી વધારે નથી. ઊલટું જ્યારથી ફરીવારની આકારણી કરી છે, ત્યારથી તે સંખ્યા ઘટતી જાય છે.

| ફસલી વર્ષ | કોલમ | ફસલી વર્ષ | કોલમ |
|---|---|---|---|
| ૧૩૦૩ | ૫૩૦૦ | ૧૩૦૮ | ૫૧૦૮ |
| ૧૩૦૪ | ૫૨૭૫ | ૧૩૦૯ | ૬૮૧૩ |
| ૧૩૦૫ | ૫૦૨૪ | | |

એટલે, સરકારે જ્યાં ૧૦૦ની પેદાશ ગણી છે ત્યાં ખરી રીતે ૭૫ ગણીએ તો,

૨૨ ખેતીના ખર્ચ પેટે
૧૧ ખરાબ મોસમ પેટે
૨૮ સરકારના મહેસૂલ પેટે : ૩૮ ટકા
૧૪ ખેડૂત માટે : ૧૮ ટકા

એટલે કે, ખર્ચ જતાં બાકી રહેલી જમીનની પેદાશમાંથી $\frac{૨}{૩}$ સરકાર લઈ લે છે અને ખેડૂતને ભાગ $\frac{૧}{૩}$ રહે છે.

મદ્રાસના અનંતપુર જિલ્લામાં ભયંકર દુકાળ પડ્યો હતો. સરકારને રેલવેઓ વધારવી હતી અને ઇંગ્લંડનાં લોખંડનાં કારખાનાંવાળા તથા રેલવે કંપનીના ભાગીદારોને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૈસા કમાવી આપવા હતા, એટલે તેણે દલીલ રજૂ કરી કે હિંદુસ્તાનમાં જ્યાં સુધી ભૂખમરો અને દુકાળ છે, ત્યાં સુધી દેવું કરીને પણ સરકારે પ્રજાને મદદ કરનાર અને પ્રજાની સંપત્તિમાં વધારો કરનાર યોજનાઓ પાછળ લાખો રૂપિયા ખરચવા જ જોઈએ. અને એ પ્રમાણે તેણે "પ્રજાની સંપત્તિમાં વધારો કરવા" મોટાં મોટાં વ્યાજો અને નફાની બાંયધરી સાથેની મૂડી ઇંગ્લંડથી આણીને રેલવેઓ બાંધવાની શરૂ કરી. તે વર્ષે સરકારે નિયમ સ્થાપિત કર્યો કે, સારા રાજ્યની પ્રથમ પરીક્ષા એ છે કે, દર વર્ષે દેશમાં વસ્તી ઘટવાને બદલે વધવી જોઈએ. એ પ્રમાણે અંગ્રેજોના છત્ર હેઠળ, "૧૮૮૧માં જેટલી વસ્તી હોય તેમાં દર વર્ષે ૧½ ટકાને હિસાબે વધારો થવો જોઈએ."

એમ કહીને તેણે મરજીમાં આવ્યું તેટલું દેવું કરી રેલવેઓ પાછળ પૈસા વેરવા માંડ્યા. હવે ઈ. સ. ૧૮૯૧ અને ૧૯૦૧ની બે વસ્તી ગણતરીઓ વચ્ચે મદ્રાસ ઇલાકામાં સરકારના કહ્યા મુજબ એક પણ દુકાળ પડ્યો નથી. તો પણ અંગ્રેજ સરકારના "છત્ર હેઠળ" એ 'સારાં' વર્ષો દરમ્યાન મદ્રાસ ઇલાકાની વસ્તી દર વર્ષે ૧½ ટકો વધવાને બદલે ૨,૭૧૦,૫૩૩ જેટલી ઘટી છે.

## મધ્યપ્રાંતો

લૉર્ડ ક્રોમર અને સર ડેવિડ બારબરે ૧૮૮૨માં કરેલી હિંદુસ્તાનની આર્થિક તપાસ વખતે આ પ્રાંતને તેમણે આખા દેશમાં સૌથી "ઉત્તમ, ફળદ્રુપ અને સમૃદ્ધ પ્રાંત" ગણાવ્યો. કારણકે, તેઓ સાહેબોએ સિદ્ધ કર્યું કે, આ પ્રાંતની માથા દીઠ



| | | | | |
|---|---|---|---|---|
| ખેતીની પેદાશ | ૩૦ | શિલિંગ | ૯ | પેન્સ છે |
| જ્યારે બંગાળાની | ૧૮ | ,, | ૧૦ | ,, |
| સંયુક્ત પ્રાંતોની | ૧૮ | ,, | ૨ | ,, |

પરિણામે નવી જમાબંદી વખતે તે પ્રાંતોનું મહેસૂલ જુદા જુદા જિલ્લાઓમાં નીચે પ્રમાણે વધારી મૂકવામાં આવ્યું.

| | ટકા | | ટકા |
|---|---|---|---|
| વિલાસપુર | ૧૦૨,૧૦૫ | સાગર | ૬૮,૪૨,૫૩,૪૮ |
| સેઓની | ૯૭,૯૫,૯૨,૫૫,૫૦ | જબલપુર | ૯૫,૯૭,૫૫,૯૨,૫૦ |
| હોસંગાબાદ | ૯૬,૮૭,૬૯ | નાગપુર | ૨૦,૨૧,૨૮,૨૪ |

૧૮૮૨માં ક્રોમર અને બારબર સાહેબે આ પ્રાંતની ખેતીની પેદાશ ૧૪,૧૬૬,૬૬૭ પાઉંડ ઠરાવી હતી. પણ ૧૮૯૮–૯૯માં કરેલી પૂરતી તપાસને પરિણામે તે માત્ર . . ૭,૨૮૨,૫૭૪ પાઉંડ જેટલી જ માલૂમ પડી હતી. પરંતુ લોકો ઉપર તો મહેસૂલનો જે વધારો થયો તે થયો જ.

સરકાર પોતાને મહેસૂલ વધારવું હોય છે ત્યારે અથવા પ્રાંતમાં કે દેશમાં દુકાળ, ભૂખમરો કે ગરીબાઈ નથી તેમ સિદ્ધ કરવું હોય છે ત્યારે, ગમે તેવા બનાવટી જૂઠા આંકડા ઠોકી બેસાડે છે. કેટલીક વાર તો વિગતવાર ચોક્કસ આંકડા પોતે જ પહેલાં પ્રસિદ્ધ કરી દીધા હોય છે તેમ છતાં જૂઠા આંકડા કહેતાં જરાય વાર નથી લાગતી.

જેમકે 'એગ્રિકલ્ચરલ સ્ટેટિસ્ટિક્સ'માં ૪૧૦મે પાને આ પ્રાંતમાં જિલ્લાવાર એકર દીઠ અનાજની પેદાશ નીચે મુજબ આપેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈ. સ. ૧૮૯૬–૯૭

| | | |
|---|---|---|
| નહેર વગેરેના પાણીની | એકર દીઠ ઘઉંની પેદાશ | |
| સગવડવાળી જમીનમાં | ૯૨૫ | રતલ |
| સૂકી જમીનમાં | ૫૭૦ | રતલ |
| સરેરાશ | ૬૦૦ | રતલ |

પરંતુ તે જ પુસ્તકમાં ૩૭૧મે પાને જે વિગતવાર આંકડા છે, તે હવે જુઓ.

| | એકર દીઠ ઘઉંની પેદાશ | | એકર | ટન |
|---|---|---|---|---|
| ૧૮૯૧–૯૨ | ૪૩૭ | રતલ | ૩,૯૦૪,૦૦૦ | ૭૬૦,૦૦૦ |
| ૧૮૯૩–૯૪ | ૩૨૨ | ,, | ૩,૯૮૬,૦૦૦ | ૫૭૫,૦૦૦ |
| ૧૮૯૫–૯૬ | ૩૦૭ | ,, | ૨,૭૧૪,૪૫૪ | ૩૬૮,૦૩૮ |
| ૧૮૯૬–૯૭ | ૩૯૦ | ,, | ૧,૯૬૯,૬૨૩ | ૩૩૨,૬૪૫ |
| ૧૮૯૭–૯૮ | ૫૭૬ | ,, | ૨,૧૭૧,૭૧૪ | ૫૪૩,૦૯૫ |
| ૧૮૯૯–૧૯૦૦ | ૧૭૩ | ,, | ૧,૬૧૯,૯૮૯ | ૧૯૪,૦૭૦ |

એટલે કે, ૧૮૯૧ થી ૧૯૦૦ના આખા ગાળા દરમ્યાન દર વર્ષે સરેરાશ પેદાશ એકર દીઠ, માત્ર ૩૭૨ રતલ જ હતી. આવા વિગતવાર ચોક્કસ આંકડા મોજૂદ હોવા છતાં સરકારે ૬૦૦ રતલની ગપ મારી.

હવે આપણે તેઓ સાહેબના રિપોર્ટમાં જરા આગળ વધીએ. તેઓ સાહેબો જણાવે છે:

" તમામ વસ્તીના જીવનનિર્વાહનો આધાર માત્ર ખેતી છે. એટલે આખા પ્રાંતની સુખાકારી ખેતીની સારી કે નરસી સ્થિતિ ઉપર આધાર રાખે છે....જમીન એટલી બધી ઉત્તમ છે કે, બહુ જ થોડી મહેનતથી પણ વધુ પેદાશ થાય છે.... સરકારનું મહેસૂલ તો ઠેકડી થાય તેટલું બધું ઓછું છે. અત્યારનું



મહેસૂલ રેલવે શરૂ થઈ ત્યાર પહેલાં ઠરાવેલું છે. એટલે મુંબઈ સાથે જોડાણ થવાથી ખેડૂતોને જે બેહદ નફો થાય છે, તેમાંથી સરકારને જરા પણ ભાગ મળતો નથી."

બધું રૂડું રૂપાળું છે! માત્ર એકાદ બે વાતો જરા ખરાબ છે. 'કોર્ટોમાં ઘણા જણા પાયમાલ થાય છે, શાહુકારો પઠાણો જેવા બદમાશો છે, પર્વતો ઉપરની જાતિઓને પહેરવાનાં લૂગડાં નથી મળતાં, અને ખાવાનું પણ બહુ ઓછું મળે છે!!' "આ પ્રાંતમાં ગરીબાઈ ખૂબ છે, પણ સંકટ જરાય નથી. લોકોને પૂરતું ખાવાનું મળે છે, પણ પર્વતો ઉપરની જાતિઓ જંગલી જાનવરોની પેઠે આવતી કાલના દિવસ માટે જરાય સંઘરો કરી રાખતી નથી. અને તેમને પેટપૂરતું ખાવાનું પણ મળવાની ભારે મુશ્કેલી છે." શાબાશ! આજે જ પેટપૂરતું ખાવાનું નથી મળતું, ત્યાં તેમાંથી આવતી કાલનું શી રીતે સંઘરવાનું તેઓ જણાવે છે?

"...સંપત્તિનું પ્રમાણ વેગથી વધતું જાય છે અને જેને જોઈએ તેને પૂરતી રોજી મળી રહે છે. માત્ર જે પૈસા પ્રાંતમાં આવે છે, તે બધા વચલા દલાલો અને શાહુકારોનાં ખિસ્સાંને બદલે ખેડૂતોનાં જ ઘરમાં જાય, તો લોકોને ઘણા સુખી ગણી શકાય. પણ તેમના ઉપર વ્યાજખોર શાહુકારો અને દીવાની અદાલતની તરવાર ઝઝૂમતી જ રહે છે."

ખરી વાત છે. બિચારા દેશી વ્યાજખોરોની જ વાત શું કામ કરો છો? આખા હિંદુસ્તાનમાં જે સંપત્તિ ઉત્પન્ન થાય છે, તે પરદેશી અંગ્રેજોનાં જ ખિસ્સાંમાં જવાને બદલે " બિચારા દેશીઓનાં જ ઘરમાં જાય તો લોકોને ઘણા સુખી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણી શકાય. પણ તમના આસપાસ પરદેશીનું જડબું મોં ફાડીને તૈયાર જ ઊભું રહેલું હોય છે."

અને આ પ્રાંતમાં લોકોનું દેવું પણ ઘણું ભારે છે. "જે ૨૩ દાખલાઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી, તેમાંથી ૧૮ દાખલાઓ દેવામાં સપડાયેલા જણાયા હતા....બીજા ૧૪ દાખલાઓમાંથી ૧૧ દેવામાં હતા. ... ત્રીજા અગિયાર દાખલાઓમાંથી બધા જ દેવામાં માલૂમ પડયા હતા...૧૮૪૭ ખેડૂતોમાંથી ૧૫૮૮ દેવામાં ડૂબેલા હતા. . . . અને બર્હનપુરના તહેસીલદાર તો અંદાજ કાઢે છે કે, તેના તહેસીલમાં ૧૦ માંથી ૯ જણાં દેવાદાર છે."

પણ આ પ્રાંતના લોકો ભારે વિચિત્ર!! તેઓ લગભગ કશું ખાધા વિના જ જીવી શકે છે! મજૂર કુટુંબોની તપાસનું પરિણામ જણાવતાં એક દાખલો આપીને રિપોર્ટ કરનારા સાહેબો નવાઈ દેખાડતા કહે છે કે: "ઍગાના કુટુંબમાં એક સ્ત્રી અને બે નાનાં છોકરાં હતાં. તેઓ અઠવાડિયે ૧૨ ટોપલીઓ બનાવતાં. તે દરેકના ૨ રતલ ચોખા ઊપજતા. એટલે કે મહિને તેમને ૧૦૦ રતલ ચોખાની કમાણી હતી. તેની કિંમત ૧ રૂપિયાથી પણ ઓછી થાય. આ કુટુંબ આટલી આવક ઉપર જીવતું તો હતું જ, પણ દર વર્ષે ૧ રૂપિયા જેટલી રકમ બચાવીને તેમાંથી જોઈતાં કપડાં પણ ખરીદતું હતું."

| | | |
|---|---|---|
| વર્ષની કમાણી | : | ૧૨ રૂપિયા |
| બાદ કપડાંનો | : | ૧ રૂપિયો |
| ખાવા માટે | : | ૧૧ રૂપિયા |



તેમાંથી ચાર જણાં પેટ ભરતાં હતાં. એટલે કે દરેકને દર વર્ષે ખાધાખર્ચ માટે ૫૨૮ પાઈ મળતી. એટલે કે દર મહિને ૪૪ પાઈ. એટલે કે રોજની ૧૩/૪ પાઈ.

એટલે કે, આખા હિંદુસ્તાનમાં સમૃદ્ધમાં સમૃદ્ધ પ્રાંતના રહેવાસીને રોજની સવા પાઈ ખાધાખર્ચ માટે મળતી હતી. પણ તે 'સમૃદ્ધમાં સમૃદ્ધ પ્રાંત'માં ૧૯૦૦ ના દુકાળ વખતે આખી વસ્તીનો ૪૦ ટકા ભાગ સરકારે આપેલી મદદ ઉપર જીવતો હતો. અને ૧૮૯૦ થી ૧૯૦૦ સુધીના ગાળામાં તે પ્રાંતમાં ભૂખમરાથી જ ૧૩ લાખ માણસો માર્યાં ગયાં હતાં. કાં તો તે પ્રાંત સમૃદ્ધ જ ન હતો, અથવા તો અંગ્રેજોના રક્ષક છત્ર તળે ૧૮૮૨ થી માંડીને ૧૯૦૦ સુધીમાં તે ચુસાઈ જઈને એટલો ગરીબ બની ગયો હોવો જોઈએ.

## અજમેર મેરવાડા

ઈ. સ. ૧૮૮૨માં આ પ્રાંતની સ્થિતિ વિષે અજમેરના તહેસીલદાર તપાસ કરી રિપોર્ટ લખે છે કે:

"એમાં જરાય શંકા નથી કે, ખેડૂતોની સ્થિતિ જરાય સંતોષજનક નથી. સામાન્ય રીતે દરેક કુટુંબમાં પાંચથી સાત માણસ હોય છે. અને દરેક કુટુંબ પાસે સરેરાશ ૯ વીઘાંથી માંડીને ૨૬ વીઘાં જેટલી જમીન હોય છે. છેલ્લાં વીસ વર્ષની ગણતરી ઉપરથી જણાય છે કે, કુટુંબની સરેરાશ આવક દર વર્ષે ૮૮ રૂપિયાથી લઈને ૨૩૬ રૂપિયા સુધીની હોય છે. એટલે કે, માથા દીઠ ૧।। થી ૩।। રૂપિયા જેટલી. પરંતુ આટલામાંથી લોકોનું જરાય પૂરું ન જ થઈ શકે. પરિણામે, પાક લણાઈ રહ્યા બાદ થોડા જ દિવસ તેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પેટપૂરતું ખાવાનું મળે છે. . . . જો લેણદાર આવીને બધો જ પાક દેવા પેટે લઈ ન ગયો હોય તો. દાણા ખૂટવા માંડે પછી દેવું કરીને તથા મહુચા કે સંપન જેવાં જંગલી ઘાસનાં બી ખાઈ ખાઈને લોકો દહાડા કાઢવા પ્રયત્ન કરે છે. પરંતુ તે બધાથી તેમની તબિયતને ઘણું ભારે નુકસાન થાય છે."

## બિહાર

મદ્રાસની પેઠે બંગાળની ૧૮૮૧–૮૨ની તપાસના રિપોર્ટ પણ મને આપવામાં નથી આવ્યા. પરંતુ બિહાર માટે નીચેની વિગતો મળી શકે છે :

સેટલમેંટ ઑફિસર મિ. કોલીન, જિલ્લાનાં ગામડાંની જાતે તપાસ કર્યા બાદ જણાવે છે કે: "જે ચિત્ર મેં રજૂ કર્યું છે, તે કાંઈ ભારે સમૃદ્ધિ બતાવતું હોય તેવું તો નથી જ. અને ગરીબ વર્ગના લોકો જેમાં વણકરોનો પણ સમાવેશ થઈ જાય છે, અને જે કુલ વસ્તીના ૨૫ ટકા જેટલા છે — તેમને પોતાની સ્થિતિ સુધારવાનો કોઈ પણ રસ્તો રહ્યો નથી. દુકાળ કે તંગીના વખતમાં તેમને એક પણ પ્રકારનો આધાર મળી શકે તેમ નથી."

પટનાના કલેક્ટર લખે છે: ૨ા એકરથી ઓછી જમીનવાળા ખેડૂતો બહુ જ હલકા પ્રકારનું ધાન ખાવા પામી શકે છે અને તે પણ વર્ષના મોટા ભાગ દરમ્યાન પૂરતું તો નહિ જ. તેમનાં ઘર ખરાબ હોય છે અને શિયાળા માટે પૂરતાં કપડાં પણ તેમની પાસે હોતાં નથી. મજૂરોની બાબતમાં જણાવવાનું કે, તેમને વર્ષમાં આઠ



મહિના મજૂરી મળી શકે તેમ હોતી નથી. અને જ્યારે મળે છે, ત્યારે દિવસનું ૨½ શેર સસ્તામાં સસ્તું અને હલકામાં હલકું અનાજ રોજી તરીકે મળે છે. સ્ત્રીઓને તેનાથી અર્ધું મળે છે. ખેડૂતોની વસ્તીનો મોટો ભાગ એટલે કે ૪૦ ટકા જેટલા માણસો પેટપૂરતું ખાવાનું જ મેળવી શકતા નથી. ઘર અને કપડાંની વાત તો રહેવા દઈએ. જીવતા રહેવા માટે તથા કામ કરવાની શક્તિ માટે જોઈતું અનાજ તેમને નથી મળતું. વર્ષનો મોટો ભાગ તેઓને દિવસમાં એક વાર જ ખાવાનું મળે છે અને એ રીતે કેટલાય લાંબા લાંબા ઉપવાસો વેઠવા પડે છે.

ઈ. સ. ૧૮૮૧માં સરક નિગહામે આખા બિહાર વિષે લખતાં જણાવ્યું છે:

"એક વાત તો ચોક્કસ, કે ગરીબ વર્ગના લોકો પાસે પાંચ વીઘાંથી વધારે જમીન હોતી નથી. અને વસ્તી-ગણતરી પ્રમાણે ઘર દીઠ સાત માણસો ખાનારાં હોય છે. દર વર્ષે વીઘા દીઠ પેદાશ સરેરાશ ૨૫ રૂપિયાની છે. તેમાંથી ૩ રૂપિયા મહેસૂલના જાય. એટલે છ લાખ જેટલાં માણસોને (દર વર્ષે ૭ માણસે ૧૦૨ રૂપિયા એટલે કે) માથા દીઠ મહિને ૧¼ રૂપિયો ખાવાપીવા માટે, કપડાંલત્તાં માટે અથવા બીજા જેને માટે ગણો તેને માટે મળે છે.

"પરંતુ આ સ્થિતિ તો સારા વર્ગના માણસોની છે. ગરીબ વર્ગના અર્ધોઅર્ધ ભાગને એટલે કે ૩ લાખ જેટલાં માણસોને તો બે વીઘાં જેટલી જમીન પણ નથી. વળી એ ઉપરાંત જમીન વગરના માત્ર મજૂરી ઉપર જીવનારા લોકો — કે જેમની સંખ્યા પણ ગામડાં દીઠ વસતીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦ થી ૧૫ ટકા જેટલી છે, તે બધા શી રીતે જીવે છે, અને ખાસ કરીને તો વારંવાર આવતાં તંગીનાં વર્ષોમાં — એ પ્રશ્નનો જવાબ આપવા ભાગ્યે જ કોઈ તૈયાર થશે."

બંગાળની સરકારે તપાસ વખતે બિહાર માટે નીચે મુજબ તારવણી લખી મોકલી છે:

"૧ાા કરોડમાંથી લગભગ ૪૦ ટકા જેટલી વસતીને પેટપૂરતું ખાવાનું નથી મળતું. મજૂરીના દર બહુ જ ઓછા છે, અને તેવી મજૂરી પણ બધાને પૂરતી નથી મળતી. . . કોઈ પણ ધંધો એવો ખીલવી શકાય તેમ નથી કે જેથી બધાને કામ મળી રહે . . . એ સંકટનો એક જ ઉપાય દેખાય છે અને તે એ કે લોકો વર્ષો સુધી લાગલાગટ, હંમેશને માટે પરદેશ ચાલ્યા જાય. અને તે ઉપાય પણ ત્યારે જ અસરકારક નીવડે, કે જ્યારે લોકો મોટી સંખ્યામાં અને સતત પરદેશ ચાલ્યા જાય."

સરકારને પોતાની પ્રજાની સ્થિતિ સુધારવાનો એક જ ઉપાય દેખાય છે, અને તે "હંમેશને માટે મોટી સંખ્યામાં દર વર્ષે સતત તેમને દેશની બહાર" કાઢી મૂકવાનો.

મિ. ગ્રિયર્સન, આઈ. સી. એસે ગયા જિલ્લા વિષે ઈ. સ. ૧૮૯૩ની સાલની નીચે મુજબ વિગતો પોતાના પુસ્તકમાં જણાવી છે. તે પુસ્તક મેં ખૂબ તપાસ કરાવી તોપણ મને ન જ મળ્યું. પરંતુ તેમાંથી અંગ્રેજોના કટ્ટર પક્ષકાર ગણાતા "પાયોનિયર" પત્રે જે ઉતારા આપ્યા છે, તે નીચે જણાવું છું:

"ગયા જિલ્લામાં અર્ધા ઉપરની વસતી ખેતી ઉપર જીવે છે. આ જિલ્લાની ખાસિયત એ છે કે, તેમાં,



ખેતીમાં કરેલા ખર્ચ જેટલું પણ પેદા થતું નથી. છ માણસના કુટુંબને ૧૨$\frac{3}{4}$ એકર જેટલી જમીન હોય તો પણ પૂરતી થતી નથી. એટલે કાં તો લોકોને રોજ, દિવસમાં એ કરતાં ઓછી વાર ખાવું પડે છે, અથવા તો આવકનાં બીજાં સાધન શોધવાં પડે છે. પરંતુ તેમ છતાંય તેમને ખર્ચ જોગું મળી રહેતું નથી. મિ. ગ્રિયર્સને આ વસ્તુ જુદાજુદા કદનાં ખેતરોની આવક કાળજીપૂર્વક તપાસીને નક્કી કરેલી છે. ઉપરાંત તેમણે ૧૨૧૦ ખેડૂતોનાં ૧૬૩ કુટુંબોની વિગતવાર તપાસ પોતાના પુસ્તકમાં નોંધેલી છે. ૧૨૧૦ ખેડૂતો કુલ ૧૪૨૮ એકર જમીન ખેડતા હતા. અને તેમની વાર્ષિક આવક ૯૨૪૮ રૂપિયા હતી. ખેતી ઉપરાંત બીજાં સાધન મારફતે તેમને ૫૮૧૦ રૂપિયાની આવક થતી હતી. એટલે ૧૨૧૦ ખેડૂતોની કુલ આવક ૧૫,૧૦૮ રૂપિયા થઈ. એટલે કે માથાદીઠ રૂ. ૧૨–૪–૦. પરંતુ એક માણસને બે ટંક પેટભરીને ખાવા માટે તથા પૂરતાં કપડાં પહેરવા માટે ઓછામાં ઓછા ૧૫ રૂપિયા જોઈએ. એટલે કે લગ્ન, મરણ, બીમારી વગેરેનાં બીજાં ખર્ચ ન ગણતાં પણ તે ગામડાંમાં માથા દીઠ રૂ. ૨–૬–૦ની દર વર્ષે ખાધ આવતી હતી.

"હવે મજૂરોની સ્થિતિ ઉપર આવીએ. મજૂર બે પ્રકારના છે: એક તો સ્વતંત્ર અને બીજા ગુલામ. અંગ્રેજ સરકારના રાજ્યમાં ગુલામો છે એ જાણી કોઈને આશ્ચર્ય થશે; પરંતુ વસ્તુસ્થિતિ તેમજ છે. થોડા રૂપિયા આગળથી ધીરવાથી તે માણસ આપણે ત્યાં ૧૦૦ વર્ષ કે તે રૂપિયા પાછા વળાય ત્યાં સુધી ગુલામ તરીકે કામ કરવા બંધાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મજૂરોની કુલ આવક વર્ષે રૂ. ૪૧-૧૨-૦ છે. પણ સામાન્ય રીતે કુટુંબ ૪ માણસનું હોય; એટલે તેમને દર વર્ષે રૂ. ૪-૯-૦ ની ખાધ પડે છે એમ સિદ્ધ થયું. એ ખોટ તેમણે પૂરતું અનાજ કે પૂરતાં કપડાં ન વાપરીને જ મટાડવી રહી.

"હવે બાકી રહ્યા વણકરો તથા રંગારા વગેરે કારીગરો. પણ માન્ચેસ્ટરના કાપડે અને યુરોપના સસ્તા રંગોએ આ લોકોને હવે ભૂખે મરતા કર્યા છે. વણકરો તો હવે આ જિલ્લામાંથી લગભગ અદૃશ્ય થઈ ગયા છે એમ કહી શકાય. એટલે આ બે વર્ગો પણ ખેડૂતો કે મજૂરોમાં જ ભળી ગયા છે એમ સમજવું."

આ વસ્તુસ્થિતિ ઉપર ટીકા કરતાં "પાયોનિયર" લખે છે: — "હવે આપણે જો માનીએ કે, ગયાની આવી સ્થિતિ ખાસ અપવાદરૂપ નથી — અને એમ ન માનવાને ખાસ કારણ પણ નથી — તો એ હિસાબે આખા હિંદુસ્તાનમાં થઈને ૧૦ કરોડ માણસો હડહડતી તંગીમાં સપડાઈ રહ્યાં છે. જોકે, યુરોપ કરતાં પૂર્વન દેશોમાં, સખત તંગી પ્રમાણમાં ઓછી ભયંકર હોય છે. તેમજ એમ માનવાને પણ કાંઈ કારણ નથી કે લોકો બે વાર નથી જ ખાતા. જોકે ઘણીવાર મુશ્કેલી દૂર કરવા પૂરતું એકાદ વાર ન ખાઈને પણ તેમને ચલાવી લેવું પડે, છતાં એટલા માટે ગ્રિયર્સનની આ વિગતો પોતાના ઉપયોગમાં લઈ દાદાભાઈ નવરોજજી જેવા એમ ઠરાવવા માગે કે, આ ગરીબાઈ માટે મોટે ભાગે અંગ્રેજી રાજ્ય જવાબદાર છે, તો તે ખોટી વાત છે. અંગ્રેજ સરકાર લોકો



પાસેથી, પહેલાંના મુસલમાન બાદશાહો કરતાં બહુ જ ઓછું મહેસૂલ કે કરવેરા વગેરે લે છે. તથા તેને પહેલાંના હિંદુ કે મુસલમાન રાજાઓ કરતાં ઘણું વધારે પાછું પ્રજામાં વહેંચી દેવું પડે છે. તોપણ આ ગરીબાઈની વસ્તુસ્થિતિ અસ્તિત્વમાં તો છે જ, અને તે કડવી વસ્તુ છે. તેનો ઉપાય પણ એકદમ ધ્યાનમાં આવે તેવો નથી. . . . જે કાંઈ બચત રહે છે, તે જલદી વધતી જતી સંખ્યા ખુટાડી દે, તો એ કાંઈ સરકારનો ગુનો નથી. સીધી ભાષામાં કહીએ તો છોકરાં જરા ઓછાં પેદા થાય તો બહુ સારું."

'પાયોનિયર'નાં આ વાક્યો, તેના તંત્રી જેવા અંગ્રેજો અને આખા અંગ્રેજી રાજ્યને ધિક્કારની છેલ્લી કોટીએ લઈ જવા માટે પૂરતાં છે. એટલે તેના ઉપર કાંઈ ટીકા કરવી જરૂરી નથી.

# પરિશિષ્ટ

## મહેસૂલ કેવી રીતે વધારવામાં આવે છે?

લંડનની ઇંડિયા ઑફિસના રેવન્યુ સેક્રેટરી મિ. પેડરનું પ્રમાણ આપીને મિ. એસ. આર. આયંગર લખે છે: "ચોક્કસ વિગતો ઉપરથી શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર મહેસૂલ ઠરાવવાના સિદ્ધાંત પ્રમાણે જ સરકાર વર્તે છે, એમ માનવું એ બહુ જ ભૂલભરેલું છે. વાસ્તવિક રીતે તેથી ઊલટું જ કરવામાં આવે છે. મિ. પેડર જણાવે છે કે, સૌથી પ્રથમ તો કોઈ જિલ્લાની મહેસૂલ કેટલી વધારવી છે એ નક્કી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવે છે. અને પછી તે અનુસાર ખેડૂતની કુલ આવક, ખર્ચ વગેરેના આંકડા તૈયાર કરવામાં આવે છે."

સર વી. બી. આયંગર કે જે પહેલવહેલા દેશી ઍડવોકેટ જનરલ હતા, તથા પછી હાઈકોર્ટના જજ થયા, તેમણે જણાવ્યું છે: ચોક્કસ ગણતરી પ્રમાણે ખેતીનું ખર્ચ (ખેડૂતનું નિર્વાહખર્ચ ગણ્યા વિના) એકર દીઠ ૩૬ રૂપિયા આવે છે, પરંતુ સરકારે તેને રૂ. ૧૧–૧૧–૫ અને રૂ. ૧૦–૧૦–૫ ગણેલું છે. કોઈ પણ દાખલામાં સરકારે એકરે ૧૪ રૂપિયાથી વધારે રકમ ગણી નથી.

સરકાર પોતાની મરજી મુજબ કેવાં ખોટાં કોષ્ટકો તૈયાર કરે છે, તેનો એક નમૂનો નીચે જુઓ.

સરકારે ઠરાવેલા આંકડા

૧૦ એકરની ખેતીનું ખર્ચ : ત્રણ જુદી જુદી જાતની જમીનો માટે

| | બળદનું ખર્ચ | ઓજાર | ખાતર | વાર્ષિક મજૂરો | રોજના મજૂરો | બી | કુલ | એકર દીઠ સરેરાશ ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|
| | રૂ. | રૂ. | રૂ. | રૂ. | રૂ. | રૂ. | રૂ. | રૂ. |
| ૧ | ૧૭ | ૫ | ૭ | ૪૫ | ૨૨ | ૯ | ૧૦૫ | ૧૦ ૧/૨ |
| ૨ | ૧૭ | ૫ | ૭ | ૪૫ | ૨૦ | ૯ | ૧૦૩ | ૧૦ ૩/૧૦ |
| ૩ | ૧૩ | ૫ | ૪ | ૪૫ | ૧૬ | ૯ | ૯૨ | ૯ ૧/૫ |
| | ચોક્કસ ગણતરી પ્રમાણે ખરી રીતે ખર્ચ આવે | | | | | | | |
| ૧ | ૩૪ | ૬ | ૮ | ૪૫ | ૩૦ | ૯ | ૧૩૨ | ૧૩ |
| ૨ | ૩૦ | ૬ | ૯ | ૪૫ | ૨૫ | ૯ | ૧૨૪ | ૧૨ ૧/૩ |
| ૩ | ૨૫ | ૬ | ૧૦ | ૪૫ | ૨૦ | ૯ | ૧૧૫ | ૧૧ ૧/૨ |



સરકારે ઠરાવેલા આંકડા

કુલ પેદાશ : ખર્ચ : મહેસૂલ

| | એકર દીઠ પેદાશ | એકર દીઠ ખેતીનું ખર્ચ ઉપર પ્રમાણે | ખર્ચ જતાં એકર દીઠ પેદાશ | કુલ પેદાશનું અર્ધોઅર્ધ | સરકારી મહેસૂલ |
|---|---|---|---|---|---|
| | રૂ. | રૂ. | રૂ. | રૂ. | રૂ. |
| ૧ | ૨૫ | ૧૦ ૧/૨ | ૧૪ ૧/૨ | ૭–૪–૦ | ૭–૦–૧ |
| ૨ | ૨૦ | ૧૦ ૩/૧૦ | ૯ ૭/૧૦ | ૪-૧૨-૦ | ૪–૮–૦ |
| ૩ | ૧૬ | ૯ ૧/૫ | ૬ ૪/૫ | ૩–૬–૫ | ૩–૪–૦ |
| | જ્યારે બિનસરકારી ખરા આંકડા પ્રમાણે : | | | | |
| ૧ | ૨૦ | ૧૩ | ૭ | ૩–૮–૦ | ૭–૦–૧ |
| ૨ | ૧૮ | ૧૨ ૧/૩ | ૫ ૨/૩ | ૨-૧૨-૦ | ૪–૮–૦ |
| ૩ | ૧૪ | ૧૧ ૧/૨ | ૩ ૧/૨ | ૧-૧૨-૦ | ૩–૪–૦ |

સરકાર પોતાના જુઠ્ઠા આંકડાઓથી એમ ઠરાવવા માગે છે કે, અમે કુલ પેદાશનું અર્ધોઅર્ધ જેટલું પણ મહેસૂલ નથી લેતા. ત્યારે ખરી રીતે તે નીચે પ્રમાણે મહેસૂલ લે છે:

| કુલ પેદાશ | મહેસૂલ | |
|---|---|---|
| ૭—૦—૦ | ૭—૦—૧ | એટલે કે, લગભગ કુલ પેદાશ |
| ૫–૧૦—૮ | ૪—૮—૦ | જેટલું સરકારી મહેસૂલ છે. |
| ૩—૮—૦ | ૩—૪—૦ | |

અને તેમાં પણ હજુ નીચેની વાતો ઉપર ધ્યાન ખેંચવાનું છે. સરકાર કહે છે કે, ૧૦ એકર જમીન માટે ૧૨૫ રૂપિયાની કિંમતના બે બળદ જોઈએ. અને તેમ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છતાં બળદનું ખર્ચ તેણે રૂ. ૧૭–૬–૦ પાઈ જ મૂક્યું છે. એ શી રીતે મૂક્યું છે તે જ સમજાતું નથી. સામાન્ય રીતે બળદની એક જોડ આજે ખરીદી હોય, તો પાંચ વર્ષ ચાલે. હવે જુઓ :

| | રૂપિયા |
|---|---|
| બળદની કિંમત | ૧૨૫ |
| ૧૨ ટકા લેખે પાંચ વર્ષનું વ્યાજ (દર વર્ષે ૨૫ રૂપિયા મુદ્દલના પાછા વાળવામાં આવે છે તેમ માનીને) | ૪૫ |
| પાંચ વર્ષનું કુલ ખર્ચ | ૧૭૦ |
| એક વર્ષના | ૩૪ |

છઠ્ઠે વર્ષે તો નવી જ જોડ ખરીદવી પડે: એટલે ખેડૂતને તો દર વર્ષે બળદ માટે ૩૪ રૂપિયા સરેરાશ ખર્ચ આવે. પણ સરકારે માત્ર ૧૭ રૂ. ૬ આ. જ મૂક્યું છે.

ઓજારોની બાબતમાં પણ, સરકારે જંગલનાં બધાં ઝાડ પોતાનાં કરી લીધાં હોવાથી ખેડૂતને નાની સરખી લાકડી માટે પણ પૈસા ખરચવા પડે છે.

ખાતરની બાબતમાં પણ એક વાત ઉપર ખાસ ધ્યાન ખેંચવાનું છે. સેટલમેંટ ઑફિસરો અક્કલના કેવા નમૂના હોય છે, તે આ ઉપરથી જણાય છે. તેમના 'કોડમાં' લખ્યું છે કે, જમીન જેમ વધારે સારી તેમ ખાતરનું ખર્ચ વધારે; અને જમીન જેમ નબળી તેમ ખાતરનું ખર્ચ ઓછું!! ખરી રીતે જમીન નબળી હોય તેમ તેમાં ખાતરનું ખર્ચ વધારે હોય.

# ૧૦

## દેશની અત્યારની આર્થિક સ્થિતિ : લોકોની ખરી આવક

આપણે આગળ જોઈ આવ્યા છીએ કે, ઈ. સ. ૧૮૮૨માં પહેલી વાર સરકારે કરેલી તપાસને પરિણામે હિંદુસ્તાનમાં માથા દીઠ વાર્ષિક આવક ૨૭ રૂપિયા છે એમ સાબિત થયું હતું. ત્યાર પછી તે જ ગણતરી પ્રમાણે ૧૮૯૮માં માથા દીઠ આવક ઘટીને ૧૭½ રૂપિયા જેટલી થઈ ગઈ છે, એમ જણાવીને મેં કહ્યું હતું કે, દેશની આવક દિવસે દિવસે ઘટતી જાય છે, તથા એવી સ્થિતિ આવી ગઈ છે કે, દેશના મોટા ભાગના લોકો પેટ ભરીને ખાવું શું તે જ સમજતા નથી.

વાઇસરૉય સાહેબને આ વાત ખોટી લાગી. એટલે તેમણે જણાવ્યું કે, લોકોની આવક ઘટી નથી, પણ ઊલટી, ૨૭ રૂપિયાથી વધીને રૂ. ૩૦ જેટલી થઈ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે, હિંદી સરકાર કદી આંકડા તો રાખતા જ નથી. એટલે તેમણે આપેલો જવાબ કેટલો ખોટો છે, તે સિદ્ધ કરવા મેં વાચક આગળ ઈ. સ. ૧૮૮૨ પછી છ વર્ષે એટલે કે ઈ. સ. ૧૮૮૮માં ફરી કરવામાં આવેલી તપાસમાંથી ઢગલાબંધ વિગતો રજૂ કરી. તે ઉપરથી તથા છેલ્લા બે દુકાળોમાં દેશને ૩,૬૦૦,૦૦૦,૦૦૦ એટલે કે સાડાત્રણ અબજ રૂપિયાનું નુકસાન થયું છે એ જાણીને વાચકને શંકા નહિ જ રહી હોય કે, દેશની સ્થિતિ સુધરતી જાય છે એમ માનવાને કાંઈ જ કારણ નથી. છતાં હવે આપણે દરેક પ્રાંતની કુલ આવક તપાસીને આખા દેશની માથા દીઠ વાર્ષિક આવક અત્યારે કેટલી છે, તે નક્કી કરીએ; અને પછી ખાતરી કરી જોઈએ કે, ૧૮૮૨ની સાલથી અત્યાર સુધીમાં વાઇસરૉય સાહેબ કહે છે તે મુજબ તેમાં વધારો થયો છે કે, ઘટાડો જ થયો છે.

કોઈ પણ પ્રાંતની ખેતીની આવક નક્કી કરવી એ બહુ સહેલું કામ છે. કારણકે, સરકાર દરેક પ્રાંતમાં કુલ પેદાશના અમુક ચોક્કસ ટકા મહેસૂલ તરીકે લે છે એમ પોતે જણાવે છે. તેમાં પણ મહેસૂલ વધારે લેવા તે કુલ પેદાશ પણ વધારે જ ગણે છે, એટલે આપણે તેના જ આંકડા સ્વીકારીએ, તો પેદાશ હોય તેથી વધુ આવશે પણ ઓછી તો નહિ જ આવે. ઉપરાંત સરકારે ૧૮૮૨માં નક્કી કરેલું છે કે, દેશની ખેતી સિવાયની આવક ખેતીની આવકથી અર્ધોઅર્ધ ગણવી. પરંતુ, તે બાબતમાં આપણે તેમ નહિ કરીએ. હવે તો ખેતી સિવાયની આવક વિગતવાર ગણવાનું શકય બન્યું છે; એટલે તે બાબતમાં આપણે તે



આંકડાઓનો જ આધાર લઈશું. પ્રથમ આપણે બંગાળ પ્રાંત લઈએ.

## બંગાળ

સરકાર બંગાળમાં ખેતીની કુલ પેદાશના ૫ થી ૭ ટકા મહેસૂલ લે છે. પરંતુ આપણે પાંચ જ ટકા ગણીએ તો પણ, ૧૮૯૮–૯૯માં કુલ જમીન મહેસૂલ ૨,૬૯૬,૫૨૪ પાઉંડ હોવાથી, તેને વીસે ગુણતાં ખેતીની કુલ પેદાશ ૫૩,૯૩૦,૪૮૦ પાઉંડ આવી.

બંગાળની સરકારના તમામ આંકડા કેવા ખોટા તેમજ જાણી જોઈને વધારી મૂકેલા હોય છે, તેનો એક દાખલો અહીં આપવો જરૂરી છે. ઈ. સ. ૧૮૯૭ના ફેમિન કમિશન આગળ તેણે માત્ર અનાજની ખેતીના એકર ૫૦,૫૯૬,૦૦૦ જણાવ્યા હતા, અને અનાજની પેદાશ ૨૪,૪૦૭,૦૦૦ ટન એકલે કે એકર દીઠ ૧૦૭૨ રતલ જણાવી હતી. પરંતુ સરકારી આંકડાઓ પ્રમાણે જ ઘઉં અને ચોખા — કે જેમની ખેતી ૪૧,૧૧૯,૦,૦૦ એકર જેટલી છે — તેમની ઈ. સ. ૧૮૯૧ થી ૧૯૦૦ સુધીનાં ૧૦ વર્ષની સરેરાશ એકર દીઠ માત્ર ૮૬૪ રતલ જ છે. તો પછી, ઘઉં અને ચોખા વિના બીજા કયા અનાજની બંગાળમાં બાકીના ૧ કરોડ એકર જેટલી ખેતી થાય છે તે જ સમજાતું નથી. છતાં બંગાળની સરકારે તો અનાજની ખેતી ફેમિન કમિશનને ૫૦,૫૯,૬૦૦૦ એકર લખાવી છે. એટલે કે ૯૨ લાખ જેટલાં માણસોના એક વર્ષના ખોરાક જેટલી રકમ ઘઉં અને ચોખામાં વધારીને લખાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હવે ખેતી સિવાયની આવક નીચે જણાવેલી ચોક્કસ વિગતો * પ્રમાણે ૨૧,૬૮૫,૧૭૭ પાઉંડ થાય છે.

એટલે આખા પ્રાંતની ઈ. સ. ૧૯૦૦માં કુલ આવક :

| | |
|---|---|
| ખેતીની | ૫૩,૯૩૦,૪૮૦ પાઉંડ |
| ખેતી સિવાયની | ૨૧,૭૦૧,૧૭૭ પાઉંડ |
| કુલ | ૭૫,૬૩૧,૬૫૭ પાઉંડ થઈ. |

તેને તે પ્રાંતની ૭૪,૭૧૩,૦૨૦ માણસની વસ્તીથી ભાગીએ. તો બંગાળની માથાદીઠ વાર્ષિક આવક ૧૫ રૂ. ૩ આના થાય, એટલે કે રોજની લગભગ ૮ પાઈ.

### મદ્રાસ ઇલાકો

આ ઇલાકાની સરકાર પણ ખોટા અને વધારેલા આંકડા આપવામાં બંગાળની સરકારથી ઊતરે તેમ નથી. તેણે ઈ. સ. ૧૮૭૮–૮૦ના ફૅમિન કમિશનને ખેતીના એકરની સંખ્યા ૨૦,૦૦૦,૦૦૦ કહી છે. પણ ઈ. સ. ૧૮૬૦ થી ૧૮૯૦ સુધી એકસરખી ચાલી આવેલી આકારણીને હિસાબે ઈ. સ. ૧૮૮૦–૮૧માં ખરી રીતે માત્ર ૧૬,૮૫૯,૦૦૦ એકર જ ખેડાણ જમીન હતી. ઉપરાંત તેણે ખેતીની પેદાશ ફૅમિન કમિશનને ૫૦,૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા જણાવી હતી. પણ બોર્ડ ઑફ રેવન્યુના આંકડા પ્રમાણે ખરી રીતે તો તે માત્ર : ૩૧,૭૯,૦૨,૦૪૪ રૂપિયા જ હતી. એટલે કે, ૧૮ કરોડ જેટલી રકમની ગપ !

* મૂળ પુસ્તકમાં દરેક વિગત છૂટી છૂટી આપેલી છે. પરંતુ સામાન્ય વાચકને તે રકમોનો ઉપયોગ નથી એમ જાણી, અહીં કુલ સરવાળો જ આપેલો છે. બીજા પ્રાંતોમાં પણ તેમજ સમજી લેવું.



આપણે ઈ. સ. ૧૮૯૮–૯૯ની ખેતીની આવક તપાસીએ. સરકારી નિયમ પ્રમાણે પાણીની સગવડવાળી જમીન ઉપર સરકાર કુલ પેદાશના ૨૦ ટકા મહેસૂલ લે છે. અને સૂકી જમીન ઉપર ૧૫ ટકા લે છે. હવે આ ઇલાકામાં ભીની અને સૂકી જમીનનું પ્રમાણ ૭ : ૫ છે; એટલે કે કુલ મહેસૂલના ૭/૧૨ ભાગને ૫ વડે ( એટલે કે ભીની જમીન માટે ૨૦ ટકા લેખે ) ગુણવા જોઈએ અને ૫/૧૨ ભાગને ૬ ૨/૩ વડે ( એટલે કે સૂકી જમીન માટે ૧૫ ટકા લેખે ) ગુણવા જોઈએ.

ઈ. સ. ૧૮૯૮–૯૯ માં કુલ જમીનમહેસૂલ ૩,૩૫૮,૮૩૨ પાઉંડ હતી. ઉપર જણાવ્યા પ્રમાણે વિભાગ પાડતાં :

સૂકી જમીન ૧,૩૯૯,૯૦૨ પાઉંડ × ૬ ૨/૩ =

કુલ પેદાશ ૯,૩૩૨,૬૮૦ પા.

ભીની જમીન ૧,૯૫૯,૯૦૨ પાઉંડ × ૫ =

કુલ પેદાશ ૯,૭૯૯,૫૧૦ પા.

કુલ ખેતીની પેદાશ ૧૯,૧૩૨,૧૯૦ પા.

આ પ્રાંતની ખેતી સિવાયની આવક ૧૬,૮૪૦,૯૭૧ પાઉંડ થાય છે. એટલે કે, ખેતીની અને ખેતી સિવાયની એમ બંને મળીને કુલ આવક ૩૫,૯૭૩,૧૬૧ પાઉંડ થાય છે. ઇલાકાની વસ્તી ૩૮,૨૦૮,૦૦૦ છે. એટલે માથા દીઠ વાર્ષિક આવક ૧૪ રૂ. ૨ આના, એટલે કે રોજની લગભગ ૭ાા પાઈ થઈ.

આ આવક પણ ખરી રીતે દરેક માણસને નથી મળતી. મોટા મોટા અમલદારો, વેપારીઓ અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધંધાદારીઓ દર વર્ષે જે મોટી મોટી રકમો મેળવે છે, તે બધી આમાંથી બાદ જ કરવાની. એટલે બાકીનામાંથી લોકોને પેટપૂરતું પણ ખાવાનું શી રીતે મળી રહે? અને તેની કલ્પના કરવી પડે તેમ નથી. રેવ. મેકનેર (કુડાપ્પા) લખે છે:—"ગયા સપ્ટેંબરમાં ત્રણ અઠવાડિયાં હું ગામડાંમાં મુસાફરીએ ગયો હતો. . . . મારા તંબૂની આસપાસ રાતદિવસ લોકોનાં ટોળાં ભેગાં થઈને એક જ વાત કહ્યા કરતાં હતાં કે, અમે ભૂખે મરી જઈએ છીએ."

રે. મેકફરલેન કહે છે:—"પાકમાંથી જે દાણા લોકોએ ઘરમાં આણ્યા છે, તે બહુ બહુ તો થોડાં અઠવાડિયાં જ ચાલશે. ત્યાર બાદ મજૂરી વિનાના ભૂખે મરવાના દિવસો આવશે. . . . એ સ્થિતિ છેક વરસાદ પડતા સુધી એટલે કે જૂન કે જુલાઈ સુધી રહ્યા કરશે. લોકોને બે કે ત્રણ દિવસમાં એક ટંક ખાવાનું મળે છે. આપણા ખ્રિસ્તીઓમાંનો જ એક કહેતો હતો કે, જો બે દિવસે એક ટંક અમને ખાવાનું મળે તો પણ બસ છે. . . . તેઓ જીવતા નથી, માત્ર દહાડા કાઢે છે. કેટલાંય ઝૂંપડાંમાં મેં લોકોને મડદાં ખાતા જોયા છે. . . . છતાં આ એક પણ દાખલામાં સરકારે દુકાળ ગણ્યો નથી. લોકોને ખાવાનું એટલું બધું હલકા પ્રકારનું મળે છે કે, તેમને મીઠા વિના ચાલે જ નહિ. પરંતુ સરકારે તેની જ ઉપર એટલો મોટો કર નાખેલો છે કે, આ ગરીબ લોકોની આટલી નાની આવકમાંથી પણ સરકાર મીઠાવેરા તરીકે ૨॥ થી ૫ ટકા પડાવી લે છે એમ કહેવું જોઈએ."



## મુંબઈ ઇલાકો

ઈ. સ. ૧૮૮૧–૮૨માં લૉર્ડ ડફરીનના સરક્યુલરના જવાબમાં મુંબઈ સરકારે આ ઇલાકાની ખેતીની આવકના જે જુદેજુદા આંકડા તૈયાર કરી મોકલ્યા છે, તેમાં નીચે જણાવેલા ભાવોએ ચાર માણસના એક ખેડૂત કુટુંબને પેટપૂરતું ખાતાં કેટલું ખાધાખર્ચ આવે (કપડાં નહિ), તેની વિગત આપેલી છે.

| | | | | | રૂ. આ. પા. |
|---|---|---|---|---|---|
| ચોખા | ૧ રૂપિયે | ૧૬ | રતલ | બાપ | ૫૦–૧૦–૦ |
| જુવાર | ,, | ૩૨ | ,, | મા | ૫૦–૧૦–૦ |
| બાજરી | ,, | ૩૬ | ,, | ૧૦ વર્ષનો છોકરો | ૧૮–૧૨–૦ |
| નચની | ,, | ૩૨ | ,, | નાનું બાળક | ૬—૪—૦ |
| | | | | કુલ | ૧૨૬—૪—૦ |

એટલે કે, જણદીઠ ૩૧½ રૂપિયા ખાધાખર્ચ જ જોઈએ.

હવે આપણે ઇલાકાની જણ દીઠ આવક કેટલી છે, તે જોઈએ.

સર જેમ્સ પેઈલીએ આ ઇલાકાની એકર દીઠ કુલ પેદાશ ૯ રૂપિયાની ગણી છે. ઈ. સ. ૧૮૯૮–૯૯માં આ ઇલાકામાં ખેડાણ જમીન ૨૭,૦૧૮,૯૧૩ એકર છે. એટલે તેને ૯ વડે ગુણતાં ખેતીની કુલ પેદાશ ૨૪,૩૧,૭૮,૨૧૭ રૂપિયા અથવા ૧૬,૨૧૧,૩૪૮ પાઉંડ આવી. હવે ખેતી સિવાયની આવક ૨૦,૦૬૫,૮૭૨ પાઉંડ છે. એટલે બંને મળીને કુલ આવક ૩૬,૨૭૭,૨૨૦ પાઉંડ છે. એટલે કે માથા દીઠ વાર્ષિક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવક ૧૯ રૂ. ૧ આ. છે. પરંતુ આ આવક તો મુંબઈ, અમદાવાદ જેવાં વેપારઉદ્યોગનાં નગરો સાથેની છે. એટલે ખેડૂતોની સ્થિતિ કેવી છે, તે વાચક સમજી શકશે.

## સંયુક્ત પ્રાંતો

સર જેમ્સ પેઈલીએ કરેલી ગણતરી અનુસાર આ પ્રાંતોની એકર દીઠ પેદાશ જુદા જુદા ભાગોમાં ૬ રૂ., ૧૩$\frac{3}{4}$ રૂ., ૮ રૂ., ૩ રૂ., ૧૧ રૂ. એ પ્રમાણે છે. એટલે કે સરેરાશ ૮ રૂ. ૪ આ. ૮ પાઈ છે. પણ આપણે એકર દીઠ ૧૦ રૂ. ગણીએ, તો ખેતીની પેદાશ ૬,૬૩,૭૧,૩૫૦ એકર × ૧૦ રૂ. = ૬૬,૩૭,૧૩,૫૦૦ રૂપિયા અથવા ૪૪,૨૪૭,૫૬૭ પાઉંડ થાય. અને ખેતી સિવાયની આવક ૧૨,૨૭૫,૪૫૬ પાઉંડ છે; એટલે કે કુલ ૫૬,૫૨૩,૦૨૩ પાઉંડ છે. એટલે માથા દીઠ વાર્ષિક આવક ૧૮ રૂ. ૦ આ. ૩ પાઈ છે.

## પંજાબ

ઈ. સ. ૧૮૯૬–૯૭માં સરકારે તપાસ વખતે આ પ્રાંતની એકર દીઠ અનાજની પેદાશ ૭૨૮ રતલ કહી હતી. પણ સરકારના જ વિગતવાર આંકડા તપાસતાં માલૂમ પડે છે કે, ઈ. સ. ૧૮૯૧ થી ૧૯૦૦ સુધીની સરેરાશ પેદાશ માત્ર ૬૨૮ રતલ જ હતી. પંજાબમાં વાર્ષિક ખેતી સરેરાશ ૭,૦૦૦,૦૦૦ એકર છે; એટલે એ હિસાબે સરકારે ૭૦૦,૦૦૦,૦૦૦ રતલની એટલે કે ૬,૦૦૦,૦૦૦ પંજાબીઓને ચાર મહિના બરાબર ચાલે તેટલા અનાજની માત્ર ગપ જ લગાવી હતી !

હવે સરકાર કહે છે કે આ પ્રાંતમાં કુલ પેદાશના ૧૦ ટકા મહેસૂલ લઈએ છીએ. પરંતુ આગલાં પ્રકરણોમાં



સરેરાશ ૩૩ ટકાના દાખલા જોયા પછી, તે સંખ્યા સ્વીકારવી એ મૂર્ખાઈ ભરેલું છે. આપણે સરેરાશ ૨૦ ટકા ગણીએ તો પણ ખોટું નથી. છતાં માત્ર ૧૫ ટકા ગણીએ તો તે હિસાબે ખેતીની કુલ આવક મહેસૂલ ૧,૭૧૦,૪૧૬ પાઉંડ × ૭ = ૧૧,૯૭૨,૯૧૨ પાઉંડ આવી. તેમાં ખેતી સિવાયની આવક ૬,૮૯૯,૩૯૨ પાઉંડ ઉમેરતાં, કુલ આવક ૧૮,૮૭૨,૩૦૪ પાઉંડ થઈ. તેને ૨૨,૪૪૯,૪૮૪ માણસો વચ્ચે વહેંચતાં માથાદીઠ વાર્ષિક આવક ૧૨ રૂ. ૧૦ આના આવી.

## મધ્યપ્રાંતો

આ પ્રાંતમાં પણ સરકારે ઈ. સ. ૧૮૯૬–૯૭ની તપાસ વખતે એકર દીઠ ઘઉંની પેદાશ ૬૦૦ રતલ જણાવી હતી. પરંતુ નવાઈની વાત એ છે કે. તેમની પાસે ઈ. સ. ૧૮૯૦ થી ૧૮૯૬ સુધીના નીચેના આંકડા વાર્ષિક રિપોર્ટોમાં છપાયેલા મોજૂદ હતા.

| વર્ષ | રતલ | વર્ષ | રતલ |
|---|---|---|---|
| ૧૮૯૧–૯૨ | ૪૩૭ | ૧૮૯૪–૯૫ | ૩૨૯ |
| ૧૯૯૨–૯૩ | ૪૦૫ | ૧૮૯૫–૯૬ | ૩૦૭ |
| ૧૯૯૩–૯૪ | ૩૨૨ | | |

તેમ છતાં સરકારે આટલી મોટી રકમ શા માટે કહી હશે, તે સરકાર જ સમજે.

મિ. પેડરે ઈ. સ. ૧૮૬૭–૬૮માં નાગપુર જિલ્લાની એકર દીઠ સરેરાશ પેદાશ ૮ રૂપિયા ઠરાવી હતી. અને ૧૨ વર્ષ પછી સર જેમ્સ પેઇલીએ ૪૪ એકરના એક ખેતરની સરેરાશ એકર દીઠ પેદાશ ૮ રૂપિયા તથા બીજા એક ખેતરની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭ રૂ. ૨ આ. ઠરાવી હતી. છતાં આપણે તો નાનાં મોટાં બધાં જ ખેતરોની પેદાશ ૮ રૂપિયા જ ગણીએ, તો ખેતીની કુલ પેદાશ ૧૫૮૦૮,૮૮૧ એકર × ૮ = ૧૨,૬૪,૭૧,૦૪૮ રૂપિયા અથવા ૮,૪૬૪,૭૩૬ પાઉંડ થાય છે. હવે ખેતી સિવાયની આવક ૩,૦૦૨,૭૭૪ પાઉંડ છે. તે બંને ભેગી કરતાં કુલ વાર્ષિક આવક ૧૧,૪૬૭,૫૧૦ પાઉંડ થઈ. તેને ૧૦૭૮૪,૭૯૪ માણસોની વસતી વડે ભાગતાં માથાદીઠ આવક ૧૬ રૂ. ૧૨ આ. આવી.

### બ્રહ્મદેશ

બ્રહ્મદેશમાં ખેડાણ જમીન કુલ ૯,૮૩૨,૧૮૯ એકર છે. અને એકર દીઠ પેદાશ ૧૭½ રૂપિયા છે. એટલે, ખેતીની કુલ પેદાશ ૧૭,૨૦,૬૩,૩૦૮ રૂપિયા અથવા તો ૧૧,૪૭૦,૮૮૭ પાઉંડ થઈ. અને ખેતી સિવાયની આવક ૪,૨૬૦,૦૬૦ પાઉંડ છે. એટલે કે કુલ આવક ૧૫,૭૩૦,૯૪૭ પાઉંડ છે. તેને વસ્તી વડે ભાગતાં માથાદીઠ આવક રૂ. ૨૨–૧૨–૦ થઈ.

### આસામ

આ પ્રાંતમાં ભાવમાં થયેલા ફેરફાર જાણવા જેવા છે. નીચેના આંકડા નૌગોંગના એક્સ્ટ્રા આસિસ્ટંટ કમિશ્નરે તૈયાર કરેલા છે.

એક રૂપિયે રતલ

| | ઈ. સ. ૧૮૫૭–૫૮માં | ઈ. સ. ૧૮૮૭–૮૮માં |
|---|---|---|
| ડાંગર | ૨૭૭ રતલ | ૮૨ રતલ |
| કસરી | ૯૨ ,, | ૨૬ ,, |
| રાઈ | ૭૦ ,, | ૨૪ ,, |
| ઘી | ૪ રતલ | ૨ રતલ |
| ગોળ | ૪૦ ,, | ૧૬ ,, |
| દૂધ | ૩૨ ,, | ૧૮ ,, |
| મચ્છી | ૬૪ ,, | ૧૦¾ ,, |



સરકારના કહ્યા પ્રમાણે મહેસૂલ કુલ પેદાશના ૧૦ ટકા જેટલું ગણતાં ખેતીની કુલ આવક ૪૧૯,૦૪૧ પાઉંડ ×૧૦ =૪,૧૯૦,૪૧૦ પાઉંડ થાય છે. તેમાં બંદરો ઉપરની કિંમત પ્રમાણે ચાની કિંમતના ૪,૦૦,૬૬૭ પાઉંડ ઉમેરો; એટલે ખેતીની કુલ આવક ૮,૧૯૭,૦૭૭ પાઉંડ થઈ. ખેતી સિવાયની આવક ૧,૦૫૮,૮૬૩ પાઉંડ છે. એટલે કુલ આવક ૯,૨૫૫,૯૪૦ પાઉંડ થઈ. તેને ૫,૪૩૩,૬૩૮ માણસોની વસ્તીએ ભાગતાં માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૨૫–૮–૯ આવી.

હવે આપણે આખા હિંદુસ્તાનનો ભેગો આંકડો કાઢીએ :

| | | |
|---|---|---|
| ખેતીની કુલ આવક | ૧૭૪,૮૧૭,૬૪૫ | પાઉંડ |
| ખેતી સિવાયની | ૯૭,૫૩૫,૦૦૪ | ,, |
| કુલ આવક | ૨૭૨,૩૫૨,૬૪૯ | પાઉંડ |
| ગણો | ૨૭૩,૦૦૦,૦૦૦ | પાઉંડ |

| | | માથાદીઠ |
|---|---|---|
| ખેડૂતોની વસ્તી | ૧૫૨,૯૨૬,૧૦૨ | ૧૭ રૂપિયા |
| ખેડૂત સિવાયની | ૭૩,૫૧૪,૬૭૧ | ૨૪ રૂપિયા |

આમાંથી ઇંગ્લંડ અને હિંદુસ્તાનમાં કામ કરનારા ૪૫ લાખ સરકારી અમલદારો દરવર્ષે ૩૭,૦૦૦,૦૦૦ પાઉંડ પડાવી જાય છે. તે બાદ કરતાં ૨,૩૬,૦૦૦,૦૦૦ પાઉંડ બાકીના ૨૨૬,૫૦૦,૦૦૦ માણસો માટે બાકી રહ્યા. એટલે કે, માથાદીઠ વાર્ષિક આવક ૨૦ શિ. ૧¼ પેન્સ થઈ.

આ આંકડા સારા વર્ષના છે. દુકાળના વર્ષમાં આનાથી પણ ખરાબ સ્થિતિ હોય છે. લૉર્ડ કર્ઝનના જણાવ્યા પ્રમાણે ઈ. સ. ૧૯૦૦ના દુકાળમાં ખેતીનું નુકસાન ૫૦,૦૦૦,૦૦૦ પાઉંડ ગણ્યું હતું અને ઢોરોનું તથા બીજું નુકસાન ૭૦,૦૦૦,૦૦૦નું એટલે કે કુલ ૧૨૦,૦૦૦,૦૦૦ પાઉંડનું નુકસાન થયું હતું. તેને કુલ આવકના ૨૭૩,૦૦૦,૦૦૦ પાઉંડમાંથી બાદ કરતાં ૨૩૦,૦૦૦,૦૦૦ની તમામ વસ્તી માટે ૧૫૩,૦૦૦,૦૦૦ પાઉંડ બાકી રહ્યા. એટલે કે માથાદીઠ ૧૩ શિ. ૪ પેન્સ આવ્યા.

હવે દુકાળ નથી એમ ગણીએ. તોપણ ઉપરની આવક તો રાજા, પ્રજા, તવંગર, રંક એમ બધાની ભેગી છે. જે મોટા મોટા રાજાઓ, વેપારીઓ અને ધંધાદારીઓ છે, તેમની આવક કંઈ વર્ષે ૨૦ શિલિંગ નથી હોતી. એટલે કે, તેવાઓ જે વધારે આવક લઈ જાય છે, તે બાદ કરીએ, તો જ ગરીબ લોકોને ભાગ દરવર્ષે શું આવે છે, તેનો સાચો હિસાબ નીકળે.

મિ. સેમેરકીએ ઈ. સ. ૧૮૮૪માં દેશી રાજાઓ, વેપારીઓ વગેરેની આવકના ભેગા આંકડા કાઢ્યા હતા. તે આપણે સ્વીકારી લઈએ, તો બ્રિટિશ હિંદની આવકમાં દેશીરાજ્યોની આવક ઉમેરી લેવી પડે. તેમ કરીએ તો દેશની ભેગી આવક :

| | | |
|---|---|---|
| બ્રિટિશ હિંદની વાર્ષિક આવક | ૨૭૩,૦૦૦,૦૦૦ | પાઉંડ |
| દેશીરાજ્યોની આવક | ૧૨૬,૩૬૩,૧૩૮ | ,, |
| કુલ | ૩૯૯,૩૬૩,૧૩૮ | પાઉંડ થાય. |



હવે તેમાંથી ૧૦,૦૦૦ રાજા-મહારાજાઓ અને જમીનદાર–જાગીરદારો દરવર્ષે ૫,૦૦૦ પાઉંડની આવકવાળા છે. તેમની આવક ૫૦,૦૦૦,૦૦૦ પાઉંડ છે.

૭૫,૦૦૦ શરાફો, વેપારીઓ અને ધંધાદારીઓ વાર્ષિક ૧૦૦૦ પાઉંડની આવકવાળા છે. તેમની આવક : ૭૫,૦૦૦,૦૦૦ પાઉંડની થાય છે.

૭૫૦,૦૦૦ વેપારીઓ અને દુકાનદારો દર વર્ષે ૧૦૦ પાઉંડની આવકવાળા છે. તેમની આવક : ૭૫,૦૦૦,૦૦૦ પાઉંડ થાય છે.

એટલે કે, કુલ ૮૩૫,૦૦૦ માણસોની વાર્ષિક આવક જ : ૨૦૦,૦૦૦,૦૦૦ પાઉંડની છે.

હવે દેશીરાજ્યો અને બ્રિટિશહિંદની કુલ વસ્તી ૨૯૪,૨૬૬.૭૦૧ છે, અને તેમની ભેગી વાર્ષિક આવક ઉપર જણાવ્યા પ્રમાણે ૩૯૯,૩૬૩,૧૩૮ પાઉંડ છે. તેમાંથી ઉપરના આંકડા બાદ કરતાં, બાકીના ૨૯૩,૪૩૧,૭૦૧ માણસોની વાર્ષિક આવક ૧૯૯,૩૬૩,૧૩૮ પાઉંડ થઈ. એટલે કે, માથા દીઠ આવક ૧૩ શિ. ૭½ પેન્સ થઈ. એટલે કે રોજના ૦ાા પેન્સથી પણ ઓછી. પેન્સ એટલે લગભગ આનો થાય. એટલે હિંદુસ્તાનના ૮ લાખ પૈસાદાર લોકો બાદ કરતાં બાકીના ૨૯ કરોડ માણસોની રોજની આવક સરેરાશ બે પૈસા જેટલી છે.

આ આખી ગણતરીની તારવણી નીચે પ્રમાણે ભેગી મૂકીએ :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪૫ લાખ સરકારી અમલદારો બાદ કરતાં દરેક હિંદીની વાર્ષિક આવક: ૧૫ રૂ. ૧ આ. ૩ પાઈ, એટલે કે રોજની ૭।। પાઈ છે.

આઠ લાખ ૩૫ હજાર પૈસાદારો બાદ કરતાં કુલ હિંદની માથા દીઠ વાર્ષિક આવક: ૧૦ રૂ. ૩ આ. ૬ પાઈ, એટલે કે રોજની ૫।। પાઈ છે.

અને વર્ષોવર્ષ દેશમાંથી પૈસાની લૂંટ વધતી જ જાય છે. વર્ષોવર્ષ ભાવ પણ ચડતા જ જાય છે. ગરીબ વર્ગને તો ક્યારનુંય પેટપૂરતું ખાવાનું નથી મળતું. પરંતુ મોટો ભય તો એ છે કે, આ સ્થિતિ વર્ષોવર્ષ ચાલુ રહી, તો હિંદુસ્તાનનો મધ્યમવર્ગ પણ નાશ પામશે. પછી હિંદુસ્તાનમાં બે વર્ગો બાકી રહેશે. એક બાજુ ટોચ ઉપર પૈસાથી માતેલ રાજકર્તાઓ, અને બીજી બાજુ છેક તળિયે ભૂખમરાથી મોતને કિનારે ઝઝૂમતું કંગાલ અને અધમ ટોળું.

## ઉપાય

હવે કદાચ મને એ સવાલ પૂછવામાં આવે કે, તમે રજૂ કરેલી વિગતો જો સાચી હોય, તો પછી તેનો ઉપાય શો? જ્યાં સુધી તમે રોગને સુધારવાના ઉપાય ન સૂચવી શકો, ત્યાં સુધી તમે કરેલી રોગની તપાસ નકામી જ છે.

હું આ પુસ્તકમાં ઉપાયો સૂચવવા નથી માગતો. પરંતુ તેનું કારણ એ નથી કે, મારી પાસે સૂચવવા જેવા ઉપાયો જ નથી. પરંતુ સૂચવેલા ઉપાયો ત્યારે જ ઉપયોગી થઈ પડે, જ્યારે સરકારને પણ એમ લાગતું હોય કે તાત્કાલિક ઉપાયો હાથ ધરવા પડે તેવી ગંભીર પરિસ્થિતિ



હિંદુસ્તાનમાં ઊભી થઈ છે. સરકાર તો એવું કાંઈ માનતી જ નથી. અત્યારના હિંદી વજીર લૉર્ડ જ્યૉર્જ હેમિલ્ટનના જ શબ્દો ટાંકું:

“તમે કહો છો કે, હિંદુસ્તાન દિવસે દિવસે ગરીબ થતું જાય છે, અને તેમાંથી દર વર્ષે પરદેશ ઘસડી જવામાં આવતા પૈસાને કારણે હિંદુસ્તાનની સંપત્તિનાં મૂળ લગભગ ખૂટી જવા તથા સુકાઈ જવા આવ્યાં છે. હું કહું છું કે, તમે એક ભારે ભ્રમમાં પડ્યા છો. ફક્ત છેલ્લાં પાંચ વર્ષમાં ત્રણ વાર વરસાદ નિષ્ફળ જવાથી મોટા પ્રમાણમાં સુકવણી પડી છે એ વાત બાદ કરતાં, તમે મૂકેલા આરોપો સાબિત કરે તેવો એક પણ પુરાવો મળી શકે તેમ નથી.”

મનોદશા જ્યાં આવી છે, ત્યાં ઉપાયોની વાત જ કરવાની શી જરૂર છે. લૉર્ડ હેમિલ્ટન તો, કાંઈ વિચારવા યોગ્ય ગંભીર સ્થિતિ ઊભી થઈ છે એવા ખ્યાલમાત્રને જ હડધૂત કરી કાઢે છે. તેમની એ તિરસ્કાર બતાવવાની ધૃષ્ટતા જોઈને પણ તેમની પ્રશંસા કરવાનું મન થઈ આવે છે. પણ અત્યારે તેમની વીરપૂજા કરવાનો સમય નથી. તેઓ સાહેબ એ વીરવૃત્તિ જે સમય દરમ્યાન ધારણ કરી રહ્યા છે, તે સમયની દરેક ક્ષણે, દરેક ઝૂંપડામાં અને માટીના ઘરમાં ભૂખમરાનું અસહ્ય દુઃખ લોકો વેઠી રહ્યા છે.

માણસોના નસીબની વિચિત્રતા પણ ભારે! તથા સુધરેલા રાજ્યની કરામતો પણ અજબ! કે જ્યારે લૉર્ડ હેમિલ્ટનનો એક નાનકડો હાથ પોતાની પ્રજાના કરોડો લોકોને આવી અધોગતિમાં મરજીમાં આવે તે પ્રમાણે રાખી શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ

## ૧

અંગ્રેજોના આ દેશમાં આવ્યા પછી વસ્તુસ્થિતિ એવી બનતી ગઈ છે કે, લોકોને ઉદ્યોગધંધા છોડીને મોટી સંખ્યામાં ખેતી ઉપર જ વધારે ને વધારે નભતા થઈ જવું પડ્યું છે. આ વિષય લેફ્ટેનન્ટ કર્નલ ઓસબોર્ને સારી રીતે ચર્ચ્યો છે. તે કહે છે: "એક વાર હિંદુસ્તાનના બધા જ ઉદ્યોગ ઘણી આબાદ સ્થિતિમાં હતા. યુરોપિયનો આ દેશમાં કાંઈ તેના કાચા માલથી ખેંચાઈને આવ્યા નહોતા. તેઓ તો તેનો પાકો માલ ખરીદવા માટે આવ્યા હતા. મોગલ બાદશાહો દેશના બધા ઉદ્યોગોને ખૂબ જ આશ્રય અને ઉત્તેજન આપતા. આ દેશના મસલીન અને રેશમી કાપડની કીર્તિ એશિયા તેમજ યુરોપમાં ચારે બાજુ ફેલાયેલી હતી.

"હિંદુસ્તાનનાં શહેરો પણ વિશાળ તથા ભવ્ય હતાં. ઈ. સ. ૧૭૫૭માં ક્લાઇવ જ્યારે બંગાળની જૂની રાજધાની મુર્શિદાબાદમાં પહેલવહેલો દાખલ થયો, ત્યારે તેણે લખ્યું છે, "આ શહેર લંડન જેટલું જ વિશાળ, વસ્તીવાળું તથા સંપત્તિપૂર્ણ છે. માત્ર તફાવત એટલો જ છે કે લંડન કરતાં મુર્શિદાબાદમાં અસંખ્યગણી મોટી સંપત્તિવાળા કેટલાય લોકો છે."

"પરંતુ હવે તો ૨૫ કરોડની વસ્તીમાંથી માત્ર ૫૫ લાખ જેટલાં માણસો જ ૫૦,૦૦૦ થી વધારે વસ્તીવાળાં શહેરોમાં રહે છે. કુલ વસ્તીનો $\frac{૯}{૧૦}$ ભાગ તો ગામડાંમાં જ



રહે છે. હું ઢાકા શહેરનો જ દાખલો આપું. ૧૦૦ વર્ષ પહેલાં ઢાકાનો વેપાર દર વર્ષે ૧ કરોડ રૂપિયાનો હતો. અને તેની વસ્તી બે લાખ માણસની હતી. ઈ. સ. ૧૭૮૭ માં ઢાકાએ એકલાએ ૩૦ લાખ રૂપિયાનું મસલીન ઇંગ્લંડ ચડાવ્યું હતું. પરંતુ ઈ. સ. ૧૮૧૭માં તો તે ચડતું તદ્દન બંધ થઈ ગયું હતું. કાંતવાના અને વણવાના જે ઉદ્યોગો હજારો લોકોને ધંધોરોજગાર પૂરો પાડતા, તે હવે બિલકુલ નાશ પામી ગયા છે. જે કુટુંબો પહેલાં પૈસાદાર સ્થિતિમાં હતાં, તે હવે ગરીબ બની ગયાં છે તથા શહેર છોડીને ગામડાંમાં ખેતીની જે કાંઈ આવક મળે તેના ઉપર જીવવા ચાલ્યાં ગયાં છે. અત્યારે ઢાકાની વસ્તી માત્ર ૭૯,૦૦૦ માણસોની જ છે.

"આ સ્થિતિ આખા જ દેશની છે. બીજી બાજુ ખેતી ઉપર વસ્તીનો બોજો વધતો જાય છે. દેશનો પરદેશ સાથેનો વેપાર હવે માત્ર દેશમાંથી બહાર જતા કાચા માલનો અને પરદેશથી તૈયાર આવતા પાકા માલનો જ રહ્યો છે. દેશની જમીન વધારે પ્રમાણમાં સતત લેવામાં આવતા પાકોથી સત્ત્વહીન બનતી જાય છે અને પરદેશીઓની હરીફાઈથી હિંદનાં બજારો પરદેશી માલથી ઊભરાઈ જાય છે.

"દેશમાં કારીગરોની સંખ્યા કેટલી ઘટી ગઈ છે તથા તે સ્થિતિ કેવી હાનિકારક છે, તેનો ખ્યાલ દેશના લોકોને પૂરેપૂરો છે કે નહિ તે વિષે મને શંકા છે. વસ્તી-ગણતરીના આંકડા ઉપરથી માલૂમ પડે છે કે, ઇંગ્લંડમાં પુરુષોની વસ્તીમાંથી કુલ ૧૯.૬ ટકા માણસો ઉદ્યોગહુન્નરમાં લાગેલા છે; જ્યારે બંગાળમાં માત્ર ૧.૭ ટકા જેટલા લોકો જ તે કામ કરે છે. બીજી બાજુ ખેતીમાં લાગેલી પુરુષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્તીનું પ્રમાણ ઇંગ્લંડમાં ૧૨.૪ ટકા છે, ત્યારે બંગાળમાં ૩૭.૯ ટકા છે. આ વસ્તુસ્થિતિનો અર્થ શો થાય છે તે વાઇસરૉયના શબ્દોમાં જ કહું, — 'અત્યારની હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ ઉપર વિચાર કરનાર કોઈ પણ માણસને શંકા નહિ રહે કે, આ દેશને ભારેમાં ભારે હાનિ કરનાર વસ્તુ એ છે કે, લોકો વધારે ને વધારે પ્રમાણમાં ખેતી ઉપર આધાર રાખનારા થઈ ગયા છે. તેને કારણે ખેડૂતોની સ્થિતિ વધુ બગડતી જાય છે, દુકાળનાં દુઃખો વધતાં જાય છે અને મજૂરીના ભાવ પડતા જાય છે. બીજી બાજુ વસ્તીનો મોટો ભાગ અજ્ઞાનની છેલ્લી હદે આવી રહ્યો છે. કારણ કે, દુનિયાના દરેક દેશમાં માલૂમ પડશે કે, કારીગર લોકો ખેડૂતો કરતાં હંમેશાં વધારે બુદ્ધિમાન અને પ્રવીણ હોય છે.' એટલે દેશમાં જેમ કારીગરની સંખ્યા ઘટતી જાય અને ખેડૂતની સંખ્યા વધતી જાય, તેમ તેમ દેશનું બુદ્ધિ તથા કુશળતાનું પ્રમાણ ઊતરતું જાય."

હિંદુસ્તાનના વેપારઉદ્યોગનો નાશ શાથી થયો એ વિષે પણ તે લેખક ચોક્કસ અભિપ્રાય ધરાવે છે. તે કહે છે કે, "હિંદુસ્તાનમાં દેશના જ માલ ઉપર એવી ભારે ભારે રાહદારી જકાતો નાખવામાં આવી હતી કે, તેના ઇજારાની જ પેદાશ દર વર્ષે ૪૪ લાખ રૂપિયા આવતી. બીજી બાજુ ઇંગ્લંડ જતા હિંદુસ્તાનના માલ ઉપર ૭૫ ટકા જેટલી અટકાયત જકાત નાખવામાં આવી હતી. આમ દેશની અંદર અને બહાર, આવા આવા અનેક બોજાઓ અને પ્રતિબંધો વચ્ચે દેશના તમામ ઉદ્યોગ તદ્દન ગૂંગળાઈને કચરાઈ ગયા છે."



૨

## સરકારી મહેસૂલનો અસહ્ય બોજો

ગોકળદાસ કહાનદાસ પારેખ જણાવે છે: "ખેડૂત વર્ગનાં અત્યારનાં સર્વ દુઃખોનું મોટામાં મોટું કારણ મને મહેસૂલનો અસહ્ય બોજો લાગે છે. . . . આ ઇલાકામાં કરવામાં આવેલા જુદા જુદા પાકના અખતરાઓના રિપોર્ટો ઉપરથી માલૂમ પડે છે કે, ખેડા જિલ્લામાં ઈ.સ. ૧૮૯૭–૯૮માં કરવામાં આવેલા નવ અખતરાઓમાંથી એકમાં, જ્યાં પાકનો અંદાજ દશ આના હતો ત્યાં મહેસૂલનો બોજો કુલ પેદાશ ઉપર ૭૨ ટકા જેટલો અને તેવા બીજા દાખલામાં ૬૭ ટકા જેટલો હતો. ભરુચમાં ૩૧ અખતરા તે વર્ષ કરવામાં આવ્યા હતા. તેમાંના એકમાં મહેસૂલનો બોજો ૪૨ ટકા અને બીજા ૬માં ૩૦ ટકાથી પણ વધારે હતો. આ છ દાખલાઓમાં પાકની કિંમતનો અંદાજ ૧૨ આના હતો, બીજામાં ૧૧ થી ૧૨ આના જેટલો, અને ત્રીજામાં ૯ થી ૧૦ આના હતો.

"ખેડામાં ઈ.સ. ૧૮૯૬–૯૭માં ૯ અખતરા કર્યા હતા. તેમાં એક દાખલામાં મહેસૂલનો બોજો ૯૬ ટકા, બીજામાં ૭૩ ટકા, ત્રીજામાં ૬૩ ટકા અને ચોથામાં ૫૦ ટકા જણાયો હતો. ઈ.સ. ૧૮૯૫–૯૬માં ભરુચમાં ૮ અખતરા કરવામાં આવ્યા હતા. તેમાંના એકમાં, જ્યાં પાકનો અંદાજ ચાર આના હતો તેના ઉપર ૧૮૦ ટકા જેટલો મહેસૂલનો બોજો જણાયો હતો. ઈ.સ. ૧૮૯૪–૯૫માં અમદાવાદ જિલ્લામાં ૬ અખતરા કરેલા હતા. તેમાંના એક દાખલામાં કે જેના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાકનો અંદાજ ૧૨ આનાનો હતો, તેના ઉપર મહેસૂલનો બોજો ૬૬ ટકા હતો. તે જ પ્રમાણે બીજા દાખલામાં ૧૧ આના પાક ઉપર કુલ પેદાશના ૪૭ ટકા અને ૧૨ આના ઉપર કુલ પેદાશના ૩૭ ટકા જેટલો માલૂમ પડયો હતો.*

"ઉપરાંત આ જિલ્લાઓમાં ખેતરોનું કદ પણ બહુ નાનું છે. અમદાવાદમાં સરકારી જમીનનાં ૪૦,૯૧૭ ખાતાંઓમાંથી ૧૫,૩૫૭ ખાતાં પાંચ એકરથી નીચેનાં છે[1]. ખેડામાં ૫૭,૯૬૫ ખાતાંઓમાંથી ૩૧,૭૮૮ પાંચ એકરથી નીચેનાં છે. ભરુચમાં ૨૯,૧૪૬ ખાતાંમાંથી

* ઈ. સ. ૧૯૨૯–૩૦માં માતર તાલુકાની આર્થિક તપાસમાં જમીન મહેસૂલનો બોજો એકર દીઠ રૂ. ૩–૧૩–૮ માલૂમ પડયો હતો; એટલે કે, કુલ પેદાશ ઉપર ૧૮.૧૬ ટકા જેટલો અને ખેતીનું ખર્ચ જતાં ચોખ્ખી પેદાશ ઉપર ૨૩૩૬ ટકા જેટલો હતો.

૧. ૧૯૨૯–૩૦ માં માતર તાલુકામાં ૧૦ વીઘાં (૬ એકર) થી ઓછી જમીનવાળાં કુટુંબો પાંચમા ભાગનાં હતાં. ત્યાંની પરિસ્થિતિમાં નિર્વાહ માટે પૂરતી ગણાય એટલી ૨૦ એકર જમીન વિનાનાં તો કુટુંબો ૭૮ ટકા જેટલાં હતાં.

સુરત જિલ્લાના આટગામની તપાસમાં નીચે પ્રમાણે જણાયું હતું:

| વર્ષ | ૬ એકરથી ઓછી જમીનવાળાઓના ટકા. | નિર્વાહ પૂરતી ૧૫ એકર જમીન વિનાના ટકા |
|---|---|---|
| ૧૯૦૦–૧ | ૫૦.૬ | ૬૮.૫ |
| ૧૯૧૭–૮ | ૫૯.૯ | ૮૬.૧ |
| ૧૯૨૬–૭ | ૬૪.૦૩ | ૮૭.૨ |



૯૮૦૦ પાંચ એકરની નીચેનાં છે. આ ખાતાંઓની પેદાશનો તથા તેમાંથી બાદ જતા સરકારી મહેસૂલ અને ખેતીના ખર્ચનો હિસાબ કર્યા બાદ જણાય છે કે, તેમાંથી સારા વર્ષમાં પણ ખેડૂત કે તેના કુટુંબનું ખાધાખર્ચ નીકળી શકતું નથી. આવાં નાનાં ખાતાંવાળા ખેડૂતોને મહેસૂલનો બોજો એકદમ વધારે માલૂમ પડે છે; અને નબળા વર્ષમાં વધારે સહન પણ તેમને જ કરવું પડે છે.

"મહેસૂલનો આ બોજો અસહ્ય છે કે નહિ તેની પરીક્ષા દર વર્ષે મહેસૂલ ન ભરી શકનારાઓ માટે કેટલી નોટિસો કાઢવી પડે છે તેની અને કેટલા ખેડૂતોની માલ-મિલકત હરાજ કરવી પડે છે તેની ગણતરી ઉપરથી થઈ શકશે. ઈ. સ. ૧૮૯૨માં અમદાવાદમાં આવા દાખલાઓની સંખ્યા ૨૫ હતી. તે ૧૮૯૮માં વધીને ૨૪૩ થઈ ગઈ. ભરુચમાં ઈ. સ. ૧૮૯૨–૯૩માં ૧૬ હતી તે વધીને ૧૮૯૮ માં ૫૯૯ થઈ હતી.

"તે ઉપરાંત તે પરીક્ષા કરવાનો બીજો રસ્તો, લોકો કેટલા પ્રમાણમાં જમીનો છોડી દેવા લાગ્યા છે, તે પણ છે.

| | અમદાવાદ એકર | ખેડા એકર | ભરુચ એકર |
|---|---|---|---|
| ૧૮૯૬–૯૭ માં | ૨૫,૬૭૬ | ૬૫,૪૯ | ૪૩૫ |
| ૧૮૯૭–૯૮ | ૧૩,૯૩૫ | ૪૭૧૬ | ૪૫૪ |
| ૧૮૯૮–૯૯ | ૧૦,૦૯૯ | ૪૫૯૭ | ૯૭૪ |

"ખરી રીતે આ જિલ્લાઓ એટલી બધી ગીચ વસતીવાળા છે, અને જમીન ઉપર લોકોની એટલી બધી પડાપડી છે, કે આટલી મોટી સંખ્યામાં ત્રણ ત્રણ વર્ષ સુધી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમીનો છોડી દેવામાં આવે એ, મહેસૂલનો બોજો કેટલો અસહ્ય છે તેનો ચોક્કસમાં ચોક્કસ પુરાવો છે.

“મહેસૂલની રકમ સરકારે પૂરતી તપાસ કરીને જરાય ઠરાવી નથી હોતી. પરદેશમાં ચાલેલી લડાઈ કે એવા કોઈ અસાધારણ કારણે જ્યારે દેશની વસ્તુઓનો ભાવ વધારે ઊપજતો હોય, ત્યારે જે વધારો પડતું મહેસૂલ ઠરાવેલું હોય છે, તે સામાન્ય સ્થિતિ પાછી આવતાં પણ કાયમ રહે છે. જેમકે, ગુજરાતનું મહેસૂલ અમેરિકામાં લડાઈ ચાલી અને તેને કારણે રૂ વગેરેના ભાવ વધારે ઊપજતા હતા તે વખત દરમ્યાન ઠરાવેલું છે. હવે તો તેટલા ભાવ વર્ષોથી કદી ઊપજતા નથી; છતાં મહેસૂલ તો તે વર્ષે ઠરાવેલું જ કાયમ રહ્યું છે.

“એટલું જ નથી પણ જુદાં જુદાં ભળતાં કારણો આપીને તેમાં વખતોવખત ઊલટો વધારો કરવામાં આવે છે. સરકાર મહેસૂલ વધારવાનાં કારણો નીચે પ્રમાણે આપે છે: — (૧) વસતીનો વધારો (૨) ગામમાં નળિયાંવાળાં ઘરોની, ઢોરની, અને વાહનોની વધેલી સંખ્યા (૩) રેલવે તેમજ પાકા રસ્તાઓનો વધારો (૪) જમીનની કિંમતમાં વધારો (૫) પરદેશ નિકાસમાં વધારો વગેરે. પરંતુ ખરી રીતે તે કારણોથી ખેડૂતની આવક વધી છે એમ કોઈ રીતે ઠરાવી શકાય નહિ. જેમકે — વસતી વધવાનું કારણ લોકોની વધતી જતી સંપત્તિ જ હોય છે તેમ નથી. જ્યાં લગ્ન કરવાનો રિવાજ સર્વત્ર પ્રચલિત છે. ત્યાં વસતી વધ્યાં જ કરવાની. ઊલટું, વસતી વધવાથી અને જમીનનું પ્રમાણ તો પહેલાં જેટલું જ રહેવાથી ગરીબાઈમાં વધારો થાય છે.



“બીજું, ગામમાં નળિયાંવાળાં ઘર વધે છે તેનું કારણ ખેડૂતની રોજની સંપત્તિમાં વધારો થયો હોય છે એ એકલું જ નથી હોતું. પરદેશમાં લડાઈ વગેરે થવાથી એકાદ વર્ષ ભાવ ખૂબ મોટા ઊપજ્યા હોય, એટલે પણ તેમ બને. પણ તેથી દર વર્ષે તેવા મોટા ભાવ ઊપજતા નથી. એટલે તે એક વર્ષ ઉપરથી હંમેશને માટે મહેસૂલ વધારી મૂકવું એ ભૂલભરેલું છે. તે જ પ્રમાણે ઢોર અને વાહનનું પણ સમજવું. ઘણા દાખલાઓમાં તો ખેતી સિવાયની બીજી આવકથી અથવા તો ખેડૂત સિવાયના બીજા લોકોની વધેલી આવકને કારણે ઢોર, વાહન કે નળિયાંવાળાં ઘરની સંખ્યામાં વધારો થયો હોય છે. ખેડૂતોને તેની સાથે કશી જ લેવાદેવા નથી હોતી. વળી રેલવે વધવાથી ખેડૂતને ફાયદો જ થાય છે એમ ક્યાં છે? ઊલટું, તેને ભાડે ગાડાં ફેરવવાની જે આવક થતી હતી, તે બંધ થાય છે અને એ રીતે બળદ વગેરેનું ખર્ચ માત્ર ખેતરના કામ માટે જ વેઠવું પડે છે. એટલે ઊલટી ખોટ જાય છે. જમીનોની કિંમત વધવાનું કારણ પણ જમીનની પેદાશ વધી હોય છે તે જ નથી હોતું. ઘણી વાર તો તેનું કારણ વસ્તીમાં થયેલો વધારો હોય છે, તથા પાસેના શહેરમાં ખેતી સિવાયની બીજી આવકથી વધેલી સંપત્તિ પણ હોય છે.*

* આફ્રિકા વગેરેથી લોકો વધુ પૈસા કમાઈ લાવે અને પછી જમીનો ખરીદવા ગમે તેવા ભાવ પણ આપે. તેથી જમીનની પેદાશ વધવાથી જમીનની કિંમત વધી છે એમ ન જ કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"તે જ પ્રમાણે પરદેશ નિકાશ વધી છે એટલે પણ પેદાશ વધી છે એમ ન કહી શકાય. ઘણી વાર તો કોઈ એકાદ જિલ્લામાં પેદાશ વધવાથી બંદર ઉપર વધારો થયેલો જણાય છે; પણ તેને કારણે બધા જિલ્લાઓ ઉપર મહેસૂલ વધારવું એ તદ્દન ભૂલભરેલું છે.

"સરકારે કાયદો તો રાખ્યો છે કે, કોઈ ખેડૂત પોતાની જમીન કે પાકમાં સુધારો કરશે તો તે કારણે તેની જમીનનું મહેસૂલ નહિ વધારવામાં આવે. પરંતુ તેનો અમલ કદી જ કરવામાં આવતો નથી. કોઈ દિવસ ખેડૂતને પૂછવામાં આવ્યું જ નથી કે તેણે જમીનમાં કાંઈ સુધારા કર્યા છે કે નહિ; તેમજ જ્યારે મહેસૂલ વધારવામાં આવ્યું હોય છે ત્યારે પણ આખા ગામ ઉપર સામટું જ વધારવામાં આવ્યું હોય છે.

"મહેસૂલના આ અસહ્ય બોજાનું પરિણામ એ આવ્યું છે કે:

૧. ખેડૂત દેવામાં સપડાતો જાય છે.

૨. તે જમીનમાં ખર્ચ કરી પૂરતું ખાતર ભરી શકતો નથી.

૩. તે જમીનને જરૂર પ્રમાણે વખતોવખત પડતર રાખી શકતો નથી; તેમજ પાકની જાત પણ બદલી શકતો નથી. કારણ કે, તેને દર વર્ષે જે પાકની કિંમત વધુ ઊપજતી હોય, તે પાક જ ઉગાડ્યા કરવો પડે છે. આ કારણે જમીન નબળી પડતી જાય છે."

સર વિલિયમ વેડરબર્ન લખે છે: જે પાંચ ગામડાંની મેં તપાસ કરી, તેમાં વસ્તી ૨૩૬ માણસોની હતી. તે લોકો કુલ ૧૪૦૦ એકર જમીન ખેડતા હતા. ગામનાં દફતરો ઉપરથી જણાયું કે, તેમની કુલ પેદાશ વાર્ષિક ૧૯૩ પાઉંડ હતી. ઉપરાંત એ પણ માલૂમ પડ્યું કે, એ ૧૪૦૦ એકરમાં છેલ્લાં દશ વર્ષથી પૈસાને અભાવે ખાતરનું એક ઢેકું પણ નાખવામાં આવ્યું ન હતું. દુકાળિયા લોકોને ઓછામાં ઓછું ખાવાનું મળે તેટલું ગણીએ તોપણ, દરેક માણસને દર વર્ષે ૧૪ રૂપિયા ખાધાખર્ચ જોઈએ. તે ગામોમાં બળદની ૫૮ જોડો હતી. તે દરેક જોડને પણ દર વર્ષે ૧૧ રૂપિયાનું ખાધાખર્ચ આવે તે ઉમેરીએ, તો પાંચે ગામડાંની ખર્ચ જતાં કુલ આવક ૫ પાઉંડ થઈ! પણ તે લોકોએ મહેસૂલ તરીકે ૭૩ પાઉંડ ભર્યાં હતા. એટલે કે, પાંચ પાઉંડની ચોખ્ખી આવક ઉપર તેમણે ૭૩ પાઉંડ મહેસૂલ ભર્યું. ગામનાં દફતરો વળી જણાવે છે કે, તે મહેસૂલ તેમણે ૨૪ ટકાના વ્યાજે દેવું કરીને ભર્યું હતું. આ પાંચ ગામના લોકોને ૧૨,૦૦૦ રૂપિયાનું દેવું છે. એટલે કે, ૧૦ વર્ષના કુલ મહેસૂલ જેટલું.



આ વિગતો આમની સભામાં થોડાં વર્ષ અગાઉ જણાવવામાં આવી હતી. તેમને કદી સરકારે ખોટી પુરવાર કરી નથી. અને હિંદી વજીરને ગામડાંની આર્થિક તપાસ કરાવવાનું કહીએ છીએ, ત્યારે તેમ કરવાની તે સાફસાફ ના પાડે છે. તેનું કારણ — તપાસ કરતાં શું શું નીકળી આવે તેની બીક જ છે.

આ બધું કેમ બન્યું છે? આપણે (અંગ્રેજોએ) દેશના તમામ ઉદ્યોગોને કચરી નાખ્યા છે, તથા ઈ. સ. ૧૮૩૪–૩૫ થી માંડીને હિંદુસ્તાનમાંથી આપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૦,૦૦૦,૦૦૦,૦૦૦ દશ અબજ રૂપિયા ઉપાડી ગયા છીએ. તેના બદલામાં ઇંગ્લંડે હિંદુસ્તાનને કાંઈ જ પાછું નથી આપ્યું. આપ્યું હોત, તો કરોડો પાઉંડનું મોટા વ્યાજે દેવું જ આપ્યું છે. હિંદુસ્તાનમાંથી આપણે જે દશ અબજ છેલ્લાં થોડાં વર્ષોમાં જ ઘસડી ગયા છીએ, તે જો લોકો પાસે રહ્યા હોત, તો પાંચ ટકાને વ્યાજે જ અત્યારે તે રકમ ૫૦ અબજ જેટલી થઈ હોત.

ઉપરાંત, ઇંગ્લંડે જે રકમ હિંદુસ્તાનને ધીરી છે, તે પણ ખરી રીતે તો ઇંગ્લંડમાં જ ખરચાઈ છે. તે પૈસામાંથી ઇંગ્લંડનું જ લોઢું, કોલસા અને બીજી વસ્તુઓ ખરીદવામાં આવી છે. અને અમલદારોના પગારરૂપે તેમાંની ઘણીખરી ઇંગ્લંડમાં જ પાછી આવી છે. આ રીતે ઇંગ્લંડ બમણું પૈસાદાર થયું છે, અને હિંદુસ્તાન બમણું ગરીબ બન્યું છે.

**ધી રાઈટ ઑનરેબલ લૉર્ડ જ્યૉર્જ હેમિલ્ટન હિંદી વજીર, આમની સભામાં ૧૬ મી ઑગસ્ટે (૧૯૦૧) બોલ્યા છેઃ**

**"હું એકદમ કબૂલ કરું છું કે જો આપણા રાજ્ય હેઠળ હિંદુસ્તાનની ભૌતિક સંપત્તિ ઘટતી જાય છે એમ સાબિત કરવામાં આવે, તો આપણા હાથમાં તે દેશનું રાજ્ય એક દિવસ પણ વધારે રહેવું ન જોઈએ."**

[પૃથક્કરણ કરતાં જણાય છે કે, હિંદી વજીર તરીકે જેટલા દિવસ તેઓ સાહેબ નોકરીમાં રહ્યા હતા, તે દરમ્યાન તેમણે પગાર તરીકે હિંદુસ્તાનના નેવું હજાર માણસોની વાર્ષિક આવક જેટલી રકમ લીધા કરી છે.]

**હિંદુસ્તાનના લોકોની ઘટતી જતી આવક**

**ઈ. સ. ૧૮૫૦**
રોજના
માથાદીઠ ૨ આના

**ઈ. સ. ૧૮૮૨**
રોજનો
માથાદીઠ ૧।। આનો

**ઈ. સ. ૧૯૦૦**
રોજના
૦।।। આનાથી
પણ ઓછી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org